સાચ બરાબર તપ નહીં
જુઠ બરાબર પાપ
જાકે હિરદે સાચ હય
તાકે હિરદે આપ.

# કબીર વાણી

58
SCERC

# કબીર વાણી.

## મહાત્મા કબીરજીનાં

ચુંટી કહાડેલા (૯૦૬) દોહરાઓ, ૨૫ ભજનો

તથા તેમનાં ખાસ ત્રીસ (૩૦) જંત્રો

અર્થ સાથે

તથા કબીરજીની જીંદગીનું ટુંક વૃતાંત.

રચનાર

મરહુમ બેરામજી પીરોજશાહ માદન.

સર્વ હક પ્રગટ કરનારને સ્વાધીન

સાતમી આવૃત્તી.

પ્રગટ કરનાર.

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ,

પુસ્તકો વેચનાર અને પ્રગટ કરનાર,

"બેરામજી મેનશન" સર ફીરોઝશાહ મેહતા રોડ, કોટ, મુંબઇ.

"કબીર વાણી" નો સંપૂર્ણ કૉપીરાઇટ **મરહુમ બેરામજી પીરોજશાહ માહનનાં** વારસ-વકીલો પાસે કાયદાપૂર્વક ખરીદી લીધો છે.

Published by M. M. Karani M/s. Jehangir B. Karani's Sons,
12B, Sir P. Mehta Road, Fort, Bombay.

Printed by M. M. Karani The Karani Art Printing Press,
Mahavir Building, Homji Street, Fort, Bombay.

## કબીર વાણી માટે
## મુંબઇના જાણીતા વકતા અને સોલીસીટર
# મરહુમ શેઠ જેહાંગીર જે. વીમાદલાલનો દીબાચો.

આપણા આ હિન્દુસ્થાન દેશમાં, જ્યાં સુધી આપણે જાણયે છીએ ત્યાં સુધી કોઇ પણ બીજા દેશ કરતાં ઘણે મોટે દરજ્જે, બ્રહ્મવિદ્યા અથવા ખુદાશનાસીનો ઉપદેશ પુરાતન કાળથી કરવામાં આવ્યો છે. ધર્મશાસ્ત્રનાં પવિત્ર સફાઓમાં તેમ ફીલસુફીનાં ગુહ્ય પુસ્તકોમાં, મહાભારત, રામાયણનાં વિરરસ કાવ્યોમાં તેમજ પુરાણોની રસીલી વાર્તાઓમાં, પદોમાં, ભજનોમાં જ્યાં જ્યાં જુઓ ત્યાં ભિન્ન ભિન્ન પ્રકારે આ સર્વથી મહાન વિદ્યાને અનેક સ્વરૂપમાં મનુષ્યનાં મનની નજર સમક્ષ કાયમ રાખવાની ખંતીલી કોશેષ આ દેશમાં કરવામાં આવી છે. બીજા દેશમાં પણ જો કે આ વિદ્યા અંજાણી ન હતી, જોકે તેનો અભ્યાસ જુદાં જુદાં નામો હેઠળ બધે થોડો યા ઘણો ચાલુજ હતો, છતાં આ હિન્દની ભુમી ઉપર તો એ અભ્યાસને એક સર્વોપરી અભ્યાસ તરીકે લેખી, બીજી બધી બાબદોને ઉતરતી પંકતીની ગણી, બ્રહ્મવિદ્યાના પાયા ઉપરજ તે સઘળી બાબદોને ઉભી કરવામાં આવી છે. એક માણસની જન્મથી મરણ સુધીની આખી જીંદગી તેના નાના મોટા બનાવો સાથે આ બ્રહ્મવિદ્યા અથવા ઇશ્વરી ઇલ્મની આસપાસજ વીંટાળી રાખવામાં આવી છે કાયદાઓનો આધાર જેમ આં વિદ્યાના પાયા ઉપર લેવામાં આવ્યો છે, તેમ રાજદ્વારી ગોઠવણ પણ તેની ઉપરજ રચાય છે, અને દુનિયાનાં વિધ બંધારણોને આ મહાન વિદ્યાના અચળ સિદ્ધાંતોની આસપાસ ગુંઠવામાં આવ્યા છે.

આ ગોઠવણ તદનજ વાસ્તવિક છે. જે વિદ્યા **સૃષ્ટીનાં મૂળથી શરૂઆત કરી પરમાત્મા, માયા** વિગેરેનો અભ્યાસ કરી, જુદી જુદી દુનિયાઓ, ભુવનો અથવા લોકોનું વર્ણન કરી માણસનાં બંધારણને તેના દ્રશ્ય તથા અદ્રસ્ય વિભાગોમાં ખુલ્લું કરી, પ્રગટિકરણની મહાન ક્રિયાની સમજણ આપી, દુનિયાના સર્વ બનાવોનો ખુલાસો આપે છે તથા ભવિષ્ય માટે ઉંચમાં ઉંચ આશાનો પ્રકાશ તેના અભ્યાસીઓનાં જીગરમાં મનપસંદ રીતે નાખે છે, જે વિદ્યા દુનિયાનાં ગુહ્ય કાયદાઓને ખુલ્લા કરી, મનુષ્યની આગલી તવારીખ રજુ કરતાં, તેની હાલની હાલતે તે કેમ પહોંચ્યો તે

સમજાવે છે, તથા તેનાં ભવિષ્યનો સુંદર ખ્યાલ આપે છે, જે વિદ્યા આ સ્થુલ આંખ્યોથી દેખાતી દુનિયામાંજ પોતાના અભ્યાસને રોકી ન રાખતાં મિનોઇ અથવા અદ્રશ્ય દુનિયાંઓ, જે આ દુનિયાં સાથ ઘણોજ અતલગનો સંબંધ ધરાવે છે, તેનો પણ અભ્યાસ સાથે સાથે કરી, આખાં વિશ્વના નિયમોને અકુલાતુસાર સમજાવે છે, તે મહાન પવિત્ર વિદ્યા વના બીજા કોઇ પણ પાયા ઉપર રચાયલું માણસની જીંદગીનું, સંસાર વયવહારનું, રાજદ્વારી રચનાનું, યા ધર્મ સ્થાપનાનું બંધારણ કાચું અને પોકળજ ઠરવું જોઇએ, અને એથી ઉલટું જે પણ બાબદનો પાયો આ પુરાતન બ્રહ્મવિદ્યાના અચળ સત્યો ઉપર નખાયો હોય તે બાબદનું બંધારણ, એક ખડક ઉપર ઉભાં કરેલાં મકાન સમાન મજબુત, જોરેમંદ તથા લાંબી હૈયાતી ભોગવનારૂં હોવુંજ જોઇએ.

આ બ્રહ્મવિદ્યાને જુદી જુદી કોમો જુદાં જુદાં નામોથી ઓળખે છે. ખ્રિસ્તીઓમાં તેને માટે "Gnosis" શબ્દ વપરાયો છે, જરથોસ્તીનાં લખાણોમાં તેને **ક્નુમ** (પરમાત્માને પિછાનવાની વિદ્યા) તરીકે ઓળખાવી છે, અને મુસલમીન ભાઇઓ તેને **એલ્મે-ઇલાહી** કહે છે. આ વિદ્યા આ એલ્મ ઉપરજ બધા મોટા ધર્મો રચાયલા છે, અને તેજ કારણસર મોટા ધર્મનાં મુળ સિદ્ધાંતો ધર્મ અભ્યાસીઓને એક બીજાને મળતાં માલમ પડયાં છે, તેમજ જુદા જુદા ધર્મોનું નીતિશાસ્ત્ર તેઓનાં મુળ સિદ્ધાંતો કરતાં પણ વધુ દરજ્જે એકસરખુંજ જણાયું છે.

બ્રહ્મવિદ્યાના અભ્યાસ જુદી જુદી રીતે થાય છે. ધર્મશાસ્ત્રોમાંથી તેનાં મુળ સિદ્ધાંતો તારવી કઢાય છે. હીંદુઓનાં ઉપનીષદો, ભગવદ્‌ગિતા તથા બ્રહ્મસુત્રો હિન્દુભાઇઓ માટે આ વિદ્યાના અભ્યાસ કાજેનાં ખાસ પુસ્તકો છે. બીજી કોમો માટે પણ આ પુસ્તકોનો અભ્યાસ તેઓનાં પોતાનાં ધર્મશાસ્ત્ર સમજવા ખાતર ઘણો અગત્યનો અને કિંમતી મદદ કરનારો છે, કારણ તેઓના સફાઓમાં બ્રહ્મવિદ્યા જે રીતે વિસ્તારવામાં આવી છે, તેવી બીજે ઠેકાણે વિસ્તારેલી જળવાઇ રહી નથી. પણ આ અભ્યાસ કાંઇ સહેલ નથી. તે માટે ઘણી તીક્ષણ મનબુદ્ધિની જરૂર છે એટલુંજ નહિ, પણ તેનો ખરો ભાવાર્થ સમજવા શૌચ અથવા પાલવાની ખાસ આવશ્યકતા છે, કારણ બ્રહ્મવિદ્યાના ગુહ્ય સિદ્ધાંતોને જવાબ આપનારૂં માણસમાં રહેલું બુધ્ધિ અથવા બઓધનું ઉંચ તત્વ પવિત્રાઇથીજ પ્રકાશી શકે છે, અને જેટલાં પ્રમાણમાં આ બઓધનો પ્રકાશ બહાર પડતો

હોય તેટલાં પ્રમાણમાંજ બ્રહ્મવિદ્યાની ખરી ખુબી કોઇપણ વાંચક સમજવાને તથા પિછાનવાને સામર્થવાન થાય છે.

જેઓએ આ બાબદનો થોડો પણ અભ્યાસ કરયો છે તેઓની આ વિષે ખાતરી થઇ છે, અને તેઓ સમજી શકયા છે કે વ્યાકરણના કાયદા જાણી સંસ્કૃત, અવસ્તા યા અરબ્બીમાં લખાયલા ધર્મશાસ્ત્રનું આજના જમાનાની ભાષાઓમાં ભાષાંતર કરનારાઓ, ફકત વ્યાકરણના ગમે એવાં બહોલાં જ્ઞાનને લીધેજ બિકટ બાબદો સમજવાને જરાએ લાયક ઠરતા નથી તેમજ વળી ફકત તિક્ષણ અક્કલ વડે બ્રહ્મ, માયા, જીવ વિગેરેની ફીલસુફી ઉપર વાદવિવાદ કરનારાઓ પણ પોતાની ગમે એવી કાબેલ ઝહેન છતાં બ્રહ્મવિદ્યાના અભ્યાસના અધિકારી હોવાનો દાવો કરી શકતા નથી.

જેઓએ ભકિત, પવિત્રાઇ, તથા જાતીભોગ વડે અંતઃકરણને શધ્ધ કર્યું છે, જેઓનાં હૃદયમાંથી દુનિયવી વાસનાઓની શક્તિ કમી થવા માંડી છે, અને અહંકારનો બહુરૂપી દૈત્ય મહાદેવના ચિદાગ્ની કુંડમાં બળી જવા માંડયા છે, જેઓનાં જીગરને અહુરમઝદનાં પુત્ર આતશે પોતાનાં પવિત્ર તેજથી સ્વચ્છ અને નિર્મળ કર્યું છે, જ્ઞાન, અભ્યાસ તથા ભક્તિની શક્તિથી જેઓનો અંતરઆત્મા પ્રદીપ્ત થયો છે, તેઓ અને તેઓજ આ ઇલ્મે એલાહીના-આ ક્નુમના, આ બ્રહ્મવિદ્યાના સાચા આધકારીઓ ગણાય છે, તેઓજ તેની ખુબીઓ તથા મોટું મહત્વ ખરેખર પીછાણી શકે છે.

પણ આવી ઉંચ હાલત આવે તે આગમચ લોભ, લાલચ સાથ લડવાને, અને પવિત્રાઇ તથા શૌચ પ્રાપ્ત કરવાને, સાધારણ મનુષ્યને પણ ઉત્તેજન મળવું જોઇએ છે, અને તેટલા કાજે આ મોટાં ધર્મશાસ્ત્રો ઉપરાંત મહાભારત, રામાયણ જેવી વિરરસ કવિતાઓ મારફતે, પુરાણોની રસીલી વાર્તાઓ મારફતે તથા કિર્તણ વગેરે બીજાં સાંધણોથી જુદા જુદા જમાનાના સાધુસંતો આ આત્મજ્ઞાનનાં સિધ્ધાંતોને સાધારણ મનુષ્યનું હૃદય આકર્ષે તેવા સ્વરૂપમાં રજુ કરતા રહ્યા છે. આ જ્ઞાનના સાચા શિક્ષકોને જુદા જુદા ધર્મોએ જુદાં જુદાં નામથી ઓળખ્યા છે. હીંદુઓ તેઓને રૂષિઓ, મહાત્માઓ, કહે છે, પારસીઓ તેઓને સઓષ્યન્તો (રોશની લાવનારાઓ)નો એલકાબ આપે છે, ખ્રિસ્તીઓ તેઓને Prophets, પરમાત્માનો પયગામ લાવનારાઓ ગણે છે, અને મુસલમીન ભાઇઓ તેઓને સાલેકો, પયગમબરો વિગેરે નામોથી પિછાને છે. આ મહાન

ગુરૂદેવો તથા તેમના ચેલાઓએ, તેમજ દુનિયાના અનેક સાધુસંતોએ, હરએક પંક્તિનાં લોકોને લાયક થાય એવાં સાધનો મારફતે, બ્રહ્મજ્ઞાનના સિધ્ધાંતો જુદા જુદા આકારમાં બહાર પાડયાં છે, કે જેથી દરએક હાલતે પુગેલો જીવ આ બ્રહ્મજ્ઞાનનાં તેજનો લાભ મેળવી પોતાની અંદર રહેલા ઇશ્વરીઅંશ, (રૂવાન, જીવાત્મા, spirit)ને પોતાની શક્તિ ધિમે ધિમે પ્રદર્શિત કરતો કરે.

આ જુદાં જુદાં સાધનોમાં કાવ્ય યા કવિતા એ એક અગત્યનું સાધન છે. કાવ્યની સુંદર શબ્દ રચનાથી, તેના મોહક કાફિયાઓ, સ્વરો તથા તાલથી કોઇ પણ બાબદ રસીલી, મિઠી તથા સુંદર બની જાય છે, અને બધા મુલકોમાં કવિતાઓ, ગાયણો, ગઝલો, બયતો, દોહરાઓ, છંદો મારફતે બ્રહ્મવિદ્યાના સિધ્ધાંતો તથા નીતિના સબકો, સુંદર દ્રષ્ટાંતો, મનોહર શબ્દ રચના તથા દીલ જીતી લેનારા અલંકારોની મદદ સાથ જગતને આપવામાં આવ્યા છે.

આપણા આ દેશમાં દોહરાઓ તથા પદો મારફતે **બ્રહ્મવિદ્યા શિખાડનારાઓમાં કબીરજીનું નામ** બહુ જાણીતું તેમજ માનીતું થઇ પડયું છે. શહેરે શહેર અને ગામે ગામ, વિદ્વાનો અને વકતાઓ, સાધુઓ તેમજ સંસારીઓ, પંડિતો તથા ભીખારીઓ, કથા કહેનારાઓ કે ગાયણકારો, રાય કિવાં રંક, સર્વ કોઇનાં મુખમાંથી કબીરજીના દીલપઝર દોહરાઓ બહાર પડી પોતાની ઉંડી અસર ઉપજાવતા રહ્યા છે. વળી હાલને સમયે જ્યારે થીઓસોફીકલ સોસાયટીના ગઈ પા સદીની ચાલુ મહેનતથી બ્રહ્મવિદ્યા તરફ દરએક દેશમાં, હરકોઇ કોમમાં, તથા બધા ધર્મો માનનારાઓમાં દીલસોજી ઉત્પન્ન થઇ છે, અને તેનો અભ્યાસ સર્વ ઠેકાણે ચાલુ થયો છે, તેવે સમયે ફીલસુફી યા નીતિનાં ગુહ્ય ગ્રંથો ઉપરાંત, કાવ્ય રચનાનાં મન હરી લેનારાં પદો તથા દોહરાઓ મારફતે પણ આ બધી વિદ્યાઓની વિદ્યાનો પ્રચાર થાય એ ખરેજ એક ચાહવા લાયક તથા લાભકારક બાબદ છે. એટલાંજ કારણસર એક પારસી બંધુ ભાઇ બેહેરામજી પીરોજશા માદને ઘણોએક શ્રમ લઇ કબીરના દોહરાઓનો સંગ્રહ કરી, તેઓને લાયક રીતે ગોઠવી, એક સુંદર પુસ્તક મારફતે જાહેરમાં આણ્યા છે.

આ પુસ્તકનાં સાંકળિયાં તરફ એક નજર ફેંકતાંજ તેમાં કેટલી અગત્યની બાબદો સમાઇ ગઈ છે, તથા હર એક કીસમના વાંચનારને રૂચે એવું કંઈ અને કંઇ શિક્ષણ

તે મધેથી મળ્યા વિના રહેવાનું નથી, તે ઝટ માલમ પડી આવે છે. **પરમાત્મા, માયા, કાળ** એવાં મથાલાં હેઠલ આવેલા દોહરાઓમાં બ્રહ્મવિદ્યાનાં મૂળ સિધ્ધાંતો કબીરજીના સુંદર શબ્દોમાં વાંચી દરએક જીજ્ઞાસુને જ્ઞાન સાથે આનંદ પ્રાપ્ત થશે એમાં જરાએ સંદેહ નથી. વળી Mysticism ના અભ્યાસીઓનાં જીગરો, **જીવ** તથા **શિવની** ઐકયતા વિષેના કાવ્યો વાંચી તથા **પ્રેમ બિરહા** ઉપરનાં તેમનાં મધુર વચનો જાણી ખુશીના બહારમાં ખીલ્યા વિના રહેવાનાં નથી. **મનવિદ્યાના** અભ્યાસીને જેમ મનની બાબદ ઉપરના દોહરાઓ જ્ઞાન સાથે મોજ સંપાદન કરાવશે તેમ માણસનાં સુખ દુઃખ ઉપર મનન કરનારને **કરણી** તથા **નસીબ** ઉપરનાં કાવ્યો મનની શાંતી સાથ શિક્ષણ પુરૂં પાડશે, અને દરએક સુજ્ઞ વાંચનારને **સ્મરણ—સંતસંગ—સખાવત—ધિરજ—સંતોષ—વિશ્વાસ—શ્રમ—પ્રેમ—આપભોગ** વિગેરે નીતિના સદ્‌ગુણો વિષેની સુંદર સતરો તેમજ અજ્ઞાન **હિંસા—અહંકાર—કપટ—નિંદા** વિગેરે દુરગુણોની વિરૂધ્ધના સુભાષિત દોહરાઓ, અખંડ લાભ કર્યા વિના રહેવાના નથી; એ ઉપરાંત દરએક સજ્જન **ગુરૂ** તથા **સતસંગ, પંડિતાઇ** તથા **સન્યાસ** વિગેરેનાં કબીરજીનાં શિક્ષણોથી બોધ તથા જ્ઞાન પામી આનંદમય તેમજ ભકિતયુક્ત થશે એ વાત પણ નિશંકજ છે.

ટુંકમાં, આ પુસ્તકમાં સમાયલી બાબદો કર્મ, જ્ઞાન તથા ભકિતના માર્ગોમાંના કોઇ પણ માર્ગ ઉપર ચાલનારાને જોઇતો ખોરાક પુરો પાડશે, વિદ્યાના પુંજારીને વિદ્યા આપશે, નિતીના ભકતને નિતીના સબકો દેશે, સુખમાં સમાધાન સ્થાપવાને અને નમ્રતા ગ્રહણ કરવાને, તેમજ દુઃખમાં ધીરજ ધરવાને અને મનને શાંત રાખવાને કિમતી મદદ કરશે, અને દરએક રીતે હર કોઇ મનુષ્યને લાભ તથા બોધ દેવા ઉપરાંત આનંદ પમાડશે આમ કહેવામાં અતિશયોકિત કરેલી ગણાશે નહીં.

કબીરજી અશોઇના માર્ગમાં એક આગળા વધેલા જીવ હતા, એક સાચા ભગત હતા, એક ખરા યોગી તથા સાલેક હતા, અને તેમનાં વચનોએ હીન્દુસ્તાનના ઘણા વિભાગોમાં હજારો માણસોને શાંતી તથા રાહત બક્ષી છે અને હવે પછી બક્ષશે. તેમનાં આવાં ઉપયોગી વચનો જળવાઇ રહે અને તેને કોઇક લાયક રીતે ગોઠવવામાં આવે એ ખરેખર ઇચ્છવા જોગ છે અને આ ઇચ્છા ભાઇ માદનનાં પુસ્તકે પાર પાડી છે એ ખુશીની વાત છે.

શંકરાચાર્ય એક પ્રખ્યાત શ્લોકમાં બ્રહ્મવિદ્યાના મૂળ તત્વોને નીચે પ્રમાણે જાહેર કર્યાં છે:

**શ્લોકાર્ધે પ્રવક્ષ્યામિ યદુક્તં ગ્રંથ કોટિભી:**
**બ્રહ્મસત્ય જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપર:**

"જે બાબદોને કરોડો ગ્રંથોમાં વિસ્તારવામાં આવી છે તે હું અરધા શ્લોકમાં દર્શાવીશ. **બ્રહ્મ** અથવા **પરમાત્મા સત્ય,** અચળ છે, **જગત અસત્ય, સદા બદલાતું છે, જીવ તથા પરમાત્મા જુદા નથી પણ એકજ છે."**

એજ પ્રખ્યાત ફીલસુફે માણસને માટે સર્વથી ઉત્તમ કાર્ય શું છે તેનો બધાં શાસ્ત્રોમાંથી નીચે પ્રમાણે સાર શ્લોકમાં કહાડયો છે.

**આલોડ્ય સર્વ શાસ્ત્રોની વિચારયા નીચ પુન: પુન:**
**ઇદમ એકમ સુનીષપન્નમ, ધેયો નારાયણસ સદા.**

"બધાં શાસ્ત્રો ઉપર વિચાર કર્યા પછી તથા તેઓ ઉપર વારંવાર મનન કરવે, આ સિધ્ધાંત સાબેત થાય છે કે **પરમાત્માનું સદા ધ્યાન કર્યા કરો."**

આ અગત્યનાં સિધ્ધાંતોને તથા તેને માણસની જીંદગીમાં કેમ લાગુ પાડી શકાય તેને કબીરજીએ એમની રસીલી ભાષામાં બહુ અચ્છી રીતે વિસ્તાર્યાં છે, અને આ કબીર વાણીનું પુસ્તક જે કોઇ જ્યારે પણ ઉંઘાડશે ત્યારે તેમાંથી તેને કાંઇ અને કાંઇ ઉમદા વિચાર મીઠા, મધુર, માયાળુ વચનોમાં બહાર પાડેલા મળશે, અને તેને આનંદ, શાંતી તથા સુખ પમાડયા વિના રહેશે નહીં.

ફુરસદનો વખત ગાળવાને આ પુસ્તક એક ઉપયોગી સાંધન પુરૂં પાડશે, ગાયન-કારોને જોઇતા દોહરાઓનો એક સારો સંગ્રહ આ પુસ્તક રજુ કરશે, અને મોજ નીતિ તથા ખુશાલી સાથે જ્ઞાન હરએક વાંચનારને સદા પુરૂં પાડશે.

**જેહાંગીર જમશેદજી વીમાદલાલ.**

—o—

# મર્હુમ શેઠ જેહાંગીર જમશેદજી વિમાદલાલ.

આખી જીંદગી લોક સેવા અર્થે અર્પણ કરી, પોતાની કે પારકી સર્વે કોમની ઉન્નતીનાં કાર્યમાં હસ્તે મ્હોડે ભાગ લઇ, દુખ્યાનું દુખ નિવારણ માટે યથા શક્તિ બનતો પ્રયત્ન કરી, ગરીબોના બેલી થઇ તેમની મુશ્કેલીમાં પોતાથી બની શકે એટલી મદદ કરી, ભાષણો દ્વારા લોક-સમાજને પોતાના ધર્મ અને ફરજ ઉપર મુસ્તકીમ કરવાની જીવ-તોડ મહેનત કરી, મરણની છેલ્લી ઘડી પર્યંત બિન-સ્વાર્થી સેવા બજાવી, આ મહાન વક્તા, લોકપ્રિય અને લોકરક્ષી મહાન પુરૂષ, આ ફાની જેહાંન છોડી પોતાના પરમાત્મા સનમુખ જઇ પહોંચ્યો છે, જયાં એમની રૂડી કરણીના પ્રતાપે પરમાત્મા યોગ્ય બદલો આપી, સ્વર્ગનું ઉત્તમ સ્થાન નિર્માણ કરશે એ નક્કી.

મરનારનો જન્મ ઇ. સ. ૧૮૭૦ માં થયો અને નિશાળની કારકીર્દી પણ તેજસ્વી હોવી જોઇએ કારણકે ૧૮૮૪ માં ૧૫ વર્ષની ઉમ્મરે મેટ્રીકની પરીક્ષા પસાર કરી. ૧૮૮૭ માં બી. એ. ની પરીક્ષા પસાર કરી ૧૮૮૯ માં એમ. એ. થયા, અને ૧૮૯૧ માં એલ. એલ. બી. ની પરીક્ષા પસાર કરી ૧૮૯૮ ના એપ્રીલમાં સોલીસીટરની પરીક્ષા પસાર કરી તે દિવસથી ભાગીદારીમાં ધંધો શરૂ કીધો, અને તે ધંધો કરતાં પૈસો મેળવવાના લોભથી બાકાત રહી, ગરીબ-ગુરબાંઓના બેલી તરીકે મરણ પર્યંત સેવા બજાવી. એમની ઑફીસમાં ગરીબ વિધવા અને બાઇ-આવરીઓની અલગાર બપોર પછી લાગતી અને તેમને જોઇતી કાયદાની સલાહ બિનસ્વાર્થે આપવાં ઉપરાંત તેમનું સર્વ કામ કાળજીથી કરી આપી ગરીબોના અંતઃકરણપૂર્વક આશીશો લેતા હતા.

પોતાના બુલંદ જરથોસ્તી ધર્મ ઉપર પુર એતેકાદ રાખી, તેનો અભ્યાસ ચાલુ રાખી, તે અભ્યાસનો લહાવો ભાષણો દ્વારા પોતાની કોમને ચાલુ આપતા હતા, અને એઓ ઇંગ્રેજી તેમજ ગુજરાતીમાં એક ઘણા આકર્ષક બોલનાર હતા તેથી, પોતાના સાંભળનારનાં મન ઉપર ઘણી ઉંડી અસર નિપજાવવામાં ઘણા ફત્તેહમંદ થતા, જેનો લ્હાવો લેવા મરનાર ભાષણ કરનાર હોવાનું જાહેર થતાંજ ભારે ગીરદી થતી.

મરનાર અન્ન-ફળ-શાકના એક ચુસ્ત હીમાયતી હતા અને જીવ દયાનાં કાર્યોમાં પુર ઉમગથી ભાગ લઇ સદા સેવા બજાવતા.

વળી **"સુલેહના કાસદ"** સમાન અનેક કોમી કજીયા કંકાશ મરનાર પોતાની કુનેહ અને કળાથી બન્ને પક્ષોને સમજાવી મનાવી સમાધાની કરાવવાને ફત્તેહમંદ થતા,

જેથી ખરચનો બચાવ થવા સાથે, કડવી લાગણીઓ ફેરવાઇ જઇ સુલેહનું ફરેસ્તાઇ વાતાવરણ સ્થાપવામાં સેંકડો વેળા કાર્ય બજાવી ભલાઇ કરી ગયા છે.

પોતાની વ્હાલી જરથોસ્તી કોમના લાભમાં મરહુમ સદા ઉસ્તવાર ખડા રહેતા અને તેમ કરતાં પૈસા કે લાગવગને વશ નહીં થતાં, પોતાનાં અંતઃકરણનાં અવાજને સદા માન આપી પોતાને જે ખરૂં લાગે તેજ લખતા અને કહેતા, જેથી કેટલીક વેળા અપજશ પણ મળતો પણ "સેવા" બજાવવાના ઘણા સખત નિયમોનું પાળણ કરનાર આ વિરલો નર "સત્ય"ને વળગી રહી, ભલા ધનેતરની દરકાર કીધા વિના કાર્ય કરતા. આ પ્રકારની **બિન-સ્વાર્થી** સેવા બજાવનાર આ વિરલા નરની જગ્યા ખાલી રહેશે.

એવા એક સપુતનું કવખતનું અવસાન ઘણુંજ દુઃખદાયક છે, પણ પરમાત્માની મરજીને સર્વેએ તાબે થવાનું છે. મહુમે જે ઉપયોગી અને ધાર્મીક જીંદગી ગુજારી છે તે કોમ કે પરકોમ સર્વેને ધડો લેવા જોગ છે અને આપણે પ્રાર્થના કરીશું કે મહુમને સ્વર્ગનું ઉત્તમ સ્થાન મળે.

**પ્રગટ કર્તા.**

# સાંકળિયું.


| | | |
|---|---|---|
| મંગળાચરણ ... ... ... ... ... | | ૨ |
| ઇશ્વર વિષે | પદ નંબર ૧ થી ૯૬ | ૪ |
| જીવ વિષે | પદ ૯૭ થી ૧૦૩ | ૨૪ |
| માયા વિષે | પદ ૧૦૪ થી ૧૫૦ | ૩૪ |
| કાળ વિષે | પદ ૧૫૧ થી ૨૨૫ | ૪૯ |
| નામ સ્મરણ | પદ ૨૨૬ થી ૨૮૩ | ૬૯ |
| ગુરૂ વિષે | પદ ૨૮૪ થી ૩૨૪ | ૮૬ |
| સતસંગ વિષે | પદ ૩૨૫ થી ૩૮૨ | ૯૮ |
| સંત, તે આકારવાળો ઇશ્વરજ છે | પદ ૩૮૩ થી ૩૮૬ | ૧૧૬ |
| સન્યાસી વિષે | પદ ૩૮૭ થી ૪૦૪ | ૧૧૮ |
| મન વિષે | પદ ૪૦૫ થી ૪૫૫ | ૧૨૪ |
| શબ્દ (વાણી) વિષે | પદ ૪૫૬ થી ૪૭૮ | ૧૪૦ |
| કરણી વિષે | પદ ૪૭૯ થી ૫૪૨ | ૧૪૭ |
| અજ્ઞાની વિષે | પદ ૫૪૩ થી ૫૫૩ | ૧૬૫ |
| અસલ સ્વભાવ વિષે | પદ ૫૫૪ થી ૫૯૮ | ૧૬૯ |
| સખાવત વિષે | પદ ૫૯૯ થી ૬૧૫ | ૧૮૨ |
| માણસનો ખરો શણગાર | પદ ૬૧૬ થી ૬૨૩ | ૧૮૭ |
| ખરો ફકીર કોણ? | પદ ૬૨૪ થી ૬૨૬ | ૧૮૯ |
| સંતોષ વિષે | પદ ૬૨૭ થી ૬૩૧ | ૧૯૧ |

| | | |
|---|---|---|
| ધિરજ વિષે | પદ ૬૩૨ થી ૬૩૬ | ૧૯૩ |
| ચિંતા વિષે | પદ ૬૩૭ થી ૬૪૯ | ૧૯૫ |
| વિશ્વાસ વિષે | પદ ૬૫૦ થી ૬૫૯ | ૧૯૯ |
| નસીબ વિષે | પદ ૬૬૦ થી ૬૮૦ | ૨૦૨ |
| શ્રમ વિષે | પદ ૬૮૧ થી ૬૮૪ | ૨૦૯ |
| હિંસા ન કરવા વિષે | પદ ૬૮૫ થી ૭૦૭ | ૨૧૦ |
| અહંકાર વિષે | પદ ૭૦૮ થી ૭૨૫ | ૨૧૭ |
| વાદવિવાદ વિષે | પદ ૭૨૬ થી ૭૩૯ | ૨૨૩ |
| નિંદા-કપટ વિષે | પદ ૭૪૦ થી ૭૫૨ | ૨૨૭ |
| નારી વિષે | પદ ૭૫૩ થી ૭૮૦ | ૨૩૧ |
| પ્રિત વિષે | પદ ૭૮૧ થી ૭૯૮ | ૨૩૯ |
| ઇશ્વર પ્રેમ વિષે | પદ ૭૯૯ થી ૮૧૧ | ૨૪૪ |
| આપ-ભોગ વિષે | પદ ૮૧૨ થી ૮૩૭ | ૨૪૯ |
| બિરહા વિષે | પદ ૮૩૮ થી ૯૦૬ | ૨૫૭ |

કબીરજીના ત્રીસ (૩૦) જંત્રો. ... ૨૭૯

| | | | |
|---|---|---|---|
| જંત્ર | ૧ લું—જગાઇયે કયા? | પ્રેમ | ૨૮૧ |
| ,, | ૨ જું—કિજીયે કયા? | પુંજા | ૨૮૧ |
| ,, | ૩ જું—પરખિયે કયા? | શબ્દ | ૨૮૨ |
| ,, | ૪ થું—કરીયે કયા? | સતસંગ | ૨૮૨ |
| ,, | ૫ મું—બોલીયે કયા? | મિઠા | ૨૮૩ |
| ,, | ૬ ઠું—ખરાઇએ કયા? | ઝગરા | ૨૮૩ |
| ,, | ૭ મું—ખાઇએ કયા? | ગમ | ૨૮૪ |
| ,, | ૮ મું—પિજીયે કયા? | તામસ | ૨૮૫ |
| ,, | ૯ મું—છોડીયે કયા? | અભિમાન | ૨૮૬ |
| ,, | ૧૦ મું—ત્યાગિયે કયા? | સબકછુ | ૨૮૭ |
| ,, | ૧૧ મું—સુનિયે કયા? | ગુણ | ૨૮૯ |
| ,, | ૧૨ મું—સાંધીયે કયા? | ઇંદ્રિયાં | ૨૮૯ |
| ,, | ૧૩ મું—મારીયે કયા? | આશા | ૨૯૦ |
| ,, | ૧૪ મું—રાખિયે કયા? | ધર્મ | ૨૯૨ |
| ,, | ૧૫ મું—ધરિયે કયા? | ધિરજ | ૨૯૨ |
| ,, | ૧૬ મું—ઠહેરાઇયે કયા? | મન | ૨૯૨ |
| ,, | ૧૭ મું—મિટાઇયે કયા? | ભ્રમ | ૨૯૩ |
| ,, | ૧૮ મું—બડા પુન કયા? | દયા | ૨૯૪ |
| ,, | ૧૯ મું—બડા પાપ કયા? | હિંસા | ૨૯૪ |
| ,, | ૨૦ મું—દિજીયે કયા? | દાન | ૨૯૫ |
| ,, | ૨૧ મું—ખુશબોઇ કયા? | જશ | ૨૯૬ |
| ,, | ૨૨ મું—દુર્ગંધ કયા? | અપજશ | ૨૯૬ |
| ,, | ૨૩ મું—લખિયે કયા? | (અપના) રૂપ | ૨૯૬ |
| ,, | ૨૪ મું—લિજીયે કયા? | હરિ નામ | ૨૯૭ |
| ,, | ૨૫ મું—દેખિયે કયા? | આત્મરામ | ૨૯૭ |
| ,, | ૨૬ મું—પાઇયે કયા? | સુખ | ૨૯૮ |
| ,, | ૨૭ મું—હોઇયે કયા? | દાસ | ૨૯૯ |
| ,, | ૨૮ મું—હોની કયા? | હોનેહાર | ૨૯૯ |
| ,, | ૨૯ મું—માનિયે કયા? | સત | ૩૦૦ |
| ,, | ૩૦ મું—બિચારીયે કયા? | તત્ત્વ | ૩૦૧ |

## કબીરજીનાં (૨૫) ભજનો.


૧ કાયાનાં કર્તવ્ય વિષે જીવને ચેતવણી. ૩૦૩
૨ જીવને ચેતવણી. ૩૦૪
૩ બચપણ, જવાની, બુઢાપો ચાલી જાય છે! તો ઇશ્વર–સ્મરણ ક્યારે કરશો? ૩૦૫
૪ પૈસાના ખેલ વિષે. ૩૦૫
૫ પૈસાવાળાનાં સગાં થવા સર્વે નિકળે છે. ૩૦૬
૬ કાળ (મોત) વિષે ચેતવણી. ૩૦૬
૭ દેહના નાશ માટે ચેતવણી. ૩૦૭
૮ સંસારમાં છેવટ દુઃખજ છે, રામ સંભારવામાંજ સુખ છે. ૩૦૭
૯ બાહેરના જુઠા દેખાવોથી ઇશ્વર મળતો નથી. ૩૦૮
૧૦ માત્ર ધર્મ–શાસ્ત્રો ભણ્યાથીજ કાંઇ ઇશ્વર મળી શકતો નથી. ૩૦૯
૧૧ તારી વિષયવાસ્નાઓને કચડી નાંખ. ૩૧૧
૧૨ તારાં મનને કાબુમાં લે, તો તે પરમાત્મા સાથે ભેટ કરાવશે. ૩૧૨
૧૩ દુનિયા સારી દુઃખી, જેણે મન જીત્યું તેજ સુખી છે. ૩૧૩
૧૪ જેનાં મનમાં પરમાત્માજ રહેલા હોય તેણે બાહેરની ક્રિયાઓ કરી ન કરી એ સરખીજ છે. ૩૧૪
૧૫ કાલે શું થશે તેની તને ખબર નથી, તો પરમાત્માને ભજી તારૂં સિદ્ધ કાર્ય કરી લે. ૩૧૫
૧૬ જગતમાં જુઠાંપણાં વિષે. ૩૧૬
૧૭ જમ (મોત)ના હાથથી છુટવાની ચાવી. ૩૧૭
૧૮ સંત પુરૂષની દોસ્તી કરી તારૂં કામ કરી લે. ૩૧૮
૧૯ હે પરમાત્મા! બસ મને તારાં ચરણનીજ દરકાર છે. ૩૧૯
૨૦ ખરૂં ધન તે ઇશ્વર છે, જે કદી જતું રહેવાનું નથી. ૩૨૦
૨૧ પરમાત્મા તારી અંદરજ છે. ૩૨૧
૨૨ આરસીમાં મ્હોડું જોઇ હરખ ના, તારા અંતરમાં તું જો "તું કેવો છે?" ૩૨૨
૨૩ દુન્યવી માર્ગ અને ઇશ્વરી માર્ગ એ બન્ને ઉલટા છે. ૩૨૩
૨૪ પરમાત્માનો દિવાનો થયો તો પછી સુવાનું કેવું. ૩૨૪
૨૫ કમળ જેવું મોંહ આપ્યું છે તે પરમાત્માનું ભજન ગાવા માટેજ છે. ૩૨૫

**કબીરજીની જીંદગીનું ટુંક વૃતાંત** ... ૩૨૬



# કબીર વાણી.

# કબીર વાણી

**હમ કછુ પક્ષપાત નહિ રાખી,**
**સબ જીવન કે હિતકી ભાખી.**

હું કોઇનીબી તરફદારી કરતો કે રાખતો નથી, પણ જે કાંઇ કહું છું તે સર્વેનાં ભલાંને અર્થે; કોઇ એક ધર્મવાળાને માટે નહિ, પણ સઘળા ધર્મોનું ભલું ચાહીને કહું છું—**કબીર.**

---

**સત્ કબીરકે બચનકો, પ્રગટ કરૂં અબ સોય;**
**જો વાકો નિજ વાંચહિ, બુદ્ધિ નિર્મલ હોય.**

સત્ કબીરજીનાં વચનો, હવે હું પ્રગટ કરૂં છું; જે કોઇ વાંચશે ને મનન કરશે તેની બુદ્ધિ નિર્મળ થશે.—**ધર્મદાસ.**

ॐ

# મંગળાચરણ—(નમસ્કાર)

(૧)

**સર્વોપર સત્ પુરૂષ હય, સબકે જીવન આપ;**
**પ્રથમ વંદના તાહિકો, નાશ હોત સબ પાપ.**

પરમાત્મા સર્વોપરી છે, ને તે સૌનાં જીવોનો જીવ છે. પહેલો નમસ્કાર હું તેને કરૂં છું; કારણ કે તેનાં નામની બરકતથી આપણાં સર્વ પાપોનો નાશ થાય છે.

(૨)

**દ્વિતીય વંદના ગુરૂકો, કરત જ્ઞાન પ્રકાશ;**
**બિન ગુરૂ નાહિંન હોત નય, અંધકારકો નાશ.**

બીજો નમસ્કાર હું સદ્ગુરૂને કરૂં છું, કારણકે, આપણે ખરેખર કોણ છીએ તે તેઓ આપણને સમજાવે છે, ને તેમના વિના બીજા કોઇથી આપણને એ સમજ પડતી નથી.

(૩)

**ત્રતીય વંદના સબ સંતકો, ભવજલ તારનહાર;**
**ભકિત જ્ઞાન વૈરાગ દે, કરત બડો ઉપકાર.**

ત્રીજો નમસ્કાર હું સાધુઓના વર્ગને કરૂં છું; કારણ કે તે આપણું ફરી ફરીથી જન્મવાનું-મરવાનું મટાડે છે. તે આપણી ઇંદ્રિઓનો મોહ મટાડે છે, તેને બદલે આપણને પરમાત્મા ઉપર પ્રેમ ઉત્પન્ન કરે છે, તેથી આપણને ઇશ્વરની મુલાકાત થાય છે, ને આપણને ઇશ્વરની મુલાકાત થાય છે, તેથી એ સાધુઓનો વર્ગ આપણ માણસ જાતની ઉપર મોટો ઉપકાર કરનાર ગણાય છે.

(૪)

**પુરૂષ રૂપી સદ્‌ગુરૂ હય, સદ્‌ગુરૂ રૂપી સંત;**
**ઇનકે પદ વંદન કિયે, આવે ભવકો અંત.**

ઇશ્વરની મુલાકાત કરાવનાર ગુરૂ, ઇશ્વર પોતેજ છે. ફરક માત્ર એટલોજ, કે તે પોતાની નિરાકાર સ્થિતિ છોડીને આપણા માટે દેહમાં આવેલો હોય છે. એવો ઇશ્વરની મુલાકાત કરાવનાર ગુરૂ, સાધુઓના વર્ગમાંજ મળી આવે છે; બીજા બધા સાધારણ વર્ગોમાં તે હોતો નથી. માટે (સાચ્ચા) સાધુઓ જ્યાં જ્યાં ને જ્યારે જ્યારે નજરે પડે, ત્યાં ત્યાં ને ત્યારે ત્યારે આપણે તેઓને નમસ્કાર કરીશું ને તેઓની બનતી સેવા ચાકરી કરશું; કારણ કે તેઓ વડેજ પૂનર્જન્મનાં આપણાં દુઃખોનો અંત આવે છે.

# ઇશ્વર વિષે.

(૧)

**ધરતીકા કાગજ કરૂં, કલમ કરૂં વનરાય;**
**સાત સમુદ્રકી સાહિ કરૂં, હરિગુણ લિખા ન જાય.**

આખી પૃથ્વિનાં જેટલું મોટું કાગજ બનાવું, સઘળાં જંગલોનાં લાકડાંની કલમ બનાવું, અને સાતે દરિયાનાં પાણીને સાહી કરી નાંખું, તોબી હરિ (ઇશ્વર)ના ગુણો લખી શકાય નહીં. અર્થાત કે,—જે અપૂર્ણ છે તેની મદદથી, પરમાત્મા જે પૂર્ણ છે, તેનું બ્યાન થઇ શકેજ કેમ?'

(૨)

**ભારી કહુ઼ં તો મેં ડરૂં, હલકા કહું તો જીઠ;**
**મેં કયા જાનું રામકો, નૈના કબહુ ના દીઠ.**

ઇશ્વર ભારી છે એમ કેહેતાં હું બીહું છું—જો હલકો છે કરી કહું, તો તે મશકરી કરવા જેવું યાને જાુઠું કહ્યા બરાબર છે—કબીરજી કહે છે કે હું શું જાણું કે ઇશ્વર કેવો છે, કારણ મારી આ ખાકી આંખોએ તેને કદી જોયો નથી—અર્થાત કે પરમાત્મા આ આંખોએ દેખાતો નથી, પણ તેને અંતઃકરણમાંજ ઓળખાવાનો છે.

(૩)

**ઐસા કોઇ ના મિલા, ઘટમે અલખ લખાય;**
**બિન બાત્તિ બિન તેલ બિન, જલતી જોત દિખાય.**

એવો કોઇ મને મળ્યો નથી કે જે અલખ યાને બહારથી નહિ પિછાણી શકાય તેવો જે પરમાત્મા છે તેની આ શરીરમાંજ પિછાણ કરાવી આપે, અને જે જોત, તેલ ને કાકડા વગર, હમેશાં જળતી રહી છે તે દેખાડે.

(૪)

**દેખા હય સો કિસે કહું, કહે કોન પતિયાય;**
**હરિ જૈસાકા તૈસા હય, હરખ હરખ ગુન ગાય.**

મેં પરમાત્માનાં દર્શન કીધાં છે તે કોણને કહું? અને જો કહું તો કોણ માનશે?–ઇશ્વર તો એકનો એકજ યાને સદા એકસમાન છે; માટે હું તો તેનાં હરખે હરખે ગુણ ગાવું છું, યાને તેની યાદમાં ચકચુર છું.

(૫)

**સાહેબ તેરી સાહેબી, સબ ઘટ રહી સમાય;**
**જયું મેહેદીકે પાતમે, લાલી લખી ન જાય.**

જેમ મેહેદીનાં ઝાડનાં પાદડાંમાં લાલી રહેલી છે, પણ બાહેરથી તે દેખી શકાતી નથી તેમ "ઓ સાહેબ" તારી સાહેબી સર્વ ઠેકાણે છે, યાને તું દરેક આકાર કે શરીરમાં રહેલો છે, પણ બાહેરથી યાને આ ખાકી આંખોએ તું જોવાઇ શકાતો નથી.

## ઇશ્વર કયાં છે?

(૬)

**ખાલેક બિન ખાલી નહિ, સુઇ ધરનકો ઠોર;**
**આગે પિછે રામ હયે, રામ બિનાં નહિ ઔર.**

એક સોય જેવી પણ નાની ચીજ રહી શકે એટલી પણ જગ્યા પરમાત્મા વિના ખાલી રહેલી નથી, એવી રીતે પરમાત્મા, આગળ પાછળ, સર્વે ઠેકાણે ને સર્વે વસ્તુમાં રહેલો છે, ને તે શિવાય બીજું કાંઇ નથી.

(૭)

**જયું નેનનમે પુતલી, યું ખાલેક ઘટ માંહે;**
**ભુલા લોક ન જાનહિ, બાહેર ઢુંઢન જાયે.**

જેમ આંખોમાં પુતળી રહેલી છે, તેમ પરમાત્મા પણ આ શરીરમાંજ રહેલો છે, પણ ભુલા પડેલા યાને માયાની જાળમાં લપટાયલા લોકો જાણી શકતા નથી, તેથી તેઓ પરમાત્માને પોતાની બાહેરજ શોધવા જાય છે.

( ૮ )

**કસ્તુરી કુંડલ બસે, મૃગ ધુંઢે બન માંહિ;**
**ઐસે ઘટ ઘટ રામ હય, (૫૨) દુનિયાં દેખે નાહિ.**

હરણની દુંટીમાં કસ્તુરી રહેલી છે ને તેની સુગંધ હરણને આવે છે પણ હરણને ખબર નથી કે કસ્તુરી જેવી સુગંધી વસ્તુ તેની પોતાની અંદર રહેલી છે; તે તો વનસ્પતિ સુંઘી સુંઘીને કસ્તુરીને પોતાની બાહેર જંગળમાંજ શોધતું ફરે છે, તેમજ પરમાત્મા પણ દરેક આકાર તથા દરેક શરીરમાં રહેલો છે છતાં માણસનું ધ્યાન બાહેર લાગેલું હોવાથી કોઇ તેને જોઇ શકતું નથી.

( ૯ )

**ઘટ બિન કહાં ન દેખીયે, રામ રહા ભરપૂર;**
**જિન જાનાં તિન પાસ હય, દુર કહા ઉન દૂર.**

શરીરનાં ભિત્તર સિવાય બીજે કયાંએ ઇશ્વરને શોધવા ના જા; ત્યાંજ તે ભરપુર રહેલો છે; જેણે તેને પાસે જાણ્યો તો ઇશ્વર તેની પાસેજ છે, અને જે કહે કે ઇશ્વર દુર છે તો તે માણસથી ઇશ્વર જરૂર દુરજ છે–અને તે ઇશ્વરથી દુરજ રહેશે.

( ૧૦ )

**બાહેર ભિત્તર રામ હય, નેનનકા અભિરામ;**
**જિત દેખું તિત રામ હય, રામ બિના નહિ ઠામ.**

બાહેર તેમજ અંદર પરમાત્મા રહેલો છે અને એ પ્રમાણે સર્વ ઠેકાણે જોવો, તેમાંજ આંખોની ખરી ખુશાલી રહેલી છે—કબીર કહે છે કે જ્યાં પણ હું જોઉં છું ત્યાં મને તો ઇશ્વરનું દર્શન થાય છે અને માલેક સિવાય કોઇ પણ જગ્યા બાકી નથી.

( ૧૧ )

**જ્યું પથ્થરમે હય દેવતા, યું ઘટમે હય કિરતાર;**
**જો ચાહો દિદાર કો, તો ચકમક હોકે જાર.**

જેમ પથ્થરમાં અગ્નિ છુપાઇ રહેલો છે, તેમ ઇશ્વર પણ દરેક શરીર કે આકારમાં ભરાઇને રહેલો છે, અને જેણે ઇશ્વરને જોવો હોય, તો જેમ ચકમકનો

પથ્થર સાફ હોવાથી, તેને ઘસવાથી અગ્નિ પ્રગટ થઇ બાહેર દેખાય છે, તેમ તારાં શરીરને તથા મનને પવિત્ર કરે, તો તને પણ પરમાત્માનાં દર્શન થાય.

(૧૨)

**પાવક રૂપી રામ હય, સબ ઘટ રહા સમાય;**
**ચિત્ત ચકમક લાગે નહિં, ધુંવા બહિં બહિં જાય.**

ઇશ્વર અગ્નિરૂપ છે અને બધાંનાં શરીરોમાં રહેલો છે, પણ જેમ ચૂલામાં પુરૂં બળતણ ન હોવાથી ધુંવાડો થયા કરી બળતું હોળવાઇ જઇ, અગ્નિનો પ્રકાશ થતો નથી, તેમ જ્યાં સુધી માણસનું ચિત બાહેર ભમતું અટકીને પરમાત્મા ઉપર પુરૂં લાગે નહિ ત્યાં સુધી આ પવિત્ર દર્શન થતાં નથી.

(૧૩)

**સાંઇ તેરા તુંજમેં રહે, જયું પથ્થરમે આગ;**
**જોત સરૂપી રામ હય, ચિત્ત ચકમક હો લાગ.**

જેમ પથ્થરમાં અગ્નિ છુપાઇને રહેલો છે, તેમજ ઇશ્વર પણ અંતરમાંજ રહેલો છે—જ્યારે તારૂં ચિત સાફ કરશે, ત્યારે તે જોત પ્રકાશીત થશે અને તુંજ પોતે ઇશ્વરી સ્વરૂપ યાને જોત છે એવું તને માલમ પડશે.

## ઇશ્વર કાં નથી મળતો?

(૧૪)

**પરદેશા ખોજન ગયા, ઘર હિરાકી ખાણ,**
**કાચ મનિકા પારખું, કયું આવે પહેછાંન?**

પોતાનાં ઘરમાંજ હિરાની ખાણ હોવા છતાં પરદેશમાં શોધ કરવાને જાય, એવો જે ખોટા કાચનો પારખુ હોય તે ખરા હિરાને કેમ જાણી શકે? ઇશ્વર જેવો અમૂલ્ય હિરો અંતરમાંજ હોવા છતાં, માણસ તેને બાહેરજ શોધે તો પરમાત્મા તેને કયાંથી મળે?

(૧૫)

**મેં જાનું હરિ દુર હય, હરિ હરૂદય માંહિ;**
**આડી ત્રાટી કપટકી, તાંસે દીસત નાહિ.**

કબીર કહે છે કે હું એમજ સમજતો હતો કે ઇશ્વર તો દુર (આકાશપર) હશે, પણ મને જ્ઞાન થયું ત્યારે મેં જાણ્યું કે પરમાત્મા તો મારાં હૃદયમાંજ વસેલો છે, પણ હૈયાંમાં વાંસ (કપટ) નો પડદો પડેલો તેથી મને ઇશ્વર દેખાઇ શકાયો નહિ.

(૧૬)

**જાકો આડા અંતરા, તાકો દીસે ન કોય;**
**જાન બુજ જડ હો રહે, બળ તજ નિર્બળ હોય.**

જેને માયાનો આડો અંતર પડેલો હોય તેને શું દેખાય? જે જાણી-બુજીને જડવાદી બને ત્યારે તેનું ખરૂં જોર છતાં તે અશક્ત રહે એમાં શિ નવાઇ? અર્થાત, માણસ આત્મા છે એમ નહિ માને, અને જીંદગી માત્ર ઇંદ્રિઓની મોજ મજાહમાંજ રહેલી છે એવું માની આત્મજ્ઞાન નહીં મેળવે તો તેને પરમાત્મા કયાંથી દેખાય?

(૧૭)

**ભટક મુવા ભેદી બિના, કોણ બતાવે ધામ?**
**ચલતે ચલતે જુગ ગયો, પાવ કોસપર ગામ.**

ભેદુ યાને પરમાત્માને પીછાણનાર ગુરૂ વગર હું બાહેર ભટકી ભટકીને મરી ગયો પણ માલેકનું ઠેકાણું મને કોઇએ બતાવ્યું નહિ અને એવી રીતે ઇશ્વર બાહેરથીજ મળશે એમ માનતાં માનતાં કાંઇ જુગો ચાલી ગયા—જ્યારે પરમાત્માનું ધામ તો પા કોશપરજ હતું, યાને અંતરમાંજ ઇશ્વરનો અંશ રહેલો છે

(૧૮)

**બસત કહાં ધુંડે કહાં, કિસ બિધ આવે હાથ;**
**કબીર! તબહિ પાઇયે, જબ ભેદી લિજે સાથ.**

પરમાત્મા વસે કયાં ને હું તેને શોધું કયાં, તો પછી મને તે કેમ મળે? જ્યારે મેં ભેદુ યાને પરમાત્માને પીછાણનાર ગુરૂની સંગત કીધી યાને મને ગુરૂ મળ્યા ત્યારેજ ઇશ્વરને મળવાનો માર્ગ મળ્યો.

(૧૯)

**જા કારણ હમ ઢુંડતે, ઔર કરતે આસ ઉમેદ;**
**સો તો અંતર ઘત મિલા, ગુરૂ મુખ પાયા ભેદ.**

જે કારણ માટે હું બાહેર શોધ કરતો હતો, અને મળવાની આશા ઉમેદ રાખતો હતો, તે તો મને મારા અંતરમાંજ (હૃદયમાં) મળ્યો કે જેનો ભેદ મને ગુરૂ મળ્યા ત્યારેજ ખુલ્લો થયો.

(૨૦)

**હિરા હરિકા નામ હય, હિરદે અંદર દેખ;**
**બાહેર ભિત્તર ભરી રહા, ઐસા અગમ અલેખ.**

ઇશ્વરનાં નામરૂપી એક હિરો, જે હૃદયમાં જડેલો છે, તેને તું તારાં અંતરમાં તપાસ! જ્યારે તેને હૃદયમાં જોશે ત્યારે તે તને અંદર પણ દેખાશે તેમજ બાહેર પણ સર્વ ઠેકાણે દેખાશે, એવો તે છે, જેની હસ્તીનો ભેદ બાહેરથી નહિ વર્ણવી શકાય કે નહિ સમજી શકાય તેવો છે.

(૨૧)

**બિષય પ્યારી પ્રીતડી, તબ હરિ અંતર નાહિં;**
**જબ હરિ અંતરમે બસે, બિષયસે પ્રીત નાહિં.**

જ્યાંસુધી ઇંદ્રિઓનાં વિષયો ઉપર પ્રીતી થયા કરે, યાને જ્યાંસુધી ઇંદ્રિયોનાં ભોગ ભોગવવા વિચાર થયા કરે, ત્યાંસુધી અંતઃકરણમાં ઇશ્વરનો વાસો નથી એમ જાણવું-પણ જ્યારે પરમાત્મા તેના હૃદયમાં વસ્તો થાય-યાને ઇશ્વર અંતરમાં વસે ત્યારે વિષય વાસનાનો ત્યાગ-અર્થાત હવસ-લોભ-લાલચ

ઉપરની ભાવના જતી રહે છે એમ નકકી જાણવું, અને ત્યારેજ પરમાત્માનાં દર્શણ થાય.

(૨૨)

**ભકિત બિગાડી કામીયાં, ઇંદ્રિ કેરે સ્વાદ;**
**જન્મ ગમાયા ખાધમે, હિરા ખોયા હાથ.**

જેઓ ઇંદ્રિઓના ભોગની સર્વ પ્રકારની મોજમજાહમાં રહીને નિરંતર ખાવા પીવા વગેરે દુનિયવી વિચારોમાંજ ચકચુર રહે છે, તેઓની ઇશ્વર તરફની ભકિત જતી રહે છે, અને તેઓ ખરેજ હિરો હાથમાંથી ગુમાવી પોતાનો જન્મ બરબાદ કરે છે. અર્થાત માત્ર ખાવા પીવાની મોજ અથવા ધન ભેગું કરવાને ખાતરજ આ જીંદગી છે, એમ જેઓ સમજે છે, અને બીજી ઉંચી નેમ વિષે જાણતા નથી, યા જાણવા છતાં તે ઉપર મનન કરતા નથી, તેઓ પોતાનો ભવ ફોકટ ગુમાવે છે, અને તેઓને પરમાત્મા મળી શકતો નથી.

(૨૩)

**રામ હય તહાં કામ નહિ, કામ નહિ તહાં રામ;**
**દોનો એક જા કયું રહે, કામ રામ એક ઠામ?**

જેનાં અંતરમાં પરમાત્મા વસે તેને વિષય વાસના હોય નહિ, જેનાં મનમાં વિષય વાસના નથી તેનેજ પરમાત્માનાં દર્શન થાય,—જેમ એક જગાની અંદર બે વસ્તુ એકકી વેળા રહી શકતી નથી તેમ વિષય વાસના, અને પરમાત્માનાં દર્શન, બન્ને એકકી વેળા અંતરમાં સમાઇ શકે નહિ—કારણ તેઓ પરસ્પર વિરૂધ્ધ છે, જ્યારે હૈયામાંથી વિષય વાસના દુર થાય, તેમજ તેના બધા વિચારો પણ અંતરમાંથી દુર થાય, ત્યારેજ ત્યાં પરમાત્માનો વાસો થઇ શકે.

(૨૪)

**જૈસે માયા મન રમે, તૈસે રામ રમાય;**
**તારા મંડળ છાંડકે, જહાં કેશવ ત્યાં જાય.**

જેમ દુનિયાંની માયામાં યાને મોજ મજાહના વિચારોમાં મન ચકચુર બની તેમાં લીન્ન થઇ જાય છે તેમ જો મન પરમાત્માંના વિચારમાં લીન્ન થઇ પોતાને ભુલી જાય, તો તે માણસ સૂર્યમંડળ પણ છોડીને ત્યાં પહોંચી જાય કે જ્યાં પરમાત્માનો વાસો છે.

# પવિત્ર મનને ઘર બેઠાં ઇશ્વર મળે છે.

(૨૫)

**ચેતન ચોકી બેઠ કર, મનમે [illegible] ધીર;**
**નિર્ભય હોકે નિઃશંક ભજ, કેવળ કહે [illegible]**

મનના દરવાજા ઉપર ચોકી રાખી ધિરજથી બેસ, અને પછી જરાએ ભય ચા શક રાખ્યા વિના તું કેવળ ઇશ્વરનેજ મનમાં ભજ્યા કર—અર્થાત, તારા મનમાં દુષ્ટ વિચારો આવવા ના દે, અને ઇશ્વર મળશે એવું નિશ્ચય ધારી મનમાં વમાસ્યા કરતો ઇશ્વરની યાદમાં રોકાઇ જા.

(૨૬)

**લેહ લાગી નિર્ભય ભયા, ભરમ ગયા સબ દૂર;**
**બનમે બનમે કહાં ઢુંડે, રામ યહાં ભરપૂર.**

જ્યારે મનને ઇશ્વરની લેહ લાગે, ત્યારે ઇશ્વરનાં વમાસણમાં (વિચારમાં) રહેવાને લીધે, દુનિયાંની ફિકર ચિંતા ટળી જાય, ને ઇંદ્રિઓથી દેખાતા ખોટા દેખાવો—ભ્રમો પણ મટી જાય, ને ઇશ્વર સર્વ ઠેકાણે ઘરબેઠાં દેખાય એવું છે ત્યારે ઇશ્વરને શોધવાને જંગલે જંગલ શા માટે જવું જોઇએ?

(૨૭)

**સબહિ ભૂમિ બનારસી, સબ નિર ગંગા તોય;**
**જ્ઞાની આત્મરામ હય, જો નિર્મળ ઘટ હોય.**

જો મન પવિત્ર થાય તો, કાશી જવાની અને ગંગા નદીમાં નહાવાની કાંઇ જરૂર નથી. પવિત્ર મનનાં અને સાફ દીલનાં માણસને સર્વે જગ્યા એકજ સરખી કાશી જેવી પવિત્ર છે—અને સર્વે નદીનાં પાણી ગંગા જેવાં પવિત્ર છે; જે પવિત્ર થયો છે, જેને જ્ઞાન થયું છે, તેનો આત્મા ઇશ્વરી છે.

(૨૮)

**આપા ખોયે હરિ મિલે, હરિ મિલત સબ જાય;**
**અકથ કહાંની રામકી, કહે સો કોન પતિયાય?**

"હું ફલાણો માણસ છું" એવું ભાન જતું રહે, ત્યારેજ ઇશ્વર મળે; અને ઇશ્વર મળે ત્યારેજ આખી સૃષ્ટિ મળે નહિ થઇ જાય. ઇશ્વરની એવી, નહિ કળી શકાય તેવી કહાણી છે, પણ એ કહાણી માને છે કોણ?

# જ્યાં "હું" નથી ત્યાં ઇશ્વર છે.

( ૨૯ )

**કબીર! જબ એ જગ નહિ, તબ રહા એક ભગવાન;**
**જીને વોહ દેખા નજરસે, સો રહા કોન મકાન?**

એ કબીર! જ્યારે અંતરમાંથી આ જગતની હસ્તીનો ખ્યાલ નિકળી જાય, ત્યારે માત્ર ભગવાનજ એકલો રહે—અને જે કોઇએ તેને તેવો જોયો તે પુરૂષ અમુક જગ્યાએજ રહેલો છે એમ કેમ કહેવાય? અર્થાત—જે માણસ પોતાનાં ધ્યાનમાંથી જગતની હરએક વસ્તુનો ખ્યાલ અને આકારોને કહાડી નાખે તો પછી તે એકલા ઇશ્વરનેજ જોઇ શકે, અને ઇશ્વર સર્વવ્યાપક હોવાથી તે જીવ પણ સર્વવ્યાપક થઇ જાય ત્યારે તે માણસ અમુક જગ્યાએજ રહેલો છે એમ કદી કહેવાય નહિ.

( ૩૦ )

**હરિજન હરિ તો એક હય, જો આપા મિટ જાય;**
**જા ઘરમે આપા બસે, તો સાહેબ કહાં સમાય?**

ઇશ્વરની યાદ કરતાં કરતાં, ધ્યાન ઇશ્વરમાં એવું લાગી જાય કે ઇંદ્રિઓના વિષયોના વિચારો તો શું, પણ "હું ફલાણો માણસ છું" એવી પોતાની યાદ પણ મનમાંથી જતી રહે, ત્યારેજ ઇશ્વરને યાદ કરનાર અને ઇશ્વર એકજ થઇ જાય-પણ જ્યાં પોતાની યાદ "હું પણું" યાને "હું છું" એવો ખ્યાલ થયા કરે, ત્યારે તેમાં ઇશ્વર કયાંથી રહી શકે, યાને ઇશ્વર કેમ દેખાય?

( ૩૧ )

**તું તું કરતા તું ભયા, તું માંહે મન સમાય,**
**તું માંહી મન મિલ રહા, અબ મન અંત ન જાય.**

"હું નથી" (પણ) "તું છે" એવું વિચાર્યા કરતાં યાને "પરમાત્માનું એકલું સ્મરણ" કરતાં મન એવું તો ઇશ્વરમાં સમાઇ જાય કે પોતાનું "હુંપણું" રેહેજ નહિં, પણ મન ઇશ્વર સ્વરૂપ થઇ જાય, અને મન જ્યારે ઇશ્વરમાં મળી જઇને રહેતું થયું, કે પછી તે કદી છુટું વિખુટું પડવાનું નથી કારણ તે પોતાની સુખી છેડે પુગી ગયું, એટલે "હું જુદો છું" એવું ભાન ફરી તેને થશેજ નહિ.

# ઇશ્વરનો બંદો કેમ થવાય?

( ૩૨ )

**તું તું કરતાં તું ભયા, મુજમેં રહી ન "હું"**
**વારી ફેરૂં નામ પર, જીત દેખું તિત "તું"**

કબીરજી કહે છે કે "તું તું" એટલે પરમાત્માનુંજ નામ લેવાથી હું ઇશ્વરને મળી ગયો ને મારામાં "મારાપણું" રહ્યું નથી. તારાં નામ પરથી હું કુરબાન થઇ જાઉં છું કે તે જપવાથી હવે જ્યાં જ્યાં હું જોઉં છું અને જે જે હું જોઉં છું તે બધું "ઇશ્વરરૂપ" દીસે છે.

( ૩૩ )

**રામ, કબીરા એક હય, કહેન સુનનકો દોય,**
**દો કર જો જાનસી, જાકુ ગુરૂ મિલા ન હોય.**

ઇશ્વર અને કબીર તો એકજ છે માત્ર કહેવામાં અને સાંભળતાં "બે" છે યાને જુદા છે; કોઇ એમ જાણે કે કબીર અને ઇશ્વર બે જુદા છે તેને ગુરૂ મળ્યો નથી, એમ સમજવું.

( ૩૪ )

**નામ કબીરા હો રહા, કલજુગમેં પ્રકાશ;**
**સબ સંતનકે કારને, નામ ધરાયા દાસ.**

આ કળીયુગમાં કબીરનું નામ પ્રકાશી રહ્યું છે, પરંતુ કબીરજી કહે છે કે, હું તો પરમાત્માનો નોકર છું અને સઘળા સંત લોકોને માટે યાને જેઓ ખુદાઇ રાહપર ચાલવાવાળા છે તેઓના ઉપદેશથીજ હું નામ રાખી ગયો છું.

( ૩૫ )

**કબીર, કુત્તા રામકા, મોતી નામ ધરાય;**
**ગલે બિચ દોરી પ્રેમકી, જીત ખેંચે તિત જાય.**

કબીરજી કહે છે કે હું તો રામનો કુતરો (નોકર) છું—મારૂં નામ મોતી રાખ્યું છે—મારાં ગળાંમાં ઇશ્વરી પ્રેમની દોરી નાંખી છે, જેથી ઇશ્વર જ્યાં મને દોરે ત્યાં હું જાઉં છું. અર્થાત–મેં મારૂં દીલ પરમાત્માને સંપૂર્ણ અર્પણ

કર્યું છે અને મારી મરજી પ્રમાણે નહિ--પણ માલેકનીજ મરજી પ્રમાણે રહું છું અને કાર્યો કરૂં છું.

( ૩૬ )

**દાસ કહાવન કઠણ હય, મેં દાસનકો દાસ;**
**અબ તો એસા હો રહું, કે પાંઉ તલેકી ઘાસ.**

પોતાને દાસ કેહેવાડવું એટલે પરમાત્માનો બંદો થવું એ બહુ મુશ્કેલ છે; હું તો તેનાં બંદાઓનો નોકર છું અને હવેથી એવો થઇને રહું, કે તેઓના પગ હેઠળનું ઘાસ બની જાઉં.

( ૩૭ )

**જો દેખા સો તિનમેં, ચોથા મિલે ન કોય;**
**ચોથેકું પ્રગટ કરે, હરિજન કહિએ સોય.**

જેબી મેં જોયું છે તે–સત્વ, રજસ્ અને તમસ્ જે પ્રકૃતિનાં ત્રણ ગુણો છે–ત્રણમાંજ થતું દેખાય છે, અને એ ત્રણની બીજી તરફ જે ચોથી હાલત છે, તે હાલતનો કોઇ પણ માણસ મને મળ્યો નથી. એ ચોથી હાલતને જે પ્રગટ કરી શકે તેજ ઇશ્વરનો ખરો ભગત્ છે. સારાંશ કે, દુનિયામાં સઘળે ઠેકાણે "હું" "તું" અને "તે" એવા ત્રણ પ્રકારો જાહેર થઇ રહ્યા છે—એ ત્રણ ઉપરાંત યાને એ ત્રણેને એક કરી નાંખનારી જે ચોથી હાલત છે તેજ પરમાત્માની હાલત છે કે જ્યાં "હું" "તું" અને "તે" એવો જુદાઇનો પ્રકાર હસ્તી ધરાવતો નથી અને જે કોઇ, તે હાલત પોતામાં પ્રગટ કરે તેજ હરિજન યાને આત્મજ્ઞાની ગણાય.

( ૩૮ )

***જો એક ન જાનીયા, તો બહુ જાને કયા હોય;***
**એકૈ તે સબ હોત હય, સબસે એક ન હોય.**

તું તે એકને યાને ઇશ્વરને નહિ જાણે તો બીજું બધું જાણવાથી શું થાય? તે એકમાંથીજ આ સૃષ્ટિની બધી પેદાયશ બની છે. તે એકમાંથીજ આ *અનેક ઉત્પતિઓ થઇ છે, પણ તે બધાંથી એક થઇ શકાતું નથી.*

( ૩૯ )

**એક સાંધે સબ સધે, સબ સાંધે એક જાય;**
**જો તું સિંચે મૂલકો, ફલે ફલે અઘાય.**

જો તું એકને સાંધશે તો બધુંએ સંધાશે. પણ જો તું (તે એક શિવાય) બધાંને સાંધવા જશે તો તે એક જતો રેહેશે. ઝાડનાં મુળને પાણી સિંચશે ને તેને સાચવશે તો તેમાં ફળ ફુલ સર્વે આવી જશે—અર્થાત, જો તું ઇશ્વરનો સાથ કરશે યાને **માલેક**નેજ મળવાની ઇચ્છા રાખશે તો દુનિયવી માલમતા પોતાની મેળે આવી જશે.

( ૪૦ )

**સબ આયે ઇસ એકમે, ડાર પાત ફળ ફુલ;**
**કબીર! પીછે કયા રહા, ગ્રહિ પકરા નિજ મૂળ?**

એ એકમાંજ બધુંએ આવી જાય છે, ડાળ, ડાંખળાં, પાતરાં, ફળ ને ફુલ સર્વે તેમાં આવી જાય છે. ત્યારે ઓ કબીર! જે કોઇએ તે મૂલનેજ પકડી રાખ્યું તેને બીજું કરવાનું યા મેળવવાનું બાકી શું રહ્યું? જેને ઇશ્વરજ મળ્યા તેને બીજું શું જોઇએ?

( ૪૧ )

**મેરા મુજમે કછુ નહિ, જો કછુ હય સો તેરા,**
**તેરા તુજકો સોંપતે, કયા લગેગા મેરા.**

ઓ ઇશ્વર! મારામાં "મારૂં" યાને મારી જાતનું પોતાનું હોય એવું કાંઇ નથી; જે કાંઇ છે, તે બધું તારૂંજ છે; અને જે કાંઇ તારૂં છે, તે તનેજ પાછું હવાલે કરૂં, તેથી મારૂં કાંઇએ જતું રહેતું નથી—અર્થાત, મારી રચનામાં આ સ્થુળ શરીર છે તે મારૂં નથી; કારણ કે, મરણ વખતે મારાથી છુટું પડી જાય છે; મારી રચનામાં "પ્રાણમયકોષ" યાને શરીરમાં રહેલો, દસ પ્રકારનાં કામ બજાવતો વાયું છે તે મારો નથી; કારણ કે, મરણ વખતે તે પણ મારાથી છુટો પડી જાય છે; મારી રચનામાં "મનોમયકોષ" યાને ઇંદ્રિઓની ગમતી ચીજોનો ખ્યાલ કર્યા કરતું જે

(મનનું) નિચલું ભાન છે તે પણ મારૂં નથી કારણ કે, હું જ્યારે સ્વર્ગમાં જાઉં છું, ત્યારે તે પણ મારાથી છુટું પડી જાય છે; મારી રચનામાં "વિજ્ઞાનમય કોષ" અથવા મનની શકિતઓ ને સદગુણો છે તે પણ મારાં નથી; કારણ કે, હું તને મળવા આવું છું, ત્યારે તે પણ બેમાલમ થઇ જાય છે; એ બધાંથી ઉપરવાળું તત્ત્વ જે "આત્મા" અથવા "હું પોતે કહેવાઉં છું" તે પણ મારો નથી; કારણ, જ્યારે હું "પોતે" થાઉં છું ત્યારે હું તો કાંઇ હોતો નથી. "તુંજ" હોય છે.

(૪૨)

**મેરા તો કોઇ હય નહિ, ઔર મેં કિસીકા નાહિં;**
**અંતર દ્રષ્ટ બિચારતાં, રામ બસે સબ માંહિં.**

એ સર્વ (ઉપર જણાવી ગયા તેઓમાંનું) કોઇ મારૂં નથી ને હું એઓમાંનાં કોઇનો નથી; ઇશ્વર નજરે જોતાં પરમાત્માજ સર્વનાં અંતઃકરણમાં વસેલો છે.

(૪૩)

**કબીર! ખોજી રામકા, ગયા જો સકલ દ્વિપ;**
**રામ બસે ઘટ ભિત્તરા, જો આવે પ્રતિત.**

ઓ કબીર! ઇશ્વરને શોધવાવાળો માણસ, સઘળા દેશોમાં જાય છે, પણ જો તેને વિશ્વાસ હોય, તો પરમાત્મા તો અંતરમાંજ રહેલો માલમ પડે.

(૪૪)

**સબ ઘટ ભિત્તરમેં બસું, મોકો મિલે ન કોય;**
**જો કરૂં સો મેં કરૂં, નામ બંદેકા હોય.**

ઇશ્વર તો સર્વ આકારોને શરીરોમાં રહેલો છે, પણ તેને કોઇ ઓળખતા કે ભેટતા નથી; જે કાંઇ [illegible] છે તે ઇશ્વરજ કરે છે, પણ માત્ર નામ માણસનું હોય છે, યાને લોકો કહે કે અમુક કાર્ય અમુક માણસે કીધું.

(૪૫)

**સબ ઘટ મેરા સાઇયાં, ખાલી ઘટ નહિ કોય;**
**બલિહારી ઉસ ઘટકી, જા ઘટ પ્રગટ હોય.**

સર્વનાં શરીરમાં પરમાત્મા છે, ને કોઇ પણ શરીર તે વગર ખાલી નથી; પણ જે શરીરમાં પરમાત્મા જાહેર થાય તે શરીરનીજ બલિહારી છે, યાને જીવવાની મોજ ત્યારેજ હોય છે.

(૪૬)

**ચોંસઠ દિવા જોડ કર, ચઉદે ચંદા માંહિ;**
**તિસ ઘર કૈસા ચાંદના, જીસ ઘર ગોવિંદ નાહિં?**

ચોંસઠ બત્તિઓ સાથે મેળવ્યે અને ચૌદ ચંદ્રમાઓના પ્રકાશ પણ ત્યાં હોય, પણ જે ઘરમાં યાને શરીરમાં ઇશ્વર નહિ પ્રગટ થયો હોય, ત્યાં ખરૂં અજવાળું કયાંથી હોઇ શકે?

(૪૭)

**કોઇ એક પાવે સંતજન, જા કે પાંચો હાથ;**
**જાકો પાંચો વશ નહિ, તાકો હરિ સંગ ન સાથ.**

જેઓએ પોતાની પાંચે ઇંદ્રિઓને તાબે કરી છે તેઓમાંના કોઇ એક સાધુ પુરૂષને પરમાત્મા મળે છે, પણ પાંચે ઇંદ્રિઓને જેણે વશ નથી કીધી, તેને ઇશ્વરનો મેલાપ થઇ શકતો નથી.

## ઇશ્વરની વાત મોહોડેથી કહી શકાતી નથી.

(૪૮)

**કબીર! હદકે જીવકો, હિત કર મુખ ના બોલ;**
**જો હદ લગા બેહદસે, તાસે અંતર ખોલ.**

અરે કબીર, જેની આશા ઉમેદ, હદવાળી આકારવાળી સૃષ્ટીને લગતીજ હોય છે, તેનું ભલું ચાહીને તેને **નિરાકારનું** સાધન શિખવતો ના, (પણ) જેની આશા ઉમેદ કોઇપણ જાતના આકારો ધરાવ્યા વગરની અપરમપાર ખાલી જગ્યામાં જઇને રહેવા ઉપર લાગેલી છે, તેને, **નિરાકારને પોહોંચવાનું**, તારા મનમાં છુપું રાખેલું સાધન શિખવજે.

(૪૯)

**હદમે રહે સો માનવિ, બેહદ રહે સો સાધ;**
**હદ બેહદ દોનો તજે, તાકા મતા અગાધ.**

સાધારણ માણસને આકારવાળી ચીજોનુંજ ભાન હોય છે; અને સાધુને આકાર વગરની અપરમપાર ખાલી જગ્યાનું ભાંન હોય છે, પણ જે અપરમપાર ખાલી જગ્યાનું ભાંન પણ ન રાખે તેનો તો મહિમા અપરમપારજ જાણવો, એટલે કે હદ અને બેહદની પાર ગયેલાનો તો કોઇ પારજ પામી શકે નહિ.

(૫૦)

**હદ છાંડી બેહદ ગયા, અવર કિયા વિશ્રામ;**
**કબીરા જાસુ મિલ રહા, સો કહીયે નિજ કામ.**

હદવાલી, આકારવાળી દુનિયા છોડીને હદ વગરની, આકાર વગરની ખાલી જગ્યામાં જવું, અને એ પ્રમાણે રેહવા વસવાની બીજી જગ્યા કરી લેવી, અને ત્યાં જે **સાહેબ** રહે છે તેની સાથે હું (કબીર) જેમ મળી ગયો છું, તેમ સાથે મળી જઇ રેહેવું એ તો દરેકનું પોતાનુંજ કાર્ય છે, એટલે કે તે પોતાથીજ અનુભવાય છે, બીજો કોઇ તે દેખાડી યા કહી શકે નહિ.

(૫૧)

**હદમે બેઠા કથત હય, બેહદકી ગમ નાહિ;**
**બેહદકી ગમ હોયગી, તબ કથનેકો કછું નાહિ.**

જેનું ભાન હદવાલી, આકારવાળી, દુનિયા સુધીનુંજ હોય છે. અને હદ વગરની આકારો ધરાવ્યા વગરની, ખાલી જગ્યામાં જે જીવી જાણતો નથી, તેજ પોતાનાં અજ્ઞાનપણાંમાં તે હાલતનું મોહોડેથી વર્ણન કરે છે, પણ જે જીવી જાણે છે, તે તો તે હાલતને મોહોડેથી બોલી નહિ શકાય એવા પ્રકારની સમજે છે, ને તેથીજ તે વિશે તે કાંઇ બોલતો નથી.

( પર )

**દેખન સરીખી બાત હય, કહેન સરીખી નાહિ;**
**ઐસા અદભૂત સમજકે, સમજ રહે મન માહિ.**

નિરાકાર ઇશ્વરને મળવાને લગતી એ વાત, આપણે પોતે જોઇએ તોજ સમજાય, અને બીજો કોઇ મોહોડેથી સમજાવે તો નહિજ સમજાય, એવા! અજાયબ પ્રકારની છે; માટે તું એને અનુભવજે, ને તારો અનુભવ તારા મનમાંજ રાખજે, તે બીજા કોઇને કહેતો ના.

( ૫૩ )

**બિન ધરતિકા ગામ હય, બિન પંથકા દેશ,**
**બિન પિંડકા પુરૂષ હય, કહે કબીર ઉપદેશ.**

મારૂં કબીરનું કેહવાનું એ છે કે, આપણી આ દુનિયાની ચીજોની સરખામણી-ઓથી ઇશ્વરને લગતી વાતો બોલી શકાતી નથી. દાખલા તરીકે, માણસો જ્યાં રેહેતાં હોય તે જગ્યાને આપણે "ગામ" કહીએ, પણ પરમેશ્વર (જ્યાં) રહે છે તે જગ્યાને માણસનાં રેહેઠાણની સરખામણી કરીને "ગામ" કહેવાય નહિ, કારણ જ્યાં પૃથ્વિજ નહિ ત્યાં "ગામ" કેમ હોય? આપણે એક દેશથી બીજે દેશ જઇએ ત્યારે ત્યાં કોઇ રસ્તે થઇને જઇએ છીએ, પણ પરમેશ્વર (જ્યાં) રહે છે તેને માણસના રેહેઠાંણની સરખામણી કરીને "દેશ" કહીએ, તો તે દેશ જવાનો કાંઇ રસ્તો નથી. કોઇ એક માણસ છે એવું આપણે કહીએ, ત્યારે તરત તેનું શરીર આપણાં લક્ષમાં આવે છે; હવે એજ રીતે આપણે બોલવા જઇએ કે "પરમેશ્વર" છે, તો લોકો એમ સમજે કે તેને શરીર હશે, જ્યારે તેને શરીર તો છેજ નહિ.

( ૫૪ )

**કબીર ચલ જાય થા, પુછ લિયા એક નામ;**
**ચલતા ચલતા તહાં ગયા, જહાં ગામ નામ નહિ ઠામ.**

હું ઇશ્વરની રાહમાં ચાલ્યો જતો હતો, ચાલતાં ચાલતાં મેં એક માણસ પાસે ઇશ્વરનું નામ પુછી લીધું. પછી તે નામ જપતો જપતો આગળ ને આગળ ચાલ્યા કીધો, ત્યારે આખરે હું ત્યાં જઇ પહોંચ્યો, જ્યાં કોઇ ગામ નહિ મળે, કાંઇ રેહેવાનું નહિ મળે, ને કોઇનું નામ નિશાન નહિ મળે.

(૫૫)

**કૌતક દેખા દેહ બિન, રવિ સસિ બિન ઉજાસ;**
**સાહેબ સેવામે રહે, બેપરવા હિ દાસ.**

આ અજાયબ જેવો દેખાવ મેં શરીર વગર જોયો. મારી ઇંદ્રિઓ અને મન મળે નહિ થઇ ગયલાં હતાં, તેવી હાલતમાં મેં આ અજાયબ જેવો દેખાવ જોયો. અને એ દેખાવ જોવાને માટે સૂર્ય, ચંદ્રનું અજવાળું પણ ત્યાં નહિ હતું; પછી હું નોકર માફક **માલેક**ની સેવામાં રેહવા લાગ્યો, ને આ દુનિયાનાં સર્વે કામો ને સર્વે વાતો વિષેની મારી ફીકર ચિંતા મટી ગઇ.

(૫૬)

**ધરતિ ગગન પવન નહિં, નહિં તુંબ્બા નહિં તાર;**
**તબ હરિકે હરિજન થા, કહે કબીર બિચાર.**

જ્યારે પૃથ્વિ, પવન, આસમાન કાંઇ નહિ હતું ને તુંબડું કે તેનો તાર કાંઇએ નહિ હતું, ત્યારે માત્ર ઇશ્વર કે ઇશ્વરનો ભગત તો હતોજ, એવું મારૂં કેહેવું છે, જે માટે તું વિચાર કર.

(૫૭)

**દેખા એઇ અગમ ધની, મહિમા કહી ન જાય;**
**તેજ પુંજ પ્રગટ ધની, મનમે રહા સમાય.**

મેં તે **માલેક**ને જોયો, જેને ઇંદ્રિઓ પોહોંચી શકતી નથી ને તેનો મહિમા યાને મોટાઇની વાત મોહોડેથી કહેવાઇજ શકાતી નથી, તે પ્રકાશનો જથ્થો હૃદયમાંજ સમાઇ રહ્યો, એટલે કે તે માત્ર અનુભવમાંજ રહેલો છે, યાને જે કોઇ અનુભવે તેજ જાણી શકે છે.

(૫૮)

**દિપક દેખા જ્ઞાનકા, પેખા અપરમ દેવ;**
**ચાર વેદકો ગમ નહિ, તહાં કબીરા સેવ.**

જેને જોવાથી સર્વે ચીજો ને વાતો જણાય છે, તે દીપક મેં જોયો; અને તેને, કદીએ સરખામણી નહિ કરી શકાય એવા ઇશ્વર તરીકે મેં

પિછાન્યો, અને ચારે વેદો જેની વાત સમજાવી શકતા નથી, એવા તે સાહેબની સેવામાં હું ખડો રહ્યો.

(૫૯)

**વૈકુન્ઠ ઉપર બસત હય, મેરા સાહેબ સોહે;**
**જાકે રૂપ ન દેખ હય, સો અંતર મિલ્યા મોહે.**

વૈકુંથને મથાળે, (યાને જરથોશ્તીઓમાં જેને ગરોથમાંન કહે છે તેની ઉપર) જે રહે છે તે મારો **સાહેબ** છે, અને જેને આકાર, લીટી કે આકૃતિ કાંઇએ નથી, તે (ઇશ્વર) મને મારા (અંતર)માંજ મળ્યો.

(૬૦)

**મેં થા, તબ હરિ નાહિં, અબ હરિ હય મેં નાહિં;**
**સકલ અંધેરા મિટ ગયા, દિપક દેખા માહિં.**

"હું અમુક માણસ છું." એવું જ્યાં સુધી મને દેખાતું હતું, ત્યાં સુધી મને ઇશ્વરનાં દર્શન થતાં નહિ! હાલ મને પરમાત્માનાં દર્શન થાય છે ત્યારે "હું અમુક માણસ છું," એવું મને દેખાતું નથી; ઇશ્વરરૂપી દીપક મારાં હૈયામાં મેં જોયો, ત્યારે મારે પોતાને અને સારી દુનિયાને લગતી કોઇબી વાત વિષે મને અજાણપણું રહ્યું નથી.

(૬૧)

**કરતમ કરતા ના હતા, ના હતા હાટ ન પાટ;**
**જા દિન કબીરા રામજન, દેખા ઔઘટ ઘાટ.**

જ્યારે હું (કબીર) ઇશ્વરનો સેવક થયો, ને જ્યારે હું અચળ પદને પામ્યો યાને કદી નાશ ન પામે એવાં સ્થાને પુગ્યો, ત્યારે હાટ અને પાટ તથા કર્તા અને કર્મ સઘળું મારાંમાંથી ચાલી ગયું. અર્થાત–જ્યારે અંતર આત્માનું ભાન થાય છે ત્યારે તેનો બહારનો સંસાર તથા કર્તા–કર્મ સઘળું મળે નહિ થઇ જાય છે, એટલે કે જોનાર "હું" જુદો, ને જોવાની "વસ્તુ" બીજી સામે હોય એવું કશુંએ ત્યાં હોતું નથી

(૬૨)

**ગુન ઇંદ્રિ સેહેજે ગઇ, સદ્દગુરૂ ભયે સહાય;**
**ઘટમેં બ્રહ્મ બિરાજયા, બક બક મરે બલાય.**

પરમેશ્વર સાથે ખરેખરો મેલાપ કરાવી શકે એવા ગુરૂએ જ્યારે મને મદદ કીધી ત્યારે, મારા સર્વ તમો-ગુણ જતા રહ્યા, સર્વ રજો-ગુણો જતા રહ્યા, ને સર્વ સત્વ-ગુણો પણ (થોડો વાર) મળે નહિ થઇ ગયા, તેથી મારી છયે ઇંદ્રિઓ પણ જતી રહી ને એ બધું જે થઇ ગયું, તે મારી કાંઇ કોશેશથી નહિ થયું, પણ પોતાની મેળેજ થઇ ગયું. સર્વ ગુણો ને સર્વે ઇંદ્રિઓ જતી રહી, ને હૈયાંમાં પરમાત્મા બિરાજેલા દેખાયા, તેમની સાથે રૂબરૂમાં મેલાપજ જ્યાં થયો, તો હવે પરમેશ્વર માટે વિશેષ બોલવાની જરૂર રહી નહિ.

(૬૩)

**કબીર, હદકા ગુરૂ હય, બેહદકા ગુરૂ નાહિં;**
**બેહદ આપે ઉપજે, અનભવકે ઘર માંહિં.**

કબીરજી કહે છે કે, હદ છોડવવા માટેજ ગુરૂની જરૂર છે. પછી બેહદમાં ગુરૂની જરૂર રેહતી નથી; બેહદ પોતાની મેળેજ પોતાનાં આત્માનુભવથી પ્રાપ્ત થાય છે.

(૬૪)

**નિરાધાર સો સાર હય, નિરાકાર નિજ રૂપ;**
**નિશ્ચલ જાકો નામ હય, ઐસા તત્વ અનૂપ.**

આ સંસાર આકારવાળો આપણને દેખાય છે, છતાં તે નાશવંત હોવાથી નિરાકારજ છે. આ આપણું શરીર પણ તેજ રીતે નિરાકાર છે. જે હમેશાં રહેવાવાળું તત્વ છે તેજ તત્વ ખરૂં નામવાળું છે, અને તે તત્વની ઉપમા કંઇ આપી શકાય તેમ નથી, યાને તેને નામ નિશાન છેજ નહિ.

(૬૫)

**સુરતમેં મૂરત બસે, મૂરતમે એક તત;**
**તા તત તત બિચારયા; તત્વ તત્વ સો તત.**

શુદ્ધ ધ્યાન અથવા સમાધિમાંજ પરમેશ્વરની ખરી મૂર્તિ દેખાય છે. એ મૂર્તિ એવી છે કે તેનું વાણીથી કંઇ વર્ણન કરી શકાતું નથી, તેથી તેને "તત્"નું નામ આપવામાં આવે છે તે "તત્"નો વિચાર કરતાં અંતે એમ માલુમ પડે છે કે આ આખાં વિશ્વનું મૂળ તત્વ તે "તત્"જ છે, અને જે તત્વો દેખાય છે તે માત્ર તેજ "તત્"નાં રૂપાંતર છે.

(૬૬)

**જો એ તત્વ બિચારકે, રાખે હૈયેમે સોય;**
**સો પાંનિ સુખકો લહે, દુઃખ ન દરસે કોય.**

એ તત્વ શું છે તેનો વિચાર કરી, તે તત્વને જે પોતાનાં હૈયામાં અનુભવે અને રાખે, તે માણસને સુખજ મળે ને તે કોઇપણ જાતનું કષ્ટ અનુભવે નહિ.

# જીવ વિષે.

( ૬૭ )

**બિન બીજકા વૃક્ષ હય, બિન ધરતી અંકુર;**
**બિન પાનીકા રંગ હય, તહાં જીવકા સુર.**

જ્યાં બીજ વગરનું ઝાડ છે, જ્યાં ધરતી વગર યાને ભોંય વગર ફુટી નીકળેલો પીલો ઉગે છે, જ્યાં પાણી વગરનો રંગ છે, ત્યાં જીવનું મુળ છે. અર્થાત–જીવ જ્યાંથી નિકળ્યો છે ત્યાં આકાર, રંગ કે જગ્યા જેવું કાંઇ નથી, યાને જે સર્વનું મુળ (પરમેશ્વર) જેનું રૂપ, રંગ કે આકાર જેવું નથી તેમાંથી જીવનું પ્રગટ થવું હોય છે.

( ૬૮ )

**હમ વાસી વહાં દેશકે, જહાં ગાજ રહા બ્રહ્મન્ડ;**
**અનહદ બાજા બાજીયા, અવિચલ જોત અખંડ.**

જીવ ત્યાંનો રહેવાસી છે, કે જ્યાં "શબ્દ બ્રહ્મ" યાને સૃષ્ટિના જાહેર થવાની પેહલ્લી શરૂઆતની હાલત, જેને હિંદુ શાસ્ત્રમાં **"શબ્દ બ્રહ્મ."** અને જરથોસ્તી ધર્મશાસ્ત્રમાં **"અહુનવર"** કહ્યો છે, તેનો નાદ (અવાજ) થતો હોય છે, જ્યાં તે હદ વગરનું વાજીત્ર વાગ્યા કરે છે, અને જ્યાં નિરંતર (યાને એક સરખી રહેલી અખંડ)ને હંમેશ બળતી જોત છે, તે જીવનું રહેઠાણ છે.

( ૬૯ )

**આયા એકહિ દેશસેં, ઉતરા એકહિ ઘાટ;**
**બિચમેં દુબધા હો ગઇ, સો હો ગયે બારેબાટ.**

તે એક દેશમાંથી યાને પરમાત્મામાંથી બધા જીવો આવ્યા છે, એને એકજ ઠેકાંણે યાને આ સ્થૂળ (ખાકી) દુનિયામાં ઉતર્યાં છે, પણ નીચે આવતાં મધ્યમાં, યાને જુદાં જુદાં ભૂવનોમાંથી પસાર થતાં તેઓ ઉપર આપદા આવી પડી, ને તેથી તેઓ એક બીજાથી જુદા પડી, છુટા વિખુટા થઇ ગયા.

(૭૦)

**હમ વાસી વહાં દેશકે, જહાં જાતવરણ કુળ નાહે;**
**શબ્દ મિલાવા હો રહા, પર દેહ મિલવા નાહે.**

આપણે (જીવો) અસલમાં તો, તે એકજ દેશના રહેવાસી છીએ કે જ્યાં જાત, વર્ણ, કે કુળ (ઉંચ યા હલકું) જેવો તફાવત કાંઇએ નથી. ત્યાં તો માત્ર "શબ્દ"થીજ મેલાપ યાને એકત્ર થઇ શકાય છે. આ સ્થૂળ શરીરથી ત્યાં એક થઇ શકાતું નથી. (એ સ્થિતીમાં માત્ર મહાત્માઓજ રહી શકે છે).

(૭૧)

**ગેબી આયા ગેબસે, ઔર યહાં લગાઇ એબ;**
**ઉલટ સમાનાં ગેબમે, તો મિટ જાય સબ એબ.**

આ અણદીઠ જીવ, ઇશ્વરમાંથી નિકળ્યો છે પણ આ નાશવંત જગ્તમાં આવવા અને કાર્યો કરવા માટે પોતા ઉપર અનેક પ્રકારનાં શરીરો ધારણ કર્યાં છે, તેથી તેનામાં દુર્ગુણો ને ખામીઓ પેદા થઇ છે. એ જીવ, શરીર સાથે એટલો લપટાઇ ગયો છે, કે શરીરના સર્વ દોષો (અવગુણો) તેને લાગુ પડયા છે; તે વિષયો તરફ દોડે છે, ને વિષયોમાં તેનો લય થયા કરે છે; તેને બદલે જો તે જીવ ઉલટો યાને—ઇશ્વર તરફ દોડે યાને દીલ લગાડે, ને ઇશ્વરમાંજ તેનો લય થાય, તો તેની સર્વ ખામીઓ મટી જાય.

(૭૨)

**કબીર! જાત જાતકા પાહોના, જાત જાતમે જાય;**
**સાહેબ જાત અજાત હય, સો સબમે રહે સમાય.**

શરીર ધારણ કીધા પછી જીવ પોતાનું પ્રગટીકરણ આગળ વધારવાને આ દુનિયામાં આવે છે ત્યારે જુદી જુદી જાત, વર્ણ ને કુળ, નિચ કે ઉંચમાં, પોતાની આગળી કરણી મુજબ અવતરે છે, અને નર કે નારીનો દેહ ધારણ કરે, પણ ઇશ્વરને જાત-વર્ણ કે નર-નારી જેવું કાંઇએ નથી, તેથી (પરમાત્મા) જગતમાં સર્વ ઠેકાણે અને સર્વ આકારો કે શરીરોમાં સમાઇ રહ્યા છે યાને હાજર છે.

(૭૩.)

**કરી કરામત જગતકી, રાજ રીત બંધાન;**
**સાહ્યો કિયો તોહે સોંપકે, આપ છુપે કરી આંન.**

પરમેશ્વરે જગત પેદા કીધી, અને જગતને ચલાવવા કાયદાઓ મુકરર કીધા તે પછી તું (જીવ)ને વૃદ્ધિ કરવાને માટે, યાને તારૂં પ્રગટિકરણ આગળ ચલાવવાને, જગતને તારે હવાલે સોંપીને, તારી ઉપર પોતાનો સહાયો નાંખ્યો અને પછી પોતે ઇશ્વર નજર આગળથી છુપાઇ ગયા.

(૭૪)

**એક બુંદ તે સબ કિયા, નર નારીકા નામ;**
**સો તું અંતર ખોજ લે, સકળ વ્યાપક રામ.**

તે એક મુળ યાને પરમેશ્વર છે, જેમાંથી આ બધું છે, અને નર–નારી, એવાં નામો બન્યાં છે, તે પરમેશ્વર સર્વ વ્યાપક થઇને બધે રહ્યો છે, તેને તું તારા અંતર (હૈયા)માં શોધ.

(૭૫)

**એક બુંદ તે સબ કિયા, એક દેહકા બિસ્તાર;**
**સો તું કયું બિસારીયા, અંધે મુંઢ ગમાર?**

તે એક મુળે (પરમેશ્વરે) આ બધાં જગતનું વિસતાર્ણ કીધું છે; આ જગત છે તે ઇશ્વરનું મોટું શરીર છે, અને આપણ સર્વે તે એક મોટા અંગના માત્ર ભાગો છઇએ, અને તેનાથીજ જીવીએ છીએ, યાને આપણી જીંદગીનો આધારજ ઇશ્વર છે, ત્યારે તેને, ઓ આંધળા, મૂર્ખ અજ્ઞાની! તું કાં વિસરી ગયો?

(૭૬)

**સબ ઘટ ભિત્તર રામ હય, ઐસા આપ સો જાન;**
**આપ આપસે બંધીયા, આપે ભયા અજાણ.**

સર્વ આકારો અને શરીરમાં પરમેશ્વર છે એવું તું તારી મેળેજ જાણી લે; તું તારી મેળેજ પોતે બંધાઇ ગયો છે તેથી."તું પોતે કોણ છે?" એ વાતથી તું અજાણ થઇ ગયો છે, અને તે તું ભુલી ગયો છે.

( ૭૭ )

**પાંચ ઘાટકા પિંજરા, સો તો અપના નાહિ;**
**અપના પિંજર તહાં બસે, અગમ અગોચર માંહિ.**

પંચ ભૂત યાને પાંચ મૂળ પદાર્થો, પૃથ્વિ, પાણી, અગ્નિ, હવા ને આકાશનું બનેલું આ શરીર, તે કાંઇ આપણું હંમેશનું રહેઠાણ નથી. આપણું શરીર એટલે આપણું ખરૂં પોતાપણું—ખરૂં સ્વરૂપ તો તે જગ્યા છે, જેને આ ઇંદ્રિઓથી પહોંચી શકાતું નથી, ને જોઇ–જાણી શકાતું નથી ત્યાં છે યાને પરમેશ્વરમાંજ છે.

( ૭૮ )

**સગા હમારા રામજી, સહોદર હય પુની રામ;**
**ઔર સગા સબ સગમગા, કોઇ ન આવે કામ.**

આપણો, (જીવનો) ખરો સગો પરમેશ્વરજ છે, આપણો ભાઇભાડું પણ તેજ છે; બાકીના બીજાં કહેવાતાં બધાં સગાં વહાલાંઓ માત્ર નામનાજ અને પોતાના સ્વાર્થનાજ છે, કોઇ જરાએ કામ આવવાનું નથી.

( ૭૯ )

**ચલ ગયે સો ના મિલે, કિસકો પુછું બાત;**
**માત પિતા સુત બાંધવા, જુઠા સબ સંગાત.**

જેઓને હું પુછું છું, તેઓ કહે છે કે હમારાં સગાંવહાલાંઓ ચાલી ગયાં તે કોઇ પાછાં મળતાં નથી; માટે મા, બાપ, છોકરો કે ભાઇ એ સર્વ "મારાં છે," એમ સમજવું એ માત્ર ખોટો ખ્યાલ છે.

( ૮૦ )

**ક્યા કિયા હમ આયકે, ક્યા કરેંગે જાય?**
**ઇતકે ભયે ન ઉતકે ભયે, ચલે સો મુલ ગમાય.**

આપણા જીવે આ (દુનિયામાં) આવી શું કીધું, અને મરણ પછી ત્યાં જઇ શું કરવાના હતા? ન તો આપણે આ દુનિયાના થયા, કે ન તો પેલી દુનિયાના થયા, અને એ રીતે જેઓ ગયા, એટલે કે "હું કોણ છું" એ

જાણ્યા વગર જેઓ ગયા તેઓએ પોતાના મુળને ગુમાવ્યો, યાને ઇશ્વરને ગુમાવ્યો. (પિછાણી શકયા નહિ.)

(૮૧)

**કબીર! યા તન જાત હય, શકે તો ઠોર લગાય;**
**કે સેવા કર સંતકી, કે ગોવિંદ ગુણ ગાય.**

કબીર! આ તારૂં શરીર તો ચાલ્યું જવાનું, માટે જ્યાંસુધી તે હાથમાં છે ત્યાં સુધી તું સાધુ સંતની સેવા કર, અને ઇશ્વરના ગુણ ગાઇ તેને પિછાણવાને યત્ન કર.

(૮૨)

**કહાં જાય કહાં ઉપને, કહાં બરાયે લાડ?**
**ન જાનું કિસ રૂખ તલે, જાય પડેંગે હાડ.**

તું શા માટે એટલો બધો લાડ તારાં શરીરને લડાવે છે? કયાં ઝાડની નિચે તેનાં હાંડકાં જઇને પડશે તે પણ તું જાણતો નથી?

(૮૩)

**આજ કાલ દીન પંચમે, જંગલ હોગી બાસ;**
**ઉપર લોક હિ ફિરેંગે, ઢોર ચરેંગે ઘાસ.**

આજે કાલે યા પાંચ દિવસ પછી પણ, તું જંગળનો રેહવાસી થવાનો, ને તારી મટ્ટી જ્યાં પડી હશે તે જગા ઉપરથી લોકો ફર હર કરશે, અને ઢોરો ચારો ચરશે.

(૮૪)

**રામ નામ જાન્યો નહિ. કિયા ન હરિસેં હેત;**
**તાસે જનુની ભારે મુંઇ, પથ્થર પડયા પેત.**

ઇશ્વરનું નામ શું છે તે તેં જાણ્યું નહિ, ને **માલેક** સાથે તારૂં દીલ લગાડયું નહિ, તો તારી માતાને પેટે તું પથ્થરજ પેદા પડેલો ગણાય, અને તે ગરીબડીએ તારો ભાર ફોકટજ ઉપાડેલો કહેવાય.

(૮૫)

**હરિકી ભક્તિ બિનાં, ધિક જીવન સંસાર;**
**ધુંવા કેરા ધોલરા, જાત ન વાગે વાર.**

ઇશ્વરની ભક્તિ કર્યા વિના આ સંસારમાં તારાં જીવનને ધિક્કારજ છે; એ સંસારને ધુંવાડાના ગોટાની પેઠે ચાલ્યો જતાં વાર નથી લાગવાની.

(૮૬)

**રામ બિસારયો બાવરા, અચરજ કિનો યેહ;**
**ધન જોબન ચલ જાયગા, અંત હોયગી ખેહ.**

તું જેને "મારૂં ધન," "મારી જુવાની," કહે છે તે સર્વ તો અંતે નાશ પામવાનાં, ત્યારે કબીરજી કહે છે કે મને ભારે અજાયબી લાગે છે કે તું ઇશ્વરને કેમ ભુલી ગયો?

(૮૭)

**મનખા જનમ તોકુ દીયો, ભજવેકો હરિ નામ;**
**કાહે કબીર ચેત્યો નહિ, લાગો ઔરહિ કામ?**

માણસનો જન્મ તને આપ્યો તે ઇશ્વરનું સ્મર્ણ કરવા માટેજ; આ વાત તેં કેમ લક્ષમાં રાખી નહિ, ને બીજાં (નકામાં) કાર્ય કરવા કાં લાગ્યો?

(૮૮)

**મનુષ્ય જન્મ તોંકો દિયો; ભજવેકો ગોવંદ;**
**તું અપને કરને આપકો, કહાં કહાં બંધાયે ફંદ?**

માણસનો અવતાર તને મળ્યો, તે ઇશ્વરને ભજવાને અને પિછાણવા માટે, ત્યારે તું તે (ઉત્તમ કાર્ય) નથી કરતો ને બીજાં નકામાં ફંદોમાં પડી, તારા પોતાના હાથે તું કાં બંધાઇ જાય છે?

(૮૯)

**મનુષ્ય જન્મ તો દુર્લભ હય, નહિ વારમ વાર;**
**તરવર તે ફુલ ગિર પડો, બહોર ન લાગે ડાર.**

જેમ ઝાડ ઉપરથી એક ફળ નિચે તુટી પડયું તે ફરીથી ડાંખળીને વળગી શકતું નથી, તેમજ મનુષ્ય અવતાર પણ મેળવવાનો એટલો દુર્લભ છે કે તે ફરીથી મળતો નથી.

(૯૦)

**કાસે સોવે નિંદભર, જાગી જપ મોરાર;**
**એક દિન ઐસો સોવેંગો, લાંબે પાંઉ પસાર.**

એવો દુર્લભ (મનુષ્યનો) અવતાર મળ્યા પછી તું શા માટે ઉંઘાય છે? તું જગાય એટલું જાગ, ને જાગતો રહી ઇશ્વરનો જપ બને એટલો કર; હાલ ઉંઘવાની શી જરૂર છે? એક દિવસ ઉંઘવાનો તો આવવાનો છેજ ત્યારે લાંબા પગ કરી ઉંઘવાનુંજ છે.

(૯૧)

**કબીર! કેવલ નામકે, જબ લગ દિવે બાત;**
**તેલ ઘટા બાતી બુજી, તબ સોવે દિન રાત.**

હું કબીર કેહવાઉં છું, તે જ્યાં સુધી આ દીવો બળતો રહેલો છે ત્યાં સુધીજ; એકવાર તે દીવા માંહેનું તેલ ઘટયું ને બત્તિ બુજાઇ ગઇ, ત્યારે તો પછી રાત ને દિવસ ઉંઘવાનુંજ છેજ.

(૯૨)

**મન તું કૈસા બાવરા, તેરી શુદ્ધ કયું ખોય?**
**મોત આયે સિરપે ખડા, ઘલતે બેર ન હોય.**

મનુષ્ય માત્રનું મન કેવું દાંધું ખાધું છે? તારી શુધ્ધિ તેં કેમ ખોઇ દીધી છે? કાળ તારે માથે ભમે છે ને તને મરતાં પળનો વાર લાગવાનો નથી!

(૯૩)

**મન અપના સમજાઇ લે, આયા ગાફેલ હોય;**
**બિન સમજે ઉઠ જાયગા, ફોકટ ફેરા તોય.**

જન્મ લીધા પછી તું સમજી શકતો નથી કે "હું કોણ છું?" અને સમજ્યા વિના તારૂં અવસાન થશે તો તારૂં જનમવું ફોકટ જશે, માટે મનને સમજાવી તારા કાબુમાં લે, કે "હું કોણ છું" તે તને સમજાય.

(૯૪)

**મનખા જન્મ પાય કે, ભજીયો ન રઘુપતિ રાય;**
**તેલી કેરા બેલ જયું, ફિર ફિર ફેરા ખાય.**

માણસનો જન્મ પામી, જો તું ઇશ્વરને નહિ ભજે, તો ઘાંચીનો બળદ પેઠે ચાલુ જન્મ-મરણના ફેરા તને ખાવા પડશે. અર્થાત ઘાંચીના બળદ, જેમ અંધારામાં ગોળ ગોળ ફરી ફરી, જ્યાંનો ત્યાંજ રહે છે તેમ માણસ, જ્યાં સુધી પરમેશ્વર તરફ દીલ લગાડી પોતાનું ખરૂં સાર્થક કરતો નથી, ત્યાં સુધી તેને અનેક વાર આ ખાકી દુનિયામાં આવી જન્મવા-મરવાનાં દુઃખો વેઠવાં પડે છે.

(૯૫)

**જગ સારા દરિદ્ર ભયા, ધનવંત ભયા ન કોય,**
**ધનવંત સોહિ જાનીયે, રામ પદાર્થ હોય.**

જગતનાં બધાં લોકો નિર્ધનજ છે. ધનવાન કોઇ થયું નથી. ધનવાન તો તેનેજ જાણિયે કે, જેને ઇશ્વરનો સમાગમ થયો હોય.

(૯૬)

**રામ નામકી લૂટ હય, લૂટ શકે તો લૂટ,**
**પિછેકો પસ્તાયગો, જબ તન જાયગો છુટ.**

ઇશ્વરનાં નામની લૂટ લાગી છે, તારાથી લૂટાય એટલું લૂટ, નહિ તો પછી જ્યારે મરણ આવશે ત્યારે તને પસ્તાવો થશે, કે તારાથી કાંઇજ બન્યું નહિ.

(૯૭)

**કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;**
**અવસર બિતો જાય તે, ફિર કરોગે કબ?**

જે કામ તું કાલે .કરવાનો હોય, તે આજેજ કરી લે, અને આજે કરવાનો હોય તે હમણાંજ કરી લે; તક જતી રહ્યા પછી કેમ કરશે?

(૯૮)

**કાલ કહે મેં કાલ કરૂં, આગે વિસમી કાલ;**
**દો કાલકે બિચ કાળ હય, શકે તો આજ સંભાળ.**

કાલેબી કહેશે કે હું કાલે કરીશ, અને એવી કાલો (દીવસો) નિકળી જશે, પણ એ "આજ ને કાલ"ની વચ્ચે જે કાળ છે તેનો વિચાર કર, ને બની શકે તો આજેજ કામ કરી નાંખ.

(૯૯)

**આજ કહે હરિ કાલ ભજું, કાલ કહે ફિર કાલ;**
**આજ કાલકે કરતેહિ, અવસર જાતી ચાલ.**

આજે તું કહે છે કે કાલે હરિની જપ કરીશ; કાલે પણ તું એમજ મનમાં કહે છે કે આવતી કાલે (તો જરૂર) કરીશ; એમ "આજે-કાલે" કરતાં કરતાં વખત તો વહી જશે ને તારી તક તારા હાથમાંથી જતી રહેશે.

(૧૦૦)

**કબીર! અપને પેહેરે જાગીયે, ના પર રહીએ સોય;**
**ના જાનું છિન એકમે, કિસકા પેહરા હોય?**

માટે હું કબીર કહું છું કે આ તારી તક છે તેટલાં જાગૃત રહી તારૂં કામ કરી લે, ને સુઇ ના રહે. એક પળમાં શું થશે તે તું જાણતો નથી?

(૧૦૧)

**હરિ હરિ કર હુશયાર રહે, કુડી ગેલ નિવાર;**
**જો પેંડે ચલનાં તુંજે, સોહિ પંથ સંભાર.**

ઇશ્વરનું સ્મર્ણ કરતો તું જાગૃત રેહ, બીજું બધું નિવારી મુક, જે ઠેકાણે તને પહોંચવાનું છે, તેનોજ માર્ગ તું પકડી રાખ.

(૧૦૨)

**દિન ગમાયા દુનિયામે, દુનિયા ચલી ન સાથ;**
**પાંચ કુહાડા મારિયા, ગાફેલ અપને હાથ.**

દહાડા, દુનિયવી ખટપટમાંજ રોકી દુનિયાંની ચીજો ભેગી કરવામાં તારો અમૂલ્ય વખત ગુમાવ્યો, પણ તે વસ્તુઓ તો તારી સાથે આવી નહિ; એ રીતે, ઓ ગાફેલ માણસ, તેં તારા પગમાં કોહાડી મારી.

(૧૦૩)

**કબીર! ગુજરી બિખકી, સૌદા લિયા બિકાય;**
**ખોટી બાંધી ગાંઠડી, અબ કછુ લિયા ન જાય.**

ઓ કબીર! બજારનો ઝેહેરી સોદો તેં વેચાતો લીધો અને એવી ખોટી માલમતા ભેગી કીધી તો તે (મરતી વેળા) સાથે હવે કેમ લઇ જવાય?

## માયા.

(૧૦૪)

**હરિકી ભક્તિ કર, તજ માયાકી ચોજ;**
**બેર બેર ન પાઇયે, મનખા જનમકી મોજ.**

(૧) **માયા એટલે** જે વસ્તુ ભુત, ભવિષ્ય વર્તમાન આદી ત્રણ કાળમાં છેજ નહિ તેને છે **એમ માનવું** તે **માયા.**

(૨) ઇંદ્રિઓને મોજ આપતી વસ્તુઓ, સુખ આપનારી છે, ને તે સુખ ખરૂં છે યાને હંમેસાં ટકનારૂં છે એમ માનવું તે **માયા**—

(૩) જીવની આસપાસ ઘેરો નાંખી, તેનું (આત્મસ્વરૂપ) પોતાનું ખરૂં સ્વરૂપ જોતાં અટકાવ કરે છે, તે **માયા.**

માયાની ખોટી વસ્તુઓની ઇચ્છા તું મુકી દે અને પરમેશ્વરની સેવા કર, કારણ કે મનુષ્યના અવતાર રૂપી મજાહ ફરી ફરીથી મળતી નથી; તે મેળવવાને બહુ મુશકેલી પડે છે.

(૧૦૫)

**કબીર! માયા પાપની, હરીસેં કરે હરામ;**
**મુખ કુડિયાલી કુમતકી, કહેને ન દે રામ.**

ઓ કબીર! આ જગતની અંદર રહેલી માયા એવી તો પાપી છે કે તે માણસને ઇશ્વર તરફ નિમકહરામ બનાવે છે; એ કાળાં મોહડાંની એવી દુષ્ટ છે કે, લોકોને ઇશ્વરનું નામ લેવા દેતીજ નથી.

(૧૦૬)

**મેં જાનું હરિકો મિલું, મોં મનમે બડિ આસ;**
**હરિ બિચ પાડે આંતરા, માયા બડિ પિચાસ.**

(કબીર કહે છે કે) હું જાણું કે હું પરમાત્માને મળું, ને તે માટે મનમાં મોટી આશા રાખતો, પણ માયા એવી ભુતની કે હું **તેનાપર** ધ્યાન લગાડવા જાઉં ને તે વચ્ચે આવી, આડો અંતર કર્યા કરે.

(૧૦૭)

**માયા માથે શિંગડાં, લંબા નવ નવ હાથ;**
**આગે મારે શિંગડાં, પિછે મારે લાત.**

માયાને માથે નવ નવ હાથ જેટલાં લાંબા શિંગડાં છે; તેની સામે ગયા તો શિંગડાં મારે, ને પછવાડે લાગ્યા તો લાત ઝાડે, આમ બન્ને તરફથી માણસને તે મારે છે.

(૧૦૮)

**માયા તરવર ત્રિવિધકી, શોક દુઃખ સંતાપ;**
**શિતલતા સ્વપને નહિ, ફલ ફીકો તન તાપ.**

માયા, એક ત્રણ ડાળીનું ઝાડ છે, જેમાં દિલગીરી, દુઃખ અને બળાપો, એ ત્રણ અવગુણો ભરેલા છે; તે ઝાડથી માણસને સ્વપ્નામાં પણ યાને કદીએ શાંતિ મળતી નથી; તેનાં ફળ સ્વાદ વગરનાં છે ને શરીરમાં દુઃખજ ઉત્પન્ન કરે છે.

(૧૦૯)

**કબીર! માયા મોહિની, માંગી મિલે ન હાથ;**
**મન ઉતાર જુઠી કરે, તબ લગ ડોલે સાથ.**

ઓ કબીર! એ માયા ઘણીજ મોહ પમાડનારી યાને લલચાવનારી છે, તેને માંગવાથી યાને શોધવા જતાં તે હાથ આવતી નથી; મન દુનિયાંમાંથી ઉતરી જાય અને દુનિયાં આખી જુઠી દેખાય, છતાં માયા તો સાથેની સાથેજ રહે છે, તે કાંઇ માણસને છોડતી નથી.

(૧૧૦)

**કબીર! માયા સાંપની, જનતાહિકો ખાય;**
**ઐસા મિલા ન ગારૂડી, પકડ પિંઠારે ખાય.**

જેમ સર્પની માદા પોતાનાં જનેલાં બચ્ચાંને ખાઇ જાય છે, તેવી માયા સાંપન છે; પણ એવો કોઇ ગારૂડી નથી મળ્યો કે જે એ (માયા) સાંપનને પકડીને મારી હઠાડે.

(૧૧૧)

**માયાકા સુખ ચાર દિન, ગ્રહે કહાં ગમાર?**
**સુપનેં પાયા રાજ ધન, જાત ન લાગે વાર.**

સ્વપ્નામાં મેળવેલું રાજ ને ધન, પાછું જતાં રહેતાં વાર લાગતી નથી, તેવું માયાનું સુખ ચાર દિવસજ હોય છે, તેવાં સુખને ઓ મૂર્ખ, તું શા માટે પકડે છે?

(૧૧૨)

**કરક પડા મેદાનમેં, કુકર મિલે લખ કોટ;**
**દાવા કર કર લડ સુંવે, અંત ચલે સબ છોડ.**

મેદાનમાં હાંડકાં પડેલાં હોય તે ઉપર જેમ લાખો ને કરોડો કુતરાઓ આવી મળે છે, ને "તે મારૂં છે" એવો દાવો કરી એક બીજા સાથે લડીને માર્યા જાય છે, તેમ માણસો, આ જગ્તની માયા રૂપી વસ્તુઓ માટે, દુઃખ ને રંજ ઉઠાવી, અંતે તો સર્વ છોડી ચાલતા થાય છે.

(૧૧૩)

**હસ્તી ચઢ કર જો ફિરે, ઉપર ચમર ચઢાય;**
**લોક કહે સુખ ભોગવેં, રહે તો દોજખ માંય.**

હાથી ઉપર બેસી, છત્રપતિ થઇ જેઓ ફરે છે યાને જેઓ રાજા યા બાદશાહ જેવા છે, તેઓ માટે લોકો કહે છે કે તેઓ સુખ ભોગવે છે, પણ તે બિચારાઓ ખરેખર દોજખમાં રહે છે યાને તેઓને શું શું દુઃખો છે તે કોઇ જાણતું નથી.

(૧૧૪)

**રામહિ થોરા જાનકે, દુનિયા આગે દિન;**
**વોહ રંકકો રાજા કહે, માયા કે આધિન.**

ઇશ્વર વિષે થોડું કંઇ જાણી, દુનિયાંને માથું નમાવીને જેઓ ચાલે છે યાને દુનિયાંની રીતેજ રહે છે, તેઓજ પેલા (હાથીપર બેસીને ફરનારા) બિચારા કંગાળને, રાજા કહે છે; એ સર્વ માયાને આધિન હોવાથીજ થાય છે.

(૧૧૫)

**માયા ઐસી શંખની, સામી મારે શોધ;**
**આપન તો રીતે રહે, દે ઔરનકો બોધ.**

માયા એવી શંખણી છે, કે જે એમ સમજે છે કે આ બધું માયામય છે તેને પણ સામો ફસાવે છે; જગત માયા છે યાને મિથ્યા છે એમ તેઓ બીજાઓને બોધ કરે છે, પણ પોતે તો માયાની જાળમાં સપડાયલાજ રહે છે યાને માયાને આધિન હોય છે, એ સર્વ માયાની ઠગબાજી છે.

(૧૧૬)

**સંસારીસે પ્રીતડી, સરે ન એકો કામ;**
**દુબધામે દોનો ગયે, માયા મિલી ન રામ.**

આ જગતના સંસાર સાથે પ્રીત લગાડવાથી, યાને સંસારની અંદરજ બધું મન પરોવેલું રાખવાથી, માણસનું એકે કામ સફળ થતું નથી; નથી માયા મળતી કે નથી ઇશ્વર મળતાં, સર્વ ચાલ્યાં જાય છે યાને બન્ને તરફથી માણસ બેનસિબ રહે છે.

(૧૧૭)

**માયા કો માયા મિલે, લંબી કરકે પાંખ;**
**નિર્ગુનકી ચિને નહિં, ફુટી ચારો આંખ.**

માયાની ઇચ્છા રાખનાર સાથે માયા લાંબી પાંખ કરીને એવી મળી જાય છે, કે પેલા માણસની જાણે ચારો આંખો (મન, હૈયું ને બન્ને આંખો) ફુટી જાય છે. તેથી તેને, બીજું કાંઇ નિર્ગુણ તત્વ જગતમાં રહેલું છે યાને ઇશ્વર છે, એવું કશું સુઝ પડતું નથી.

(૧૧૮)

**ગુરૂકો ચેલા બિખ દે, જો ગાંઠી હોય દામ;**
**પુત પિતાકો મારસી, યેહ માયાકે કામ.**

પૈસા મેળવવાના લોભથી ચેલો પોતાના ગુરૂને ઝેહેર આપે છે, ને દીકરો બાપને મારી નાંખે છે એ સર્વ માયાનું કાર્ય છે, યાને અણઘટતાં કાર્ય કરીને સુખ મળશે એવું માણસ સમજે તે માયા છે.

(૧૧૯)

**જે માયા સંતો તજી, મુંઢ તાહિ લલચાય;**
**નર ખાય કર ડારે તો, સ્વાંન સ્વાદ લે ખાય.**

જે માયાને સાધુપુરૂષોએ છોડી દીધી તેને, મૂર્ખ માણસો લલચાઇને પકડે છે; જેમ માણસ ખાઇ રહ્યા પછી બાકી રહેલું એઠું બાહેર રસ્તામાં ફેંકી દે, તેને કુતરાંઓ સ્વાદથી ઉપાડી લે છે, તેમ સાધુપુરૂષોએ છોડી દીધેલી (વિષયોની) ચીજોને, મૂર્ખ લોકો ખુશીથી ઉપાડી લે છે.

(૧૨૦)

**માયા હય દો પ્રકારકી, જો કોઇ જાને ખાય;**
**એક મિલાવે રામકો, એક નર્ક લે જાય.**

માયાના બે પ્રકાર છે, અને તે જે કોઇ સમજે, તે માયાને ખાઇ શકે; એક પ્રકાર યાને માયાનો જે ઉંચ પ્રકાર છે તે માણસને ઇશ્વરની મુલાકાત કરાવે છે, જ્યારે બીજો (નીચલો) પ્રકાર તેને નર્કમાં લઇ જાય છે યાને દુઃખમાં નાંખે છે.

(૧૨૧)

**ઉંચે ડાલી પ્રેમકી, હરિજન બેઠા ખાય;**
**નિચે બેઠી વાઘની, ગિર પડે સો ખાય.**

પ્રેમની ડાળી જે ઉંચે છે તે ઉપર હરિજનજ બેસીને ખાઇ શકે છે, જ્યારે નીચે બેઠેલી વાઘણ, જે કાંઇ ઉપરથી પડે છે તેટલુંજ ખાઇ જાણે છે. સારાંશ કે હરિજન પોતાનું મન ઉંચ પ્રકારની માયામાં રાખે છે યાને

પરમેશ્વરને મળવાની ઇચ્છા કરે છે, ત્યારે સાધારણ માણસો નિચલા પ્રકારની માયામાં પડયા રહી, ઇંદ્રિઓના વિષયોનુંજ સુખ મેળવવાની ઇચ્છા કર્યા કરે છે.

( ૧૨૨ )

**માયા દાસી સંતકી, સાકુન્થકી શિર તાજ;**
**સાકુન્થકી શિર માનની, સંતો સેહતી લાજ.**

માયા, સાધુ પુરૂષની દાસી થઇ રહે છે, પણ અજ્ઞાનીનાં માથાનું તાજ બને છે; મૂર્ખ માણસની તે માનિતિ સ્ત્રી જેવી હોય છે, પણ સાધુસંતો પાસે આવતાં તેણી લજવાય છે.

( ૧૨૩ )

**કબીર! માયા ડાકની, સબ કોઇકો ખાય;**
**દાંત ઉપાડે પાપની, જો સંતો નેડી જાય.**

એ કબીર! એ માયા એવી ડાકણ છે કે તે બધાંને ખાઇ જાય છે, પણ સંતપુરૂષો જેઓનું મન ઇશ્વર તરફજ લાગેલું હોય છે તેઓને માયા લલચાવી શકતી નથી.

(૧૨૪)

**એક હરિ એક માનિની, એક ભગત એક દાસ;**
**દેખો માયા કયા કિયા, ભિન્નભિન્ન કિયા પ્રકાશ.**

માયાના બે પ્રકાર છે, પહેલો (ઉત્તમ) પ્રકાર પરમેશ્વર તરફની માયા અને બીજો (અધમ) પ્રકાર તે સ્ત્રીઓ (તરફનો હવસ) છે; જે પરમેશ્વર તરફ જાય છે, તે ભગત થાય છે, જે સ્ત્રી તરફ યાને ઇંદ્રિઓનાં વિષયો તરફ ખેંચાય છે તે નોકર બને છે, એવા એવા અનેક પ્રકારના માયાના ખેલો છે, તે તમે જુવો.

( ૧૨૫ )

**માયા દીપક નર પતંગ, ભ્રમે ભ્રમે પડંત;**
**કહે કબીર ગુરૂ જ્ઞાનસે, એકાંદ ઉબરંત.**

માયા યાને ઇંદ્રિઓને ગમતી વસ્તુઓ, તે દીવો છે, ને તેઓની ઉપર ઝીપલાં માર્યાં કરતો માણસ, તે પતંગિયું છે. ઇંદ્રિઓનાં વિષયો વડે સુખ

પામવાના વેહેમથી ઉપજતાં શરીર સંસારના દુઃખોમાં, માણસ હંમેશાં ડુબેલો રહે છે, અને તેઓમાંના ઘણાંએકના જીવ પણ નાશ પામી જવાનાં ભયમાં પડેલા હોય છે. એ દુઃખમાંથી ને ભયમાંથી, જ્યારે માણસને સદ્દગુરૂની મુલાકાત થાય છે, અને ગુરૂએ આપેલાં જ્ઞાનથી કોઇ એકાદને પરમેશ્વરની મુલાકાત થાય છે ત્યારેજ તે બચવા પામે છે.

અર્થાત—પતંગિયાંને એવો વેહેમ લાગેલો હોય છે, કે હું દીવાને જઇને મળું તોજ મને સુખ થાય, ને નહિ તો નહિ, ને માણસને એવો વહેમ લાગેલો હોય છે કે, મારી ઇંદ્રિઓને મનપસંદ મોજ મને મળે ને મળ્યા કરતી રહે, તોજ મને સુખ થાય, ને નહિ તો નહિ. સુખ પામવાના વેહેમથી પતંગિયું દીવા તરફ ને તેની ગરમીથી પીડાય, ને ગરમીથી પીડાય તો પણ પાછું નહિ હઠે, ને બળતાંને મળવાજ જાય ને એમ કરતાં દાઝી જઇ મરણ પામે.

માણસ પણ એવુંજ કરે ને એવુંજ પામે; પોતાની ઇંદ્રિને મનપસંદ મોજ તે પેહેલી વાર ભોગવે ત્યારે તે બેહદ સુખ પામે. બીજીવાર ભોગવે ત્યારે સુખ જરા ઓછું થાય, ને સાથે થોડુંજ દુઃખ આવી જાય; ત્રીજી વાર ભોગવે, ત્યારે સુખ જરા વધારે ઓછું થાય, ને દુઃખ જરા વધુ ઉપજે; એમ કરતાં કરતાં, અંતે એવું થઇ જાય કે પેલો ભોગ તો પુરો ભોગવાય, પણ સુખ જરાએ નહિ થાય, ને દુઃખજ બધું થાય. દુઃખ શરીરનું ઉપજે ને સંસારનું ઉપજે, ને એક નહિ પણ અનેક દુઃખો ઉપજે, ને દરેક અસલ દુઃખમાંથી બીજાં અનેક નવાં ઉપજે; એમ બીજાંને બીજાં દુઃખો ઉપજ્યાંજ જાય; અને દુઃખનો સીલસીલો એટલો લાંબો જાય કે અમુક દુઃખ, કયું સુખ ભોગવવા જતાં ઉપજેલાં માઠાં પરિણામોમાંનું એક માઠું પરિણામ છે એ પણ નહિ સમજાય. એથી ઉલટું, ઇંદ્રિને લગતું કોઇ અમુક સુખ માણસ ભોગવ ભોગવ કરે, તેથી શરીરનાં ને સંસારનાં જે જે દુઃખો થાય, તે બધાંને જોઇ તે માણસ હેબતાઇ જાય, ને ફરી પેલું સુખ ભોગવવાનું છોડી દે, તો તે બચી જાય; નહિ તો માર્યો જાય. કારણ કે, દુર્ગુણો સંખ્યામાં ને બળમાં વધ્યાં જાય, જ્યારે સદ્દગુણો સંખ્યામાં ને બળમાં ઘટયાં જાય, ને મનની શકિતઓ પણ ઘટતી જાય; એમ કરતાં કરતાં એક વખત એવો આવે, કે જ્યારે મનના સર્વ

સદ્દગુણો ને શકિતઓ જતી રહે, ને એવું જ્યારે થાય ત્યારે તે માણસનો જીવ મરણ પામેલો કહેવાય.

એ પ્રમાણે ઇંદ્રિઓના જેટલા વિષયો છે, એટલા દીવા છે. અને માણસ પતંગિયાં સમાન છે. માણસ એ વિષયો ભોગવવા જાય, તેથી તેને શરીર, સંસાર ને મનનાં દુ:ખો થાય, અથવા તેનાં શરીર સંસાર, ને જીવ માર્યા જાય; એ ભેદ જ્યારે સદ્દગુરૂ મળે, ત્યારે માણસને સમજ પડે છે.

(૧૨૬)

**કબીર! માયા પાપની, લોભે લુભાયા લોગ;**
**પુરી કાહુ ન ભોગવે, વાંકો એહિ વિયોગ.**

ઓ કબીર! એ પાપી માયાના લોભથી લોકો લલચાઇને ઠગાઇ જાય છે, એને કોઇ પણ સંપૂર્ણ રીતે ભોગવી શકયું નથી, ને કદી પણ કોઇ ભોગવી શકશે નહિ, એવી એની જુદાઇની વાત છે. અર્થાત—દુનિયવી માલમતા મેળવવા છતાં, માણસને ખરૂં સુખ તો મળતું નથી. જે ઇચ્છાથી એક ચીજ મેળવવાને યા અમુક ભોગ ભોગવવાને માણસે શ્રમ ઉઠાવ્યો તે મળ્યાથી તેની તૃષ્ણા મટતી નથી, એટલે તે બીજી ચીજ માટે ઇચ્છા કરે છે, અને એમ અનેક જાતની ઇચ્છા કરી તેમાંથી સુખ મળશે એવું માને છે, એ રીતે માયાની ઠગબાજીમાં તે સપડાયા કરે છે, પણ ખરૂં સુખ તેને હાથ આવતું નથી.

(૧૨૭)

**તૃષ્ણા સિંચે ના ઘટે, દિન દિન બઢતે જાય;**
**જવાસાકા રૂખ જયું, ઘને મેઘ કમલાય.**

જેમ જવાસાનું ઝાડ, ઘણા વરસાદનાં પાણીથી કરમાઇ જાય છે, તેમ ઘણું પાણી પાવાથી, માણસની તૃષ્ણા એટલે ઇંદ્રિઓના વિષય ભોગવવાની, અથવા પૈસો ટકો ભેગો કરવાની ઇચ્છા કાંઇ ઘટતી નથી, પણ જેમ માણસ ઇંદ્રિઓના વિષયો ભોગવ ભોગવ કરે છે તેમ તેમ તે વિષેની ઇચ્છા ઘટવાને બદલે દિવસે દિવસે વધતી જાય છે.

(૧૨૮)

**કામી અમૃત ન ભાવહિ, બિખ્યા લિની શોધ;**
**જન્મ ગમાયા ખાધમેં, ભાવે ત્યું પરમોધ.**

જે કામી પુરૂષ છે યાને જેનું મન ઇંદ્રિઓના વિષયોમાંજ ભમતું હોય છે, તેને અમૃત ભાવતું નથી યાને સાચી હંમેશની ટકનારી જે વસ્તુ છે તે ઉપર તેનું દીલ થતું નથી, તે તો નિરંતર ઇંદ્રિઓનાં નવાનવા વિષયોની શોધમાંજ હોય છે અને તેઓને, મન ભાવતી રીતે ભોગવવા એટલો તો ચકચુર રહે છે કે તેમાંજ તે પોતાનો જન્મ બરબાદ કરે છે.

(૧૨૯)

**એક કનક અરૂ કામિની, બિખ્યા ફલકુ પાય;**
**દેખતહિસેં બિખ ચઢે, ખાયે તે મર જાય.**

એક પૈસો, ને બીજું સ્ત્રી, એ બે વિષયોની પુંઠે જનાર ઝેહરી ફળજ પામે છે. આ બે મહા માયારૂપી વિષયો છે કે જેઓને માત્ર જોવાથી માણસને ઝેહેર ચહડે છે યાને તેની વૃતિ ફેરવાઇ જાય છે, અને જેઓ તે વિષયો ભોગવ ભોગવ કર્યા કરે છે તેઓનો નાશજ થાય છે.

(૧૩૦)

**સાધે ઇંદ્રિય પ્રબલકુ, જેઇસેં ઉઠે ઉપાધ;**
**મન રાજા બહેંકાવતે, પાંચો બડે અસાધ.**

ઇંદ્રિઓને વિષયો પુરા પાડવાથી, તેઓ બહુ બળવાન થઇ જાય છે. અને માણસને દુઃખ ઉપજાવે છે; મન જે ઇંદ્રિઓનો રાજા છે, તે ઇંદ્રિઓને બેહેકાવે છે જેથી તેઓ ઘણી બેખદ બની જાય છે, માટે કબીરજી કહે છે કે, ઇંદ્રિઓને તું તારા તાબામાં રાખ.

હિંદુશાસ્ત્રમાં કહ્યું છે કે, માણસનું **શરીર,** તે એક ગાડી છે; તેને જોડેલા **ઘોડાઓ,** તે પાંચ **ઇંદ્રિઓ** છે; તે ગાડીનો ચલાવનાર તે **મન** છે, અને ગાડીમાં બેઠેલો ધણી, તે **જીવ** યાને ખરો માણસ છે. ગાડીને ચલાવનાર ઘોડાઓને કાબુમાં નથી રાખતો, ત્યારે ઘોડાઓ મસ્ત બની, ગાડીને ગમે ત્યાં

ઘસડી લઇ જઇ તેને તેમજ ગાડીમાં બેઠેલા માણસને નુકસાનમાં નાંખે છે, તેજ હાલત આ શરીરમાં બેઠેલા જીવની છે.

વિષયોના ભોગ ભોગવવાનાં, મનની અંદર થતા વિચારો અને કલ્પનાઓથી, ઇંદ્રિઓ ઉડ ઉડ થયા કરે છે, ને તેઓ **શરીર**ને તે વિષયો તરફ ખેંચી જાય છે, ને જેમ ગાડીને ઘોડાઓ નુકસાનમાં લાવી મુકે છે, તેમ આ ઇંદ્રિઓ છુટી રેહવાથી, જીવને અને આખાં શરીરને, આફતમાં ને દુઃખમાં લાવી નાંખે છે. તેથી જ્યાંસુધી માણસ પોતાના મન ઉપર કાબુ રાખી ઇંદ્રિઓને રોક રોક કરતો નથી, ત્યાંસુધી તેને દુઃખ આવ્યાજ કરે છે.

(૧૩૧)

**માયા માયા સબ કોઇ કહે, માયા કહિયે સોય;**
**જો મનસે ના ઉતરે, માયા કહિયે સોય.**

જગત મિથ્યા છે, અને આ બધું માયાજ છે, એવું સર્વ કોઇ બોલે છે ખરા, પણ માયા શું છે તે કોઇ જાણતું નથી; જે કાંઇ મનમાંથી નહિ જાય, તેને માયા કેહેવી. અર્થાત-કાર્ય કરવાનું છોડી દીધું હોય યાને અમૂક વિષય ભોગવવાનું મુકી દીધું હોય છતાં તે વસ્તુઓના વિચારો અને કલ્પનાઓ મનમાંથી નહિ જાય, ત્યારે જાણવું કે આપણે માયામાંજ મચ્યા રહેલા છીએ.

(૧૩૨)

**માયા છોરન સબ કોઇ કહે, માયા છોરી ન જાય;**
**છોરનકી જો બાત કરે, તો બહોત તમાચા ખાય.**

માયા છોડી દેવી, એ સર્વ કહે છે, પણ એમ કાંઇ માયા છુટતી નથી; માયા છોડવાને માટે માત્ર મોહોડાંની વાતો જેઓ કર્યા કરે છે તેઓ માયાના હાથે વધુ તમાચા ખાય છે.

(૧૩૩)

**મન મતે માયા તજી, યું કર નિકસા બહાર;**
**લાગી રહી જાની નહિં, ભટકી ભયોં ખુંવાર.**

મેં માયા છોડી દીધી છે એવું મનથી માની લઇ, જે સંસાર છોડીને એકાંતવાસમાં જાય છે, તેને માયા તો સાથે લાગેલીજ હોય છે, અને એ વાત તે સમજતો ન હોવાથી, વગર ફોકટનો ભટકીને ખુવાર થાય છે.

(૧૩૪)

**માયા તજી તો કયા ભયા, માન તજા નહિં જાય;**
**માને બડે મનીવર ગલે, માન સબનકો ખાય.**

માયા છોડી દીધી, યાને ઇંદ્રિઓના વિષયો ભોગવવાનું છોડી દીધું હોય તો શું થયું? માનનો વિચાર યાને "હું મોટો છું" એવો ખ્યાલ તો છોડયો નથી? માન એવી વસ્તુ છે કે તેનાથી મોટા મુનીઓ પણ ગળી જાય છે, એ માન સર્વ કોઇને ખાઇ જાય છે.

(૧૩૫)

**માન દિયો મન હરખ્યો, અપમાને તન છીન;**
**કહે કબીર તબ જાનીએ, માયામે લૌલીન.**

માન મળે ત્યારે મન હરખાઇ જાય, ને અપમાન થાય ત્યારે શરીર બધું નિકળી પડે યાને માણસને ગુસ્સો આવે ત્યારે, કબીરજી કહે છે કે એમ જાણવું જે તે માણસ માયામાં સંપૂર્ણ લીન્ન છે.

(૧૩૬)

**માન તજા તો કયા ભયા, મનકા મતા ન જાય;**
**સંત બચન માને નહિં, તાકો હરિ ન સોહાય.**

માન છોડી દીધું યાને બાહેરથી મોટાઇ દેખાડવાનું મુકી દીધું, તેથી શું થાય? મનની અંદર છુપાઇ રહેલો મોટાઇનો ખ્યાલ તો દુર થયો નથી? મનની અંદર મોટાઇ રહેવાથી માણસો, સાધુપુરૂષનાં ગુહ્ય વચનો માનતા નથી અને તેઓનું મન ઇશ્વરની ઉંચ માયા તરફ નહિ, પણ દુનિયવી માયામાંજ રમતું હોય છે, અર્થાત—તેઓ હજી માયાના ગુલામ છે.

(૧૩૭)

**માયા છાયા એક હય, જાને બિરલા કોય;**
**ભાગે તાકે પિછે પરે, સનમુખ આગે હોય.**

માયાને છાયા એકજ છે; માણસનો ઓળો જ્યારે તે ચાલે યા દોડે છે ત્યારે આગળ યા પાછળ-પણ માણસની સાથે ને સાથેજ રહે છે તેમ માયા ઓળાની માફક માણસ સાથેજ રહેલી છે, એ ભેદ કોઇ વિરલો પુરૂષજ જાણે છે.

(૧૩૮)

**માયા સમી ન મોહિની, મન સમા નહિં ચોર;**
**હરિજન સમા ન પારખુ, કોઇ ન દીસે ઓર.**

માયા જેવી મોહિની, યાને લલચાવનાર શકિત બીજી એકે નથી, ને મન જેવો ચોર બીજો કોઇ નથી, એ બે વાત સમજનાર, હરિજન શિવાય બીજો કોઇ દેખાતો નથી. (હરિજન એટલે, જેણે પોતાનું તન, મન ઇશ્વરને અર્પણ કીધું છે અને જે નિરંતર લોક-કલ્યાણ અર્થેજ જીંદગી અર્પણ કરે તે.)

(૧૩૯)

**માયાસે કો મત મિલો, સબ બહેલાં દે બાંય;**
**નારદ સા મૂની ગલા, તો કહાં ભરોસા તાય?**

માયાને કોઇ મળશો નહિ, તેમજ માયાની સર્વ લાલચને નિવારી મુકો, કારણ કે, નારદ જેવો મોટો રૂષી તેનાથી ઠગાઇને દુઃખમાં આવી પડયો તો પછી સાધારણ માણસનો શું ભરોસો?

(૧૪૦)

**સાંકળ હું તે સબ હય, યેહ માયા સંસાર;**
**સો કયું છુટે બાપરે, જો બાંધે કિરતાર?**

આ માયાને સંસાર સાથે બાંધવાવાળી જે સાંકળ છે, તે માણસનું **"હું અને મારૂં"** એવું જે **"હું પણુ"** લાગેલું છે તે છે અને એ "હું પણું" જીવને ઇશ્વર તરફથીજ મળેલું હોવાથી, તેમાંથી તે કેમ છુટો થઇ શકે?

(૧૪૧)

**છોરે બિન છુટે નહિ, છોરન હારા રામ;**
**જીવ જતન બહોતહિ કરે, પર સરે ન એકો કામ.**

જ્યાં સુધી માણસ પોતે છોડતો નથી ત્યાં સુધી માયા છુટતી નથી, અને તે છોડાવનાર પરમેશ્વર છે, તે સિવાય માણસ ગમે એટલો પ્રયત્ન કરે પણ કાંઇ વળતું નથી. અર્થાત-જગત બધીજ **માયા** છે, એ માયારૂપી યંત્રને લીધે

આખું જગત ચાલે છે, પણ તે યંત્રની અમુક કળ અથવા દોરી તેના કર્તા અથવા ચલાવનારના હાથમાં હોય છે, તેથી તે જેમ તે કળને મરડે અથવા દોરીને ખેંચે, તેમ તે યંત્ર ચાલે છે, તેજ રીતે આ **માયા યંત્રની** દોરી જગકર્તા ઇશ્વરના હાથમાં છે અને તે પોતાની ઇચ્છાથી જેમ ચલાવવા ઇચ્છે છે તેમ તે ચાલે છે. અર્થાત–માયા ઇશ્વરને આધીન છે ત્યારે જે વસ્તુ જેને આધિન હોય તેની કૃપા મેળવવી, જેથી તેની આજ્ઞામાં રહેલી વસ્તુ આપણને બાધ કરી શકે નહિં, માટે કબીરજીનું કેહવું એ છે કે તું ઇશ્વર તરફ મન લગાડી તેની કૃપા મેળવ, કે માયામાંથી આપોઆપ છુટી શકશે.

( ૧૪૨ )

**કબીર! માયા મોહિની, જૈસી મિઠી ખાંડ;**
**સદ્‌ગુરૂ કૃપા ભઇ, નહિ તો કરતી ભાંડ.**

ઓ કબીર! એ માયાની મોહેની શાકર જેવી મિઠી લાગે છે અને તેથી કોઇને છોડવા ગમતી નથી, પણ મારી ઉપર શ્રી સદ્‌ગુરૂની મેહેરબાની થઇ, ને તેઓએ જ્ઞાન આપી મને સમજાવ્યો તેથી હું બચ્યો, નહિં તો એ માયા મને પણ પોતાની જાળમાં ફસાવી નાંખતે.

( ૧૪૩ )

**ભલા ભયા જો ગુરૂ મિલા, નહિ તો હોતી હાંણ;**
**દિપક જોત પતંગ જયું, પડતા પુરી જાંન.**

ભલું થયું કે મને ગુરૂ મળ્યા, નહિ તો જેમ પતંગિયું બતી જોઇ તેનાંથી લલચાઇ, તે પર બેસવા જતાં પોતાનો જાન ગુમાવે છે, તેમ હું (કબીર) પણ આ દુનિયાની માયા પર મોહેલો રહેતે ને નાશ પામી જતે.

( ૧૪૪ )

**કબીર! માયા ડાકની, ખાયા સબ સંસાર;**
**ખાઇ ન શકે કબીરકો, જાકે રામ આધાર.**

ઓ કબીર! એ ડાકણી માયા સંસારનાં બધાં લોકોને ખાઇ ગઇ છે, પણ જે કોઇ કબીર માફક ઇશ્વર પરજ આધાર રાખે યાને જે માણસ ઇશ્વરને શરણ જાય તેને માયા કદીપણ ખાઇ શકતી નથી.

(૧૪૫)

**કબીર! જુગકી કયા કહું, ભવજળ ડુબે દાસ,**
**પાર બ્રહ્મ પતિ છાંડકે, કરે દુનિકી આસ.**

ઓ કબીર! આ કળજુગની શું વાત કહું? સર્વ એ માયાના મહાસાગરમાં ડુબી જાય છે; ખરો પરબ્રહ્મ યાને ઇશ્વર જે કુળ જગતનો ધણી છે તેને છોડી દુનિયાની આશા રાખે તે કેમ બચી શકે?

(૧૪૬)

**કબીર! એ સંસારકો, સમજાવું કંઇ બાર;**
**પુંછજ પકડે ભેંસકો, ઉતરા ચાહે પાર.**

હું (કબીર) આ સંસારનાં લોકોને ઘણી વખત સમજાવું છું, કે તમો ભેંસનું પુછડું પકડીને પાર ઉતરવા માંગો તે કેમ બની શકે?

(૧૪૭)

**જો તું પડા હય ફંદમેં, નિકસેગા કયું અંધ?**
**માયા મદ તોકું ચઢ, મત ભુલે મત મંદ.**

હે આંધળા માણસ, તું માયાના વિષયોમાં ફસાયલો છે તેમાંથી હવે તું કેમ નિકળી શકશે? કારણ કે તને માયાનો મદ (કેફ) ચઢેલો છે, અને તું બુદ્ધિહીન થઇ ગયો છે!

(૧૪૮)

**માયા બડિ હય ડાકની, કરે કાલકી ચોટ;**
**કોઇ એક હરિજન ઉબરા, પાર બ્રહ્મકી ઓટ.**

માયા એવી મોટી ડાકણ છે કે તે બધાને **કાળનાં** હાથમાં સપડાવ્યા કરે છે, જેના સપાટામાંથી માત્ર હરિજન જેણે પરમેશ્વરનોજ આશરો પકડયો તેજ બચવા પામે છે.

(૧૪૯)

**કબીર! કાયા પાહોની હંસ બટાઉ માંહે;**
**ન જાનું કબ જાયગી, મોહે ભરોસા નાંહે.**

ઓ કબીર! આ કાયા યાને શરીર તો એક પહરોણો યાને મેહમાન છે, ને **ખરૂં** કાર્ય કરનાર જીવ તેના અંતરમાં છે; એ કયારે જતો રહેશે તેનો ભરોસો નથી.

(૧૫૦)

**કહત સુનત જુગ જાત હય, બિષે ન સુઝે કાળ,**
**કબીર કહે રે આંનિયા, સાહેબ નામ સંભાળ.**

કહેતાં ને સાંભળતાં કંઇ જુગો ચાલી ગયા પણ માણસ ઇંદ્રિઓનાં વિષયોમાં યાને માયાની કેફમાં પડયો રેહવાથી, તેને સુઝતું નથી કે માથાં ઉપર **કાળ** (મોત) ઉભેલો છે, માટે ઓ જીવ! હું કબીર, તને કાળ વિષે કહું છું તો સમજીને હવે ઇશ્વરનું નામજ સાચવી રાખવાની કોશેશ કર.

## કાળ વિષે.

(૧૫૧)

**મુસા ડરપે કાળસું, કઠણ કાળકા જોર;**
**સ્વર્ગ ભુ પાતાલમે, જહાં જાવે તહાં ઘોર.**

કાળ યાને જમનું જોર એટલું તો જબરૂં છે કે તેનાથી મુસા પેગમ્બર જેવા પણ ધુજે છે, સ્વર્ગ, પૃથ્વિ ને પાતાળ, જ્યાં પણ જુવો ત્યાં એનો દોર રહેલો છે. આ નિચલી ત્રણ દુનિયામાં, સઘળું નાશ કરવાનું કામ કાળને હાથ રહેલું છે.

(૧૫૨)

**ફાગણ આવત દેખકે, મન ઝુરે બનરાય;**
**જીન ડાલી હમ ક્રિડા કિયા, સોહિ પ્યારે જાય.**

ફાગણ રૂતુને આવતાં જોઇને ઝાડ, જે જંગળનો રાજા કહેવાય તે મનમાં બળાપો કરે છે કે, જે ડાળીઓ મેં મહેનત કરીને બનાવી તે મારાં બધાં વહાલાંઓ હવે જતાં રહેવાનાં!

(૧૫૩)

**પાત ઝરંતા દેખકે, હસતિ કુંપલિયાં;**
**હમ ચલે તુમ ચાલીયો, ધિરી બાપલિયાં.**

પાતરાંને નિચે પડતાં જોઇ ડાળી હસવા લાગે છે ત્યારે પાતરાં કહે છે કે બેહેન, હમે તો ચાલ્યાં, તું જરા થોભ, તારો વારો આવશે ત્યારે તને પણ ચાલવું પડશે.

(૧૫૪)

**પાત ઝરંતા યું કહે, સુન તરવર બનરાય;**
**અબકે બિછુરે કહાં મિલેંગે, દૂર પડેંગે જાય?**

પાતરાંઓ ઝાડપરથી ઝરી પડતાં એમ બોલે છે કે, ઓ વનના રાજા, તારાથી હમો છુટાં થઇએ છીએ, તે પાછાં કયાં સાથે મળશું? હમે તારાથી દૂર પડી જઇશું.

(૧૫૫)

**ફિર તરવરબી યું કહે, સુનો પાત એક બાત;**
**સઇયાં ઐસી સરજીયાં, એક આવત એક જાત.**

ત્યારે ઝાડ જવાબ આપે છે કે ઓ પાતરાં, તું મારી એક વાત સાંભળ; ઇશ્વરે એવું સરજ્યું છે કે એક આવે ને એક જાય.

(૧૫૬)

**માલી આવત દેખકે, કળીયેં કરી પુકાર;**
**ફૂલ ફૂલ તુંમ ચુંન લહો, કાલ હમારી બાર.**

માળીને આવતાં જોઇ ઝાડની ડાળીઓ પોકાર કરે છે કે ઓ માળી, આજે ખિલેલાં ફૂલોને તું તોડી લઇ જા, કાલે હમારો વારો આવશે.

(૧૫૭)

**ચક્કિ ફિરતી દેખકે, દિયા કબીરા રોય;**
**દો પુંઠ બિચ આયકે, સાબેત ગયા ન કોય.**

એ રીતે, આ કાળનાં ચક્રને બધે ફરતું જોઇ, કબીરજી રડવા લગ્યા ને કહ્યું કે જેમ ઘંટીનાં બે પડની વચ્ચે અનાજના જે દાણા આવે છે તેમાંનો કોઇ પણ દાણો આખો રહી જવા પામતો નથી, તેમ આ કાળનાં સપાટામાંથી કોઇ પણ સલામત જવા પામતું નથી.

**આરે પારે જો રહા, જીના પીસે [illegible]**
**ખુંટ પકડકે જો રહે, તાકો પીસ શકે ન કોય.**

એ ઘંટીના બે પડ વચ્ચે જે દાણા આવે છે તેઓ બધા દળાઇ બારીક આટો થઇ જાય છે. પણ જે દાણો ઘંટીનાં ખીલને પકડીને બેઠો હોય, તેને તે ઘંટી પીસી શકતી નથી; અર્થાત—આ જગતના ચક્રાવામાં રહેલા અને માયામાં રમી રહેલા માણસો બધાં **કાળને** હાથે માર્યાં જાય છે. પણ જે તેના મધ્યબિંદુમાં રહે છે યાને ઇશ્વરી માર્ગ પકડી રાખે છે તેને **કાળ** કદીએ મારી શકતો નથી.

(૧૫૯)

**કાળ સિરાને આ ખડા, જાગ પ્યારે મિત,**
**રામ સ્નેહિ બાવરા, તું કયું સોય નચિંત?**

તારા તકિયા નજદીક **જમ** આવી ઉભો રહેલો છે, માટે **જાગૃત** થા! તારે તો ઇશ્વરનેજ મળવું છે ત્યારે ઓ ગભરાયલા માણસ! તું કાં નચિંત થઇ સુતો છે?

(૧૬૦)

**માટી કેરા પુતલા, માણુસ ધર્યા નામ;**
**દિન દો ચાર કારણે, ફિર ફિર રોકે ઠામ.**

માટીનું બનાવેલાં પુતળાં જેવું આ શરીર માત્ર એક પુતળું છે, જે માણસનું અમૂક નામ ધારણ કરે છે અને એ પુતળુંજ થોડાક દિવસના અમૂક કાર્ય માટે, અમૂક અવતાર લઇ, વારંવાર આ ધરતિપર આવી અમૂક જગ્યા રોકે છે.

(૧૬૧)

**ખડ ખડ બોલી ઠિકરી, ઘડ ઘડ ગયે કુંભાર,**
**રાવણ સરખે ચલ ગયે, જો લંકાકે સરદાર.**

એ માટીની ઠિકરી (શરીર) હસી હસીને કહે છે કે એવાં વાસણો તો ઘણાંએ કુંભારો ઘડીને ચાલતા થયા છે, **રાવણ** જેવો લંકાનો રાજા, તે પણ છોડી ચાલી ગયો.

(૧૬૨)

**ધમ્મન ધમતિ રહે ગઇ, બુજ ગયે અંગાર;**
**એહરન ઠબકા રહે ગયા, જબ ઉઠ ચલા લોહાર.**

ધમણ ચાલતું બંધ પડે છે ત્યારે ભઠ્ઠીમાંનો અગ્નિ બુજાઇ જાય છે, અને જ્યારે લુહાર ધમ્મણ મુકીને ચાલતો થાય છે, ત્યારે એરણ ઉપર ઠબકો પડવાનું કામ બંધ પડે છે તેમજ, **જીવ** શરીર છોડી ચાલતો થયો કે તે શરીર નકામું થઇ પડે છે.

(૧૬૩)

**કાચી કાયા મન અસ્થિર, થિર થિર કામ કરંત;**
**જ્યું જ્યું નર નિધડક ફિરે, ત્યું ત્યું કાલ હસંત.**

આ શરીર કાચું છે, મન ભમતું છે અને હર પળે તે કાંઇ ને કાંઇ બાહેરની વસ્તુઓ તરફજ દોડતું હોય છે. જેથી માણસનું (ઇશ્વરને પીછાણવાનું) કાર્ય ઘણુંજ ધીમું ચાલે છે પણ જેમ જેમ તે માટે માણસ નફકરો થઇ ફરે છે, તેમ તેમ **કાળ** તેને માટે હસે છે, યાને **કાળના** હાથમાં સેહલાઇથી તે સપડાયા કરે છે.

(૧૬૪)

**કાળ હમારે સંગ રહે, કૈસી જતનકી આસ,**
**દિન દશ રામ સંભાર લે જબલગ પિંજર પાસ.**

કાળ આપણી સાથેજ રહેલો છે યાને મરણ તો નીપજવાનું છેજ ત્યારે શરીર હમેશાં જળવાઇ રહેશે એવી આશા તે કેવી કરવી? માટે હું કબીર તને કહું છું કે એ શરીર તારે સ્વાધીન છે એટલાં તું ઇશ્વરને યાદ કરી, તારૂં કામ કરી લે.

(૧૬૫)

**પાવ પલકકી ખબર નહિં, કરે કાલકો સાજ,**
**કાળ અચાનક ઝડપેંગા જ્યું તીતરકો બાજ.**

પા ઘડીની પણ ખબર નથી કે શું થશે? ત્યારે આવતી કાલે શું પેહરીશ, શું ખાઇશ, તેની તૈયારી શા માટે કરવા બેઠો છે? જેમ બાજ પક્ષિ તિતરનો

શિકાર કરે છે તેમજ અચઋુચ કાળ આવીને તને પકડી લઇ જશે, તેની કાંઇ ખબર છે?

(૧૬૬)

**કબીર! ગાફેલ કયું ફિરે, કયું સોતા ઘનઘોર,**
**તેરે સિરાને જમ ખડા, જયું અંધિયારે ચોર.**

ઓ કબીર? તું ગાફેલ કાં ફરે છે, ને ભર ઉંઘમાં કાં પડયો રહે છે? જેમ ચોર અંધારામાં છુપાઇ રહે છે, તેમજ **જમ** પણ તારા તકિયા તળે છુપાઇ રહેલો છે!

(૧૬૭)

**કબીર! જો દીન આજ હય, સો દિન નાહિં કાલ,**
**ચેત શકે તો ચેત લે, બીચ પડી હય ખ્યાલ.**

ઓ કબીર! જે તક આજે હોય તે કાલે નહિ મળવાની માટે તુ જો સમજુ હોય તો ચેતી તે તકનો લાભ આજેજ લઇ લે, કારણ કાલને આજની વચ્ચે (એમ પણ બને કે) મોત ઉભું રહેલું હોય.

(૧૬૮)

**યા અવસર ચેત્યો નહિ, ચુકયો મોટી ઘાત,**
**માટી મિલન કુંભારકી, બહોત સહેગો લાત.**

જ્યારે ટક મળે ત્યારે તું નહિં ચેતી જાય, અને મનુષ્ય જાતિમાં તને આ દુર્લભ જન્મ મળ્યો તેનો તું જો લાભ નહિં લે તો એમ જાણ કે તું સદમાર્ગ ચુકી ગયો, જેથી કુભારની માટી માફક તને ઘણોક માર ખાવો પડશે.

(૧૬૯)

**દરદ ન લેવો જાતકો, સુવા ન રાખે કોય;**
**સગા ઉસીકો કીજીએ, નેત નિભાવું હોય.**

તારૂં પોતાનું દુઃખ કોઇ લેવાનું નથી, ને મરણ પછી તારાં શરીરને ઘરમાં એક ઘડી પણ કોઇ રાખવાનુ નથી, માટે તું ઇશ્વર તરફનો માર્ગ લે કે જે તારી સાથે રહી, તને હંમેશાં નિભાવી લે.

(૧૭૦)

**મનખા જનમ પાયકે, જબલગ ભજ્યો ન રામ;**
**જૈસે કુવા જળ બિન બન્યો, તાકો નહિં કામ.**

પાણી વિનાનો કુવો જેમ નકામો હોય છે, તેમ મનુષ્ય જાતિમાં લીધેલો આ દુર્લભ જન્મ, ઇશ્વરની ભકિત વિના નકામોજ છે.

(૧૭૧)

**જુઠે સુખકો સુખ કહે, માનત હય મન મોદ;**
**જગત ચબેના કાલકા, કછુ સુખમેં કછુ ગોદ.**

ખોટાં સુખોને ખરૂં સુખ છે એવું તું માની, તેમાં રાજી રાજી રહે છે, પણ એ કાંઇ તારૂં નથી, કારણ કે આ આખું જગત કાળનો માત્ર ખોરાક છે, કે જેનો કેટલોક ભાગ તેનાં (કાળનાં) મોહોડામાં ચવાતો હોય છે, ને બાકીનો ભાગ તેના ખોળામાં પડેલો હોય છે.

(૧૭૨)

**જો દેખા સો વિનાશ હિ, નામ ધર્યા સો જાય;**
**કબીર, ઐસા તત્વ ગ્રહો, જો સદ્દગુરૂ દિયે બતાય.**

આંખે દેખાતી જે વસ્તુઓ છે તે સર્વે નાશ પામવાની, જેનું નામ તેનો નાશ છેજ; માટે હું (કબીર) તને કહું છું કે, જે તત્વ તારા સદ્દગુરૂએ તને દેખાડી આપ્યું હોય, તે (ખરાં) તત્વનેજ તું પકડી રાખ.

(૧૭૩)

**કબીર! આયા હય સો જાયગા, રાજા રંક ફકીર,**
**કોઇ સિંહાસન ચઢ ચલે, કોઇ બંધ જાત જંજીર.**

ઓ કબીરા! રાજા, રંક કે ફકીર જેઓ આવ્યા છે યાને જન્મયા છે તે બધાં મરવાનાં, કોઇ રાજગાદી ભોગવી, તો કોઇ બંદીખાનું અથવા દરિદ્રતા ભોગવીને, પણ સર્વ કોઇ જવાનું તો ખરૂંજ.

(૧૭૪)

**સંગી હમારે ચલ ગયે, હમભી જાને હાર;**
**કાગજમે કછુ બાકી હય, તાસે લાગી બાર.**

મારાં સગાં સ્નેહિઓ જતાં રહ્યાં છે ને મને પણ જવું છે. પણ જન્મોત્રિમાં લખ્યું છે કે થોડીક વાર બાકી છે, તેથી ઢીલ થાય છે.

(૧૭૫)

**કબીરા થોડા જીવના, માંડા બહોત મંડાંન;**
**સબહિ છોડકે ચલ ગયે, રાજા રંક સુલતાન.**

ઓ કબીર! થોડુંજ જીવવાનું છે ત્યારે આ બધો પસારો શા માટે માંડી બેઠો છે? રાજા, ફકીર કે બાદશાહ પોતાનું સર્વસ્વ છોડી ચાલ્યા ગયા છે.

(૧૭૬)

**કાહે ચુનાવે મેડિયાં કરતે દોડા દોડ?**
**ચિઠી આઇ રામકી, ગયે પલકમે છોડ.**

શા માટે મોટી મોટી હવેલીઓ બંધાવે છે, ને એટલી દોડાદોડી કરી રહ્યો છે? એક પળકવારમાં ઇશ્વરી પેગામ આવ્યો તો એ બધું છોડીને તને તુરત ચાલતું થવું પડશે.

(૧૭૭)

**જીન ઘર નૌબત બાજતી, હોતે છબ્બીશ રાગ;**
**સો ઘરહિ ખાલી પડે, બેઠન લાગે કાગ.**

જે ઘરમાં નગારાં વાગતાં હતાં, ને છવ્વીસ જાતના રાગો ગવાતા હતા, તે ઘરો પણ ખાલી પડયાં છે, અને ત્યાં હવે કાગડાઓ આવી બેસવા લાગ્યા છે.

(૧૭૮)

**જીન ઘર નૌબત બાજતી, મંગલ બાંધે દ્વાર;**
**એક હરિકે નામ બિન, ગયા જનમ સબ હાર.**

જેનાં ઘરમાં નગારાં વાગતાં હતાં ને બારણે તોરણો બંધાતી હતી, યાને જ્યાં બધો દુનિયવી, ઠાઠ હતો, પણ જ્યાં પરમેશ્વરનું (એક) નામ લેવાતું ન હતું, તે ઘરનાં લોકો પોતાનો જન્મ બરબાદ કરી ગયા છે.

(૧૭૯)

**કયા કરીયે કયા જોડીયે, થોડે જીવનકે કાજ;**
**છાંડી છાંડી સબ જાત હય, દેહ ગેહ ધન રાજ.**

થોડા દિવસની જીંદગી માટે કાં પછાડા મારી અમૂક કાર્ય કરૂં, અમૂક મેળવું, ફલાણી સગાઇ કરૂં, વગેરે કરી રહયો છે? સઘળું હાંજ છોડી ધન દોલત, રાજપાટ વગેરે મુકી સર્વ ચાલ્યા ગયા છે.

(૧૮૦)

**એક દિન અયસા હોયગા, કોઇ કીસીકા નાહિ;**
**ઘરકી નારી કોણ કહે, તનકી નારી નાહિ.**

એક દીવસ એવો આવશે કે જ્યારે કોઇ તારૂં થવાનું નથી, તારાં શરીરની નાડી પણ (ચાલતી બંધ થશે) રહેશે નહિ તો પછી મારી બાયડી પણ કયાં કેહવા જવાનો છે; મતલબ કે જ્યાં આ દેહનોજ અંત આવ્યો ત્યાં કોઇ પણ મનુષ્ય કે વસ્તુ કોઇને કાંઇએ કામ લાગતાં નથી.

(૧૮૧)

**જાગો લોકો મત સોવો, ન કરો નિંદસે પ્યાર,**
**જૈસો સ્વપનો રયનકો, ઐસો એ સંસાર.**

માટે હું કબીર, સર્વને ચેતવું છું, કે તમો જાગૃત થાવો ને આયશ આરામની ઉંઘમાં પડી ના રહો; કારણ કે આ સંસાર તો માત્ર રાતનાં એક સ્વપના જેવો છે, કે જેને આવી જતાં વાર લાગતી નથી.

(૧૮૨)

**ઉંચા ચઢ પુકારીયા, ઘુમત મારી બહોત;**
**ચેતનહારા ચેતીયો, સિરપે આઇ મોત.**

હું ઉંચે ઉભો રહી, યાને બધાં સાંભળે તેમ કહું છું, કે તમારાં માથાં ઉપર મોત ભમ્યા કરે છે, માટે તેનો કાંઇ વિચાર કરો, ને સમજીને ચેતી જાવો.

(૧૮૩)

**સબ કોઇ મર જાત હય, કાળ જાળકી પાસ,**
**રામ નામ પુકારતાં, કોઇક ઉબરા દાસ.**

એ કાળની જાળમાં સપડાઇ સર્વ નાશ પામે છે, માત્ર જે પરમાત્માનોજ આશરો લીયે છે, તેજ (તેનો) બંદો સલામત બચી જાય છે.

(૧૮૪)

**એક બુંદકે કારને, રોતા સબ સંસાર,**
**અનેક બુંદ ખાલી ગયે, તિનકા કોન બિચાર?**

એક ટીપાંને ખાતર દુનિયાંના લોકો રડવા બેસે છે, પણ એવાં તો અનેક ટીપાંઓ યાને અનેક જન્મો ખાલી ગયા યાને સાર વિનાના ગયા, તેનો કોણ વિચાર કરે છે?

(૧૮૫)

**મરતેં મરતેં જુગ મુવા, અવસર મુવા ન હોય;**
**દાસ કબીરા યું મુવા, બહોર ન મરના હોય.**

મરતાં મરતાં કાંઇક જુગો ચાલી ગયા પણ વખત કદી મરતો નથી; પણ હું કબીર, જે ઇશ્વરનો નોકર થયો છું તે એ રીતે મરી ગયો છું કે મને ફરીને મરવાનું રહ્યું નથી.

(૧૮૬)

**જો મરનેસે જગ ડરે, સો મેરે મન આનંદ;**
**કબ મરિયે કબ ભેટીએ, પુરન પરમાનંદ.**

જે મરવાથી લોકોને બ્હીક લાગે છે તે મારે મનથી તો આનંદ છે, અને હું તો રાહ જોઉં છું કે ક્યારે મરૂં કે પરમાત્માને ભેટું.

(૧૮૭)

**મરૂં મરૂં સબ કોઇ કહે, મેરી મરે બલાય;**
**મરના થા સો મર ચુકા, અબ કોન મરેહિ જાય?**

દુનિયામાં સર્વ કહે છે કે હું તો મરૂં છું પણ કબીરની બળાએ મરતી નથી, કારણ કે જે સઘળું મરવાનું હતું તે મરી ગયું, (યાને માયાનો પીછોજ જ્યારે છોડયો) ત્યારે બાકી રહ્યું શું કે તે મરી જાય?

(૧૮૮)

**મન મુવા માયા મુઇ, સંશય મુવા શરીર;**
**અવિનાશી તો ના મરે, તું કયું મરે કબીર?**

મન મરી ગયું, માયા મરી ગઇ, ને શરીરના વેહેમો પણ મરી ગયા, એ રીતે જે કાંઇ મરવું જોઇએ તે સર્વ મરી ગયું; પણ જે **અવિનાશી** છે અર્થાત જીવ કે જેનો નાશ નથી અને જે ખરેખરનો "હું" તે કેમ મરી જાય?

(૧૮૯)

**જીવત સેં મરનો ભલો, જો મર જાને કોય;**
**મરને પહેલે જો મરેં, કુલ ઉજીયારા હોય.**

જીવવા કરતાં મરવું બેહેતર છે, પણ કેમ મરવું એ જે જાણતો હોય ત્યારેજ, અને તે રીતે જે મરણ આગમચ મરે, તેને સઘળું અજવાળું થઇ જાય.

(૧૯૦)

**મરતે મરતે જુગ મુવા, સુત બિત દારા જોય;**
**રામ કબીરા યું મુવા, એક બરાબર હોય.**

મરતાં મરતાં જુગો મરી ગયા; સ્ત્રિ પોતાના છોકરાને અને ભરથારને મરણ પામતો જુવે છે, પણ હું કબીર એવી રીતે મરી ગયો છું કે ઇશ્વર સાથે એક થઇ ગયો છું.

(૧૯૧)

**ના મુવા ના મર ગયા, નહિં આવે નહિં જાય;**
**એ ચરિત્ર કરતારકા, ઉપજે ઔર સમાય.**

આત્મા જે પોતે ખરો માણસ છે, તે કાંઇ મરતો નથી, ને તે કદી પણ નાશ પામતો નથી; તે આવતો પણ નથી ને જતો એ નથી, પણ તેનું ચરિત્ર એવું છે કે તે જાહેર થઇને પાછો પોતામાંજ સમાઇ જાય છે.

(૧૯૨)

**જોય મરે સો જીવ હય, રમતા રામ ન હોય,**
**જન્મ મરણસેં ન્યારા હય, સાહેબ મેરા સોય.**

જે મરે છે તે તો માણસનું નીચલું ભાન છે, પણ આત્મા કાંઇ મરતો નથી; તે તો જન્મ-મરણની પેલી મેર છે યાને તેને મરણ યા જન્મ જેવું કાંઇ નથી.

(૧૯૩)

**હહિ મરિ હે, તો હમ હું મરિ હું,**
**હરિ ન મરિ હે, તો હમ કાહે મરિ હું?**

જો ઇશ્વર મરતો હોય તો પછી હું (કબીર) પણ મરવાનો, પણ જો ઇશ્વરને મરણ જેવું હોયજ નહિ યાને તેને નાશ નથી, તો પછી હું કેમ મરૂં યાને મારો નાશ કેમ થાય? અર્થાત પરમેશ્વર હંમેશાગીનો છે, અને માણસનો આત્મા તેનો ભાગ છે, ત્યારે તે પણ અમર હોવાથી તેને મરણ જેવું કશું નથી.

(૧૯૪)

**જબ તક આશ શરીરકી, નિર્ભય ભયા ન જાય,**
**કાયા માયા મન તજે, ચૌપટ રહા બજાય.**

જ્યાં સુધી શરીરનું મમત્વ છે યાને શરીર તે "હું છું" એવો ખ્યાલ રહે છે, ત્યાં સુધી કોઇ પણ માણસ નિર્ભય થઇ શકતો નથી, યાને કાળના ભયમાંથી છુટો થતો નથી; જ્યારે મનમાંથી શરીર વિષેની ઇન્તેજારી અને જગતની માયાનો વિચાર છુટી જાય, ત્યારે તે માણસને માટે સઘળાં બજારો યાને રસ્તાઓ ખુલ્લા થાય છે, અને પછી તેને કોઇપણ જાતનો ભય રહેતો નથી.

(૧૯૫)

**અજહુ તેરા સબ મિટે, જો જુગ માને હાર,**
**ઘરમે ઝગડા હોત હય, સો ઘર જારહિ દાર.**

જો તમો માનો કે આ સંસારમાં મળતી ફતેહો તો બધી હારજ છે, તો સર્વે જંજાળોનો છેડો આજેજ આવી જાય; માટે આ ઘર (શરીર) માં જે ઝઘડો ચાલી રહ્યો છે, અને ઇંદ્રિઓની ખેંચતાણ થયા કરે છે, તેને બાળી નાખો.

(૧૯૬)

**અજહુ તેરા સબ મિટે, જો મન રાખે ઠોર,**
**ગમ હો તે સબ છોર દે, અગમ પંથકુ દોર.**

જો મનને સમજાવી કાબુમાં રાખો અને તેને સાંત રાખો તો સર્વે જંજાળો આજેજ મટી જાય, માટે જે જે હદ્દવાળી (નાશવંત) ચીજો છે તે બધી મુકી દઇ જે બેહદ્દનો રસ્તો યાને ઇશ્વરને મળવાનો મિનોઇ માર્ગ છે તેનેજ પકડી રાખવો.

(૧૯૭)

**મેં મેરા ઘર જાલ્યા, લિયા પલિતા હાથ;**
**જો ઘર જાલો આપના, તો ચલો હમારે સાથ.**

કબીરજી કહે છે કે, મેં મારૂં ઘર બાળી નાખ્યું ને તેમ કરી કાળને મારા હાથમાં લીધો તેમ તું જો તારૂં ઘર બાળી નાખતો હોય, તો મારી સાથે ચાલ, યને તું પણ મારી માફક નિર્ભય થઇ જશે.

(૧૯૮)

**ઘર જાલે ઘર ઉગરે, ઘર રાખે ઘર જાય;**
**એક અચંબા દેખિયા, મડા કાલકો ખાય.**

જે કોઇ ઘર બાળે, તેનું ઘર બચી જાય અને જે ઘર રાખે તેનું ઘર જતું રહે; એવું અજાયબ જેવું મેં જોયું છે કે મુવેલો હોય તે કાળને ખાઇ જાઇ છે. અર્થાત-માણસનું ઘર તે તેનું નિચલું ભાન યાને "હુંપણું" છે જે

તેને દુનિયવી વસ્તુઓ સાથે જોડેલું રાખે છે, એ નિચલાં ભાંનને જે કોઇ બાળી નાખે યાને તે મળે નહિ થઇ જાય એવું કરે, ત્યારે તે માણસ ખરાં ઉંચાં ભાંનમાં રહી શકે, ને ઇશ્વરને પહોંચી શકે, ત્યારે તે કાળને જીતી શકે.

(૧૯૯)

**કબીર! મરતક દેખ કર, મત ધરો બિશ્વાસ,**
**કબહુ જાગે ભુત હોય, કરે પિંડકો નાશ.**

માણસને સાધારણ રીતે મરણ પામેલો જોઇ એમ ધારવું નહિ કે, તે માણસ ખરેખર મરી ગયો છે; કારણ તે ઘણીકવાર જાગૃત થઇ પિંડનો નાશ કરી નાંખે છે. (પિંડ એટલે મરણની ક્રિયાઓ થતી વેળા ત્યાં રાખેલો ખોરાક.)

(૨૦૦)

**મરતક તો તબ જાનીયે, આપા ધરે ઉઠાય;**
**સહેજ સુન્યમે ઘર કરે, તાકો કાળ ન ખાય.**

જ્યારે માણસનું "હું પણું" નિકળી જાય, ત્યારે જાણવું કે તે ખરેખર મરણ પામ્યો છે; જેનું મન સુન્યની હાલતમાં રહી શકે, યાને જેનાં મનમાંથી ઇંદ્રિઓનાં વિષયોના વિચારો, આકારો, ખ્યાલો સર્વે જતા રહ્યા હોય તેમજ તેનું નીચલું ભાન પણ જતું રહે ત્યારે તે ઉંચ (ઇશ્વરી) ભાંનમાં જઇ શકે છે ને ત્યારે તેને કાળ ખાઇ શક્તો નથી.

(૨૦૧)

**સુલી ઉપર ઘર કરે, બિષ કરે અહાર;**
**તિનકો કાળ કયા કરે! જો આઠે પહોર હુશિયાર?**

જે કોઇ પોતાનું રહેઠાણ સુળી પરજ રાખે, અને જે મોતથી જરાએ ડરતો નથી, જે ઝેર ખાઇને જીવતો હોય, અને દુનિયવી મોજમજાહ તજીને જે ઇશ્વરના માર્ગ ઉપર કષ્ટ ઉઠાવવા સારો દિવસ હુશીયાર રહેલો તેને પછી કાળ તે શું કરી શકે?

(૨૦૨)

**સહેજ સુન્યમેં પાઇયે, જહાં મરજી વહાં મન;**
**કબીર ચુન ચુન લે ગયા, ભીતર રામ રતન.**

મન જ્યારે સુન્યમાં રહેતું થયું યાને જ્યારે વિચાર કરતું બંધ પડે ત્યારે માણસ જ્યાં ગમે ત્યાં જઇ શકે છે, ત્યારે તે જાણે છે કે આ શરીર તે "હું નથી." કબીરજી કહે છે કે મેં મારાં મનને, દુનિયાની બધી વસ્તુઓમાંથી તેરવી કહાડી એવું બનાવ્યું છે કે તે હવે ઇશ્વરમાંજ સમાઇ રહે છે.

(૨૦૩)

**ફુલ થે સો ગિર પડે, ચરણ કમળસેં દૂર;**
**કળીયોકી ગત અગમ હય, તો તે રામ હજુર.**

જ્યારે ફુલ બાહેરથી સંપૂર્ણ ખીલીને પાકું થાય છે, ત્યારે તે કમળનાં પગ આગળથી યાને પોતાનાં મૂળથી દુર થઇ જાય છે પણ કળીઓનું ખીલવું બેમાલુમ હોય છે યાને તેઓ અંદરથી ખીલે છે, અને તેથી તેઓ ઇશ્વરની નજદીકજ હોય છે. અર્થાત, દુનિયવી વસ્તુઓમાં મોટાઇ છે એવું માની, જેઓ બાહેરથી (ફુલાઇને) મોટા થાય છે તેઓ પરમેશ્વરથી દુરજ થતા જાય છે, પણ કળીઓની પેઠે જેઓ અંદરથી ખીળતા જાય છે યાને જેઓ પોતાનું અંતઃકરણ શુધ્ધ કરતા જાય છે તેઓ તો ઇશ્વરની વધુ નજદીક રહેતા થાય છે.

(૨૦૪)

**પાંચ ઈંદ્રિ છઠા મન, સત સંગત સુચંત,**
**કહે કબીર જમ કયા કરે, જો સાતો ગાંઠ નિચંત.**

જ્યારે પાંચે ઇંદ્રિઓ અને મન નિરંતર **સત્યનેજ** પકડી રાખે અને ઇંદ્રિઓના વિષયો શોધતી બંધ પડે, અને મન દુનિયવી વિચારો કરતું અટકે, અને એ રીતે જેના બાહેર જવાના રસ્તા બંધ પડયા, તે માણસને **જમ** શું કરી શકવાનો હતો?

(૨૦૫)

**જળતી આઇ વાદલી, બરખન લાગા અંગાર,**
**ઉઠ કબીરા દોર જા, દાઝત હય સંસાર.**

બળતું વાદળ આવ્યું છે ને તે માંહેથી અગ્નિનો વરસાદ પડવા લાગ્યો છે, જેથી સંસારનાં બધાં લોકો દાઝી મરે છે, માટે ઓ કબીર! તું ઉઠ, ને તેઓની મદદે દોડી જા.

(૨૦૬)

**સંસાર સારા સબ દુઃખી, ખાવે ઓર રોવે,**
**દાસ કબીરા યું દુઃખી, ગાવે ઓર રોવે.**

સંસારનાં બધાં લોકો એક બાજુએ ખાય છે, પીયે છે, ને બીજી બાજુ રડતાં જાય, જેથી હું કબીર (ઇશ્વરનો દાસ) દુઃખી થાઉં છું ને **માલેકની** ભકિત કરી માંગુ છું કે તેઓનાં દુઃખનું નિવારણ થાય.

(૨૦૭)

**સુખિયા ઢુંડત મેં ફિરૂં સુખિયા મિલે ન કોય;**
**જે કે આગે દુઃખ કહું, સો પહેલા ઉઠે રોય.**

કોઇક સુખિયો મળે એવું હું શોધતો ફરૂં છું, પણ મને તો કોઇ સુખી હોય એવો માણસ મળતોજ નથી. કારણ કે જેની પાસે દુઃખની વાત કરૂં છું, કે તે પહેલાં પોતાનું દુઃખ રડવા બેસે છે.

(૨૦૮)

**જે કો આગે એક કહું, સો કહે એકબિસ;**
**એકહિસે મેં દાઝયા, તો કહાં કાઢું બિસ.**

જેને એક દુઃખની વાત કહું છું, તો તે પોતાનાં એકવિસ દુઃખો મને કહી સમજાવે છે, પણ જ્યારે એક દુઃખથી, કબીરજી કહે છે કે, હું એટલો દાઝી ગયો, તો તેનાં અનેક દુઃખો કેમ ટાળવાં?

(૨૦૯)

**આસુર સુખ ન રૈન સુખ, ન સુખ ધુંપ ન છાંય;**
**કે સુખ શરણે રામકે, કે સુખ સંતો માંય.**

આ સંસારમાં તો નથી દિવસે સુખ, કે નથી રાત્રે; નથી સુખ તડકામાં કે નથી છાંયડે, સુખ કે મળતું નથી; ખરૂં સુખ પરમાત્માને તન મન અર્પણ કરવામાં હોય છે અથવા સાધુસંત પુરૂષોના સમાગમમાં સુખ મળે છે.

(૨૧૦)

**સ્વર્ગ મૃત્યુ પાતાળમે, પૂર તિન સુખ નાંય;**
**સુખ સાહેબકે ભજનમે, ઓર સંતનકે માંય.**

સ્વર્ગ, પાતાળ, અને મૃત્યુલોક અર્થાત આ ખાકી દુનિયા એ ત્રણેમાં પુરૂં સુખ નથી મળતું; ખરૂં સુખ ઇશ્વરનું ભજન કરવામાં કે સાધુ પુરૂષોમાં રહેલું છે.

(૨૧૧)

**સંપત્ત દેખ નવ હરખિયે, બિપત્ત દેખ મત રોય;**
**સંપત્ત હય તહાં બિપત્ત હય, કર્તા કરે સો હોય.**

ધન દોલત જોઇ તું ના હરખા, અને દરિદ્રતા યાને ગરીબાઇ જોઇ તું વિલાપ ના કર; કારણ કે જ્યાં દુનિયવી સંપતિઓ છે ત્યાં દુઃખ પણ હાજર છેજ, કારણ કે એ સર્વ માલેકની મરજી પ્રમાણે અને તેનાં કાયદા મુજબ થયા કરે છે.

(૨૧૨)

**લક્ષ્મી કહે મેં નિત નવી, કિસકી ન પૂરી આશ;**
**કિતને સિંહાસન ચઢ ચલે, કિતને ગયે નિરાશ.**

લક્ષ્મી કહે છે કે, હું તો રોજ નવીજ કહેવાઉં છું, મારાથી કોઇની પણ આશા પૂરેપૂરી બર લાવી શકાતી નથી, કારણ કે હું હંમેશાં એકનીજ પાસે રહી શકતી નથી; ઘણાં લોકોએ મારાથી રાજગાદી મેળવી છે, પણ આખરે તે છોડી ચાલ્યા ગયા છે, અને ઘણાકો બિચારા નિરાશ થઇ મરણ પામ્યા છે.

(૨૧૩)

**સંપત્ત તો હરિ મિલન, બિપત્ત રામ બિયોગ;**
**સંપત્ત બિપત્ત રામ કહા, આંન કહે સબ લોગ.**

કબીરજી કહે છે કે, ખરી સંપતિ ઇશ્વરની મુલાકાતમાં છે, ને ખરૂં દુઃખ તેનાથી દુર રેહવામાંજ છે, મારી (કબીરની) સંપતિ અને વિપતી ઇશ્વરજ છે, યાને સુખ-દુઃખ હું તો ઇશ્વરમાંજ રહેલું સમજું છું, જ્યારે દુનિયાનાં લોકો કોઇ બીજી વસ્તુઓમાં સુખ-દુઃખ રહેલાં છે એવું માને છે.

(૨૧૪)

**હમ જાને થે ખાયગે, બહુત જમા કર્યો માલ;**
**જ્યુંકા ત્યું રહે ગયા, પકડ ગયા બે કાલ.**

મેં તો જાણ્યું કે ઘણી સરખી માલમતા એકઠી કરીશ તે પછી બેઠો બેઠો ખાઇશ પણ કાળે આવીને મને તો પકડી લીધો એટલે તે બધું જ્યાંનું ત્યાં રહી ગયું—

(૨૧૫)

**ધન ઐસા સાંચિયે, જો ધન આગે હોય;**
**શુંઠ માંથે ગાંઠરી, જાત ન દેખા કોય.**

માટે કબીરજી કહે છે કે, તું એવું ધન (નેકી-નીતિ) મેળવ કે જે હંમેશાં સચવાઇ રહે ને જે તારી આગળ આગળ ચાલતું રહે, કારણ કે દુનિયવી માલમતાની ગાંસડી કોઇ મૂર્ખ માથે ઉપાડીને ગયો હોય એવું કોઇએ દીઠું નથી.

(૨૧૬)

**સુખકે માંથે સિલ પડો, હરિ હીરદેંસેં જાય;**
**બલિહારી આ દુઃખકી, કે પળ પળ રામ સંભરાય.**

દુનિયવી સુખ ઉપર ઢાંકણવાળો, કારણ તેથી માણસનાં હૈયાંમાંથી ઇશ્વર જતો રહે છે, અને ઇશ્વરને બદલે તેનાં હૈયાંમાં પૈસાનોજ વાસો રહે છે, તેથી કબીરજી કહે છે માણસને દુઃખજ આવેલું ભલું કે ત્યારેજ તે પળેપળ ઇશ્વરને યાદ કરતો થાય છે.

(૨૧૭)

**સુખી સુખી સબ કોઇ કહે, સુખમે જાનત નાય;**
**સુખી સ્વરૂપ આત્મ અમર, જો જાણે સુખ પાય.**

સર્વ કહે છે કે હું સુખી છું, પણ ખરૂં સુખ તો હું ત્યાં જોતો નથી. ખરૂં સુખ તો તે માણસજ ભોગવે કે જે પોતાના આત્માનું સ્વરૂપ ઓળખતો હોય યાને "હું (ખરેખર) કોણ છું" એ સમજતો હોય.

(૨૧૮)

**કબીર! તલબ ન છોડીયે, જબ લગ ઘટમેં પ્રાણ;**
**કોઇક દિન શ્રી રામકો, ભનક પડેંગી કાંન.**

એ કબીર! જ્યાંસુધી તારાં શરીરમાં પ્રાણ રહેલો હોય ત્યાંસુધી તે (**માલેક**)ની યાદ હરગીજ છોડતો ના, કારણ કે તેમ કર્યાથી કોઇ દીવસે તારો આવાજ ઇશ્વરના કાનમાં પડી જશે.

(૨૧૯)

**કબીર! તલબ ન છોડીયે, નિશ્ચય લિજે નામ;**
**મનખ મજુરી દેત તો, કયું કર રાખે રામ?**

એ કબીર! તેનું સ્મરણ કરવા ચુકતો નહીં પણ હરપળે કર્યા કરજે કારણ, માણસ તેના મજુરને બદલો આપે, તો પરમાત્મા કેમ તારી મહેનતનો બદલો નહિં આપે?

(૨૨૦)

**અનહોની પ્રભુ કર શકે, હોનાર મિટ જાય;**
**કબીર, ઇન સંસારમે, રામભજણ સુખ દાય.**

જે (આપણે ધારીયે કે) બનવાકાળ નથી તે પરમાત્મા કરી શકે; અને જે કાંઇ (દુઃખ આફત) બનવાકાળ છે એમ જાણી આપણે ડરતા હોઇએ,

તે માલેક મિટાવી શકે છે, તેથી હું કબીર કહું છું કે **પરમેશ્વરની** યાદ રાખવાથીજ આ સંસાર સુખદાઇ થશે.

(૨૨૧)

**સભી રસાયન મેં કરી, હરિસા ઔર ન કોય,**
**રતી એક ઘટમેં સંચરે, સબ તન કંચન હોય.**

મેં સર્વે જાતનાં રસાયણ કરી જોયાં, ઇંદ્રિઓનાં વિષયો તપાસ્યા, સંસારી દરેક બાબદ અનુભવી અને એ રીતે દુનિયાંની હરેક વસ્તુ મેં બારીકીથી તપાસી તો મને માલમ પડયું કે ઇશ્વર સમાન બીજું કાંઇ નથી; એક રતીભાર પણ જો ઇશ્વર અંતરમાં સમાય તો તે માણસ બધો સોનાનો થઇ જાય, તેને બધું સુખ મળી જાય.

(૨૨૨)

**કહેતા હું કહે જાત હું, સુનતા હય સબ કોય;**
**રામ કહે ભલા હોયગી, નહિ તો ભલા ન હોય.**

માટે હું જે કહું છું ને જે શિક્ષણ મુકી જાઉં છું તે તમો સર્વ પૂર્ણ ધ્યાનથી સાંભળજો; તે એજ કે **ઇશ્વરનું નામ લેવાથીજ** કલ્યાણ થશે, નહિ તો કદી ભલું થવાનું નથી, અર્થાત દુનિયવી વસ્તુઓથી ખરૂં સુખ મળી શકતું નથી.

(૨૨૩)

**કહે કબીર પુકારકે, એ લેવો વ્યવહાર;**
**રામ નામ જાને બિનાં, બુડી મુવા સંસાર.**

હું, કબીર, પોકાર કરી સર્વેને ચેતવું છું કે આ શિખ નિરંતર હૈડે સાચવી રાખજો કે, પરમેશ્વરનું નામ શું છે તે જે જાણે નહિં તે સંસારમાં ડુબીજ મરવાનો.

(૨૨૪)

**ભુપ દુખી અબધુ દુખી, દુખી રંક બિપરીત;**
**કહે કબીર એ સબ દુખી, સુખી સંત મન જીત.**

રાજા પણ દુઃખી, રૈયત પણ દુઃખી અને એ રીતે ગરીબ તવંગર સૌ એક સરખાં દુઃખીજ હોય છે; માત્ર જેણે પોતાનાં મનને જીત્યું તેજ માણસ ખરો સુખી છે.

(૨૨૫)

**સુમરનસે સુખ હોત હયે, સુમરનસે દુઃખ જાય,**
**કહે કબીર સુમરન કિયે, સ્વામી માંહિ સમાય.**

ઇશ્વરનું સ્મર્ણ કરવાથીજ માણસને સુખ પ્રાપ્ત થાય છે, અને સ્મર્ણથીજ તેનું દુઃખ દુર જાય છે; અને હું કબીર કહું છું કે સ્મર્ણ કરવાથીજ પરમાત્માનો વાસો આપણામાં થાય છે, અને ઇશ્વરને પુગી શકાય છે.

## નામ-સ્મરણ.

(૨૨૬)

**કબીર, સુમરન સાર હય, ઓર સકળ જંજાળ;**
**આદી અંત સબ શોધીયા, દુજા દીસે કાલ.**

કબીરજી કહે છે કે, ઇશ્વરનું નામ નિરંતર યાદ કર્યા કરવું, તેમાંજ સર્વેને ફાયદો છે. એ શિવાયનાં બીજાં બધાં કાર્ય ફોકટની જંજાળ છે; કારણ કે, તેઓ કહે છે કે, બીજાં કામોની શરૂઆતથી છેક છેડા સુધી યાને પરિણામો સુધી તપાસ કીધી, તો માલમ પડ્યું કે સર્વે નાશવંત છે અને હંમેશ ટકનારાં નથી. ઇશ્વરતું (નામ) સ્મરણ આપણું ફરી ફરીને જનમવા-મરવાનું નિવારે છે, બાકી બીજાં બધાં કામો નવાં કારણો ઉપજાવી માણસને ફરી ફરી જંજાળમાં નાખનારાં છે.

(૨૨૭)

**કબીર! નિજ સુખ રામે હય, દુજા દુઃખ અપાર,**
**મનસા બાચા કર્મનાં, નિશ્ચય સુમરન સાર.**

રામ (ઇશ્વર)ને મળવામાંજ આપણને ખરૂં સુખ છે, અને ઇંદ્રિઓથી ભોગવાતું દરેક સુખ મેળવવામાં આપણને અંતે અતિશય દુઃખ છે. જગતની સલામતી અને આબાદીમાં કાંઇ નુકસાન ન થાય, એવા પવિત્ર વિચાર, વાચા અને કાર્ય કરવા સાથેજ ઇશ્વરની યાદ નિરંતર કરવી તેજ ખરૂં સ્મરણ છે.

(૨૨૮)

**રામ નામકે લેત હિ, હોત પાપકા નાશ;**
**જૈસી ચનિગ અગ્નકી, પડી પુલાને ઘાસ.**

જેમ એક અગ્નિની ઝીણી ચિણગારી સુકાં ઘાસમાં પડે તો તેને બાળી નાંખે છે, તેજ મુજબ રામનું નાનું નામ આપણાં સઘળાં પાપોનો સમુળગો નાશ કરી નાંખે છે.

(૨૨૯)

**નામ જો રતી એક હય, ઔર પાપ જો રતી હજાર;**
**એક રતી ઘટ સંચરે, જાર કરે સબ છાર.**

રામનું નામ જો કે એ રતી ભાર જેવું નાનું જણાય અને પાપો જો હજારો રતી જેટલાં હોય, છતાં એક રતી જેટલું નામ જેનાં હૈયામાં પસરી ગયું, અને તે નામ નિરંતર સ્મરણ કર્યા કરે તેનાં સર્વ પાપોને બાળી જાળી નાખશે. સારાંશ કે રામ વાસના યાને ઇશ્વરી માર્ગ મળવાની ઇચ્છા, બીજી સર્વ વિષય વાસનાઓને મારી હટાડે છે.

(૨૩૦)

**રામ નામકી ઔષધિ, સદ્ગુરૂ હિયે બતાય,**
**ઔષધ ખાઇ પચી રહે, તાકે બેદન જાય.**

ઇશ્વરનું નામ યાદ કરવાનું ઔષધ સદ્ગુરૂજ બતાવશે, અને તે દવા ખાધી અને પચી ગઇ, તો તેનાં સર્વ દુઃખો મટી જશે. સારાંશ કે, ઇશ્વરનું નામ યાદ કરવાના માર્ગો ઘણાએ છે, તેમાંનો લાગુ પડતો એક, ઇશ્વરની ભેટ કરાવી જાણનાર ગુરૂ, ચેલાનો અમૂક અધિકાર જોઇ ચેલાને શિખવે, ને તે રીતે સ્મરણ કરવામાં ચેલો પ્રવિણ થાય તો તેની સર્વ વેદનાઓ જતી રહે; યાને સચિંત અને ક્રિયામાન કર્મો નાશ પામવાને લીધે તેઓ તરફથી આવનારી વેદનાઓ આવે નહિ, અને પ્રારબ્ધ કર્મો તરફથી આવનારી વેદનાઓ, તેનાં શરીર સંસાર પરજ લાગુ પડે, પણ તેના મનને દુઃખવી નહિં શકે.

(૨૩૧)

**સબ મંત્રકા બીજ હય, રામ નામ તતસાર;**
**જે કો જન હિરદેં ગરેં, સો જન ઉતરે પાર.**

રામનું નામ સર્વે મંત્રોનું મૂળ છે, જેમાંથી સર્વે મંત્રો નિકળ્યાં છે; અને તેથી જે એ નામને નિરંતર હૈયાંમાં પકડી રાખે તે પેલી પાર ઉતરી જાય. સારાંશ કે પરમેશ્વરના નામમાંથીજ સર્વ મંત્રો અને ભણતર ઉપજાવેલાં છે,

ત્યારે તે નામનેજ જે કોઇ પકડી રાખે તે તેનાથી બધા મંત્રોનાં ફળો ઉપજાવી શકાય. એવું એ અદ્દભૂત અસરો ઉપજાવનારૂં નામ, જેનાં મનમાં આપ મેળે નિરંતર યાદ આવ્યા કરતું થઇ જાય, તે ફરી ફરીથી જન્મ-મરણ આપનારા આ ભવસાગરને પેલે પાર પોહોંચી જાય.

(૨૩૨)

**રામ કહો મન વશ કરો, એહિ બડા હય અર્થ;**
**કાહેકો પઢ પઢ મરો, કોતહિ જ્ઞાન ગ્રહન્થ?**

શાસ્ત્રના અસંખ્ય ગ્રંથો (માત્ર મોહોડેથી) શિખી શિખીને અમસ્થા કાં હેરાન થાઓ છો? "રામ રામ" (ઇશ્વર ઇશ્વર) બોલ્યા કરો, વમાસ્યા (વિચાર્યા) કરો, અને ઇંદ્રિઓની મોજના વિચાર નહિં કરવો; ધર્મશાસ્ત્રની મૂળ મતલબ-સર્વનો સારાંશ એજ છે.

(૨૩૩)

**જીને નામ લિયા ઉને સબ કિયા, સબ શાસ્ત્રકા ભેદ;**
**બિના નામ નર્કે ગયે, પઢ પઢ ચારો બેદ.**

જેણે **માલેકનાં** નામની જપ (સ્મરણ) કીધી તેણે સઘળું જોઇતું કીધું, તથા તે સઘળાં શાસ્ત્રોના ભેદ પામ્યો. પણ **માલેકનું** નામ જપવા વિના ફકત ચારો વેદ ભણ્યા કીધા, તેઓ આખરે નર્કે ગયા છે. સારાંશ કે પરમેશ્વરના નામની જપ કર્યા કરે, તેણે ધર્મની ક્રિયાઓ કીધેલી ગણાય; તેણે ધર્મની સર્વે આજ્ઞાઓ પાળેલી ગણાય, તે ધર્મને લગતાં સર્વે શાસ્ત્રો શિખી જાય, ને તેઓના છુપા ભેદો પણ તે પામી જાય. એથી ઉલટું કરે, એટલે કે જે પરમેશ્વરનાં નામની જપ કરે નહિ, ને માત્ર શાસ્ત્રજ ભણ્યા કરે, ને તે શાસ્ત્રો (ચાર વેદો) પણ શિખી જાય તો પણ ઘણીકવાર નર્કે જાય; કારણ કે, ધર્મ શાસ્ત્રનો ફકત મોહડેનો અભ્યાસ કરવાથી, મન વશ થતું નથી, અને મનની વાસનાઓ અનામત રહી જવાથી પાપો કરાય છે, અને પાપનું નર્કનું દુઃખ ખમવું પડે છે.

(૨૩૪)

**એકહિ શબ્દમે સબહિ કહા, સબહિ અર્થ બિચાર;**
**ભજયે કેવળ રામકો, તજીયે બિષયહિ બિકાર.**

તને એક વાત કહી, તેમાં શાસ્ત્રની સર્વે વાતો આવી ગઇ, સર્વે મતલબ સમાઇ ગઇ, ને સર્વે વિચારો આવી ગયા, તે વાત એજ કે માત્ર ઇશ્વરનું ભજન કર્યા કરવું અને એ ભજનની સાથે, ઇંદ્રિઓની મજાહો તજીને રહેવું—પૂરે પૂરી તજીને રહેવું.

(૨૩૫)

**કબીર! હરિકે નામસે, કોટ બિઘન ટળ જાય,**
**રાઇ સમાન બસુદરા, કેટેક કાષ્ટ જળાય.**

રાઇનાં જેટલી અગ્નિની ઝીણી ચિણગારી, લાકડાંના મોટા જથ્થાને બાળી નાખે છે, તેજ રીતે હરિનાં નામથી, અને ઇશ્વરનાં નામની જપ વડે, કરોડો વિઘ્નો એટલે (પાપો અને તેથી આવતાં દુઃખો) સર્વ મટી જશે. સારાંશ કે, ઇશ્વરનાં નામમાં મનને પરોવવાથી પાપો કરતું અટકે છે અને ધિમે ધિમે સર્વે દુર્ગુણો નિકળી જઇ મન પવિત્ર થઇ જાય છે.

(૨૩૬)

**સુખમેં સુમરન ના કરે, દુઃખમે કરે સબ કોય;**
**સુખમે જો સુમરન કરે, તો દુઃખ કહાં કે હોય?**

સુખમાં ઇશ્વરની યાદ કોઇ કરતું નથી, ને દુઃખમાં સર્વ તેને યાદ કરે છે, પણ લોકો જો સુખમાં તેને યાદ કરતાં હતે, ને તેની આજ્ઞા, જે ધર્મશાસ્ત્રમાં અપાઇ છે તે મુજબ ચાલ્યાં હતે, તો તેઓને દુઃખ આવતેજ ક્યાંથી?

(૨૩૭)

**સુખમે સુમરન ના કરે, દુઃખમે કરે જો યાદ;**
**કહે કબીર તા દાસકી, કોન સુને ફરિયાદ?**

સુખમાં પરમેશ્વરને યાદ ન કરે, અને દુઃખમાં તેની મદદ માંગે, એવા અરજદારની અરજ કોણ સાંભળે? સારાંશ કે, આપણી સુખી હાલતમાં, ઇશ્વરને

ભુલી જઇ, બીજાંને નુકશાન થાય એવાં કાર્યો કરતા રહિયે તો કુદરતના કર્મના કાયદા મુજબ વળતાં દુઃખો આપણને ભોગવવાજ પડે.

(૨૩૮)

**બિપત્ત ભલી હરિ નામ લેત, કાયા કસોટી દુઃખ;**
**રામ બિનાં કિસ કામકી, માયા સંપત્ત સુખ?**

જ્યારે સંકટ આવી પડે છે ત્યારેજ શરીરની કસોટી અને પરિક્ષા થાય છે, જેથી માણસને દુઃખજ ભલું છે, કારણ કે ત્યારેજ તે ઇશ્વરને હરપળે "ઓ પરમાત્મા" કરી યાદ કરે છે. ઇશ્વર નહિં મળે, ને તેને બદલે દુનિયાની બધી સંપત્તિઓ અને સુખો મળે, તે માણસને અંતે શું કામ આવવાનાં છે?

(૨૩૯)

**હરિ સુમરન કોઢી ભલા, ગલી ગલી પડે ચામ;**
**કંચન દેહ જલાય દે, જો નહિ ભજે હરિ નામ.**

શરીરને દુઃખ થઇને તેનું ચામરૂં નિકળી પડતું હોય છતાં જો પરમેશ્વરની યાદ થઈ શકતી હોય તો તે ભલું, પણ શરીર સોના—રૂપાંમાં લોટતું હોય, ને તેનાં તેમ લોટવાથી જો ઇશ્વરની યાદ બની આવતી ન હોય, તો એવાં સોના જેવા દેહને બાળી નાંખો અને તે નાશ તો પામવા માટેજ સરજાયલું છે—સારાંશ કે દ્રવ્યવાન હોવા છતાં પરમાત્માની ભક્તિ નહી કરે તે કરતાં શરીર કંગાળ હોવા છતાં, **માલેક**ની યાદ મનમાં રહે તે વધુ પસંદ કરવાજોગ છે.

(૨૪૦)

**જા ઘર સંત ના સેવિયા, હરિકો સુમરન નાહે;**
**સો ઘર મરહટ સરિખા, ભુત બસેં તા માહે;**

જે ઘરમાં સંતો અને પરમેશ્વરની યાદ પિછાણનાર સાધુ પુરૂષોની સેવા કરવામાં આવતી નથી અને જ્યાં પરમાત્માની પ્રાર્થના થતી નથી, તે ઘરે શ્મસાન સરખાંજ છે અને ત્યાં ભુત-પલીદનોજ વાસો હોય છે.

(૨૪૧)

**રામ નામ તો રતન હય, જીવ જતન કરી રાખ;**
**જબ પડેગી સંકટી તબ રાખે રઘુનાથ.**

રામ નામ તો એક હિરા સમાન અમૂલ્ય રતન છે, જીવની પેઠે સાચવી રાખવાથી જે વખતે દુઃખ આવી પડે ત્યારે ઇશ્વરજ બચાવી લે છે.

(૨૪૨)

**જબ જાગે તબ રામ જપ, સોવત રામ સંભાર;**
**ઉઠત બેઠત આત્મા, ચાલતહિ રામ ચિતાર.**

ઉંઘમાંથી જાગૃત થતાંજ રામનું નામ લેવું, સુતી વેળાએ પણ પરમાત્માને યાદ કરીનેજ સુવુ અને એ રીતે ઉઠતાં, બેસતાં અને હરેક કામો કરતી વેળાએ, તે **માલેક**નુંજ નામ મનમાં ચિતાર્યા કરી મન ઇશ્વરમાંજ ગુઠાયલું રાખવામાંજ સાર છે.

(૨૪૩)

**જીતને તારે ગગનમે, ઇતને શત્રુ હોય;**
**કૃપા હોય શ્રી રામકી, તો બાલ ન બાંકો હોય.**

આસમાન પર જેટલા તારા છે, એટલા પણ જો શત્રુઓ હોય, પણ જો મનમાં ઇશ્વર હોય તો તેની કૃપાએ કોઇના પણ એક વાલને પણ બીજો ઇજા કરી શકનાર નથી.

(૨૪૪)

**જો કોઇ સુમરન અંગકો, પાઠ કરે મન લાય,**
**ભકિત જ્ઞાન મન ઉપજે, કહે કબીર સમજાય.**

જે કોઇ સ્મરણ કરવાનાં મંત્રો મોહડે કરી તે ઉપર મનન કરે, તો, હું કબીર કહું છું કે ઇશ્વરની ભકિત કેમ કરવી તેનું જ્ઞાન તે માણસનાં મનમાં આવી જાય.

(૨૪૫)

**જપ તપ સંયમ સાધના, સબ સુમરન કે માંહિ;**
**કબીર જાને યા રામજન, સુમરન સમ કછુ નાંહિ.**

જપ કરી તપશ્ચર્યા કરવી, યોગ કરવો એ સર્વ સ્મરણમાં સમાઇ જાય છે, તેથી સ્મરણ જેવું બીજું કશુંએ નથી, એવું હું (કબીર) સમજું છું અને સર્વ ઇશ્વરના ભક્ત તે જાણે છે.

(૨૪૬)

**સહકામી સુમરન કરે, પાવે ઉત્તમ ધામ;**
**નિષ્કામી સુમરન કરે, પાવે અવિચળ રામ.**

પોતાને માટે કાંઇક સારા બદલાની આશા રાખી જે સ્મરણ કરે, તો તેને સુખ મળે; સ્વર્ગ મળવાની ઇચ્છા રાખી જે સ્મરણ કરે, તેને સ્વર્ગ મળે; પણ ઇચ્છા રહીત યાને પોતા માટે કાંઇપણ વસ્તુ કે સુખ માંગ્યા વગર સ્મરણ કરવું એ મનુષ્ય માત્રનું કર્તવ્યજ છે એમ સમજી માત્ર ઇશ્વરના પ્રેમ અર્થેજ સ્મરણ કરે તે માણસ પરમેશ્વરને પામે, જે હંમેશાગીનો હોવાથી તેને અનંત સુખ મળી જાય.

(૨૪૭)

**પથ્થર પુંજે હરિ મિલે, તો મેં પુંજું ગિરિરાય;**
**સબસેં તો ચક્કિ ભલી, કે પિસ પિસકે ખાય.**

કબીરજી કહે છે કે:—જો પથ્થર પૂજવાથી ઇશ્વર મળતો હોય, તો હું આખો ગિરનારનો પહાડજ પૂજું. પણ સર્વ કરતાં ઘંટી (પૂજી) હોય તો કેવું ઉત્તમ, કે તેથી દળીને લોટ પણ ખાવા મળે!

(૨૪૮)

**દેહ નિરંતર દેહરા, તામે પ્રત્યક્ષ દેવ;**
**રામ નામ સુમરન કરો. કહાં પથ્થર કી સેવ!**

શરીર એજ તારૂં દેવાલય છે ને તેમાંજ ખરેખરો દેવ યાને ઇશ્વર બેઠેલો છે, તેનું સ્મરણ કર્યા કર. બાકી પથ્થરની પૂજા કરવાથી યાને બાહેરનો દેખાવ કર્યાથી તારૂં શું વળવાનું?

(૨૪૯)

**પથ્થર મુખ ના બોલહિ, જો શિર ડારો કુટ;**
**રામ નામ સુમરન કરો, દુજા સબહિ જુઠ.**

ગમે માથું કુટીને મરિયે, તોએ પથ્થર કાંઇ મુખથી બોલવાનો છે? માટે તું રામ નામ જપ્યા કર, બાકી બીજું સર્વે છોડ.

(૨૫૦)

**કુબુદ્ધિકો સુઝે નહિ, ઉઠ ઉઠ દેવલ જાય;**
**દિલ દેહેરાકી ખબર નહીં, પથ્થર તે કહાં પાય?**

જેઓને ખરી સમજ નથી તેઓજ દોડતા દોડતા દેવળમાં જાય છે; માણસનું અંતઃકરણજ પરમેશ્વરનું રહેઠાણ છે એ વાત તેઓને **ખબર** ન હોવાથી બિચારા, પથ્થરનાં બાંધેલા દેવળમાં ઇશ્વરને શોધવા જાય છે, તે પરમાત્મા તેઓને કેમ મળે? (Know Ye not that Ye are the Temples of God and the Spirit of God dwelleth in Ye?—Christ.)

(૨૫૧)

**પથ્થર પાની પુંજ કર, પચ પચ મુવા સંસાર;**
**ભેદ નિરાલા રહે ગયા, કોઈ બિરલા હુવા પાર.**

પથ્થર અને પાણી પૂજી પૂજી, અને માત્ર એવા બાહેરના દેખાવો કરી, સંસારનાં સર્વે લોકો ડુબી મુવા છે; જ્યારે પરમાત્માનો ભેદ તો બીજોજ છે, જે વાત કોઇ વિરલો પુરૂષજ જાણે છે અને તે સમજી ખરો રસ્તો પકડી પાર થઇ જાય છે.

(૨૫૨)

**મકકે મદિનેમેં ગયા, વહાંભી હરકા નામ,**
**મેં તુંજ પુછું હે સખી, કિન દેખા કિસ ઠામ?**

મકકા-મદિનામાં ગયા તો ત્યાંએ **માલેક**નું નામ તો છેજ, પણ (મુસલમીન ધર્મવાળાઓને કબીરજી કહે છે કે) ઓ મારી બેહેન, તું મને

દેખાડ કે મકકા–મદિનામાં કયે ઠેકાણે તેં ઇશ્વરને જોયો? અર્થાત—કબીરજીનું કહેવું એમ છે કે **માલેક** આપણાથી બાહેર નથી, પણ આપણાં અંતરમાંજ તે રહેલો છે.

(૨૫૩)

**રામ નામ સબ કોઇ કહે, ઠગ ઠાગોર ઔર ચોર;**
**ધૃવ પલ્હાદ સબ તર ગયે, એહિ નામ કછુ ઓર.**

રામનું નામ તો ઠગારા, લુટારા, યાને દુનિયાંના બુરા ભલા સર્વ (મોહડેથી) લે છે, પણ છે સ્મરણ યાને જપ વડે ધૃવ, પલ્હાદ અને એવા (મોટા થઇ ગયલા) નરો ઇશ્વરને પહોંચી ગયા તે સ્મરણ કાંઇ જુદીજ તરેહનું છે.

(૨૫૪)

**શુદ્ધ બિન સુમરન નહિ, ભાવ બિન ભજન ન હોય,**
**પારસ બિચ પરદા રહા, કયું લોહા કંચન હોય.**

મન શુદ્ધ (નિર્મળ) થયા વિના ઇશ્વરની યાદ (સ્મરણ) થઇ શકતી નથી. જેમ પારસમણી અને લોઢાંની વચ્ચે બીજી કોઇ વસ્તુ આાડી પડી હોય તો લોઢાંનું સોનું થઇ શકતું નથી, તેમજ ચિત્ત પરમેશ્વરપર લાગેલું નહિ હોય, અને દુનિયવી વસ્તુઓ ઉપર હોય, અને મનમાં તે વસ્તુઓના ખ્યાલો આવ્યા કરે, તો ઇશ્વરનું ભજન કેમ થાય અને ઇશ્વર કેમ દેખાય?

(૨૫૫)

**સુમરન સિદ્ધિ યું કરો, જ્યું ઘાઘર પનિહાર;**
**હાલે ચાલે સુરતમે, કહે કબીર બિચાર.**

માથે પાણીનો ઘડો મુકીને, છુટે હાલ ચાલતી અને વાતો કરતી જવા છતાં, પનિહાર (સ્ત્રી)નું ધ્યાન તો ઘડામાંજ લાગેલું હોય છે, તેમ સ્મરણ કરતી વેળાએ મન ઇશ્વર તરફજ લાગેલું રહે, એવું સ્મરણ કરતાં તું શિખ.

(૨૫૬)

**સુમરન સિદ્ધિ યું કરો, જૈસે દામ કંગાળ;**
**કહે કબીર બિસરે નહિ, પલ પલ લેત સંભાળ.**

જેમ એક કંજુસ માણસ પૈસાને પુજે છે, અને તેને ઘડી પણ યાદ કર્યા વગર રહેતો નથી, તેમ ઇશ્વરનું સ્મરણ એવું કર કે તારા મનમાંથી ઇશ્વર એક પળ વાર પણ ભુલાય નહિ.

(૨૫૭)

**જૈસી નૈયત હરામ પે, ઐસી હરસેં હોય;**
**ચલા જાવે વૈકુન્ઠમે, પલ્લા ન પકડે કોઇ.**

કોઇ હરામની વસ્તુ ઉપર મન લાગી જાય છે, તે પ્રકારે ઇશ્વર તરફ મન લાગી જાય, તો તે માણસને ઇશ્વરની મુલાકાત થાય, અને તેમાં કોઇ (દૈત્ય કે ફરેશ્તા)થી પણ અટકાવ નાંખી શકાય નહિ.

(૨૫૮)

**બાહેર કયા દિખલાઇયે, અંતર કહિયે રામ?**
**નહિ મામલા ખલ્કસોં, પડા ધનિસેં કામ.**

બાહેરનો ફોકટ દેખાવ શા માટે કરે છે? તારાં અંતરમાં ઇશ્વરનું નામ લેતો રહે. તને દુનિયાં અને તેનાં લોક સાથે કામ નથી, પણ જે **માલેક** (પરમાત્મા) તારાં હૈયામાં બેઠેલો છે તેના સાથેજ કામ છે.

(૨૫૯)

**માલા તો કરમેં ફિરે, જીભ ફિરે મુખ માંહિ;**
**મનવા તો ચૌ દિશ ફિરે, ઐસો સુમરન નાહિ.**

હાથમાં માળા (તસ્બીર) ફર્યા કરે, ને મોહોડે "રામ-રામ" થયા કરે, પણ જો મન **માલેક**માં લાગે નહિ, અને દુનિયાંની અનેક વસ્તુઓ તરફ દોડયા કરે, તો એ યાદ (સ્મરણ) પરમેશ્વરની મુલાકાત કરાવે તેવુ કાર્યસાધક ગણાય નહિ.

(૨૬૦)

**સુમરન ઐસા કિજીયે, ખરે નિશાંને ચોંટ;**
**સુમરન ઐસા કિજીયે, હલે નાહિ જીભ હોઠ.**

સ્મરણ તો એવું કરવું, કે જેમ તીર જઇને બરાબર નિશાને અને ટાંકેલી વસ્તુઓ પર ચોંહોંટી જાય, તેમ મન જઇ ઇશ્વર પર લાગી જાય. સ્મરણ એવું કરવું કે જીભ ને હોઠ હાલે નહિં પણ મન ઇશ્વર પર લાગી રહે, ત્યારેજ તે ખરૂં સ્મરણ કહેવાય.

(૨૬૧)

**હોઠ કંઠ હાલે નાહિ, જીભ્યા ન નામ ઉચ્ચાર;**
**ગુપ્ત સુમરન જો ખેલેં, સોહિ હંસ હમાર.**

હોઠ તથા ગળું પણ હાલે નહિં, અને જીભે પણ નામ ઉચ્ચાર થાય નહિં, અને અંતરમાં ગુપ્ત સ્મરણ ચાલુ રાખે, તેજ ખરો સ્મરણ કરનારો હંસ યાને સાધુ છે.

(૨૬૨)

**અંતર "હરિ હરિ" હોત હય, મુખકી હાજત નાંહિ;**
**સેહેજે ધુન લાગી રહે, સંતનકે ઘટ માંહિ.**

અંતરમાં (હૈયામાં) "હરિ હરિ" અવાજ થયા કરે તો પછી મોહડેથી બોલવાની જરૂર રહેતી નથી; એ રીતે જેઓ સાધુ (પવિત્ર) પુરૂષો થયા છે, તેઓનાં હૈયાંમાં **માલેકનું** ધ્યાન વગર કોશેશથી થયા કરે છે, જેથી તેઓને મોહડેથી બોલવાની કાંઇ જરૂર રહેતી નથી.

(૨૬૩)

**અંતર જપીયે રામજી, રોમ રોમ રન્કાર;**
**સેહેજે ધુંન લાગી રહે, એહિ સુમરન તતસાર.**

અંતરમાં (રામની) જપ નિરંતર કરવાથી આખર રામનાં નામનો અવાજ, આપણાં રૂંવે રૂંવે ઉઠવા લાગશે, અને કાંઇપણ કોશેશ કરવા વિના ઇશ્વરનું ધ્યાન થયા કરશે. ઇશ્વરનું સ્મરણ કરવાની ખરી રીત એજ છે.

(૨૬૪)

**સુમરન સુરતિ લગાય કે, મુખસે કછુ ના બોલ;**
**બાહેર પટ દેય કે, અંતરકે પટ ખોલ.**

ઇશ્વર સ્મરણમાં તારૂં સર્વ ચિત્ત રોકી સ્મરણરૂપ થઇ જા, ને પછી મોહોડેથી સ્મરણ કરવું બંધ કર; બહારના બધા પડદા બંધ કરી, બહારની ઇંદ્રિઓનો વ્યવહાર બંધ કર; પરંતુ અંતરના પડદા ખુલ્લા કરી અંતરની અનુભવ શકિતને ખીલવ.

(૨૬૫)

**લેહ લાગી તબ જાનીયે કબુ છુટ ન જાય;**
**જીવતહિ લાગી રહે, મુવા માંહિ સમાય.**

માણસને ઇશ્વરની લેહ એવી લાગી જાય કે, જીવતાં જીવત તો તે જાયજ નહિં, પરંતુ મરણ વેળાએ, સર્વે દુઃખો ખમવા છતાં પણ તેનાં મનમાં પરમાત્માનીજ યાદ રહે, ત્યારેજ જાણવું કે પરમાત્માની ખરી લેહ લાગી છે.

(૨૬૬)

**બુંદ સમાના સમૂદ્રમે, જાનત હય સબ કોય;**
**સમૂદ્ર સમાના બુંદમેં, જાને બિરલા કોય.**

પાણીનું ટીપું સમુદ્રમાં સમાઇ જાય તે તો આખી દુનિયાં જાણે છે, પણ આખો સમુદ્ર એક ટીપાંમાં સમાઇ જાય તે તો કોઇકજ વિરલો પુરૂષ જાણે છે. જ્યારે **યોગી** સમાધીની સ્થિતિમાં જાય છે, ત્યારે તે આખાં **વિશ્વ** યાને જગતને પોતાનાંજ અંતર હૃદયાકાશમાંજ જુવે છે, જે વાત સંસારી પુરૂષોને સમજાતી નથી.

(૨૬૭)

**ભકત દ્વાર હય સાંકડા, રાઇ દસમા ભાય;**
**મનહિ જબ રાવત હો રહા, કયું કર શકે સમાય?**

પરમેશ્વરનો ભકત થવાનો દરવાજો એટલો તો સાંકડો છે, જાણે રાઇનો દસમો ભાગ, છતાં મન તરેહવાર વિચારોના જથ્થા એકઠા કરી પર્વત જેવું મોટું થઇ જાય, ત્યારે, એવા સાંકડા દરવાજામાં કેમ દાખલ થઇ શકે?

(૨૬૮)

**રાઇ બાતાં બિસવા, ફિર બિસનકા બિશ;**
**ઐસા મનવા જો કરે, તાહિ મિલે જગદીશ.**

રાઇનાં દાણાંનો વિસમો ભાગ કરો, અને તે વિસમાંનો પણ વિસમો ભાગ કરી **મનને** સર્વે વિકારોથી અળગ કરી શકો ત્યારેજ તેને પરમેશ્વર મળે. ઇંદ્રિઓના સર્વ વિચારો જતા રહ્યા હોય, એ પ્રમાણે જેનાં મનમાંથી "સ્વાર્થ" અને સર્વ દુષ્ટ દુનિયવી વિચારો જતા રહ્યા હોય, તેનેજ પરમેશ્વરની મુલાકાત થાય.

(૨૬૯)

**મેરા મન સુમરે રામકો, મનમે રામ સમાય;**
**મનહિ જબ રામ હો રહા, તો શિશ નમાવું કાય?**

મારૂં મન હવે તો **માલેકનેજ** યાદ કર્યાં કરે છે, અને તેમાં તેનોજ વિચાર માત્રજ રહેલો છે, ને બીજો કશો વિચાર રહ્યો નથી; મન પરમાત્મારૂપ થયું છે. એ પ્રમાણે જ્યારે મન પોતેજ ઇશ્વરી સ્વરૂપ બની ગયું છે ત્યારે હું મારૂં માથું શા માટે નમાવું?

(૨૭૦)

**કબીર! મન નિશ્ચલ કરો, ગોવિંદકે ગુન ગાય;**
**નિશ્ચલ બિનાં ન પાઇયે, કોટીક કરો ઉપાય.**

ઓ કબીર! હરીનાં ગુણ ગાઇ ગાઇને અને ગુણ ગાવાનો લખ લગાડી તેને બીજા ખ્યાલો પર જતું અટકાવ. મન બીજા ખ્યાલો પર દોડતું અટકયા વગર, ખરૂં સ્મરણ થઇ શકે નહિ. એ શિવાયના બીજા કરોડો ઉપાય તું કરશે તો તે બધા ફોકટ જશે.

(૨૭૧)

**માલા જપું ન કર જપું, મુખસે કહું ન રામ;**
**રામ હમેશા હમકો જપે, મેં બેઠા રહું વિશ્રામ.**

કબીરજી કહે છે કે, હું તો **માલેક**ની જપ, નથી માળાએ કરતો કે નથી **હાથે** કરતો, કે ન મોહડેથી રામ પુકારતો. મારી **જપ** કરવાની રીત એ છે કે માળા યા તસ્બીર ફેરવવી પડેજ **નહિ** કે હાથ હલાવવો પડે **નહિ,** ને મોહડેથી (પણ) "રામ" કરી બોલવું પડેજ નહિ; પણ મારૂં શરીર ઇંદ્રિઓ અને મન, જે સર્વે મળી હું બન્યો છું, તે બધાં શાંત થઇ, તે મળે નહિં થઇ જાય, ત્યારે આ શરીરમાં જે ભાંન બાકી રહે, જે પરમાત્માનો **અંશ** છે, તે ભાંન, પેલાં **ભાંન**ને જપે છે ને મળે છે; જે **ભાંન** જગતમાં પસરીને અપરંપાર ખાલી જગામાં રહેલું છે, જે પરમાત્મા યાને **"હંમેશગીનો હું"** છે તે સાથે એકત્ર થઇ જાય છે.

(૨૭૨)

**નામ બિસારે દેહકા, જીવ દસા સબ જાય;**
**જબહિ છોડે નામકો, સબહિ લાગે આય.**

**માલેક**નું નામ જપતાં જપતાં, શરીરનું ભાંન ભુલી જવાય છે, અને જીવ તરીકેની **હાલત** જતી **રહે**, એટલે કે હું "ફલાણો માણસ છું" એવી **પોતાની** યાદ નહિ રહે, ત્યાર પછી બીજી એવી હાલત આવે કે જ્યારે નામ જપવાનું પણ છુટી જાય, યાને જપનાર અને પરમાત્મા જુદા છે એ વિચાર નિકળી જાય, ત્યારેજ માણસ વિશ્વરૂપ યાને સર્વરૂપ થઇ પરમાત્મા સાથે એક થઇ જાય.

(૨૭૩)

**રામ જપે અનુરાગસે, સબ દુઃખ ડાલે ધોય,**
**બિશ્વાસે તો હરિ મિલે, લોહા કંચન હોય.**

હૈયાંનાં હેતથી જો ઇશ્વરની ભક્તિ કરો, તો સર્વ દુઃખો મટી જશે અને ઇશ્વર મળશે, એવો પાકો ભરોસો રાખી ઇશ્વરની જપ કરવાથી ઇશ્વર જરૂરજ મળે; ને પહેલાં લોહડાં જેવા જે હોય તે પછી સોના જેવા થઇ જશે.

( ૨૭૪ )

**રામ નામ પુકારતાં, મિટા મોહ દુઃખ દ્વંદ;**
**મનકી દુબધા તબ ગઇ, જબ ગુરૂ મિલે ગોવંદ.**

કબીરજી કહે છે કે, ઇશ્વરનાં નામની જપ કરતાંજ ઇંદ્રિઓને ભાવતી વસ્તુઓ ઉપર જીપલાવી દેવાની ટેવ છુટી ગઇ. પરમેશ્વરની જપ કરતાં કરતાં, મારી ને મારા પોતાનાઓ ઉપર વધારે હેત રાખવું, ને બીજાંઓ ઉપર ઓછું હેત રાખવું અથવા બિલકુલ નહિ રાખવું, તથા પોતાના લાભોજ સાચવ્યા કરવા ને બીજાના લાભો નહિં સાચવવા, અથવા સામા લુટવા, એ પ્રકારની મનની જે જુદાઇની લાગણી હતી, તે મટી ગઇ. ઇશ્વરનાં નામની જપ કરતાં મારાં સચિંત અને ક્રિયામાણ કર્મો નાશ પામ્યાં; તેથી તેનાથી ઉપજનારાં મારાં દુઃખો મટી ગયાં, અને ફક્ત પ્રારબ્ધા કર્મોથી ઉપજતાં દુઃખોજ ભોગવવાનાં બાકી રહ્યાં છે, અને તેની પણ મને કાંઇ દરકાર નથી. કારણ જ્યારે ગુરૂ મળે ને ઇશ્વર મળે ત્યારે મનની સર્વે ચિંતાઓનો છેડો આવી ગયલો હોય છે.

( ૨૭૫ )

**નિશદીન એક પલકહિ, જો કહેવે રામ કબીર!**
**તાકે જનમ જનમ કે, જહેં પાપ શરીર.**

અરે કબીર! રાતે યા દિવસે, એક પળવાર પણ જે કોઇ રામનું નામ ખરાં હેતથી લેશે તેના જન્મો જન્મનાં પાપો દુર થશે.

( ૨૭૬ )

**કલયુગમે જીવન અલ્પ હય, કરીયે બેગ સંભાર;**
**તપ સાધન કછુ ના બને, તાતે નામ સંભાર.**

આ કલિયુગમાં મનુષ્યની જીંદગી ઘણાંજ થોડાં વરસની છે. માટે જલદીથી માલેકને યાદ કરી લેવો; કારણ જીંદગીની મુદત ઘણી થોડી હોવાથી, આપણાથી તપ, સાધન, જે કરવાને બહુ લાંબો કાળ જોઇએ છે, તે આ કલિયુગમાં બની શકતું નથી, માટે નામ સ્મરણજ કર્યા કરવું.

(૨૭૭)

**નામ નૈનનમેં રમી રહા, જાને બીરલા કોય;**
**જાકુ મિલીયા સદ્દગુરૂ, તાકુ માલમ હોય.**

તે નામ આંખોમાં રમી રહેલું હોય છે. જેને કોઇ વિરલો પુરૂષજ જાણે છે, અને જેને સદ્દગુરૂ મળ્યા હોય તેનેજ સમજ પડે છે.

(૨૭૮)

**રાજા રાણા ના બડા, બડા જો સુમરે રામ;**
**તાહિ તે જન બડો, જો સુમરે નિજ નામ.**

લોકો કહે છે કે, રાજાઓ મોટા છે. પણ હું (કબીર) કહું છું કે છે **રામ** (સાકાર ઇશ્વર)નું ધ્યાન કરે, તે રાજાઓનો પણ **માલેક** છે. પણ સાકાર ઇશ્વરના ભગત્ કરતાં, જે કોઇ **નિરાકાર (ઇશ્વર)** નાં ધ્યાનમાં રહે, તે વધારે મોટો છે.

(૨૭૯)

**કબીર, મેં માગું એ માંગના, પ્રભુ દિજે મોહે સોય;**
**સંત સમાગમ હરિકથા, હમારે નિશદિન હોય.**

કબીરજી ઇશ્વરને કહે છે કે, ઓ ઇશ્વર! હું તારી પાસે એટલુંજ માંગું છું કે મને સાધુ સંતોની સંગત ને ઇશ્વરી જ્ઞાનની વાતો રાત દિવસ થયા કરે.

(૨૮૦)

**મુગટા જુગટા માગું નહિ, ભકિત દાન દિજો મોહે;**
**ઓર કછુ માગું નહિ, નિશદિન જાચું તોહે.**

નથી માંગતો હું રાજ ને પાટ, પણ મને **માલેક**ની ભકિત કરવાનું દાન બક્ષેશ કર, કે રાત ને દિવસ હું તેનીજ જપ કરી તેનુંજ ધ્યાંન ધરૂં—એ શિવાય બીજું હું કાંઇ માંગતો નથી.

(૨૮૧)

**સુમરન મારગ સાચકા, સદ્‌ગુરૂ દિયે બતાય;**
**સ્વાસ ઉવાસે સુમરતાં, એક દિન મિલ્યા આય.**

**માલેકનું** નામ સ્મરણ કરવાનો ખરો રસ્તો સદ્‌ગુરૂજ દેખાડે છે અને તે રીતે, જે ઇશ્વરનું સ્મરણ નિરંતર કર્યાં કરે, તેને એક દિવસ પરમેશ્વર મળી જશે.

(૨૮૨)

**પ્રેમ બિના ધીરજ નહિ, બિરહે બિના બૈરાગ;**
**સદ્‌ગુરૂ બિના મિટે નહિ, મન મનસાકા દાગ.**

માણસનાં હૈયાંમાં ખરો (બિનસ્વાર્થી) પ્રેમ આવતો નથી ત્યાંસુધી તેનું મન ધિરજથી ભકિતમાં પરોવાતું નથી; અને માણસને ઇશ્વર તરફ ખરો ભકિતભાવ લાગતો નથી, ત્યાંસુધી તેને વૈરાગ્ય આવતો નથી યાને ઇંદ્રિઓના વિષયો ભોગવવાની લાલસા છોડી શકતું નથી; અને સદ્‌ગુરૂનો મેળાપ તેને થતો નથી ત્યાંસુધી એ સર્વે થતું નથી અને તેના મનના વિકારો અને જુસ્સાઓ નિકળી જતા નથી.

(૨૮૩)

**પુરાહિ સદ્‌ગુરૂ બિના, હિરદા શુદ્ધ ન હોય;**
**મનસા વાચા કર્મના, સુન લિજો સબ કોય.**

પણ હું આ જે શિખ કહું છું તે તમો સર્વ લક્ષમાં રાખજો. અભ્યાસ અધુરો રહેલો હોય તેવો કોઇ પણ સાધુ, સદ્‌ગુરૂ કહેવાય નહિ. અભ્યાસ પુરો થઇ રહેલો હોય તેજ સદ્‌ગુરૂ કહેવાય. તે પ્રકારનો પુરો જ્ઞાની ગુરૂ મળે ત્યારેજ મન, વાચા અને કાર્યો પવિત્ર થાય, અને ત્યારેજ આપણાથી થતાં પાપો અટકે, જીભે થતાં પાપો અટકે, વિચારોએ થતાં પાપો અટકે, અને લાગણીઓએ થતાં પાપો અટકે.

## ગુરૂ વિષે–સદ્ગુરૂ મહિમા.

(૨૮૪)

**ગુરૂ બિન જ્ઞાન ન ઉપજે, ગુરૂ બિન મિલે ન ભેવ;**
**ગુરૂ બિન સંશય ન મિટે, જય જય જય ગુરૂદેવ.**

ગુરૂ વિના આપણી જીંદગી વિષે ખરૂં જ્ઞાન ને ભૂત ભવિષ્યની વાતો સમજાતી નથી. ગુરૂ વિના આપણા સંશયો મટતા નથી. ગુરૂ વિના આપણને પરોક્ષ જ્ઞાન થતું નથી, એટલે કે, ઇશ્વરને લગતી શાસ્ત્રમાં કહેલી શિખો સમજાતી નથી અને ગુરૂ વિના આપણને અપરોક્ષ જ્ઞાન થતું નથી. માટે અમારી પ્રાર્થના છે, કે **હે ગુરૂ દેવ!** તમારો **જય** થાવો, યાને જગતનું ભલું કરવાનાં જે જે કાર્યો માટે સદ્ગુરૂઓએ જગતમાં જન્મ ધારણ કીધો હોય તેઓનાં કાર્યો હંમેશાં વિના વિઘ્ને પાર પડયા કરજો!

(૨૮૫)

**ગુરૂ બિન જ્ઞાન ન ઉપજે, ગુરૂ બિન મિલે ન મોક્ષ;**
**ગુરૂ બિન લખે ન સત્યકો, ગુરૂ બિન મિટે ન દોષ.**

ગુરૂ વિના જ્ઞાન મળી શકતું નથી, અને ઇશ્વરની મુલાકાત થઇ શકતી નથી. ગુરૂ વિના ફરી ફરી જન્મયા–મર્યા કરવાનું મટતું નથી. ગુરૂ વિના સાચી વાત સમજાતી નથી, અને ગુરૂ વિના આપણા દુર્ગુણો મટતા નથી.

(૨૮૬)

**ગુરૂ નારાયણ રૂપ હય, ગુરૂ જ્ઞાન કો ઘાટ;**
**સદ્ગુરૂ બચન પ્રતાપસેં, મનકે મિટે ઉચ્ચાટ.**

નદીનો કાંઠો ઉંચો ને ઢોળાવ વગરનો હોય, ત્યારે પાયરીઓ બાંધવી પડે છે ને એ પાયરીઓવાળા ઘાટની મદદથી આપણે નદીનાં પાણી નજદીક

જઇ શકયે છીએ; ગુરૂ પણ જાણે એ ઘાટ જેવો ઘાટ છે, કેમકે આપણે તેની મદદથીજ ઇશ્વરને મળી શકયે છીએ. ગુરૂ પરમેશ્વરની મુલાકાત કરાવનારો છે, એટલુંજ નહિ, પણ ગુરૂ તેથી પણ વધારે છે. કારણ કે પોતાની નિરાકાર હાલતે આપણને પોહોંચાડવા માટે ગુરૂ માણસનું રૂપ ધારણ કરી આવેલો ઇશ્વર સ્વરૂપ છે. **તું ગુરૂનું કહ્યું કર.** તેનાં કહેવામાં એવા ગુણ **છે,** કે મનની સર્વ પ્રકારની મુઝવણો ભાંગી જઇ, મન સદાનું શાંત જશે.

(૨૮૭)

**સદ્‌ગુરૂ કે મહિમા અનન્ત, જીને અનન્ત કિયા ઉપકાર;**
**અનન્ત લોચન ઉઘાડયા, અનન્ત દિખાવન હાર.**

સદ્‌ગુરૂની મોટાઇની કાંઇ હદ નથી, સદ્‌ગુરૂના ઉપકારની કાંઇ હદ નથી. આપણી અંતર દ્રષ્ટિ સદ્‌ગુરૂ ઉંઘાડી આપે, તેની જોવાની શકિતની કાંઇ હદ નહિ; ને પરમેશ્વર સાથે આપણો મેળાપ કરાવી આપે; તેની રેહવાની જગાની કાંઇ હદ નહિ, અને તેના જીવવાના વખતની કાંઇ હદ નહિ એવો સદ્‌ગુરૂ છે.

(૨૮૮)

**સદ્‌ગુરૂ સમાન કો નહિ, સપ્ત દ્વિપ નવ ખંડ;**
**તિન લોક ના પાઇયે, ઔર એકબિસ બ્રહમંડ.**

સાત દ્વીપ ને નવ ખંડોમાં ફરી વળો, પાતાળ પૃથ્વિ ને સ્વર્ગમાં ફરી વળો, ને એકવીસ બ્રહ્માંડોમાં પણ ફરી વળી જુવો કે ઇશ્વરની મુલાકાત કરાવનારા ગુરૂના જેટલું આપણું ભલું કરનારો બીજો કોઇ પણ એ બધાંમાં કોઇપણ સ્થળે છે? ના, નથીજ.

(૨૮૯)

**તિરથમેં ફળ એક હય, સંત મિલે ફળ ચાર;**
**સદ્‌ગુરૂ મિલે અનેક ફળ, કહે કબીર બિચાર.**

હું કબીર એમ માનું છું, કે જાત્રા કરવા જઇએ, તેથી જેટલું પુણ્ય થાય, તે કરતાં ચોવડું પુણ્ય કોઇ સાધુ મળ્યાથી થાય ને તેનાથી વધુ પુણ્ય ઇશ્વરની મુલાકાત કરાવે એવો ગુરૂ મળ્યાથી થાય.

(૨૯૦)

**હરિ કૃપા તબ જાનીયે, દે માનવ અવતાર;**
**ગુરૂ કૃપા તબ જાનીયે, જબ છોડાવે સંસાર.**

પરમાત્માની કૃપા થાય, તો ૮૩,૯૯,૯૯૯ જાતના જીવોના અવતારો ઉપરથી ચઢાવીને આપણને મનુષ્ય તરીકે ચોર્યાંસી લાખમો અવતાર આપે. પણ સદ્ગુરૂ મેહેરબાન થાય તો તે આપણે માટે એ માણસાઇ અવતારને પણ નહિ ખમાય એવો દુખીયારો ગણે, ને એમાંથી છોડવીને ખુદ ઇશ્વરી હાલતે પોહોંચાડે.

(૨૯૧)

**જાકે શીર ગુરૂ જ્ઞાની હોય, સોહિ તરત ભવ માંહે;**
**ગુરૂ બિન જાનો જન્તંકો, કબૂ મુકિત સુખ નાહે.**

પરમાત્માની મુલાકત કરાવી શકે એવા ગુરૂ જેને માથે હોય, તેનાં જન્મ મરણનો છેડો જલદીથી આવી જાય છે. જન્મ મરણમાંથી છુટવાનું સુખ, ગુરૂ વગર માણસને કદી મળેજ નહિ, એમ તમે નકકી જાણજો.

(૨૯૨)

**સદ્ગુરૂ કે ભુજ દોઇ હય, ગોવિંદકે ભુજ ચાર;**
**ગોવિંદસે સબ કછુ સરે, પર ગુરૂ ઉતારે પાર.**

પરમાત્મા, પુરૂષ રૂપે ચાર હાથવાળા **શ્રી વિષ્ણુ** થયા અને માણસ જે માંગે તે તેઓ એ ચાર હાથે આપી શકે છે. પણ સદ્ગુરૂને તો બેજ હાથ છે, તે તારી સર્વ કામનાઓ યાને ઇંદ્રિઓથી ભોગવાતી મજાહો પુરી પાડી શકતો નથી, પણ મુકિત આપવાનું એકજ મહાન કાર્ય જે તે કરી શકે છે, તે સર્વ કામનાઓ કરતાં વધુ મોટું છે.

(૨૯૩)

**સદ્‌ગુરૂ સત્ કા શબ્દ હય, જીને સત્ દિયા બતાય;**
**જો સત્ કો પકડ રહે, તો સત હિ માંહે સમાય.**

સદ્‌ગુરૂ **સત**નું યાને પરમેશ્વરનું જાહેર થયલું બીજું નામ છે, **સત** (ઇશ્વરને) બતાવી શકે છે, અને **સત્** જે એકજ છે કે જે (સદ્‌ગુરૂજ) (ઇશ્વરજ છે) તેને જે પકડી રાખે તે **સત**માંજ સમાઇ જાય.

(૨૯૪)

**દેવી બડી ન દેવતા, સુરજ બડા ન ચંદ;**
**આદ અંત દોનો બડે, કે ગુરૂ કે ગોવંદ.**

દેવી કે દેવતા કોઇ મોટા નથી, કે નથી ચંદ્ર કે સૂર્ય, તેઓ સઘળા નાશવંત છે અને તેઓનો એક વેળા નાશ છેજ. જે ખરા મોટા છે તે તો ગુરૂ અને ગોવિંદ (ઇશ્વર) એ બે છે, કારણ કે તેઓ શરૂઆતથી તે છેડા સુધી કાયમ રેહનારા છે.

(૨૯૫)

**હરિ રૂઠે ગત એક હય, ગુરૂ શરણાગત જાય;**
**ગુરૂ રૂઠે ગત એકો નહિ, હરિ ન હોય સહાય.**

**માલેક**નો કોપ થાય, તો પણ આશરો લેવાની એક જગ્યા બાકી રહે છે, તે એ છે કે ગુરૂને શરણે જવું, જે ગુરૂ આપણાં દુ:ખ મટાડે. પણ ગુરૂનો કોપ થયો, તો આપણે માટે આશરો લેવાની એકે જગા બાકી રહેતી નથી, કારણ ઇશ્વર ગુરૂ કોપને કારણે આપણને મદદ કરતો નથી.

(૨૯૬)

**ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકે લાગું પાય;**
**બલિહારી આ ગુરૂકી, જીને ગોવિંદ દિયા બતાય.**

કબીર કહે છે કે, મારી પાસે મારો ગુરૂ અને ઇશ્વર એ બે ઉભા હોય, તો હું કોણને પગે લાગું ? હું તો મારા ગુરૂનેજ પગે લાગીશ, કારણ કે ગુરૂનીજ કૃપાથી મને ઇશ્વરની ભેટ થઇ.

(૨૯૭)

**પૂંજા ગુરૂકી કિજીયે, સબ પૂંજા જેહી માંહે;**
**જબલગ સિંચે મુખ તરૂ, સાખા પત્ર અઘાય.**

તું ગુરૂનીજ પૂંજા કર કેમકે તેમાં સર્વ પ્રકારની પૂંજા આવી જાય છે. જેમ ઝાડનાં મૂળને પાણી પાવાથી, તેનાં ડાંખળી પાંદડાં વગેરે પોષાય છે, તેમ ગુરૂની પૂંજા કરવાથી, સર્વ દેવતાઓની પૂંજા થઇ ગયલી ગણાય છે.

(૨૯૮)

**સદ્દગુરૂકા એક દેશ હય, જો બસી જાને કોય;**
**કઉવા તે હંસ હોત હય, જાત વરણ કુલ ખોય.**

જે સદ્દગુરનાં રક્ષણ હેઠળ રહી જાણે તે કાગડા જેવો નીચ હોય તો પણ બદલાઇને હંશ જેવો ઉંચ થાય. ચારમાંની જે વર્ણમાં તે જનમ્યો હોય, તે વર્ણથી તેનામાં ઉપજેલા તેના સર્વ દુર્ગુણો મટી જાય; જે જાતમાં તે જનમ્યો હોય, તે જાતથી તેનામાં ઉપજેલા તેના સર્વ દુર્ગુણો મટી જાય; અને જે કુળમાં તે જનમ્યો હોય તે કુળથી તેનામાં ઉપજેલા સર્વ દુર્ગુણો મટી જાય.

(૨૯૯)

**સબ કછુ ગુરૂ પાસ હય, પાઇયે અપને ભાગ;**
**સેવક મન સોંપી રહે, નિશદિન ચરણે લાગ.**

તું જે માંગે તે ગુરૂ આપી શકે તેવું છે; માટે તારાં નસીબમાં જેટલું હોય તેટલું તેની પાસેથી મેળવી લે, તારૂં મન ગુરૂનાં મનથી જુદું અને સ્વતંત્ર રાખ; ગુરૂ જે ચાહે તેજ તારૂં ચાહ્યું પણ હોય તેમ કર; અને રાત દહાડો તેને પગે લાગ્યા કર.

(૩૦૦)

**ગુરૂ ગુંગા ગુરૂ બાવરા, ગુરૂ દેવનકા દેવ;**
**જો તું શિષ્ય શ્યાનાં, તો કર ગુરૂકી સેવ.**

ગુરૂ મુંગો હોય કે બોલતો હોય, ચટપટિયો હોય, કે ધીરો હોય, ગરીબ હોય કે મોટાઓમાં મોટો હોય, ને ગુરૂ કાંઇ પણ અનુકુળ કે બિનઅનુકુળ

સ્થિતિમાં હોય, તે બહારની સ્થિતિ ઉપર તારે નજર રાખવીજ નહિ; તું જો ડાહયો ચેલો હોય, તો ગુરૂ ગમે તે બાહેરની બિનઅનુકુળ સ્થિતિમાં હોય, તો પણ તેની સેવા સારી રીતે કરજે.

( ૩૦૧ )

**શબ્દ બિચારી જો ચલે, ગુરૂ મુખ હોય નેહાલ;**
**કામ ક્રોધ બ્યાપે નહિ, કબ ન ગ્રાસે કાલ.**

ગુરૂનાં મુખમાંથી જે શબ્દ (શિક્ષણ તરીકે) મળ્યો હોય તે પ્રમાણે વિચાર કરીને જે ચાલે તે પાર પડી જાય, તેને કામ એટલે ઇંદ્રિઓના વિષયો ભોગવવાની ઇચ્છાઓ, ક્રોધ ઇત્યાદી જુસ્સાઓ ઉપજે નહિ, અને દેહ છોડતી વેળા તેને જમ લઇ જાયજ નહિ.

( ૩૦૨ )

**ગુરૂ મહિમા ગાવત સદા, મન અતી રાખી મોદ;**
**સો ભવ ફિર આવે નહિ, બેઠ પ્રભૂકી ગોદ.**

મનમાં ઘણું હેત રાખી જે પોતાના ગુરૂનાં ગુણ હંમેશાં ગાયા કરે, તેને પૂનર્જન્મ નથી. તે ઇશ્વરની નજીક હંમેશાં રેહેશે.

( ૩૦૩ )

**સંશય ખાયા સકળ જુગ, સંશય કોઇ ન ખાય;**
**જે બેધ્યા ગુરૂ અક્ષરા, સંશય ચુંન ચુંન ખાય.**

સંશયો સદાકાળ સર્વને આગળ વધતાં અટકાવે છે ને તેઓને કોઇ દુબાવી શકતું નથી. પણ ગુરૂએ આપેલું મંત્ર જેણે જપી જપીને સિધ્ધ કીધું હોય, તેને કોઇ પણ પ્રકારના સંશય રેહતા નથી.

( ૩૦૪ )

**પુરા સદ્‌ગુરૂ સેવતાં, અંતર પ્રગટે આપ;**
**મનસા બચા કર્મણા, મિટે જનમ કે તાપ.**

મહાજ્ઞાની સદ્‌ગુરૂની સેવા કરતાં કરતાં તારાં અંતરમાં પરમાત્મા પ્રગટ થઇ જશે, અને તારા વિચાર, વાચા, ને કાર્યોથી થયેલાં જન્મો જન્મનાં પાપો ને દુઃખો મટી જશે.

(૩૦૫)

**ગુરૂ ગોવિંદ એક હય, દુજા હય ઓંઃકાર;**
**આપા મેટ જીવત મરે, તબ પાવે દિદાર.**

ગુરૂ અને ઇશ્વર એકજ છે. ગુરૂની ભકિત કરવી તે ઇશ્વરનીજ ભકિત કીધી ગણાય, પ્રણવ જપવો, દેહ ભાંન ખોહવું, ને જીવતાં જીવત મરવું, એટલું બજાવશો તો સાક્ષાત પરમાત્માનાં દર્શન થશેજ.

(૩૦૬)

**જમ દ્વારે જમદૂત મિલે, કરતે ખેંચાં તાંન;**
**ઉનસે કબુ ન છુટતે, ફિરતો ચારો ખાંન.**

ગયા ભવમાં તું મરવા પડતો હતો, ત્યારે તને જમના દુતો ખેંચી તાણીને લઇ જતા હતા, ને તેઓનાં હાથમાંથી તું છુટી શકતો નહિ હતો. તેઓ તને પકડી લઇ જતા હતા ને પછી કોઇ વાર તું માણસ થઇ, ને કોઇ વાર કોઇ પશુ પક્ષી થઇ, વળી કોઇ વાર તો તું કોઇ વનસ્પતી સ્વરૂપ, ને કોઇ વાર તો તું કોઇ ધાતુ રૂપ પકડીને પાછો આ દુનિયામાં અવતરતો હતો. એમ આ જન્મની અગાઉના જન્મોમાં આ ચાર જાતની દેહોમાં તું ભટકયા કરતો હતો.

(૩૦૭)

**ચાર ખાંનમે ભરમતે, કબૂ ન લેતે પાર;**
**સો તોકો ફેરા મિટા, સદ્ગુરૂકા ઉપકાર.**

ચાર જાતની દેહોમાં તું ભટકયા કરતો હતો, ને તારાં ભટકવાનો કાંઇ છેડો દેખાતો નહિ હતો. પણ હવે તારૂં ભટકવાનું ગયું છે, સદ્ગુરૂએ તને *પૂનરજન્મમાંથી ઉગાર્યો છે, ને એ તેનો તારા ઉપર મોટો ઉપકાર થયો છે.*

( ૩૦૮ )

**જ્ઞાન પ્રકાશી ગુરૂ મિલા, સો બિસર મત જાય;**
**જબ ગોવિંદ કૃપા કરી, તબ ગુરૂ મિલ્યા આય.**

જ્યારે ઇશ્વરે તારી ઉપર કૃપા કીધી ત્યારે તને ગુરૂ આવી મળ્યા, અને ગુરૂ મળવાથીજ તને જ્ઞાન મળ્યું તે તું વિસરી જઇશ નહિ અને તને જ્ઞાન મળ્યું ત્યારે અહંકાર કરી જ્ઞાન આપનાર (ગુરૂ) ને ભુલી જવો નહિ.

( ૩૦૯ )

**ભલા ભયા જો ગુરૂ મિલા, તીન તેં પાયા જ્ઞાન;**
**ઘટ હિ ભિત્તર ચૌતરા, ઔર ઘટ માંહિ દીવાંન.**

કબીર કહે છે સારૂં થયું કે મને ગુરૂ મળ્યા, કે તેમનાથી મને જ્ઞાન મળ્યું, અને તે જ્ઞાનથી મેં જોયું કે આ શરીરમાંજ ચૌતરો અને ઇશ્વરનું દિવાનખાનું છે ને પરમાત્મા આ શરીરના અંતરમાંજ રહેલા છે.

( ૩૧૦ )

**હોંશ ન રાખું મનમેં, ગુરૂ હય પ્રત્યક્ષ દેવ;**
**પ્રેમ સાથ મન લે મિલું, નિશદિન કરૂં સેવ.**

કબીર કહે છે કે, મારી સામે ઇશ્વર-સ્વરૂપ ગુરૂ છે એટલે હું દુનિયાંની બીજી કશી વસ્તુની હોંશ રાખતો નથી, મને ગુરૂ મળ્યા એટલે સારી દુનિયા મળી ગઇ, માટે હું તો પ્રેમપૂર્વક મારાં મનને તેઓ સાથ એકત્ર કરી રાત ને દિવસ તેમની સેવા કર્યા કરૂં છું.

( ૩૧૧ )

**ગુરૂ સેવા જન બંદગી, હરિ સુમરન બૈરાગ;**
**એ ચારો જબ મિલે, પુરન હોવે ભાગ.**

ગુરૂ સેવા, લોકહિત યાને પરોપકાર કરવો, ઇશ્વરનાં નામની જપ કર્યા કરવી, અને વૈરાગ આવવો એટલે ઇંદ્રિઓનાં વિષયો ભોગવવાની ઇચ્છાઓ

અને વિચારોનું મનમાંથી જતું રહેવું, તેઓ ખોટાં છે એવો અભાવ થવો, એ બધું માણસ જ્યારે પુરો ભાગ્યશાળી થાય, ત્યારેજ થઇ શકે છે.

( ૩૧૨ )

**ગુરૂ લાગા તબ જાનીયે, મિટે મોહ તન તાપ;**
**હરખ શોકે દાઝે નહિ, તબ હર આપો આપ.**

ઇંદ્રિઓને મન ગમતી વસ્તુઓ ઉપર ઝીપલાવવાની ટેવ જતી રહે ત્યારેજ ગુરૂની ભેટ થઇ છે એમ સમજવું; અને જ્યારે હરખ અને શોક બન્ને ચાલ્યાં જાય, એટલે સુખ અને દુઃખ બન્ને વેળાએ મન એક સરખી સ્થિતિમાં રહી શાંત થાય ત્યારે તને આપમેળે ઇશ્વરની મુલાકાત થઇ જશે અથવા તું પોતે ઇશ્વર સ્વરૂપ થઇ જશે.

( ૩૧૩ )

**કાન ફુકા ગુરૂ હદકા, બેહદકા ગુરૂ નાહિ;**
**બેહદકા સદ્ગુરૂ હય, સોચ કરો મન માંહિ.**

ચેલાને કાન આગળ આવી ધીમેથી એક મંત્ર જે ગુરૂ શિખવે છે, તે આકારવાળા ઇશ્વરની મુલાકાત કરાવનારો ગુરૂ છે, તે **નિરાકાર** ઇશ્વરની મુલાકાત કરાવી શકતો નથી, ને તે સદ્ગુરૂ કેહેવાય નહીં; જે સદ્ગુરૂ કેહેવાય તે તો **નિરાકાર** ઇશ્વરનીજ મુલાકાત કરાવે એ સર્વેએ યાદ રાખવું.

( ૩૧૪ )

**ગુરૂ લોભી શિષ્ય લાલચી, દોનો ખેલે દાવ;**
**દોનો બુડે બાપડે, બેઠ પથ્થરકી નાવ.**

ગુરૂ અયોગ્ય ને શિષ્ય અયોગ્ય; ગુરૂ પૈસાનો લોભી ને શિષ્ય ઇશ્વરનો લોભી. પછી બન્ને એક બીજાને ભોળવવા જાય, તે પથ્થરની હોડીમાં બેસવાથી જેમ ડુબી જાય, તેમ નાશ પામી જાય.

(૩૧૫)

**જાકા ગુરૂ હય લાલચી, દયા નહિ શિષ્ય માંહિ;**
**એ દોનોકુ ભેજીયે, ઉજાજડ કુવા માંહિ.**

ગુરૂ પૈસાનો લોભી હોય, ને શિષ્ય જીવો ઉપર દયા રાખનારો નહિ હોય, તો ઇશ્વરની મુલાકાતની આશાજ નહિ. એવા બન્ને અયોગ્ય ગુરૂ ચેલાને કોઇ ઉજ્જડ જગ્યામાં આવેલા કુવામાં નાંખો, (કે જ્યાં તેઓને કોઇ બહાર કહાડનારો માણસ મળે નહિ.)

(૩૧૬)

**ગુરૂ ગુરૂ સબ કહા કરો, ગુરૂહિ ગુરમે ભાવ;**
**સો ગુરૂ કાહે કિજીયે, જો નહિ બતાવે દાવ?**

અરે લોકો! તમે જેઓને "ગુરૂ ગુરૂ" કરીને કહો છો, તેઓનું મન જે દુનિયાંની મોજ-મજાહમાં લાગેલું હોય છે, તેઓને કાંઇ ઇશ્વરની મુલાકાત કરાવતાં આવડતી નથી; ત્યારે એવા ગુરૂ શા માટે કરો છો?

(૩૧૭)

**અંધે સો અંધે મિલા, છુટે કોન ઉપાય,**
**સંગત કરીયે નિર્બંધકી, પળમે દિયે છુટાય.**

જેવો તું કર્મનાં બંધનથી બંધાઇ ગયો છે, તેવોજ બંધાયલો ગુરૂ મળ્યો, તો પછી તારો છુટવાનો શું ઉપાય? તું એવાની સંગત કર યાને એવો ગુરૂ કર કે તને તત્કાળ છોડવી દે.

(૩૧૮)

**પુરાહિ સદ્ગુરૂ ના મિલા, રહા અધુરા શિખ;**
**સ્વાંગ જતિકા પેહેરકે, ઘર ઘર માંગે ભિખ.**

પુરો પાકો ગુરૂ નહિ મળ્યો, ને ચેલો અધુરો રહયો તેથીજ તે જોગી સન્યાસીનો વેશ લઇને ઘરેઘર ભીખ માંગે છે.

(૩૧૯)

**સદ્ગુરૂ ઐસા કિજીયે, તત્ દિખાવે સાર;**
**પાર ઉતારે પલકમે, દર્પન દે દાતાર.**

માટે તું ગુરૂ એવો કર કે જે સહેલાઇથી ઇશ્વરનાં દર્શન કરાવી એક ઘડીમાં તને પાર ઉતારે, જેમ કે તેણે તને આરસી આપી અને તેં તેમાં ઇશ્વરને જોયો.

(૩૨૦)

**કબીર! ગુરૂ ગરવા મિલા, રલ ગયા આટા લોન;**
**જાત પાત કુલ મિટ ગઇ, તબ નામ ધરેંગે કોન?**

મને ગુરૂ એવા અસીલ મળ્યા, કે મને ખાવા, પીવાનું આઇતું મળ્યું; અને તેઓનાં શિક્ષણનાં પરીણામે મારી જાત ભાત ને કુટુંબ કબીલાને લગતી નિશાનીઓ જતી રહી; તેથી મારી નિન્દા કરનારો કોઇ રહયો નથી.

(૩૨૧)

**સદ્ગુરૂ સાચા સુરવા, જ્યું તાતે લોહ લુવાર;**
**કસની દે નિર્મળ કિયા, તાપ લિયા તત્સાર.**

સદ્ગુરૂ એવા તો શુરા ને શકિતવાન છે, કે જેમ લુહાર લોખંડને તપાવે છે, તેમ મને તેઓએ કસીને ચોખ્ખો કરી નાખ્યો છે, અને મારાં દુઃખોને જડ મૂળથી કાઢી નાખ્યાં છે.

(૩૨૨)

**સદ્ગુરૂ હમસે રીઝ કર, એક કહા પ્રસંગ;**
**બાદલ બહા પ્રેમકા, ભીંજ ગયા સબ અંગ.**

મારાથી ખુશી થઇ મારા ગુરૂએ મને એકવાર એવું શિક્ષણ આપ્યું કે જેથી ઇશ્વરનાં પ્રેમનું વાદળજ મારા ઉપર વરસી રહ્યું, અને મારૂં આખું અંગ ભીંજવાઇ ગયું યાને મારી ઉપર ઇશ્વરની કૃપા ઉતરી.

(૩૨૩)

**બલિહારી ગુરૂ આપકી, પલ પલમે કંઇ બાર;**
**પશુ ફેટ હરિજન કિયે, કરત ન લાગી વાર.**

ઓ ગુરૂ, તમારી બલીહારી છે, તમારી મોટાઇની કાંઇ હદ નથી, કે એક પળમાં કંઇએક વખત પશુ જેવા સ્વભાવનાં માણસોને તમોએ ભગત કરી નાખ્યા અને તેમ કરવાને તમને કાંઇ વખત લાગ્યો નહિ.

(૩૨૪)

**ગુરૂ પુંજાવે સંતકો, સંત કહે ગુરૂ પુંજ;**
**આમન સામન પુંજતાં, પડી અગમકી સુંજ.**

ગુરૂનું કેહેવું એ છે કે, સાધુસંતને પૂંજ અને સંતો કહે છે, કે તું ગુરૂની સેવા કર, એમ આમન સામન પૂજતાં, ઇશ્વર ભેદ સર્વથી સમજી શકાતો નથી, તે (કબીર કહે છે કે) મને નજરે પડી ગયો અને ઇશ્વરી રહસ્ય સમજ પડી ગયું, માટે તું સત્ સંગત કર.

## સત્સંગ વિષે.

(૩૨૫)

**કબીર કહે સો દિન બડો, જા દિન સાધ મિલાપ;**
**અંખ ભર ભર ભેટીયે, પાપ શરીરા જાય.**

કબીર કહે છે કે જે દિવસે તને કોઇ સાધુસંતનાં દર્શન અથવા મુલાકાત થાય, તે દિવસને તારો ભાગ્યશાળી અને મોટો દિવસ ગણજે, અને તેને હરખભેર ભેટજે, જેથી તારાં (શરીરનાં) પાપો ધોવાઇ જશે.

(૩૨૬)

**સાધ મિલે સાહેબ મિલે, અંતર રહી ના રેખ;**
**મનસા બાચા કર્મણા, સાધુ સાહેબ એક.**

સાચ્ચા સાધુ પુરૂષ મળ્યા તો ઇશ્વરજ મળ્યા બરાબર છે, કારણ કે ઇશ્વર અને સાધુમાં કંઇ પણ ફરક હોતો નથી. મનથી, વાણીથી, અને કાર્યથી સાધુ પુરૂષો, ઇશ્વર સાથે મળી ગયલાજ હોય છે; ઇશ્વરની જે મરજી હોય તેજ મરજી સાધુઓની હોય છે, યાને કુળ જગતની પેદાયશને સુખ આપવાનું કામ તેઓ કરે છે જેથી તેઓ ઇશ્વર સાથે એક થઇ ગયલા હોય છે.

(૩૨૭)

**સંત સમાગમ પરમસુખ, આંન અલ્પ સુખ કછુ ઓર;**
**માન સરોવર હંસ હય, બગલા ઠોરે ઠોર.**

એવા સાધુ પુરૂષનાં સમાગમથી પરમસુખ યાને સર્વથી ઉત્તમ સુખ મળે છે, જે સુખની પાસેં, બીજાં દુનિયવી સુખો કંઇ બિસાદમાં નથી; દાખલા

તરીકે ખરો હંશ પક્ષી માન સરોવરમાંજ મળે છે, બાકી બીજે ઠેકાણે દેખાય છે તે તો બગલા (પક્ષીઓ) જ હોય છે, તેમ સૌથી ઉંચ પ્રકારનું સુખ સત્સંગમાંજ મળે છે.

(૩૨૮)

**ચંદન જૈસા સંત હય, સર્પ જૈસા સંસાર;**
**અંગહિસે લપટા રહે, પર છાંડે નહિ બિકાર.**

સાધુપુરૂષો સુખડનાં ઝાડ જેવા છે, અને આ સંસાર એક સર્પ સમાન છે; સર્પને જ્યારે પોતાનાં ઝેહેરની અગન ઘણીજ બળે છે, ત્યારે તે સુખડનાં ઝાડ સાથે લપટાઇને બેસે છે, જેથી તેને થોડીક ઠંડક મળે છે, તેમ માણસને આ સંસારની લાગેલી આગ યાને માયાનું ખેંચતાંણ જ્યારે કોઇ સાધુસંતની પાસે તે બેસે છે, ત્યારે તેટલો વાર ઓછું થાય છે, તેથી સાધુ પુરૂષોને સુખડનાં ઝાડ જેવાં ઠંડક આપનાર કહ્યા છે, અને સંસારને સર્પ જેવો ઝેહરી કહયો છે.

(૩૨૯)

**સંત મિલે સુખ ઉપજે, દુષ્ટ મિલે દુઃખ હોય;**
**સેવા કિજે સંતકી, તો જનમ્ કૃતાર્થ સોય.**

સાધુપુરૂષોને મળવાથી સુખ ઉપજે છે, અને દુષ્ટ માણસોની સંગત કરવાથી દુઃખ ઉત્પન્ન થાય છે, માટે હું કબીર કહું છું કે, તું સાધુ પુરૂષોનીજ સંગત કર, જેથી તારા જન્મનું સાર્થક થશે.

(૩૩૦)

**મિઠી વેહેરી સંતકી, જામેં શીર અપાર;**
**હરિ રસ જહાં ખુંટે નહિ, પિવે વારમવાર.**

સંત પુરૂષ એક એવો મિઠો કુવો છે કે જેમાં પાર વિનાનું દુધ ભરેલું હોય છે, અને તેમાં હરિરશ એટલો તો ભરપૂર છે કે ગમે એટલો પીવા છતાં તે કદી પણ ખુટતો નથી. અર્થાત–સાધુપુરૂષોએ પોતાની જીંદગી સત્યને માર્ગે દોરવી, ઇશ્વરી જ્ઞાન મેળવ્યું હોય છે, જેથી તેઓ આપણા પોતા વિષે, કુળ જગત વિષે અને ઇશ્વર વિષે સમજાવી આપણાં મનનું સમાધાન કરી શકે છે.

(૩૩૧)

**હરિજન આવત દેખકે, ઉઠકે મિલિયે ધાય;**
**ન જાનું ઇસ વેશમે, નારાયણ મિલ જાય.**

એવા હરિજન એટલે જેનું દિલ ઇશ્વરપર લાગેલું હોય તેવા પુરૂષને આવતાં જોઇને, તું તરત ઉઠી દોડતો જઇ તેને ભેટજે; કારણ કે આપણે જાણતા નથી ઇશ્વર આપણને કયા વેશમાં મળશે અને તે સાધુ પુરૂષના વેશમાં કદાચ ઇશ્વરજ કાં નહિ હોય?

(૩૩૨)

**હરિજન મિલે તો હરિ મિલે, મન પાય બિશ્વાસ;**
**હરિજન હરિકા રૂપ હય, જ્યું ફુલનમે બાસ.**

હરિજન મળ્યા તો ઇશ્વરજ મળ્યા બરાબર છે, ને ત્યારેજ માણસનાં મનનું સમાધાન થાય છે; જેમ ફૂલમાં સુગંધ છુપાઇ રહેલી છે, અને ફૂળ માત્ર તે સુગંધ રાખનારો આકાર છે, તેમ હરિજન ઇશ્વરને રાખનારો એક આકાર છે, એટલે માણસરૂપે તે ઇશ્વરજ છે.

(૩૩૩)

**સંત મિલે તબ હરિ મિલે, કહિયે આદ ઔર અંત;**
**જો સંતનકો પર હરે, સો સદા તજે ભગવંત.**

એવો સંત પુરૂષ મળે ત્યારે ઇશ્વરજ મળ્યા, એમ જાણી તેની આગળ તારી આદીથી તે અંત સુધીની વાતો કરજે, કે તે તારી મુશકેલીઓ ટાળવાનો રસ્તો દેખાડે! પણ જો તું સાધુપુરૂષથી દુર રહેશે તો ઇશ્વરથી તું હંમેશાં દુર રહેવાનો! કારણ (ઇશ્વરને પુગેલા) સાધુને તજવો તે ઇશ્વરને તજ્યા બરાબર છે.

(૩૩૪)

**દર્શન પરસન સંતકા, કરતન કિજે સંગ;**
**જયું ઉદ્યમ ત્યું લાભ હુયે, જયું આળસ ત્યું હાન.**

સાધુ સંતનાં દર્શન અને આગતા સ્વાગતા કરવા તું હંમેશાં તત્પર રહેજે; કારણ કે તેમાં તું જેટલો ઉમંગ અને શ્રમ લેશે એટલો લાભ તનેજ થશે; પણ એથી ઉલટું, જેટલી આળસ કરશે એટલું નુકશાન તને થશે.

(૩૩૫)

**એક ઘડી આધી ઘડી, આધી ઉનમેં આધ;**
**સંગત કરિયે સંતકી, તો કટે ક્રોડ અપરાધ.**

દરરોજ એક પળ કે અરધી પળ અથવા પળનો થોડોક ભાગ પણ જો સત્સંગમાં જાય તો તારાં કરોડો કર્મો યાને પાપો કપાતાં જશે.

આ કહેવું પહેલી નજરે જોનારને કદાચ અજાયબ જેવું લાગશે, કે માત્ર એક પળવારની સત્સંગથી એટલાં બધાં પાપો તે કેમ નાશ થતાં હશે? પણ આજની પશ્ચિમ તરફની વૈદક વિદ્યાએ અનુમાન કીધું છે કે, માણસનું શરીર તેમજ બીજી બધી વસ્તુઓ, જાનવર, ઝાડપાન, ખનિજ વગેરે પોતામાંથી દરેક પળે ઝીણી રજકણો બાહેર ફેંકે છે ને સામે બીજી રજકણો પોતામાં લે છે અને એ રીતે ચાલુ થતું રહી, દર સાત વરશે માણસનું શરીર તદન નવાંજ રજકણોનું બને છે. વળી સાયન્સની બીજી શોધો યાને "સાઇકોલોજી" એવું કહે છે કે માણસનું **મન** એક બીજા ઉપર અસર ઉપજાવે છે, પણ ગુપ્ત વિદ્યા તો એથી આગળ વધીને એમ કહે છે કે માણસિક શરીરનાં રજકણો બીજાં માણસિક શરીરમાં પણ જાય છે.

આ ઉપરથી કબીરજીનું કહેવું કાંઇક સમજી શકાય છે કે ભલાં માણસના સમાગમમાં આવ્યાથી આપણું **ખાકી** શરીર પવિત્ર થાય છે, એટલુંજ નહિં પણ આપણું **ઇચ્છા** શરીર, તેમજ માનસિક શરીર પણ પવિત્ર થવા માંડે છે,

અને એ રીતે જો ચાલુ સમાગમ રહે તો માણસ પૂર્ણ પવિત્ર થઇ જાય. સોક્રેતીસ જે પ્લેટોનો ચેલો હતો, તે ઉપલાં મતને ટેકો આપી કહે છે કે,

"Master! believe me, when I say, that I made some progress when I was near you; when I was in the same house with you, I made a greater progress, but when I sat near you and touched you, I made the greatest efficiency."

( ૩૩૬ )

**સાધુ નદી જલ પ્રેમરસ, તહાં પછાડો અંગ;**
**કહે કબીર નિર્મળ ભયેં, સાધુ જનકે સંગ.**

સાધુ પુરૂષ એક નદી જેવો છે, જેનું પાણી, તે ઇશ્વરી પ્રેમરસ છે, તે પાણીમાં તારૂં અંગ ધો, એટલે તું પવિત્ર થશે.

( ૩૩૭ )

**જા પળ દર્શન સંતકા, તા પળકિ બલિહાર;**
**સત્‌નામ રસના બસેં, લિજૈ જન્મ સુધાર.**

જે પળે તને સંતપુરૂષનાં દર્શન થાય તે પળને, તારી ભાગ્યવંત પળ લેખજે; કારણ કે તે વખતે, તારી જીભ ઉપર ઇશ્વરનું નામ આવશે અને તેથી તારો જન્મ સુધરી જશે.

( ૩૩૮ )

**દર્શન કરના સંતકા, દિનમેં કૈઇક બાર;**
**ચોમાસાકા મેઘ જ્યું, બહોત કરે ઉપકાર.**

સાધુસંતનાં દર્શન, દિવસોમાં ગમે એટલીવાર કર્યા કરો; કારણ જેમ ચોમાસાનો વરસાદ, પાણી વરસાવી જમીનમાં અન્ન વનસપતિ ફળ ફળાદી ઉગાડી, આપણી ઉપર ભારે ઉપકાર કરે છે, તેમ સાધુ પુરૂષો આપણને (ઇશ્વરનો) રસ્તો દેખડાવે છે, એટલે તેઓ મોટા ઉપકાર કરનારા ગણાય છે.

( ૩૩૯ )

**જીવન જોબન રાજમદ, અવિચલ રહા ન કોય;**
**જા દિન જાય સતસંગમે, જીવનકા ફળ સોય.**

જીંદગી, જુવાની, અને મોટાઇ (રાજા તરીકે, યા એક કરોડપતી તરીકેની પણ બાહેરની મોટાઇ) એ સઘળાં હંમેશાં રેહવાનાં નથી, પણ જે દિવસ સત્સંગમાં જાય, અને તેનો લાભ આપણને મળે, તે દિવસજ આપણો જીવ્યો પ્રમાણ છે, યાને તે મતા આપણી હંમેશની થઇ રહેશે.

( ૩૪૦ )

**રામ મિલનકે કારને, મોં મન ખડા ઉદાસ;**
**સત સંગતમેં શોધ લે, રામ ઉનોકે પાસ.**

કબીર કહે છે કે:—પરમાત્માને મળવા માટે મારૂં મન ઉદાસ રહેતું હતું, પણ મેં સત્સંગ કીધો, ત્યારે મને પરમેશ્વર મળ્યા, માટે તું ઇશ્વરને શોધવા માંગતો હોય તો સત્સંગ કર.

( ૩૪૧ )

**પરબત પરબત મેં ફિરા, કારન અપને રામ;**
**રામ સરિખા જન મિલા, તિને સરિયા કામ.**

પરમેશ્વરને શોધવા હું પહાડે પહાડ ફર્યો, ને બધે રખડયો, પણ જ્યારે મને ઇશ્વરને પિછાણનારો સાધુ પુરૂષ મળ્યો, ત્યારેજ મને તેનો ભેદ માલમ પડયો, ત્યારેજ મારૂં કામ સફળ થયું ને મને પરમાત્માનાં દર્શન થયાં.

( ૩૪૨ )

**કરિયે નિત સત સંગકુ, બાધા સકળ મિટાય;**
**એસા અવસર ના મિલા, દુર્લભ નર તન પાય.**

માટે તું નિત્ય સત્સંગ કર્યા કર, કે સાધુપુરૂષો બધાં બંધનો દુર કરવાનો રસ્તો દેખાડશે. જેમ મનુષ્ય જાતિનાં અવતારમાં નરનો દેહ ઘણો ઉત્તમ, પણ મળવો કઠણ હોય છે, તેમ સાધુપુરૂષની સંગત પણ મળવી કઠણ હોય છે; તેથી તું સાધુસંતને મળવાની તક શોધતો રહે.

( ૩૪૩ )

**શરણે રાખો સાંઇયાં, પુરો મનકી આસ;**
**ઓર ન મેરે ચાહિયે, સંત મિલનકી પ્યાસ.**

કબીરજી કહે છે કે, ઓ ઇશ્વર તું મને તારા આશરા હેઠળ રાખ, અને મને સાધુપુરૂષો મળ્યા કરતા રહે, જેથી મારાં મનની આશાઓ પૂરી પડે, એ સિવાય બીજું કાંઇ હું માંગતો નથી.

( ૩૪૪ )

**કલ્યુગમે એક નામ હય, દુજા સરૂપ હય સંત;**
**સાચે મનસે સેવિયે, તો મિટે કરમ અનંત.**

આ કલિયુગમાં, કર્મનાં બંધણમાંથી છુટવા માટે માત્ર બેજ રસ્તા છે, યાને બેજ સાંધન થઇ શકે તેવાં છે, બાકીનાં બધાં લગભગ અશકય છે. પહેલ્લું સાધન, **નિરંતર નામ સ્મરણ;** બીજું સાધન સાધુઓનો સંગ. પાકો ભરોસો રાખીને એ બે સાધન ચાલુ રાખીશું, તો ફરી ફરીને જન્મ-મરણ આપનારાં ગમે એટલાં કર્મ હશે, તો પણ તે બધાં મટી જશે.

( ૩૪૫ )

**મથુરા ભાવે દ્વારકા, ભાવે જા જગન્નાથ;**
**સંત સંગત હરિ-ભકિત બિના, કછુ ન આયે હાથ.**

મથુરા જા, દ્વારકાં જા, યા તારી મરજી પડે તો જગન્નાથજીનાં દર્શને જા, પણ જ્યાં સુધી તને સત્ સંગ થશે નહિ, અને તારાં હૈયામાં પરમાત્મા વિષે ભકિતભાવ ઉપજે નહિ ત્યાંસુધી તારૂં કાંઇ સાર્થક થવાનું નથી.

( ૩૪૬ )

**સંત જહાં સુમરન સદા, આઠો પહોર અભૂલ;**
**ભર ભર પિવે રામરસ, પ્રેમ પિલાયા ફૂલ.**

જ્યાં સાધુ પુરૂષ છે ત્યાં ઇશ્વરનું સ્મરણ ચાલુ હોય છે, દિવસનાં આઠ પોહોરમાં તે નામ જરાએ ભુલાતું નથી; ત્યાં ઇશ્વરી રસ ભરપૂર પિવાય છે અને પ્રેમનું પ્યાલું ભરાયલુંજ રહે છે. અર્થાત-સાધુસંતની સંગતમાં રહેવાથી, સાધરણ માણસને ઇશ્વર ઉપર ભકિતભાવ ઉપજ્યા કરે છે.

( ૩૪૭ )

**ફુટા મન બહલાય દે, સાધુ બડે સોનાર;**
**તુટી હોવે રામસે, ફેર સંધાવન હાર.**

જેમ સોનાર એ ભાંગેલી જણસને સાંધી પાછી આખી કરે છે, તેમ જે માણસોનું મન પરમાત્માપરથી ઉઠી ગયું હોય, અને દુનિયાની વસ્તુઓપરજ લાગેલું હોય, તેને સાધુ પુરૂષો પાછું ઇશ્વર સાથે જોડી એક કરી આપે છે, યાને માણસનાં નિચલાં ભાનનું ખોટારૂં દેખડાવી, તેને ઉંચ ભાંન તરફ લઇ જાય છે.

( ૩૪૮ )

**ઇષ્ટ મિલે મન મિલે, મિલે સકળ રસ રીતી;**
**કહે કબીર તહાં જાઇએ, યેહ સંતનકી પ્રિતી.**

મનને પસંદ પડતી વસ્તુઓ મળે, તો મન તેમાં લાગી જાય, અને મન લાગી ગયાથી, બધી બાબદોનો ભેદ મળી જાય છે; માટે હું કબીર કહું છું કે સાધુ પુરૂષો જે આપણાં મનને ઇશ્વર પર લગાડનારા છે તેઓ પાસે તું જરૂર જજે.

( ૩૪૯ )

**કથા કિરતન કરનકી, જાકે નિશદિન રીતી;**
**કહે કબીર વા દાસસોં, નિશ્ચય કીજે પ્રિતી.**

જેઓ રાત ને દિવસ, ઇશ્વરની વાતો, અને ભજનો કર્યા કરે, તેઓની પાસે તું જરૂર જજે, ને તેમનો સંત્સંગ કરજે.

( ૩૫૦ )

**કથા કિરતન રાત દિન, જાકે ઉદ્યમ યેહ;**
**કહે કબીર તા સાધકે, ચરણ કમલકી ખેહ.**

જેઓનો ધંધોજ એ, કે રાત્રે દિવસે માત્ર પરમાત્માનીજ વાતો અને ભજનો કરવાં, તેવા સાધુ પુરૂષના કમળ ફૂલ જેવા પગોની રાખ પણ આપણને મળે તો સારૂં.

(૩૫૧)

**કથા કિરતન છાંડકે, કરે જો ઓર ઉપાય;**
**કહે કબીર તા સાધકે, પાસ કોઇ મત જાય.**

એથી ઉલટું, ઇશ્વરી સંવાદ અને ભજન છોડી જેઓ ભલતોજ માર્ગ લેતા હોય, તેઓ ખરા સાધુ પુરૂષ નથી, માટે તેઓની પાસે કદી જવું નહિ.

(૩૫૨)

**કામ કથા સુનિયે નહિ, સુનકે ઉપજે કામ;**
**કહે કબીર બિચારકે, બિસર જાય હરિ નામ.**

ઇશ્વરી સંવાદને બદલે, ઇંદ્રિઓના ભોગ ભોગવવાની વાતો થયા કરે, તે જરાએ સાંભળવી નહિ, કારણ કે તેથી હવસો ને જુસ્સાઓ ઉભરી આવશે, ને ઇશ્વરનું નામ ભુલી જવાશે.

(૩૫૩)

**કથા કિરતન સુનનકો, જો કોઇ કરે સ્નેહ;**
**કહે કબીર તા દાસકો, મુકિતમેં નહિ સંદેહ.**

ઇશ્વરી સંવાદની વાર્તા ને કિર્તન સાંભળવાને જેનું મન થાય, અને તે કરનારાઓની જે કોઇ સંગત કરે, તો હું કબીર કહું છું, કે તે માણસને મુકિત મળે, એમાં જરાએ સંદેહ નથી.

(૩૫૪)

**રાજ દ્વાર ન જાઇએ, જો કોટીક મિલે હેમ;**
**સુપચ ભગતકે જાઇએ, એ બિષ્ણુકા નેમ.**

ઘણુંએ સોનું યા જર જવાહેર મળતું હોય, તો પણ તું રાજ દરબારમાં ના જતો, પણ કોઇક ભોલા (પરમાત્માના) ભગત પાસે તું જરૂર જજે કારણ કે એ વિષ્ણુને મળવાનું ઠેકાણું છે, યાને ઇશ્વરને મળવાનો એ એક માર્ગ છે.

(૩૫૫)

**સંગત કિજે સાધકી, જયું ગાંધીકે પાસ;**
**ગાંધી કછું લે દે નહિ, તોઉ આવે વાસ સુવાસ.**

ગાંધીને ત્યાં બેઠા હોઇએ, ત્યારે ગાંધી કાંઇ આપણને આપતો નથી, છતાં તેની દુકાનમાંનાં અત્તરની વાસ આપણને મળ્યા કરે છે, તેમ સાધુપુરૂષો આપણને કાંઇ વસ્તુ કે પૈસો આપતા નથી, છતાં માત્ર તેમની પાસે બેસવાથી, તેમના નેક વિચારો, ને લાગણીઓ આપણામાં આવે છે, જેથી આપણને ભારે ફાયદો થાય છે.

(૩૫૬)

**સંગત કિજે સાધકી, સાહેબ કિજે યાદ;**
**સુકૃતકિ વાહિ ઘડી, બાકી દિન બરબાદ.**

માટે તું સાધુપુરૂની સંગત કર, ને પરમેશ્વરને યાદ કર્યા કર; એ બે કાર્યમાં જે વખત પસાર થાય, તેજ ખરૂં શુભ કાર્ય કીધેલું કહેવાય, બાકી બીજાં બધાં કામોમાં ગયેલો વખત ફોકટજ છે.

(૩૫૭)

**સંગત કિજે સંતકી, કદી ના નિર્ફળ હોય;**
**લોહા પારસ પરસતે, શોભી કંચન હોય.**

સાધુસંતની સંગત કદીયે ફળ વિનાની હોતી નથી; જેમ લોઢાંને પારસના પથ્થર આગળ ધરતાં, તે બદલાઇને સોનું થઇ જાય છે, તેમ સત્સંગ કરવાથી ગમે એવો દુષ્ટ માણસ પણ સુધરી જઇ, પવિત્ર બને છે.

(૩૫૮)

**સંગત કિજે સાધકી, કદી ના નિર્ફળ હોય;**
**ચંદન હોસી બાવલા, લીંબ કહે ના કોય.**

સાધુપુરૂષની સંગત કદીપણ નિરર્થક જવાની નથી; તું બાવલનાં ઝાડ જેવો કાંટાવાળો યાને દુર્ગુણી હશે, તોએ સુખડ જેવો સુવાસી (ભલો) થઇ જશે, અને તને કોઇ લિંબનાં ઝાડ જેવો કડવો કહેશે નહિ.

(૩૫૯)

**સંગત કિજે સંતકી, હરે સબકી બ્યાધ;**
**ઓછી સંગત નિચકી, આઠો પહોર ઉપાધ.**

સાધુપુરૂષો સર્વનાં દુ:ખોનું નિવારણ કરે છે, માટે તેઓની સંગત જરૂર કરવી; કંઈ પણ હલકા માણસોની સંગત કરવી નહિ, કારણ કે દીવસના આઠો પહોર યાને હંમેશાં તેઓ મોજમજાહ ને ખાવાપીવાનીજ વાતો કર્યાં કરે છે, જેથી માણસને કાંઇ ખરો લાભ થતો નથી, પણ દુ:ખજ આવ્યા કરે છે.

(૩૬૦)

**સો દિન ગયા અકાજમેં, સંગત ભઈ ના સંત;**
**પ્રેમ બિના પશુ જીવના, ભાવ બિના ભટકંત.**

જીંદગીના દિવસો દુનિયવી કારભારમાંજ રોકયલા રહે, અને સાધુસંતની સંગત નહિ થાય, તો દિવસો ફોકટમાંજ ગુમાવ્યા, ને જીવવું પશુ સમાનજ ગણાય, અને તેઓ કાંઇ પણ રૂડી નેમ વિના અહિં તહિં ભટકતા ફરે છે. અર્થાત–માણસને ઇશ્વર તરફ પ્રેમ ન થાય અને એ ઉંચ નેમ માટે તેનાં મનમાં વિચાર ન હોય તો પછી માણસ અને પશુમાં શું ફરક?

(૩૬૧)

**સંત મિલે તબ હરિ મિલે, યું સુખ મિલે ન કોય;**
**દર્શન તે દુરમન કરે, મન અતી નિર્મળ હોય.**

સંતપુરૂષ મળે તેનાં જેવું બીજું એકે સુખ નથી; સાધુપુરૂષ મળે તેને ઇશ્વરજ મળ્યા; માત્ર તેનાં દર્શન કરવાથીજ તારી મતી સુધરશે ને તારૂં મન ઘણું પવિત્ર થશે.

(૩૬૨)

**હરિ મિલા તબ જાનિયે, દર્શણ દેવે સંત;**
**મનસા બાચા કર્મના, મિટે કરમ અનન્ત.**

સંતપુરૂષનાં દર્શણ થાય ત્યારે જાણજો કે ઇશ્વર મળ્યા, અને ત્યારેજ મન, વાણી ને કાર્યો શુદ્ધ થશે, જેથી વિચારોથી થતાં, વાણીએ થતાં, અને

હાથે ને જીભે થતાં પાપો અટકશે, અને એ રીતે અગણીત પાપો નાશ પામી જશે.—(સાધુઓની ખુબી શું છે તે સાંભળો.)

(૩૬૩)

**પુષ્પમે જયું બાસ હયે, બ્યાપ રહા સબ માંહિ;**
**સન્તો સોહિ પાઇયે, ઔર કહું કછુ નાહિ.**

જેમ ફૂલમાં સુગંધ રહેલો છે અને તે સુગંધ સર્વત્ર પ્રસરી રહેલો હોય છે તેમ ઇશ્વર પણ સાધુપુરૂષોમાંજ સમાઇ રહેલા છે, બીજે ઠેકાણે નહિ.

(૩૬૪)

**દયા ગરીબી બંદગી, સમતા શિલ સ્વભાવ;**
**એ તે લક્ષણ સાધકે, કહે કબીર સદ્‌ભાવ.**

જેઓનાં હૈયાંમાં દયા, નમનતાઇ અને પરમાર્થ રહેલાં છે, જેઓનું મન દરેક સ્થિતિમાં એક સરખું શાંત રહે છે, તેઓજ પવિત્ર સાધુ પુરૂષ છે.

(૩૬૫)

**માન નહિ અપમાન નહિ, ઐસે શિતલ સંત;**
**ભાવસાગર ઉતર પડે, તોડે જમકે દંત.**

સાધુ સંતો એવા શાંત સ્વભાવના હોય છે કે તેઓને દુનિયવી લોકો માફક, માન કે અપમાન જેવું કશું હોતું નથી; તેઓ આ સંસારને પેલે પાર ગયલા હોય છે અને કાળના દાંતો તોડીને બેઠા છે યાને જન્મ-મરણથી મુકત થઇને રહેલા હોય છે.

(૩૬૬)

**આશા તજે માયા તજે, મોહ તજે અરૂ માન;**
**હરખ શોક નિંદા તજે, સો કહે કબીર સંત જાન.**

જેઓએ દુનિયવી વસ્તુઓની આશા કરવાનું મુકી દીધું છે અને માયા પર જીત મેળવી છે, જેઓનું અજ્ઞાનપણું જતું રહ્યું છે, અને જેઓનું "હુંપણું" નિકળી ગયું છે; જેઓને કોઇપણ વાતનો હરખ કે દલગીરી જેવું

કશુંએ હોતું નથી, અને જેઓ દરેક સ્થિતિ (સુખ યા દુ:ખ)માં સમાન પ્રકૃતિએ રહે છે, અને પોતાનાં મનનું સમતોળપણું જાળવી રાખે છે, અને જેઓ કોઇની પણ નિંદા કે ગીબત કરતા નથી, તેજ પવિત્ર સાધુપુરૂષ છે.

(૩૬૭)

**સંત સોઇ સહરાઇયે, જીને કનક કામિની ત્યાગ;**
**ઔર કછુ ઇચ્છા નહિ, નિશદિન રહે અનુરાગ.**

સંત પુરૂષ તેને કેહવો, કે જેણે પૈસા અને સ્ત્રીનો ખ્યાલ સમૂળગો તજ્યો હોય; જેને બીજી ઇચ્છાઓ હોય નહિ, પણ જેનું મન રાત ને દિવસ એક ચિત્તથી પરમાત્મા ઉપેરજ ચોંટેલું હોય.

(૩૬૮)

**હરિજન હારા હિ ભલા, જીત ન દે સંસાર;**
**હારા હરિ પેં જાયગા, જીતા જમકી લાર.**

કબીરનું કેહવું એ છે કે, જે પરમાત્માનો ભક્ત હોય, તે તો (આ સંસારમાં) હારેલોજ ભલો, કારણ કે આ સંસાર તેને જીવવા દેતો નથી, યાને દુનિયવી માલમતા યા માન અકરામ મેળવ્યાં ન હોય, તો કાંઇ ફીકર નહિ; જ્યારે સંસારમાં માણસને નિરાશી મળે છે ત્યારેજ તેનું મન પરમાત્મામાં પરોવાય છે અને ત્યારેજ તેને **માલેક** મળી શકે છે; પણ જો સંસારમાં તેની ફત્તેહ થઇ તો તે જમને સ્વાધીન જઇ—મરણ જીવનના ફેરામાંથી મુકત થવાનો નહિ.

(૩૬૯)

**સુખકે માથે સિલ પડો, હરિ હિરદેસે જાય;**
**બલિહારી આ દુઃખકી, પલ પલ રામ સંભળાય.**

(સંસારી) સુખો મળ્યાથી માણસના અંતઃકરણમાંથી ઇશ્વર દુર રહે છે, માટે તે સુખો ઉપર ઢાંકણ વળી જાય તો ભલું; માણસને તો દુઃખજ ભલું છે, કારણ કે ત્યારેજ તે પળેપળ પરમેશ્વરને યાદ કરે છે.

( ૩૭૦ )

**આપા ત્યાં અવગુણ અનન્ત, કહે સંત સબ કોય;**
**આપા તજ હરિકો ભજે, સંત કહાવે સોય.**

જ્યાં પોતાનું 'હું પણું'' રહેલું હોય છે, યાને જ્યાં પોતાનાજ સુખનો સ્વાર્થ રહેલો છે, ત્યાં અગણીત પ્રકારના અવગુણો હોય છે એ સર્વ સાધુ પુરૂષ જાણતો હોવાથી તે પોતાનાં 'હું પણાં'ને દાબી દે છે, અને દરેકનાં અંતરમાં પરમાત્મા છે એવું સમજી, બધાંને ઇશ્વર માફક એક સરખો ચાહે છે અને સુખ આપતો રહે છે, અને એવું કરે તેજ ખરો સાધુ પુરૂષ છે.

( ૩૭૧ )

**હરિજન અસા ચાહિયે, જૈસા ફોફલ ભંગ,**
**આપ કરાવે ટુકરા, ઓર પરમૂખ રાખે રંગ.**

સોપારી પોતાના ટુકડા કરાવી પારકાના મોહડાને લાલમ લાલ કરે છે યાને મજાહ આપે છે, તેમ પરમાત્માનો ખરો ભકત પારકાનું ભલું કરવાને પોતાનાં શરીરને કષ્ટ આપે છે અને તે પોતા માટે બિલકુલ દરકાર રાખતો નથી, પણ બીજાઓનું ભલુ કરવામાંજ રોકાયલો હોય છે.

( ૩૭૨ )

**તન તાપ જીનકો નહિ, ન માયા મોહ સંતાપ;**
**હરખ શોક આશા નહિ, સો હરિજન હર આપ.**

જેઓને પોતાનાં શરીરનાં સુખ દુ:ખનો વિચાર રહ્યો નથી, જેઓનું અજ્ઞાનપણું દુર થઇ, દુનિયાની માયાનું ખેંચતાણ જતું રહ્યું છે, તેઓને કોઇ પણ પ્રકારનો સંતાપ રહેલો નથી; ટુંકમાં કોઇ પણ પ્રકારની મોજ કે નિરાશા જેવું કશુંએ નથી, પણ જેઓ નિરંતર સમાન સ્થિતિમાં રહે છે, તેઓ પોતેજ ઇશ્વર સ્વરૂપ થઇ ગયલા હોય છે.

( ૩૭૩ )

**સંતનકે મન ભય રહે, ભય ધર કરે બિચાર;**
**નિશદિન નામ જપવો કરે, બિસરત નહિ લગાર.**

તેઓ (સાધુઓ)ને માત્ર એકજ ફિકર રહેલી હોય છે, કે ઇશ્વરનું નામ નહીં ભુલી જવાય, અને આ એકજ વિચાર હંમેશાં તેઓનાં મનમાં હોવાથી, તેઓ રાત દિવસ ઇશ્વરની જપ કરવામાં ગુંઠાયલા રહે છે, અને કદી પણ પરમેશ્વરને વિસરતા નથી.

( ૩૭૪ )

**હરિજન કેવળ હોત હય, જાકો હરિકા સંગ;**
**બિપત પડે બિસરે નહિ, ચઢે ચોગણું રંગ.**

પરમેશ્વરના બંદાને નિત્ય ઇશ્વરનોજ સંગ રહેલો હોય છે, અને તેથી ગમે એ પ્રકારની આફત આવે તોપણ તે ઇશ્વરને વિસરતો નથી, પણ આફતમાં ઇશ્વરપર તેને ચોવડો રંગ ચઢે છે, યાને વધુ ભક્તિભાવ થાય છે.

( ૩૭૫ )

**આસન તો એકન્ત કરે, કામિન સંગત દૂર;**
**શિતળ સંત શિરોમણિ, ઉનકા એસા નૂર.**

તેઓ પોતાનો વાસો એકાંતમાં રાખે છે, એટલે કે તેઓ એકાંત જગ્યામાં રહે છે, પણ દુનિયાની વચ્ચે આવવું પડે છે તો પણ તેઓના મનમાં દુનિયવી લાલચો આવતી નથી, એટલે તેઓ એકાંત રહેલાં છે, કારણ કે તેઓનાં મનમાં ઇંદ્રિઓનાં ભોગ ભોગવવાના વિચારો કે ઇચ્છાઓ હોતીજ નથી; એવા શિતલ સંતોનું નુર શિરોમણીના (સાંપના મોહરા) જેવું ચળકતું હોય છે, યાને તેઓનાં શરીરની આસપાસ ઘણા ઉંચ પ્રકારનું ઓરેહ હોય છે.

(ઓરેહ એટલે માણસનાં જુદાં જુદાં શરીરો, સ્થૂળ શરીર, સૂક્ષ્મ યાને લાગણીનું શરીર, મન શરીર, ને બુધ્ધિક શરીર, એ બધાં શરીરોને લગતા ગુણોનો બનેલો એકંદર પ્રવાહ, જે ખાકી શરીરની આસપાસ ગોળાકારમાં

ફેલાયલો રહે છે, તે, એ પ્રવાહને, જેઓની સૂક્ષ્મ દ્રષ્ટિ ઉઘડી હોય તેઓ જોઇ શકે છે, અને તેના જુદા જુદા રંગો જોઇને, જેઓ ગુપ્ત જ્ઞાનના અધિકારી થયા છે, તેઓ સામાં માણસની બધી ખાસ્યત પારખી શકે છે.)

(૩૭૬)

**આપા તજ હરિકો ભજે, નખસિખ તજે બિકાર;**
**જબ જીવનસેં નિરવેર, સાધ મતા હય સાર.**

જેઓનું "હુંપણું" નિકળી ગયું છે યાને જેઓને પોતા વિષે કાંઇ વિચાર કે માંગવું નથી, પણ જેઓનો બધો પ્રેમ પરમેશ્વર તરફ હોય છે, જેઓના સઘળા વિકારો ને જુસ્સાઓ જતા રહ્યા છે, અને જેઓ, કુળ જાનદાર કે (દેખઇતી) નિર્જીવ પેદાયશને એકસરખા પ્રેમની નજરથી જુએ છે, તેઓજ ખરા સાધુ પુરૂષો છે.

(૩૭૭)

**દેખો સબમે રામ હય, એકહિ રસ ભરપૂર;**
**જૈસે ઉખતે સબ બના, ચિની સક્કર ગૂર.**

સર્વ એકજ રસથી ભરપૂર છે યાને સર્વમાં ઇશ્વર રહેલો છે એવું તું જોતાં શિખ; કારણ કે જેમ ગોળ, શાકર અને એવી દરેક મિઠી વસ્તુઓ શેરડીના રસથીજ બનેલી હોય છે, તેમ દરેક આકાર કે શરીરમાં પરમાત્માનો અંશજ રહેલો છે, યાને તેની હસ્તિજ ઇશ્વરથી છે, જે સાધુપુરૂષોએ અનુભવ્યું હોય છે.

(૩૭૮)

**જબ લગ નાતા જાતકા, તગ લગ ભગત ન હોય;**
**નાતા તોરે હરિ ભજે, ભગત કહાવે સોય.**

જ્યાંસુધી નાત-જાતનો તફાવત રાખે, મારી જાત ઉંચી એવો "હુંપણાં"નો ભાસ નિચલાં મનમાં થયા કરે, ત્યાંસુધી ભકત થવાતું નથી, જ્યારે એ ધ્વૈતપણું નિકળી જાય અને ઇશ્વરને એક સરખો દરેકમાં જોય, એવું ઉંચું ભાન થાય ત્યારેજ તે ઇશ્વરનો ખરો ભક્ત કહેવાય.

સારાંશ કે—સાધારણ માણસનું હેત પોતા પરથી આગળ વધીને, પોતાનાં કુટુંબ સુધી જાય છે. અને ત્યાંથી આગળ વધી, પોતાની કોમ સુધી જાય છે; અને હેતની હદ ત્યાં સુધીનીજ રહે છે. એટલીજ હદના હેતનો માણસ ઇશ્વરનો ભગત કદી થઇ શકતો નથી જેનું હેત પોતાની જાતથી આગળ વધે, ને કુળ માણસ જાત સુધી પોહોંચે, જેનું હેત હજીએ આગળ વધે, ને આખી જાનદાર પેદાયશ સુધી પોહોંચે, અને તેથી પણ આગળ વધી બધી કેહેવાતી નિર્જીવ પેદાયશ સુધી પોહોંચે—જે સારી સૃષ્ટિને ઇશ્વરનું જાહેર થયલું સ્વરૂપ સમજે, અને સારી સૃષ્ટિને ઇશ્વર સમાન ચાહે અથવા કહો કે પોતા સમાન ચાહે, ને દરેક જીવ અને વસ્તુને પોતા સમાન સંભાળે, તે સારી સૃષ્ટીની નોકરી—ઇશ્વરની સેવા ચાકરી કર્યા જેવી કરે—તેજ પરમેશ્વરનો સાચ્ચો ભગત ગણાય.

( ૩૭૯ )

**ચાર ચેંન હરિ ભકતકે, પ્રગટ દેખાઇ દેત;**
**દયા ધર્મ આધિનતા, પર દુઃખકો હર લેત.**

ઇશ્વરનો સાચ્ચો ભગત હોય તેના ચાર ગુણો સ્પષ્ટ જણાઇ આવે છે. પેહલું, તેનામાં દયા હોય; બીજું, તે પોતાની ફરજ સર્વ તરફ શું છે તે સમજે ને તે મુજબ બજાવે, ત્રીજું પરમેશ્વર ઉપર તેને પાકો ભરોસો હોય અને તેથી તે હમેશાં તેની (ઇશ્વરની) મરજીને તાબે થઇને ચાલે, ચોથું, તે બીજાઓનું દુઃખ હંમેશાં ઓછું કરવાને તત્પર રહે.

( ૩૮૦ )

**હાટ હાટ હિરા નહિ, કંચનકા નહિ પહાડ;**
**સિંહનકા ટોલા નહિ, સંત બિરલા સંસાર.**

જેમ દરેક બજારમાં કાંઇ હિરા હોતા નથી, સોનાના કાંઇ પહાડો હોતા નથી, અને જેમ સિંહણના કાંઇ ટોળાં હોતાં નથી, તેમ સંસારમાં (દેખાતા) રહેલા સાધુ વિરલા કાંઇ ઘણા હોતા નથી યાને જવળેજ મળી આવે છે.

(૩૮૧)

**સંત સંત સબ કોઇ કહે, સંત સમૂદર પાર;**
**અનલ પંખકા કો એક હય, પંખકા કોટ હજાર.**

**"સંત સંત"** એમ ઘણાએ બોલે છે, પણ ખરા સંત પુરૂષ તો આ સંસારનો સાગર તરી ગયલા હોય છે, પણ ગરૂડ જેવા અદ્રષ્ય પાંખવાળા યાને એવા તરી ગયલા સાધુ પુરૂષો તો કોઇ એકજ હોય છે. બાકી પાંખવાળા યાને બાહેરથી દેખાતા (ખોટા સાધુ પુરૂષો) તો હજારો ને કરોડો છે.

(૩૮૨)

**સુરાકા તો દલ નહિ, ચંદનકા બન નાંહિ;**
**સબ સમૂદ્ર મોતિ નહિ, યું હરિજન જગ માંહિ.**

જેમ ખરા શુરવીર પુરૂષોનું કાંઇ લશ્કર હોતું નથી, સુખડનાં ઝાડોનું કાંઇ વન હોતું નથી, અને જેમ બધાએ સમુદ્રમાંથી મોતી મળતાં નથી તેમ ખરા હરિજનો જગતમાં ઘણાજ જુજ હોય છે.

## સંત, તે આકારવાળો ઇશ્વરજ છે.

(૩૮૩)

**એક ઘડી આધી ઘડી, ભાવ ભજનમેં જાય;**
**સત સંગત પલહિ ભલી, જમકા ધકા ન ખાય.**

જો તારી એક પળ, અથવા અરધી પળ પણ હૈયાંનાં સાચ્ચાં હેતથી ઇશ્વર સ્મરણ કરવામાં જાય. અને એક પળ વાર પણ તને પવિત્ર સાધુપુરૂષની સંગત મળે, તો એમ જાણ કે તું જમના ઘણાક ધક્કામાંથી બચ્યો, યાને જન્મમરણના તારા ઘણાક ફેરા ઓછા થયા.

(૩૮૪)

**કબીર, સેવા દો ભલી, એક સંત એક રામ;**
**રામ હય દાતા મુક્તિકા, સંત જપાવે નામ.**

ઓ કબીર! બે જાતની સેવા કરવી તેમાંજ ભલું છે, એક તો (સાચ્ચા) સાધુપુરૂષોની સેવા, ને બીજી પરમાત્માની સેવા; ઇશ્વર મુક્તિ આપનાર છે, પણ સાધુપુરૂષો આપણને ઇશ્વરી પ્રેમનો લખ લગાડનારા છે અને તે લખથીજ આપણને મુક્તિ મળવાનો માર્ગ હાથ આવે છે.

(૩૮૫)

**નિરાકાર હરિ રૂપ હય, પ્રેમ પ્રીત સોં સેવ;**
**જો માંગે આકારકો, તો સંતો પત્યક્ષ દેવ.**

પરમેશ્વર નિરાકાર છે-તેનો કાંઇ આકાર નથી; તેને આપણાં અંતઃકરણમાં પ્રેમ-પ્રીતિ થયાથી સેવાય છે યાને તેનો ખ્યાલ અંતરમાંજ થઇ શકે છે; પણ જો તને આકારવાળો ઇશ્વર જોઇતો હોય તો સાધુપુરૂષ આકારવાળો પ્રત્યક્ષ ઇશ્વરજ છે.

(૩૮૬)

## સંત વૃક્ષ હરિનામ ફળ, સતગુરૂ શબ્દ બિચાર;
## એસે હરિજન ના હતે, તો જળ મરતે સંસાર.

સંત પુરૂષ તે ઝાડ છે, જેનું ફળ તે **માલેક**નું નામ છે; સદ્ગુરૂ તેનો જાહેર થયલો શબ્દ છે યાને માણસરૂપે પ્રગટ થયલો ઇશ્વરજ છે. એવા હરિજનો જો આ જગતમાં ન હતે તો આ દુનિયાંનાં લોકો બધાં ડુબી મરતે.

અર્થાત—હરિજન તે પુરૂષ છે કે જેણે પોતાનું પ્રગટિકરણ પુરૂં કીધું છે, યાને નિચલી ત્રણ દુનિયા ઉપર જીત મેળવી ઇશ્વર સાથે પોતાનાં ભાનને એકત્ર કીધું છે યાને જોડી નાંખ્યું હોય છે, જેથી પોતે જીવન મુકત થયો છે. પણ એવા મુકત થયલા જીવોમાંના ઘણાકોએ પોતાનાં અમર સુખનો પણ ત્યાગ કર્યો હોય છે; તેઓ બીજા બધા જીવોનું પ્રગટિકરણ આગળ વધારવા માટે આ ખાકી દુનિયામાંજ, અદ્રશ્ય યા બીજી કોઇ રીતે રહેલા હોય છે, અને જગતનાં કલ્યાણ અર્થે કામ કરી રહ્યા છે. તેઓને હિંદુ શાસ્ત્રમાં મહાત્મા, મુની, રૂષીઓ વગેરે નામથી ઓળખ્યા છે. એવા મહાત્માઓ, જો આ દુનિયાને મદદ કરતા રહેલા ન હતે તો સાધારણ મનુષ્ય જાતને જે દુઃખો અને વિપત્તિઓમાંથી તેઓનાં અજ્ઞાનપણાંને લીધે પસાર થવું પડે છે તે, આવા જ્ઞાન આપનાર, ને પરગજુ પુરૂષોની ગેરહાજરીમાં વધુ દુઃખમાં ગીરફતાર રહેતે એમ કબીરનું કહેવું લાગે છે. દાખલા તરીકે:—

થીઓસોફીકલ સોસાયટી જેવી અનેક મંડળીઓ જે છેલ્લાં પચાસ વરસમાં ઉભી થઇ હતી, તે મંડળની પાછળ, એવા કેટલાક મોટા પુરૂષો યાને **મહાત્માઓ** રહેલા છે, અને એ મંડળો તરફથી જે જ્ઞાન, ભાષણ યા પુસ્તકો મારફતે બાહેર પડયું છે અને પડે છે, અને જે શિક્ષણોથી દુનિયાના વિચારો બદલાતા જાય છે અને હવે આખી દુનિયામાં ચોમેર ભાતૃભાવના દેખાવો ને લાગણીઓ વ્યાપી રહેવાની જે શરૂઆત થઇ ચુકી છે, તે બધું આ મહાત્માઓને આભારી છે, યાને તેઓના પ્રતાપથીજ આ બધું થાય છે. એવા પુરૂષો જો દુનિયામાં આપણને મદદ કરવાને અને જ્ઞાન આપવાને રહેલા ન હોય, તો આપણી હાલત બહુજ દુઃખભરેલી થાય.

—o—

## સન્યાસી વિષે.

(૩૮૭)

**કેશો કહાં બિગાડયો, જો મુંડે સો બાર?**
**મનકો કાહે ન મુંડિયો, જામે બિષયહિ બિકાર.**

જેઓ માથાં બોડાવી ભગવાં વસ્ત્રો પેહેરી, સન્યાસી જેવા દેખાવો કરે છે, તેઓને કબીર કહે છે કે તારા વાળોએ શું નુકશાન કીધું છે કે તેઓને તું વારે વારે બોડાવીને માથું બોડકું કરી નાખે છે? (તેને બદલે) મનને કાં નથી મુડતો-કબજામાં રાખતો કે જેમાં સર્વે દુર્ગુણો ને વિકારો ભરેલા છે.

(૩૮૮)

**મન મેવાસી મુંડિયે, કેશહિ મુંડે કાહે?**
**જો કિયા સો મનહિ કિયા, કેશ કિયા કછુ નાહે.**

તારાં લુટારાં મનને મુંડ, વાળોને શું કામ મુંડે છે? કારણ કે સર્વે પાપ તો **મન** કરે અને કરાવે છે, તારા વાળ તો કશુંએ કરતા કરાવતા નથી.

(૩૮૯)

**સ્વાંગ પેહરે શુરા ભયા, દુનિયા ખાઇ ખુંદ;**
**જો સેરી સત્ નિકસે, સો તો રાખે મુંઢ.**

દુનિયાંની માયામાં રહી, જુદા વેશો માત્ર બદલી તું શુરો થવા જાય છે, પણ જે જગ્યામાં સત્ યાને પરમેશ્વર પ્રગટ થઇ શકે, તેને તો તું ખરાબ રીતે રાખે છે.

( ૩૯૦ )

**હાથસેં માળા ફિરે, પર હિરદા ડામાડુલ;**
**પગ તો પાલામે ગલા, ભાંન ન લાગે સુલ.**

માળાને હાથે ફેરવ્યા કરે છે, પણ તારૂં અંતકરણ તો ડામાડોળ છે, ને તારા પગો દુનિયાની માયાનાં જડમાં પેસી ગયા છે, તેમાંથી બાહેર નિકવાનું ભાંન તને કયાં છે?

( ૩૯૧ )

**માલા પેહરે મન સુખી, તાંસે કછુ ન હોય;**
**મન માલાકુ ફેરતે, જુગ ઉજ્યાલા હોય.**

માત્ર માળા પેહેરી મન મનાવ્યાથી કાંઇ વળતું નથી; તારા મનની માળા તું ફેરવ, તો તને બધું અજવાળું થઇ જશે.

( ૩૯૨ )

**માલા પેહરે કોન ગુન, મનકી દુબધા ન જાય;**
**મન માલા કર રાખીયે, હરિ ચરન ચિત્ત લાય.**

જ્યાં સુધી તારાં મનની અકળામણ જાય નહિં, ત્યાંસુધી માત્ર માળા પેહેરવાથી કાંઇ ફાયદો થતો નથી; તું મનને માળા બનાવ, તેને બાહેર ભમતું અટકાવ, ને તારૂં ચિત્ત ઇશ્વરના પગ આગળ ધર.

( ૩૯૩ )

**મનકા મસ્તક મુંડ લે, કામ ક્રોધકા કેશ;**
**જો યે પાંચો પરમોધ લે, તો ચેલા સબહિ દેશ.**

તારા મનનું માથું મુંડ અને તારી ઇંદ્રિઓની વિષયવાસનાઓને તેમજ તારા ક્રોધ (જુસ્સાઓ, હવસો) ને મુંડ યાને દાબી નાખ. જો તું મનને અને એ પાંચ ઇંદ્રિઓને તાબામાં રાખશે તો દુનિયાનાં બધાં લોકો તારા ચેલા થઇ રહેશે.

( ૩૯૪ )

**માલા તિલક બનાયકે ધરમ બિચારા નાહિ;**
**માલા બિચારી કયા કરે, મેલ રહા મન માંહિ.**

હાથમાં માળા લીધી, કપાળે તિલક કીધું ને સન્યાસીનું ડોળ ઘાલ્યું પણ સન્યાસીનો ધર્મ તો પાંચે ઇંદ્રિઓની મજાહો અને વ્યાપારો છોડી દેવામાં છે, ધર્મ પાળવાનું તો તને ભાન નથી ને તેને બદલે તારા મનમાં મોજશોખના વિચારો ભરાઇ રહ્યા છે, તો તો પછી માળા બિચારી તને **માલેક**નો મેલાપ કેમ કરાવી આપે?

( ૩૯૫ )

**મુંડ મુડાવત દિન હિ ગયા, અજહુ ન મિલ્યા રામ;**
**રામ બિચારા કયા કરે, મનકે ઔર હિ કામ?**

એ રીતે માથું બોડાવતાં બોડાવતાં તો આખો જન્મારો પુરો થયો, તોયે પરમાત્મા તો મળ્યા નહિ; પરમેશ્વરને મળવા માગે નહિ ને ઇંદ્રિઓની મોજ ભોગવવા માગે, તો પછી **માલેક** શી રીતે મળે?

( ૩૯૬ )

**કાષ્ટ કાટકે માલા કિની, માંહે પરોયા સૂત;**
**માલા બિચારી કયા કરે, જો ફેરનહાર કપૂત?**

લાકડાં કાપીને તેમાંથી દાણા બનાવ્યા, ને સુતર પોઇને માળા બનાવી, પણ માળા **ફેરવનારજ** ખોટો, તો પછી માળા બિચારી શું કરે?

( ૩૯૭ )

**માલા તિલક તો ભેખ હય, રામ ભકિત કછુ ઓર;**
**કહે કબીર જીન પેહેરયા, પાંચો રાખો ઠોર.**

હાથે માળા ફેરવવી, માથે તિલક કરવો એ સર્વ બાહેરનો માત્ર દંભ છે, જ્યારે પરમેશ્વરની ભકિત કરવી એ જુદુંજ કાર્ય છે; કારણ ખરો સન્યાસી જેને થવું હોય, તેને તો પોતાની **પાંચે** ઇંદ્રિઓને તાબે કરવી જોઇએ.

( ૩૯૮ )

**માલા તો મનકી ભલી, ઓર સંસારી ભેખ;**
**માલા પેહેરે મન સુખી, તો બોહરા કે ઘર દેખ.**

માળા, જે સાધુ લોકો તથા ધાર્મિક લોકો ગળામાં પહેરે છે તે, જો **મનથી** પહેરવામાં તથા ફેરવવામાં આવે, તોજ ઉપયોગી, નહિ તો માત્ર દુનિયાદારીના બાવાના વેશ સમાન છે; કારણ જો માત્ર માળા પહેરવાથી હરિ મળતા હોત તો વોહરાજીની દુકાનમાં બહુ માળાઓ ટાંગી હોય છે માટે ત્યાંજ સાક્ષાત પરમાત્માનાં દર્શન થવાં જોઇએ.

( ૩૯૯ )

**માલા મુખસે લર પડી, કાહે ફિરાવે મોહે;**
**જો દિલ ફેરે આપનાં, તો રામ મિલાવું તોહે.**

કબીર કહે છે કે–માળા મારી સાથે ગુસ્સો કરી બોલી કે, તું વિના વિચારે મને શાનો ફેરવ્યા કરે છે? તું તે સાથે તારાં મનમાં પણ **માલેકની** ભકિત કર? જે કોઇ માળા ફેરવી પોતાનાં **મનમાં** પરમાત્માની યાદ કરે, તોજ પરમાત્મા સાથે મુલાકાત કરાવી શકાય.

( ૪૦૦ )

**ભરમ ન ભાગા જીવકા, અનન્ત ધરાયે ભેખ;**
**સત્ ગુરૂ સમજ બાહેરા, અંતર રહા અલેખ.**

ઘણા ઘણા વેશો બદલ્યા, પણ તારા જીવના ભ્રમો યાને ખોટા વેહેમો ગયા નહિ તેથી સદ્‌ગુરૂ યાને તારા ઇષ્ટ દેવને તું બાહેર રહેલો સમજે છે, પણ તે તો તારી અંદરજ નહિ પિછાણી શકાય તેમ રહેલો છે! અર્થાત– ઇશ્વર પોતાની બાહેરજ છે એવું ખોટું સમજી માણસ બાહેરની રીતભાતોમાં ફેરફાર કર્યા કરે પણ મન પવિત્ર ન કરે, તો ખરો રસ્તો હાથ આવતો નથી.

(૪૦૧)

**તનકો જોગી સબ કરે, મનકો કરે ન કોય;**
**મનકો જોગી જો કરે, સો ગુરૂ બાળક હોય.**

જોગીનો વેશ પેહેરવો તે સર્વ કોઇ કરી શકે, પણ મનને જોગી (યોગી) કોઇકજ કરી શકે છે, સર્વેથી તે થઇ શકતું નથી; જે ગુરૂ—મહાત્મા-જે બાળક સ્થિતિએ પહોંચેલો હોય યાને જેણે રાગ, દ્વેષ છોડી દીધો છે-તેજ મનને યોગી કરનારો મહાત્મા છે.

(૪૦૨)

**મન મેલા તન ઉજળા, બગલા કપટી અંગ;**
**તાતે તો કઉવા ભલા, તન મન એકહી રંગ.**

મનમાં મેલ ભરેલો હોય, ને શરીર માત્ર બાહેરથી ઉજળું હોય, તે કપટી બગળા પક્ષી જેવી વાત થઇ; તેનાં કરતાં તો કાગડો ભલો, કે તેનું તન પણ કાળું ને મન પણ કાળું યાને તેનું અંદરનું અને બાહેરનું સ્વરૂપ એકજ હોય છે.

અર્થાત—બગળો જે સફેદ રંગનું પક્ષી છે ને જે નદી યા સરોવરને કાંઠે રહે છે, તેને માટે કહે છે કે તે મોહડેથી "રોમ રોમ" યાને "રામ રામ"ને મળતો અવાજ કહાડે છે, પણ તેનું કામ તો પગે માંછલા પકડીને ખાવાનું હોય છે, ત્યારે એ પક્ષીનાં કરતાં તો કાગડો સારો, કે તેનું તન પણ કાળું ને મન પણ કાળું યાને જેવો તે કાળો છે તેવુંજ તેનું કાર્ય પણ બધાંને ત્રાસ આપવાનું છે.

(૪૦૩)

**કવિતા કોટી કોટ હય, સિરકે મુંડે કોટ;**
**મનકે મુંડે દેખ કર, તા સંગ લિજે ઓટ.**

મોહડેથી કવિતા બોલનારા અથવા જ્ઞાનની વાતો કરનાર ઘણા હોય છે, ને માથાં બોડાવી સન્યાસીનું ડોળ ઘાલનારા પણ હજારો હોય છે, પણ જે

કોઇએ મનને તાબે કીધું હોય તેનો આશરો તું લે, યાને મનને તાબે કેમ કરવું તે તેની પાસે શિખ.

(૪૦૪)

**માથાં મુંછ મુંડાય કે, કાયા ઘાટમ ઘોટ;**
**મનકો કાહે ન મુંડિયે, જામે સબહિ ખોટ?**

માથું મુંછ વગેરે બોડાવી તારી કાયાને કાં અમસ્થી કદરૂપી કરે છે? તારાં મનને કાં નથી મુંડતો–કબજામાં રાખતો કારણ કે તેનાં અંતરમાંજ ખામીઓ ભરપુર છે?

# મન વિષે.

(૪૦૫)

**મન મેરા પંખી ભયા, જહાં તહાં ઉડ જાય;**
**જહાં જૈસી સંગત કરે, તહાં તૈસા ફળ ખાય.**

કબીર કહે છે કેઃ—(માણસનું) મન એક પક્ષી જેવું છે, જે જ્યાં ફાવે ત્યાં ઉડતું ફરે છે, અને જેવી સંગત કરે છે, તેવું ફળ તે પામે છે, એટલે કે જેવો વિચાર કરે છે, તેવો તે બની જાય છે.

(૪૦૬)

**મન મોતા મન દુબલા, મન પાની મન લાય;**
**મનકો જૈસી ઉપજે, મન તૈસા હો જાય.**

**મનથી** માણસ મોટેલો બને છે, **મનથીજ** તે દુબળો બને છે; **મનથીજ** પાણી જેવો ઠંડો સ્વભાવ બને છે; ને **મનથીજ** અગ્નિ માફક ગરમ સ્વભાવ થાય છે, યાને જેવું **મનમાં** આવે તેવું માણસ બની જાય છે.

(૪૦૭)

**મન મરકટ બન બન ફિરે, કછું નેક ન ઠહેરાય;**
**રામ નામ બાંધા બિના, જીત ભાવે તિત જાય.**

માણસનું મન એક વાંદરા બરાબર છે, અને જેમ વાંદરો કાંઇ પણ આંકોશ વગર જંગલે જંગલ નાચતો કુદતો ફરે છે અને સેહેજ પણ ઠરીને બેસતો નથી, તેમજ મન, સેહેજ પણ રૂડા વિચારમાં ઠરીને રહેતું નથી, અને જ્યાં સુધી એ મનને ઇશ્વરપર ઠેરવેલું રાખિયે નહિ ત્યાં સુધી એ મન જ્યાં ગમે ત્યાં જયા કરવાનુંજ.

(૪૦૮)

**મન મરકટ ચાતુરી, મન રાજા મન રંક;**
**જો મન હરજીકોં મિલે, તો હરજી મિલે નિ:શંક.**

એ મન છે તેજ વાદરો છે, તેજ ચતુરાઇ પણ કરનાર છે; **મનથીજ** માણસ રાજા બને છે, ને **મનજ** તેને ફકીર બનાવે છે; પણ મન જો પરમાત્માને મળવા જાય યાને ઇશ્વર ઉપર ચિત્ત ચોંટાડી રાખે તો **માલેક** જરૂરજ તેને મળે.

(૪૦૯)

**મન પંખી બિન પંખકા, લખ જોજન ઉડ જાય;**
**મન ભાવે તાકો મિલે, ઘટમેં આંન સમાય.**

મન પાંખ વગરનું પક્ષી છે, કે જે લાખો મૈલ ઉપર ઉડી જાય છે, જે તેને પ્યારાં લાગે છે તેને તે જઇ મળે છે, અથવા તો તે સર્વવ્યાપક થઇ, સર્વને પોતામાં સમાવી દે છે.

(૪૧૦)

**સાત સમૂદ્રકી એક લહેર, ઓર મનકી લહેર અનેક;**
**કોઇ એક હરિજન ઉબરા, ડુબી નાવ અનેક.**

એ મનની લેહરો એટલી તો સંખ્યાબંધ છે કે તેની નજદીક, સાત દરિયાવોનાં પવનની લેહેરો તો કંઇ બિસાદમાં નથી; તેથી એ મન સમૂદ્રની લેહરોના સપાટામાંથી કોઇ એકાદ જણ જે ઇશ્વરનો ભક્ત હોય તેનોજ મછવો બચવા પામી પેલે પાર તરી જાય છે; બાકી સર્વે મછવા ડુબી જાય છે.

(૪૧૧)

**મનકા બહોત રંગ હય, તલ તલ જૈસા હોય;**
**એકા રંગ જો રહે, તો કોટી મધે કોય.**

મનના બહુ રંગ હોય છે, ને ઘડિ ઘડિમાં મનનો રંગ, તલના દાણાની માફક બદલાયા કરે છે; પણ જેનાં મનનો એકજ રંગ રહે યાને મનને

કબજામાં રાખી પોતે ચાહે તેજ એક વિચારમાં મનને રોકી શકે, તેવો માણસ તો કરોડોમાં એકાદજ હોય.

(૪૧૨)

**કબૂ મન ગગન ચઢે, કબૂ જાય પાતાળ;**
**કબૂ મન વરકતા દિસે, કબૂ પાડે જંજાળ.**

કોઇવાર મન આસમાને ચઢે, તો કોઇવાર તે પાતાળે જાય; કોઇવાર એવું લાગે કે જાણે તે દુનિયવી વસ્તુઓમાંથી નિકળી ગયુ ને કોઇવાર પાછું માણસને સંસારની જંજાળોમાં સપડાવે.

(૪૧૩)

**મનકી હારે હાર હય, ઔર મનકી જીતે જીત;**
**પરબ્રહ્મ જો પાઇએ, તો મનહિ હોય પ્રતિત.**

એક હાર થઇ યા બીજીમાં જીત થઇ એ વમાસનો સર્વે જોશો તો **મનનાંજ** છે, અને એ રીતે જ્યાં સુધી દુનિયવી માયામાં મન લાગેલું રહેશે, ત્યાં સુધી એ મનની હારજીત ચાલુજ રહેવાની; જ્યારે એ મન પરમાત્મા ઉપર લાગે ત્યારેજ તેનું સમાધાન થવાનું, તે વિના કદીપણ નહિ.

(૪૧૪)

**કબીર! મન તો એક હય, ભાવે તહાં બિલમાંય;**
**ભાવે હરિ ભકિત કરે, ભાવે બિષે કમાય.**

ઓ કબીર! એ મન તો એકજ છે, પણ જે જે વસ્તુ ઉપર તેને ભાવ યાને પ્રીતિ થાય છે, તે સર્વે કરવા જાય છે. મન ચાહે તો પરમાત્માની ભકિત કરે, યા તો ઇંદ્રિઓના વિષયો (મોજ મજાહ) માંજ ચકચુર થઇ જાય.

(૪૧૫)

**કોટ કરમ પલમેં કરે, એ મન બિખ્યા સ્વાદ;**
**સત્ ગુરૂ શબ્દ માને નહિ, જનમ ગમાયા બાદ.**

એ રીતે એ મન પળવારમાં કરોડો કર્મ, ઇંદ્રિઓનાં સ્વાદથી કરી નાંખે છે; અને સદ્ગુરૂએ કહેલી શિખામણ પ્રમાણે નહિ ચાલી, પોતાનો જન્મ બરબાદ કરે છે.

(૪૧૬)

**કબીર! મન બિકારે પડા, ગયા સ્વાદકે સાથ;**
**ગુટકા ખાયા જબરકા, અબ કયું આવે હાથ?**

કબીરનું કેહેવું એ છે કે:—મન, ઇંદ્રિઓના વિષયોના સ્વાદની પાછળ જવાથી ઘણું વિકારી થઇ જાય છે, ને એટલું ખોટે માર્ગે જાય છે, કે પછી તેને પાછું તેમાંથી બાહેર કહાડવું, યા પોતાના કબજામાં રાખવું, બહુ મુશ્કેલ થઇ પડે છે.

(૪૧૭)

**પહેલે રાખ ન જાનિયા, અબ કયું આવે હાથ;**
**પડ ગયા રાતા ઘુરા, બેપારીઓ સાથ.**

શરૂઆતથીજ જો મનને કબજામાં રાખ્યું ન હોય, અને ઇંદ્રિઓની મોજ મજાહમાંજ તેને પડવા દીધું, તો તે એવા વેપારોમાં મશગુલ થઇ જાય છે, કે પાછું કેમે કરી હાથ આવતું નથી.

(૪૧૮)

**મન સબ પર અસ્વાર હય, પેંડા કરે અનન્ત;**
**મનહિ પર અસ્વાર રહે, કો એક બિરલા સંત.**

દુનિયાંનાં સર્વ લોકોને, મન પોતાની મરજી પ્રમાણે ચલાવે છે, અને તે મુજબ તરેહવાર કર્મો કરાવે છે; તેને પોતાની મરજી પ્રમાણે ચાલતું કરી શકાતું નથી. તેને (મનને) પોતાની મરજી પ્રમાણે ચાલતું કરી શકે એવા જે હોય તે તો જવળેજ મળી આવતો કોઇ સાધુ પુરૂષ હોય.

(૪૧૯)

**કબીર! મન મરતક ભયા, દુર્બળ ભયા શરીર;**
**પેન્ડે લાગા હરિ ફિરે, યું કહે દાસ કબીર.**

ઓ કબીર! જ્યારે તારૂં મન મરી જાય, યાને બાહેર ભમતું અને ઇંદ્રિઓનાં ખેંચતાણને વશ થતું અટકે ત્યારેજ તારૂં શરીર આસુદું થાય, ને ત્યારેજ મન પરમાત્માની મુલાકાત માટે તૈયાર થયું એમ કહેવાય.

(૪૨૦)

**મન પાનીકી પ્રીતડી, પડા જો કપટી લોન;**
**ખંડ ખંડ હો ગયા, બહોર મિલાવે કોન?**

મનની સરખામણી પાણી અને મિઠું (નીમક) હોય તેમ છે, અર્થાત પાણીમાં મિઠું પડવાથી જેમ પીગળી જઇ તેમાંથી મિઠું પાછું નિકળી શક્તું નથી, તેમ મનને ઇંદ્રિઓનાં વિષયો (મોજ મજાહ) માં રાખવાથી તેમાં તે એવું તો ડુબી જાય છે, કે બુરી વાસનાઓથી દુર રાખવાનું કાર્ય બહુજ મુશકેલ થઇ પડે છે.

(૪૨૧)

**કાગડ કેરી નાવડી ઔર પાની કેરા ગંગ;**
**કહે કબીર કૈસે તિરૂં, પાંચ કુસંગી સંગ.**

કબીર કહે છે કે, મછવો કાગજનો, ને ગંગા જેવી મોટી નદી પસાર કરવી છે, અને સાથે પાંચ ખરાબ સાથીઓ લાગેલા તો આ ભારે ભાર સાથે પેલે પાર કેમ જઇ શકાય! આર્થાત, માણસની જીંદગીની નેમ ઘણી છેટે છે, અને તેનું શરીર તો થોડા વખતમાં ભાંગી પડવાનું, ત્યારે આ પાંચ ઇંદ્રિઓનાં ખેંચાણમાંજ માણસ રહે, તો, સુખી છેડાએ તે કેમ પુગી શકે?

(૪૨૨)

**સાંધે ઇંદ્રિય પ્રબલકો, છેઇસેં ઉઠે ઉપાધ;**
**મન રાજા બેહેકાવતેં, પાંચો બડે અસાધ.**

મન ઇંદ્રિઓને ચલાવનાર રાજા છે, અને મનજ તેઓને બેહેકાવે છે, પણ તેના કહ્યાથી યાને મનમાં વિચાર આવ્યાથી, જે પોતાની ઇંદ્રિઓને તે મુજબ ચાલવા દે છે તો એ ઇંદ્રિઓ એવી જડ થઇ જાય છે કે તેઓ માણસને ફાવે ત્યાં ઘસડી લઇ જઇ, પાપોનાં કામો કરાવી, દુઃખમાં ને આફતોમાં નાંખે છે; તેથી કબીરની શિખામણ એ છે કે એ ઇંદ્રિઓને રોક રોક કરતા રહેવું.

(૪૨૩)

**કાયા દેવળ મન ધજા, બિષય લહેર ફિરાય.**
**મનકે ચલતે તન ચલે, તાકા સર્વસ્વ જાય.**

માણસનું શરીર એક દેવળ છે, અને મન તેની ટોંચ ઉપર ઉડતો વાવટો છે. જેમ પવનની લહેરથી વાવટો ઉડયા કરે છે, તેમ પાંચો ઇંદ્રિઓને મનાહ આપનારી વસ્તુઓથી મન "ઉડ ઉડ" થયા કરે છે; પણ મનના દોરવ્યા પ્રમાણે જેણે પોતાનાં શરીરને કામે લગાડયું યાને મનમાં જે વિચારો આવે તેજ કાર્યો માણસ કર્યા કરે, તો તે માણસનું સર્વ કાંઇ જતું રહેવાનું યાને તે દુઃખી થવાનો.

(૪૨૪)

**મન ચલે તો ચલને દે, ફિર ફિર નામ લગાય;**
**મન ચલતેં તન થંભ હય, તાકા કછુ ન જાય.**

કબીર કહે છે કે, એ ભાઇ, તારૂં મન ચાલતું હોય, ને ચાલતું અટકાવી ન શકાય, તો તેને ચાલવા દે; પણ ફરી ફરી તેને ઇશ્વરનાં નામમાં લગાડીને અટકાવ. કારણ કે જેનું મન ચાલતું હોય, તોપણ જે શરીરને અટકાવતો રહે, યાને મનમાં વિચાર આવ્યો તેવું કામ કરતાં જે અટકે, તેનું કાંઇ પણ જવાનું નથી.

(૪૨૫)

**મન ગયા તો જાને દે, મત જાને દે શરીર;**
**બિન ચિલ્લે ચઢિ કમાંન, કિન બિધ લાગે તિર?**

તારૂં મન જાય તો જવા દે પણ શરીરને મનમાં કહ્યા પ્રમાણે કાર્ય કરવા દઇશ નહિ; કારણ કે, જેમ ચિલ્લો ચઢાવ્યા વિનાના તીરની કમાણ ખેંચવાથી, કોઇને પણ તે તીર લાગતો નથી તેમ, મનમાં વિચાર આવ્યા છતા, જ્યાંસુધી માણસ તે કાર્ય કરતો નથી, ત્યાંસુધી તેનું કંઇ જવાનું નથી, યાને તેને ઝાઝું નુકસાન થતું નથી.

(૪૨૬)

**મન મનતા મન માર દે, રાખો ઘટમેં ઘેહેર;**
**જબહિ ચાલે પુંઠ દે, તો અંકુશ દે દે ફેર.**

એ તારૂં મન, જે "હું કરૂં", "હું ભોગવું" એવું "હું હું" કરી રહ્યું છે, તેને મારેલું રાખી તારાં શરીરમાંજ ઘેરી રાખ, અને જેવું બાહેર જવા માંગે કે, જેમ હાથીને મહાવત અંકુશ ભોંકી ભલતે માર્ગે જતો અટકાવે છે, તેમ તું પણ તારાં મનને અટકાવતો રહે, ને તેની મરજી પ્રમાણે જવા ના દે.

(૪૨૭)

**યા મન અટકયો બાવરો, રાખો ઘટમેં ઘેહેર;**
**મંન મમતામે ગલ ચલેં, તો અંકુશ દે દે ફેર.**

તારૂં મન, જે બાવરૂં અને અહિં તહિં ભમતું થઇ ગયું છે, તે જો બાહેર જતું કાંઇક અટકે તો પછી તેને શરીરમાંજ ઘેરી રાખવું અને જેવું ઇંદ્રિઓનાં ખેંચાણમાં પાછું બાહેર ફસવા જાય કે તેને ફરી ફરી અંકુશ ભોંકીને, અટકાવવાની કોશેશ કરતા રહેવું.

(૪૨૮)

**મેરા મન મકરંદ થા, કરતા બહુ બિગાર;**
**અબ સૂધા હો મારગ ચલા, હરિ આગે હમ લાર.**

કબીર કહે છે કે, મારૂં મન પણ એકવાર એવુંજ લુંટારા જેવું હતું, અને ઘણાં બુરાં કાર્યો કરતું હતું, પણ પછી તે શુદ્ધ થઇને, પવિત્રાઇના માર્ગે ચાલી રહ્યું છે, જેથી હવે પરમેશ્વર આગળ અને હું (કબીર) તેની પાછળ રહું છું, અર્થાત હવે મારાં મનમાં **માલેક**નોજ વિચાર રહેલો છે.

(૪૨૯)

**મન મારી મેંદા કરૂં, તનકી પાડું ખાલ;**
**જીભ્યાકા ટુકડા કરૂં, જો હરિ બિન કાઢે સ્વાલ.**

કબીર કહે છે કે, મેં મારાં મનને મારી મારી આટાની માફક મેંદો કર્યા કીધો અને શરીરની ચામડી કહાડયા કીધી, ને હરી શિવા જો બીજો કોઇ સવાલ કહાડે કે હું મારી જીભના ટુકડા કરી નાખતો; સરાંશ કે, મેં મારી છયે ઇંદ્રિઓને દાબ દાબ કરી અટકાવ્યા કીધી, પરમાત્મા શિવાય બીજી કોઇ મોજ મજાહ ભોગવવા દીધી નહિ.

(૪૩૦)

**મન દિયા ઉને સબ દિયા, મનકિ ગેલ શરીર;**
**તન મન દે ઉબરન ભયે, હરિકો દાસ કબીર.**

જેણે મન આપ્યું, તેણે સર્વ કાંઇ આપ્યું, અને મન આપ્યું એટલે શરીર પણ આપ્યું, અર્થાત મનમાં બુરા વિચારો આવે તેને અટકાવ્યા નહિ, તો શરીર તે માફકજ કાર્ય કરવાનું; જે પોતાનું તન મન તે સાહેબને અર્પણ કરે, તો જેમ હું (કબીર) ઇશ્વરનો દાસ બન્યો છું, તેમ તે માણસ પણ થશે, યાને જીંદગીનું સાર્થક કરી શકશે.

(૪૩૧)

**જો તન માંહિ મન ધરે, મન ધર નિર્મળ હોય;**
**સાહેબ સોં સનમુખ રહે, તો ફિર બાળક હોય.**

જે પોતાનાં મનને શરીરમાંજ જકડી રાખે, અને તેમ મનને જકડી, પવિત્ર કરે અને **માલેક**ની મરજી મુજબજ તેને રાખે, તે માણસ પાછો બાળક જેવો નિર્દોષ થઇ જાય.—અર્થાત—મનમાં બૂરા વિચારો આવવા ન દે અથવા આવે તેને મારી હઠાડી મનને રૂડા વિચારમાં જે કોઇ રોકે, તે માણસનું મન પવિત્ર થઇ ઇશ્વરી રોહમાં જાય, જેથી તે બાળક જેવો નિર્દોષ અને સુખી બની જાય.

(૪૩૨)

**તનકુ મન મિલતા નાહિ, તો હોતા તનકા ભંગ;**
**રહેતા કાલા બોર જ્યું, ચઢે ના દુજા રંગ.**

જ્યાંસુધી માણસનું ખાકી (અસત) મન, તેનાં ઉંચા (સત) મન સાથે મળી જતું નથી, ત્યાંસુધી તેનું શરીર પડયાજ કરવાનું; અને તેનું (આ) ખાકી મન બોળીયા જેવું કાળુંજ રેહવાનું, અને તેના ઉપર બીજો રંગ ચહડી શકવાનો નથી-અર્થાત-જ્યાંસુધી દુનિયવી વિચારોમાંજ માણસનું મન રોકાયલું રહે છે, ત્યાંસુધી તેને ઉંચ (મિનોઇ) જ્ઞાન આવી શકતું નથી, અને માણસનું મન પરમેશ્વર તરફ લાગતું નથી, ત્યાં સુધી તેનાથી યોગ થતો નથી યાને ઇશ્વર સાથે જોડાણ થઇ શકતું નથી.

(૪૩૩)

**કામ હય ત્યાં રામ નહિ, રામ નહિ ત્યાં કામ;**
**દોનો એક જા કયું રહે, કામ રામ એક ઠામ?**

જેનાં મનમાં ઇંદ્રિઓનાં ભોગ ભોગવવાના વિચારો રહેલા હોય, તેના મનમાં ઇશ્વર હોતો નથી, અને જ્યાં પરમાત્મા નહિ, ત્યાં ઇંદ્રિઓનાં વિષયોના વિચારજ રહેલા હોય-કારણ કે, એક જગ્યામાં બે વસ્તુ સાથે રહી શકતી નથી, તે મુજબ કામ અને રામ બન્ને એકી વેળા મનમાં કેમ સમાઇ શકાય? એક વસ્તુ દુર થાય, ત્યારેજ તેમાં બીજી આવી શકે છે તે રીતે, જ્યારે મનમાંથી ઇંદ્રિઓની મોજ મજાહના વિચારો દુર થાય ત્યારેજ તેમાં પરમાત્માનો વાસો થઇ શકે.

(૪૩૪)

**હિરદા ભિત્તર આરસી, મુખ દેખા ન જાય;**
**મુંખ તો તબહિ દેખીયેં, જબ મનકી દુબધા જાય.**

માણસનાં હૈયામાં (ઇશ્વરની) આરસી છે, છતાં તેમાં ઇશ્વરનું મોંહ માણસને દેખાતું નથી-પણ જ્યારે માણસના મનનું દ્વૈતપણું, યાને "હું અને તે" જુદા છે એ પ્રકારની જુદાઇનું ભાન નિકળી જાય-ત્યારેજ તેમાં ઇશ્વરનાં દર્શણ થાય.

અર્થાત–માણસના મનમાંથી જ્યારે દુનિયવી વાસના અને વિચારો જતા રહે, ત્યારેજ ત્યાં ઇશ્વરનો વાસો થઇ શકે, ને ઇશ્વરનાં દર્શણ થાય.

(૪૩૫)

**ચંચળ મનવા ચેત રે, સુતો કયાં અજ્ઞાન;**
**જબ ધર જમ લે જાયગા, પડા રહેગા મ્યાન.**

ઓ અસ્થિર ભટકતાં મન, તું ચેતી લે, અને અજ્ઞાનપણાંમાં ના પડી રહે; કારણ કે જ્યારે **જમ** તને પકડી લઇ જશે, ત્યારે તો આ તારૂં શરીર એક ખાલી ખોખાં જેવું પડી રહેશે, ને ત્યારે કોઇથી કશુંએ બની શકવાનું નથી.

(૪૩૬)

**તનકા વેરી કો નહિ, જો મન શિતલ હોય;**
**તું આપકો ડાલ દે, તો દયા કરે સબ કોય.**

જો તારૂં મન સ્થિર અને શાંત થઇ તારા કબજામાં રહેશે, તો પછી તારાં શરીરનો યાને તારો દુશ્મન કોઇજ નથી, ને તને દુઃખ થવાનું નથી. માટે તું તારા મનના ફાંટાઓને દાબીને "હુંપણું" છોડી દે, તો સર્વ તારા મિત્ર બની તારી દયા ખાશે, યાને તું સુખી થઇશ.

(૪૩૭)

**તન મન દિયા તો ભલી કરી, ડારા શિરકા ભાર;**
**કબ કહે જો મેં દિયા, તો બહોંત સહેગા માર.**

જો તારાં તન અને મનને સારાં કામમાં લગાડયાં હોય યાને માલેકને અર્પણ કીધાં હોય, તો તે ઘણું ઠીક કીધું; કારણ કે તારાં માથાં ઉપરની ફરજનો બોજો તેં કહાડી નાંખી હલકો કીધો, પણ તેમ કરતાં જો તું મગરૂરી લે, અને એમ કહે કે **"મેં કીધું"** તો કર્યાનાં ફળ તને ચાખવાં પડશે, ને ચાખવાને માટે ફરી ફરી જનમવું પડશે, ને જન્મ–મરણનાં દુઃખો ભોગવવાં પડશે, અને એ રીતે તું ભારે માર ખાશે.

(૪૩૮)

**મન ઠહેરા તબ જાનિયે, અનસૂજ સબે સુજાય;**
**જ્યું અંધિયારે ભવનમેં, દિપક બાર દિખાય.**

મન ઠરેલું અને શાંત થયું એમ ત્યારેજ જાણવું કે જ્યારે, નહિ સમજ પડે એવી વાતો આપણને સમજ પડી જાય. જેમ અંધારી જગ્યામાં બતિ લાવ્યાથી તે માંહેલી સર્વે વસ્તુઓ દેખાઇ આવે છે તેમ, મન જ્યારે શાંત પડે છે અને જ્યારે તેમાંથી દુનિયવી વિચારો નિકળી જાય છે ત્યારે ત્યાં જ્ઞાનનો પ્રકાશ થાય છે, અને પરમાત્મા પ્રગટ દેખાય છે.

(૪૩૯)

**કબીર! મન પરબોધ લે, આપહિ લે ઉપદેશ;**
**જો એ પાંચો વશ કરો, તો શિષ્ય હોય સબ દેશ.**

ઓ કબીર! તું તારાં મનને પારખી લે, અને મનથીજ સઘળાં પાપો થાય છે તે માટે તુંજ તારો ઉપદેશ લે. જ્યારે આ પાંચ ઇંદ્રિઓને તાબામાં રાખશો, યાને તેઓનાં ખેંચાણને વશ થતો અટકશો, ત્યારેજ તું એવો થશે કે સર્વે લોકો તારા ચેલા થશે.

(૪૪૦)

**મન કપડા મેલા ભયા, ઇનમેં બહોત બિગાર;**
**યે મન કૈસે ધોંઇયે, સન્તો કરો બિચાર?**

**એ મન-રૂપી** કપડું મેલું થયું છે, ને તેમાં ઘણા રોગનાં બી રહ્યાં છે ત્યારે એ મનને કેમ ધોઇએ તેનો વિચાર કરો, હે સાધુ પુરૂષો!

(૪૪૧)

**સત ગુરૂ ધોબિ જ્ઞાન જલ, સાબુ સરજન હાર;**
**સુરત શિલાપર ધોઇએ, નિકસે જોત અપાર.**

**સદ્દગુરૂ** એ મનને ધોઇને સાફ કરવાવાળો છે, **બ્રહ્મજ્ઞાન રૂપી** પાણી વડે તે ધોવાય છે. અને તે માટે જે સાબુ જોઇએ તે **ઇશ્વરનું નામ**

છે, જેથી મનનાં જન્મો–જન્મના એ દોષો મટી જાય છે; અને ઇશ્વરની સુરતનું ધ્યાન તે એ મનને ધોવાનો પથ્થર છે, કે જે ઉપર ધોતાં ધોતાં, મન સંપૂર્ણ નિર્મળ થાય છે, અને ત્યારેજ તેમાં ઇશ્વર દેખાય છે.

(૪૪૨)

**કબીર! કાયાકોં ઝગો, સાઇ સાબુન નામ;**
**રામહિ રામ પોકારતાં ધોયા પાંચો ઠામ.**

પરમેશ્વરનાં નામરૂપી સાબુથી એ શરીર ધોઇ સાફ કરો, **"માલેક માલેક"** પોકારતાં, એ પાંચે ઇંદ્રિઓ પવિત્ર થશે, એટલે કે તેઓ પોતે પોતાના વિષયો તરફ ખેંચાયા કરશે નહિ, પણ ફરજ બજાવતાં કે દયાનાં કામો કરતાં, વિષયોના સંગમાં તેઓને આવવું પડશે, તોએ વિષયોને ભોગવવાનો આવેશ યાને ઇચ્છા તેઓમાં રહેશે નહિ.

(૪૪૩)

**કબીર! મન નિશ્ચલ કરો, ગોવિંદકે ગુણ ગાય;**
**નિશ્ચલ બિના ન પાઇયેં, કોટીક કરો ઉપાય.**

પરમાત્માના ગુણ ગાઇ ગાઇને, અને ગુણ ગાવાનો **લખ** તેને લગાડી લગાડીને, મનને ભલતાજ ખ્યાલોપર દોડી જતું અટકાવો. મન, બુરા ખ્યાલોપર દોડતું અટકયા વગર, તે કદી પણ શાંત થવાનું નથી. એ સિવાયના બીજા કરોડે ઉપાયો કરશો, તે બધા ફોકટ જશે.

(૪૪૪)

**ભકત દ્વાર હય સાંકડા, રાઇ દસમા ભાગ;**
**મનહિ જબ રાવત હો રહા, તો કયું કર શકે સમાય?**

પરમાત્માનો ભકત થવાનો યાને પરમાત્માને મળવાનો માર્ગ એટલો તો સાંકડો છે, કે રાઇના દશમાં ભાગ જેટલો તે નાનો છે, અને મન, તરેહવાર વિચારોનો જથ્થો એકઠો કરીને, પર્વત જેવું મોટું થઇ જાય, તો પછી એવા સાંકડા દરવાજામાં તે કેમ દાખલ થઇ શકે?

(૪૪૫)

**રાઇ બાતાં બિસવા, ફિર બિસનકા બિસ;**
**ઐસા મનવા જો કરે, તહિ મિલે જગદિશ.**

રાઇનો વિસમો ભાગ કરો, ને એ વિસમાંનો વિસમો ભાગ કરો; એ વિસમાંના વિસમાં ભાગ જેટલું નાનું મન જે કોઇ કરી શકે, તેને પરમાત્મા મળે, એટલે કે ઇંદ્રિઓના સર્વ વિષયોના સર્વ વિચારો જેના જતા રહ્યા હોય, અને એ પ્રમાણે મનનું "**મનપણું**" એટલે વિચારવાપણું જતું રહ્યું હોય, તેને પરમાત્માની મુલાકાત થાય.

(૪૪૬)

**મન ગોરખ મન ગોવિંદા, મનહુ ઔઘટ હોય;**
**જો મન રાખે જતન કર, તો આપે કરતા સોય.**

**મન** મહાત્માઓને દરજ્જે પહોંચી શકે છે, **મન** પરમાત્માને દરજ્જે પુગી શકે છે; ને **મનજ** આખી સૃષ્ટિ બની શકે છે, જો એ મનને કોઇ સાચવી સાચવીને રાખે તો એ **મનજ** પરમાત્મારૂપ થઇ જાય.

(૪૪૭)

**જબ તક આશ શરીરકી, નિર્ભય ભયા ન જાય;**
**કાયા માયા મન તજે, ચૌપટ રહા બજાય.**

જ્યાંસુધી મનને, પોતાનાં શરીરનો ખ્યાલ રહે છે, એટલે કે આ શરીર તે "હું છું" એવો ખ્યાલ થયા કરે ત્યાંસુધી તે કદી પણ નિર્ભય થતું નથી, યાને શાંત પડતું નથી; જ્યારે મનમાંથી, શરીરના અને માયાના એટલે કે ઇંદ્રિઓના ભોગવવાના વિચારો નિકળી જાય, ત્યારે તે મનને બીજો (ઉંચ) દરવાજો દેખાય છે.

(૪૪૮)

**મન રાજા મન રંક હય, મન કાયર મન સુર;**
**સુન્ય શિખરપર મન રહે, મસ્તક આવે નુર.**

જેવું મન, તેવી હાલત; ગરીબ થવું તે મનને લીધે; અને કોઇ પણ વિચાર કર્યા વગરના થઇએ તેપણ મનને લીધે; એટલે કે પરમાત્મા સિવાય બીજી કોઇપણ વસ્તુનું નામ નિશાણુ, આકાર, વગેરે સર્વ કાંઇ મનમાંથી જતાં રહે યાને મન ગોયા સૂન્ય જેવું થઇ જાય, ત્યારે તેમાં પરમાત્મા દેખાય.

(૪૪૯)

**તેરી જોતમેં મન ધરેં, મન ધર હોય પતંગ;**
**આપા ખોયે હરિ મિલે, તુજ મિલ્યા રહે રંગ.**

તારી જોત એટલે પરમાત્માનો અંશ જે તારાં શરીરમાં છે, તેમાં જો તું તારા મનને રોકે, અને મનને ત્યાં લગાડીને તું ઉડતાં પતંગ જેવો થાય, તો તારૂં "હુંપણું" જશે, અને "હુંપણું" જાય તો પછી તારૂં પોતાનું ખરૂં સ્વરૂપ તું જોઇ શકશે યાને પરમાત્મા સાથે તું એકત્ર થઇ શકશે.

(૪૫૦)

**દોરી લાગી ભય ગયા, મન પાયે વિશ્રામ;**
**ચિત્ત ચોંટા હરિ નામસોં, મિટ ગયા સબહિ કામ.**

મન પરમાત્માને મળ્યું કે બીજા બુરા ખ્યાલોપર દોડી જવાની તેની ટેવ છુટી જશે, અને પોતે પોતામાંજ આશાયશ લઇને રહેશે. અને ખ્યાલ પછીના ખ્યાલો છુટી ગયા કે, તને જન્મ પછીના જન્મ લેવાના પણ છુટી જશે, અને એમ તારો ભવ ભય દુર થશે, ને તારી સર્વે ફરજોનો પણ છેડો આવી જશે; કેમકે પરમાત્માનાં નામનાં ચોંટી બેઠેલાં મન (માણસ) ને કોઇ પણ ફરજ હોતી નથી તેણે પોતાનાં કર્મોને બાળી નાંખ્યાં છે એટલે તેને બંધનકર્તા કોઇ રહ્યું નથી.

(૪૫૧)

**યે મન હરિ ચરણે ચલા, માયા મોહસેં છુટ;**
**એ હદ માંહિ ઘર કિયા, કાળ રહા શિર કુટ.**

કબીર કહે છે કે-એજ રીતે મારૂં મન દુનિયાની માયામાંથી છુટું થયું છે, તે હવે પરમાત્માના ચરણેજ જઇ રહ્યું છે, ને હદમાંથી છોડીને, બેહદમાં પોતાનો વાસો કીધો છે યાને પરમાત્મામાં કીધો છે, તે જોઇને **જમરાજા** પોતાનું માથું કુટવા પડયો છે, કે હવે શિકાર હાથમાંથી ગયો, કારણ કે હું તો **જન્મ**-મરણની પેલે પાર ગયો.

(૪૫૨)

**યે મન થાકી થીર ભયા, પગ બિન ચલે ન પંથ;**
**એકજ અક્ષર અલેખકા, થાકે કોટી ગ્રંથ.**

એ મન વિષય વાસનાઓથી ઉપજતાં દુઃખો ખમી ખમીને, મોજ મજાહની ઇચ્છાઓ કરતું હવે અટક્યું છે. વિષયોમાં સુખ છે, એવી એની આગળી **ખાત્રી જતી** રહી છે, તેથી હવે તે વિષયોના વિચાર કરતું નથી. હવે એ મન પરમાત્માને મળવાનું **"ઓંકાર" રૂપી** એકાક્ષરી મંત્ર જપવા પડયું છે, કે જે મંત્રનાં ફળ આગળ કરોડો ગ્રંથ ભણ્યાનું ફળ બિશાદ વગરનું છે.

(૪૫૩)

**મેરા મન સુમરે રામકો, મનમે રામ સમાય;**
**મનહિ જબ રામ હો રહા, તો શિશ નમાવું કાય?**

મારૂં મન હવે તો પરમાત્માનેજ યાદ કરે છે અને તેમાં પરમાત્માનો વિચારજ રહેલો છે, ને બીજો કોઇ વિચાર રહ્યો નથી, મન પરમાત્મારૂપ થયું છે, અને એ પ્રમાણે જ્યારે મન પોતેજ પરમાત્મારૂપ બની ગયું છે, ત્યારે હું મસ્તક કોણને નમાવું?

(૪૫૪)

**તું તું કરતા તું ભયા, તું માંહે રહે સમાય;**
**તું માંહિ મન મિલા રહા, અબ મન અંત ન જાય.**

**"હું નથી"** પણ **"તું છે"** એમ બોલતાં બોલતાં, અને "પરમાત્મા પરમાત્મા" બોલવા અને વિચાર્યાથી, પરમાત્મામાં મન રેહવા લાગે છે, અને મનજ પરમાત્મારૂપ થઇ જાય છે, તે પછી મન કદી છુંટું વિખુટું પડતું નથી, કારણ કે તે પોતાના સુખી છેડે પુગી ગયું.

(૪૫૫)

**તું તું કરતા તું ભયા, મુંજમે રહિ ન "હું";**
**વારી ફેરૂં નામ પર, જીત દેખું તિત "તું"**

**"તું તું"** કરતાં કરતાં યાને "પરમાત્મા પરમાત્મા" બોલતાં મારામાં "હુંપણું" રહ્યું નહિ, પણ જ્યાં જોઉં છું ત્યાં **"તું ને તું"** યાને પરમાત્માંજ દેખાય છે માટે હું કબીર તારા (પરમાત્માના) નામનાં વખાણ ગાઉં છું કે તે **જપવાથીજ** મહાન સુખો પ્રાપ્ત થાય છે.

## શબ્દ (વાણી) વિષે.

(૪૫૬)

**શબ્દ શબ્દ કહા કરો, શબ્દકે હાથ ન પાંવ;**
**એક શબ્દ ઓખડ કરે, એક શબ્દ કરે ઘાવ.**

અમસ્થા શબ્દો બોલ્યા શું કરો છો, શબ્દને કાંઇ હાથ ને પગ હોતા નથી, છતાં એક શબ્દ દવા માફક માણસને આરામ કરે છે, જ્યારે બીજો (એક) શબ્દ સામાને જખમ કરી દુઃખ ઉપજાવે છે.

(૪૫૭)

**એક શબ્દ સુખ રાસ હય, એક શબ્દ દુઃખ રાસ;**
**એક શબ્દે બંધન કટે, એક શબ્દે પરે ફાંસ.**

એક શબ્દ સુખથી ભરપુર હોય છે, ત્યારે બીજો શબ્દ દુઃખથી ભરેલો હોય છે; એક શબ્દ માણસની મુશ્કેલીઓ ટાળે છે, જ્યારે (બીજો) એક શબ્દ તેને ગળે ફાંસી નાંખે છે.

(૪૫૮)

**એક શબ્દ સુ પ્યાર હય, એક શબ્દ કુ પ્યાર,**
**એક શબ્દે સબ દુશ્મન, એક શબ્દે સબ યાર.**

એક શબ્દમાં પ્યાર ભરેલો હોય છે; (બીજો) એક શબ્દ ધિક્કારથી ધમધમી રહ્યો હોય છે; એક શબ્દથી બધા લોકો આપણા દુશ્મન બને છે, જ્યારે બીજો શબ્દ સર્વને આપણા મિત્ર બનાવી દે છે.

(૪૫૯)

**શબ્દ ઐસા બોલિયે, તનકા આપા ખોય;**
**ઔરનકોં શિતલ કરે, આપનકો સુખ હોય.**

(ત્યારે) કબીર કહે છે કેઃ–તારૂં "હુંપણું" છોડી દઇ તું એવા શબ્દ બોલ, અને એવું બોલવાની ટેવ રાખ, કે જેથી સામો ધણી પણ રાજી રહે, ને તને પણ સુખ આવ્યા કરે.

(૪૬૦)

**શિતલ શબ્દ ઉચ્ચારિયેં, અહમ આનિયેં નાંહિ;**
**તેરા પ્રીતમ તુજમેં બસેં, દુશ્મન બી તુંજ માંહિ.**

મિઠા શબ્દ બોલવા અને મગરૂરી જરાએ કરવી નહિ; કારણ કે આપણા મિત્રો તથા શત્રુઓ આપણા (મધુર કે કડવા) બોલમાંજ રહેલા છે.

(૪૬૧)

**જે શબ્દે દુઃખ ના લગેં, સોહિ શબ્દ ઉચ્ચાર;**
**તપ્ત મિટી શિતલ ભયા, સોહિ શબ્દ તત્સાર.**

શબ્દ એવા બોલવા, અને વાત એવી કરવી કે જેથી કોઇને પણ દુઃખ લાગે નહિ, તથા ગુસ્સો આવે નહિ, પણ બધાંને શાંત થાય એવુંજ બોલવામાં ખરો સાર છે.

(૪૬૨)

**શબ્દ સરિખા ધન નહિ, જો કોઇ જાને બોલ;**
**હિરા તો દામે મિલે, પર શબ્દ ન આવે મોલ.**

જો કોઇ બોલી જાણતો હોય તો બોલી યાને (મીઠી) વાણી જેવું માણસનું એકે ધન યાને શકિત નથી; કારણ કે દામ ખરચો તો હિરો પણ મળી શકે છે, પણ મીઠા વચનનું તો મૂળજ નથી.

(૪૬૩)

**કઠન બચન બિખસે બુરા, જાર કરે સબ છાર;**
**સંત બચન શિતલ સદા, બરખે અમૃત ધાર.**

કડવા અને સખત્ બોલો, ઝેહેરથી પણ બુરા છે, જે શબ્દો બધાંને બાળી જાળી નાખે છે; તેથી જેઓ સાધુ પુરૂષ છે, તેઓ હંમેશાં મિઠાં વચનો બોલીને અમૃતની ધાર માંફક સર્વને સુખ ઉપજાવે છે.

(૪૬૪)

**કઉવે કિસકા ધન હરા, કોયલ કિસકો દેત?**
**મિઠા શબ્દ સુનાયકે, જગ અપના કર લેત.**

કાગડો આપણું શું ધન ચોરી લઇ જાય છે, કે તેનાથી આપણે કંટાળીએ છીએ? અને કોયલ શું આપણને આપી દે છે, કે આપણે તેનાથી રાજી થઇએ છીએ? પણ કબીર કહે છે કે એ સર્વ સર્વની બોલીથીજ માત્ર થાય છે. અર્થાત-કાગડાની માફક માથું દુખવનારા માણસને કોઇ ચહાતું નથી, જ્યારે કોયલ જેવા મિઠું બોલનારાઓ પોતાની બોલીથી સર્વનાં દિલ **જીતી** લે છે.

(૪૬૫)

**મિઠા સબસે બોલીયે, સુખ ઉપજે કછુ ઓર;**
**એહિ વશીકરણ મંત્ર હય, તજીયે બચન કઠોર.**

તું સર્વ સાથે મિઠું મિઠું બોલ, તેના જેવું સુખ ઉપજાવનાર કાંઇ નથી; એ સર્વનાં દિલ **જીતી** લેવાનું મંત્ર છે, માટે તું કડવા સખુનો બોલવાનું છોડી દે.

(૪૬૬)

**ગમ સમાન ભોજન નહિ, જો કોઇ ગમકો ખાય;**
**અમરિખ ગમ ખાઇયાં, દુરવાસા વિર લાય.**

ગમ ખાવું, યાંને સામો ધણી અપમાન કરે યા દુઃખ આપે તે શાંતપણે ખમીને બેસવું, એના જેવું ભોજન એકે નથી; અંબરીશ જેવા અસિલ

પુરૂષ, રાજા હોવા છતાં, દુર્વાસા જેવા અયોગ્ય નરનો સખ્ત ઠપકો અને શ્રાપ, મુંગે મોહોડે સહન કરી જઇ, સામો હાથ જોડી ઉભા રહ્યા, જેથી દુર્વાસાને નુકસાન થયું, જ્યારે અંબરીશ રાજાને સુખજ મળ્યું તેમજ, જે પણ બીજાનું બોલવું, ગમે એવું હોય, છતાં તે સહન કરી જાય, અને સામો જરાએ વાંકો શબ્દ નહિ બોલે, તે માણસ ખરો સુખી થાય.

(૪૬૭)

**જીભ્યા જીને વશ કરી, તિને વશ કિયા જેહાંન;**
**નહિ તો અવગુણ ઉપજે, કહે સબ સંત સુજાણ.**

જે પોતાની જીભને વશ કરે, તે આખી જેહાનને **જીતી** શકે છે; પણ જે જબાનને કાબૂમાં રાખતો નથી, તેને દુઃખ ઉપજ્યા કરવાનું એવું સાધુ-પુરૂષોનું કહેવું છે.

(૪૬૮)

**શબ્દ શબ્દ બહુ આંતરા, સાર શબ્દ ચિત દેય;**
**જો શબ્દે હરિ મિલે, સોહિ શબ્દ ગ્રહિ લેય.**

શબ્દ, શબ્દમાં ઘણો ફરક હોય છે, માટે કબીર કહે છે કે, હું હવે (ગુપ્ત) શબ્દ કહું તેપર ધ્યાન લગાડો, અને મારા કહેલા શબ્દમાં જે શબ્દથી પરમાત્મા મળે છે, તે શબ્દને તમો પકડી રાખો.

(૪૬૯)

**શબ્દ બહોત હિ સુન્યા, પર મિટા ન મનકા મોહ;**
**પારસ તક પહોતા નહિ, તબ લગ લોહાકા લોહ.**

એવા (બીજા) શબ્દો તો ઘણા એ મેં સાંભળ્યા પણ મારાં મનનું અજ્ઞાનપણું ગયું નહિ, કારણ કે, જ્યાંસુધી લોઢાંને પારસમણિ મળતો નથી, ત્યાં સુધી તેનું સોનું થતું નથી પણ લોઢું તે લોઢુંજ રહે છે, તેમ જ્યાંસુધી ખરો (ગુપ્ત) શબ્દ શું છે, તેનું જ્ઞાન માણસને થતું નથી, ત્યાંસુધી તેને પરમાત્મા મળી શકતો નથી.

(૪૭૦)

**શબ્દ હમારા સત હય, તુમ મત જાય સરક;**
**મોક્ષ મુકત ફળ ચાહો, તો શબ્દકો લેઓ પરખ.**

કબીર કહે છે કે મારાં વચનો સત્ય છે, તેને મનમાંથી દુર કરતા ના; પણ જો તમે મુકિત મેળવવા ચાહતા હોવો તો, મારાં વચનોપર ધ્યાન લગાડી તેને પારખવાની તજવીજ કરો, અને તે મુજબ ચાલવાને પ્રયત્ન કરો.

(૪૭૧)

**શબ્દ મારે મર ગયેં, શબ્દે છોડા રાજ;**
**જીને શબ્દ વિવેક કિયા, તાકા સરિયા કાજ.**

એ (ગુપ્ત) શબ્દનો સાર મેળવવા જતાં, અનેક મરણ પામ્યા છે, ને અનેકે પોતાનાં રાજપાટ છોડી દીધાં છે; જેણે તે શબ્દ જાણ્યો ને તે મુજબ જીંદગીમાં અમલ કીધો તેનુંજ કામ સફળ થયું છે.

(૪૭૨)

**શબ્દ શબ્દ સબ કોઇ કહે, વોહ તો શબ્દ વિદેહ;**
**જીભ્યાપર આવે નહિ, નિરખ પરખ કર લે.**

શબ્દ શબ્દ કરી સર્વ બોલે છે, પણ તે (ગુપ્ત) શબ્દનો કાંઇ આકાર નથી, ને તે શબ્દ કાંઇ જીભથી ઉચરાતો નથી, તે તો માત્ર જોઇનેજ પારખવાનો છે.

(૪૭૩)

**શબ્દ બિનાં સુરતા આંધળી, કહો કહાં કો જાય;**
**દ્વાર ન આવે શબ્દકા, ફિર ફિર ભટકા ખાય.**

તે શબ્દ વગર, માણસનું મન આંધળુંજ રહે છે, તેથી તેને કયાં જવું ને કયો રસ્તો લેવો તેની ખબર પડતી નથી; અને તે શબ્દનો દરવાજો નહિ મળવાથી, તે બિચારો ફોકટનો ભટકી ભટકીને ખુવાર થાય છે.

(૪૭૪)

**એક શબ્દ ગુરૂ દેવકા, તાકા અનન્ત બિચાર;**
**થાકે મુનીજન પંડિતા, ભેદ ન પાવે પાર.**

સદ્‌ગુરૂ માત્ર એકજ શબ્દ (મંત્ર) આપે છે, પણ તેમાં પાર વિનાનો ભેદ સમાયલો હોય છે, કે જેને મોટા મુનિઓ અને પંડિતો (જેને ગુરૂ મળ્યા નથી તેઓ) શોધતાં શોધતાં ઠાકી ગયા છે, ને જેનો ભેદ, વેદ (શાસ્ત્ર) માત્ર વાંચવાથી યા ભણવાથી મળી શકતો નથી.

(૪૭૫)

**ભેદ થકે બ્રહ્મા થકે, થકિયા શંકર શેષ;**
**ગિતાકોબી ગમ નહિ, જહાં સદ્‌ગુરૂકા ઉપદેશ.**

જ્યારે સદ્‌ગુરૂ પોતાના ચેલાને દિક્ષા આપે છે ત્યારે તેને એ શબ્દનો ઉપદેશ સમજાવે છે, તે સિવાય કોઇથી પણ તેનો ભેદ સમજી શકાતો નથી.

(૪૭૬)

**પરખો દ્વારા શબ્દકા, જો ગુરૂ કહેં બિચાર,**
**બિના શબ્દ કછુ ના મિલે, દેખો નયન નિહાર.**

સદ્‌ગુરૂ વિચાર કરીને જે મંત્ર આપે તે ગુરૂમંત્રનો દરવાજો તું પારખ, જે સમજ્યાથીજ પરમાત્મા મળે છે, તે મંત્ર જ્યાસુધી મળે નહિ, ત્યાંસુધી તને કાંઇ મળવાનું નથી, માટે આંખ ઉઘાડી તું જો. અર્થાત-સદ્‌ગુરૂ જે બોધ આપે છે તે પ્રમાણે વર્તવાથી પરમાત્મા મળે છે, માટે વિવેક બુદ્ધિથી ગુરૂનાં વચન પ્રમાણે આચરણ કરવાં.

(૪૭૭)

**હોઠ કંઠ હાલે નહિ, જીભ્યા ન નામ ઉચ્ચાર;**
**ગુપ્ત શબ્દ જો બોલે, કોઇ કોઇ હંસ હમાર.**

તે (ગુપ્ત) શબ્દ એવો છે, કે બોલવાને માટે હોઠ યા ગળું હલાવવું પડતું નથી, ને જીભે પણ તેનો ઉચ્ચાર થતો નથી એવો

એ ગુપ્ત શબ્દ છે, કોઇક વિરલા હંસ યાને સાધુ પુરૂષનેજ તેનું જ્ઞાન થાય છે.

( ૪૭૮ )

**લોહા ચુંબક પ્રીત હય, લોહા લેત ઉઠાય;**
**ઐસા શબ્દ કબીરકા, કાળસેં લેત છોડાય.**

લોહચુંબકનું આકર્ષણ લોઢાંનેજ થાય છે, તેમ જે કોઇ યોગ્ય પુરૂષ હશે તેનેજ આ મારા કબીરના સબ્દોનું ખેંચાણ થશે, અને તેમ થશે ત્યરેજ તે માણસ કાળના હાથમાંથી છુટી શકશે.

## કરણી વિષે.

(૪૭૯)

**કહેતા હય કરતા નહિ, મુંહકા બડા લબાર;**
**કાલા મુંહ લે જાયગા, સાહેબકે દરબાર.**

જે પ્રમાણે બોલે તે રીતે જે ચાલે નહિ, તે માણસ અમસ્થો લબાસખોરો યાને જુઠો કહેવાય; ને તેવા માણસને, કબીર કહે છે કે, પરમાત્માની દરબારમાં કાળું મોંહ લઇ જવું પડશે.

(૪૮૦)

**કથની કથી તો કયા ભયા, કરણી નહિ કરાય?**
**કાલબુતકા કોટ જયું, દેખત હિ દેહ જાય.**

મોહડેથી મીથી મીથી માત્ર વાતો કરે, તેથી શું થાય? જે બોલે તે કરી ન દેખડાવે યાને તે રીતે જીંદગીમાં અમલ ન કરે, તો તેની જીંદગી એક છાયા સમાનજ છે, જે જોતાં જોતામાં મળે નહિ થઇ જાય છે.

(૪૮૧)

**કહેના મિઠી ખાંડસી, કરના બિખકી લોય;**
**જયું કહેની ત્યું રહેની રહે, તો બિખકા અમૃત હોય.**

મોહડેથી ઘણું મિઠાશ ભરેલું બોલે પણ જે કરણી તો વિષ (ઝેહેર) જેવી હોય; પણ જે બોલે તે કરી બતાવે યાને જીંદગીમાં તે પ્રમાણે અમલ કરનારો હોય, તે માણસ વિષનું અમૃત કરી શકે છે. સારાંશ કે જેવી ભલી વાણી મોહોડેથી કહાડે, તેવી ભલી કરણી કરે, તે માણસજ સર્વને સુખ આપી શકે છે.

(૪૮૨)

**જૈસી બાંની મુખ કહે, તૈસી ચાલે નાહિ;**
**મનુષ્ય નહિ એ સ્વાન હય, બાંધે જમપુર જાહિ.**

એથી ઉલટું, જેવું મોઢે બોલે તેવું આચરણ નહિ કરે તે માણસ નહિ પણ કુતરોજ છે, અને તે યમના હાથમાં સપડાયા કરવાનો, યાને, દુખી થયા કરશે.

(૪૮૩)

**કથની બકની છોડ દે, રહેનીસે ચિત્ત લાય;**
**નિરખી નિર પીયેં બિનાં, કબહુ પ્યાસ ન જાય.**

ત્યારે કબીર કહે છે કે:—તું માત્ર બોલવાનું છોડી દે, ને માત્ર કરણી ઉપર ધ્યાન રાખ, અને નેક કામો કરવા ચિત્ત લગાડ, કારણ જેમ પાણીને જોવાથી તરસ મટતી નથી, તેમ નેક કરણી કીધા વિના માણસ નથી નેક બની શકતો કે નથી સુખી થઇ શકતો.

(૪૮૪)

**કથતે બકતે પચ ગયે, મૂરખ કોટ હજાર;**
**કથની કાચી પડ ગઇ, રહેની રહિ સો સાર.**

મોહડેનો ખાલી પટપટારો કરી, હજારોને કરોડો મૂર્ખાઓ પોતાનો ભવ ગુમાવી ગયા છે; કારણ માત્ર મોહડેની વાત કાંઇ કામ આવતી નથી, પણ તે સાથે કરણી પણ તેવી ભલી હોય, ત્યારેજ દુનિયામાં માણસનું નામ અમર થઇ જાય છે.

(૪૮૫)

**જૈસી બાંની મુખ કહે, તૈસી ચાલે ચાલ;**
**સાહેબ સંગ લાગા રહે, તબહિ હોય નેહાલ.**

જેવી (ભલી) વાણી મોહડાંમાંથી નિકળે, તેજ પ્રમાણે જે ભલી કરણી રાખે અને પરમાત્માને હાજર નાજર જાણી, નિત્ય સત્યનેજ માર્ગે ચાલે, તે માણસ ખરો સુખી થાય અને પાર પડી જાય.

(૪૮૬)

**કથની કથે સો પુત હમારા, બેદ પઢે સો નાતી;**
**રહેણી રહે સો ગુરૂ હમારા, હમ હય તાકે સાથી.**

કબીર કહે છે કે:—મોહડેથી વાતો કર્યા કરે, તે તો છોકરા જેવો (નાદાંન) છે, જે વેદ વગેરે પુસ્તકો માત્ર વાંચી જાણે તે માત્ર એક નાતીલો છે યાને સાધારણ માણસ છે, પણ જેવું બોલે યા વાંચે, યાને શાસ્ત્રનાં શિક્ષણ કહી સંભળાવી તે મુજબ જીંદગીમાં અમલ કરતો હોય, તે મારો ગુરૂ છે, અને હું તેનો સાથી છું.

(૪૮૭)

**કુલ કરણી છુટે નહિ, જ્ઞાનહિ કથે અગાધ;**
**કહે કબીર તા દાસકોં, સુખ દેખે અપરાધ.**

જેની બધી દુષ્ટ વાસનાઓ ગઇ નથી, છતાં જે ખાલી મોટી જ્ઞાનની મોટી વાતો કર્યા કરે, તે માણસનું મોહડું તમે જુવો તો પાપથી ભરેલુંજ દેખાશે. સારાંશ કે ઘણું જ્ઞાન લેવા છતાં જે પોતાની કરણી સુધારતો નથી અને બોલે તે કરતો નથી, તે માણસ પાપો કર્યાં જાય છે.

(૪૮૮)

**રહેણી કે મેદાનમેં, કથની આવે જાય;**
**કથની પિસે પિસનાં; રહેણી અમલ કમાય.**

આ જીંદગીમાં મોહડાંમાંથી (શિખામણ)ની વાતો ઘણી કરાય છે, પણ એ સર્વે વાતો નિર્થક છે; કારણ કે મોહડાંનું બોલવું તે દળણું દળવા બરાબર છે, યાને તે બધું નકામું છે; માત્ર કરણીજ સરસાઇ ભોગવી શકશે.

(૪૮૯)

**એહરનકી ચોરી કરે, કરે સુઇ કો દાંન;**
**ઉંચી ચઢ કર દેખતે, કૈતિક દૂર વિમાંન?**

એરણ જેવા મોટા લોખંડના કકડાની ચોરી કરે અને સોય જેટલી નાની ખેરાત કરે અને ઉંચે ચહડીને જુવે કે હવે મારૂં સ્વર્ગ કેટલું દૂર છે?

અર્થાત, અપ્રમાણીકપણે માલમતા ભેગી કરે અને પછી મુવા પછી સ્વર્ગ મળે એવું ધારી તે માંહેથી થોડુંક ધર્મદાન કરે તે શું કામ લાગે?

(૪૯૦)

**મનમાંહિ ફુલા ફિરે, કરતા હું મય ધરમ;**
**કોટ કરમ સિરપે ધરે, એક ન ચિને બ્રહ્મ.**

થોડુંક ધર્મદાન કરી, પોતાનાં મનમાં ફુલાયા કરે કે હું ખેરાત કરૂં છું, પણ ધર્મને બદલે, કબીર કહે છે કે, કાંઇ કરોડો કરમો કર્યો જાય, ને માથાંપર પાપનો ટોપલો વધારતો જાય, તેનો તો કાંઇ વિચારજ નહિ. અર્થાત–દુનિયવી વેહેવારમાં અપ્રમાણીકપણે ચાલ્યા કરે, તો દાનધર્મ કીધામાં શું સાર? તેથી કાંઇ પાપો ધોવાઇ જવાનાં હતાં?

(૪૯૧)

**તિરથ ચલા નહાંનેકો, મન મેલા ચિત ચોર;**
**એકહુ પાપ ન ઉતારા, લાયા મન દસ ઓર.**

મનમાં દુષ્ટ અને પાપી વિચારો રાખી ભમતું ચિત્ત લઇને તિરથ કરી નહાવા જાય, અને પવિત્ર થવા માંગે તે માણસ કબીર કહે છે કે, પોતાનું એક પણ પાપ ઉતારવાને બદલે, ત્યાંથી સામાં બીજાં દસ પાપો લઇને આવે છે.

(૪૯૨)

**નાહ્યે ધોયે કયા ભયો, મનકો મેલ ન જાય;**
**મિન સદા જલમેં રહે, ધોવે કલંધ ન જાય.**

જ્યાંસુધી મન પવિત્ર થતું નથી, ને કરણી નેક કરો નહિ ત્યાંસુધી માત્ર (શરીરનાં) નાહવા ધોવાથી શું થાય? માછલી હંમેશાં પાણીમાં રહે છે, પણ ગમે એટલી તેને ધોવા છતાં, તેનો ખરાબ વાસ જતો નથી તેમ, માત્ર શરીરને ધોઇ સાફ રાખવાથી કાંઇ માણસ પવિત્ર બની શકતો નથી.

(૪૯૩)

**જૈસી કરણી આપકી, તૈસાહિ ફળ લે;**
**ફુન્ડે કરમ કમાયકે, સાંઇયાં દોષ ન દે.**

જેવી કરણી તેવી પાર ઉતરણી યાને જેવું જે કરે તેવું ફળ તે મેળવે; નેક કરણીનું ફળ નેક આવે, પણ જ્યારે દુષ્ટ કાર્યોથી તેનું ફળ (દુઃખ ભરેલું) આવે ત્યારે રડવું અને પરમાત્માને ઠપકો આપવો ફોકટ છે, કારણ કે તે તેની પોતાની કરણીનુંજ પરિણામ છે.

(૪૯૪)

**રામ ઝરૂખે બેઠકે, સબકા મુજરા લેત;**
**જીનકિ જૈસી ચાકરી, તિનકો તૈસા દેત.**

પરમાત્મા પોતાને સ્થાને બેસી, સર્વની કરણીનો હિસાબ રાખે છે, અને જેવી જેની ચાકરી તેવું તેને દામ આપે છે–અર્થાત, કુદરતનો કરણીનો કાયદો જગતમાં અચુક રીતે કાર્ય કરી રહ્યો છે, જેથી ભુંડું કરી ભલાઇ મેળવી શકાતી નથી, પણ ભલાઇ કર્યાથીજ તેનું શુભ ફળ આવે છે.

(૪૯૫)

**સાહેબકે દરબારમે, સાચેકો સિરપાવ;**
**જુઠા તમાચા ખાયગા, કયા રંક કયા રાવ.**

પરમાત્માની દરબારમાં સાચાને યાને ભલી કરણી કરનારને સુખ મળે છે, અને જુઠાને તમાચો ખાવો પડે છે; પછી તે માણસ રંક યા રાજા કાં નહિ હોય. સર્વને એક સરખો ચોખ્ખો ઇનસાફ તેઓની કરણી મુજબ મળે છે.

(૪૯૬)

**સાંઇયાં કે દરબારમે, કમી કછુ હય નાંહિ;**
**બંદા મોજ ના પાવહિ, તો ચૂક ચાકરી માંહિ.**

પરમાત્માની દરબારમાં કાંઇ કમી નથી, યાને કોઇ પણ વસ્તુની ત્યાં ખોટ નથી, પણ જેને કાંઇ (સુખ કે પૈસો) મળતું નથી, તેનું કારણ એ કે તેની પોતાની ચાકરીમાંજ ખામી છે, યાને તેની કરણી એવી નથી કે તેને માંગી વસ્તુ મળે.

(૪૯૭)

**સાહેબકે દરબારમે, કયું કર પાવે દાદ;**
**પહેલે કામ બુરા કરે, બાદ કરે ફરિયાદ.**

પેહેલ્લાં કામ બુરૂં કરે, ને પછી દુઃખ આવે ત્યારે રડવા બેસે, ને પરમાત્મા પાસે દાદ માંગે, તો કબીર કહે છે કે, તેની દાદ પરમાત્મા કેમ સાંભળે?

(૪૯૮)

**દાતા નદિ એક સમ, સબ કોઇકો દેત;**
**હાથ કુંભ જીસકા જૈસા, તૈસાહિ ભર લેત.**

પરમાત્મા, એક નદી સમાન છે, કે જે સર્વેને પાણી ઘટે એટલું ભરી લેવા દે છે, પણ જેના હાથમાં જેવું ને જેટલું (નાનું યા મોટું) વાસણ હોય, તેવું ને તેટલું પાણી, તે નદીમાંથી ભરી લઇ શકે છે, પરમાત્માનો કાયદો એકજ નિયમ ઉપર રચાયલો છે, કે માણસ જેવું કરે તેવું ફળ પામે.

(૪૯૯)

**કરતાકે તો ગુણ ઘણે, અવગુણ એકે નાંહિ;**
**જો દિલ ખોજું આપનાં, સબ અવગુણ મુજ માંહિ.**

પરમાત્માનું તો સર્વે ભલુંજ કીધેલું છે, ને તેમાં એક પણ વસ્તુ ખરાબ છેજ નહિ; પણ જે નઠારૂં થાય છે યાને માણસને દુઃખ આવે છે, તેનું કારણ તપાસો તો તે તેનામાંજ ભરેલું છે એવું માલમ પડશે, યાને દુઃખ તેની પોતાની કરણીનુંજ પરિણામ છે.

(૫૦૦)

**જો તોકો કાંટા બુવે, તાકો તું બો ફૂલ;**
**તોકો ફૂલપે ફૂલ હય, વાકો કાંટા સૂલ.**

કોઇ કાંટો ભોકે તેને તું ફુલજ સુંઘાડ, જેથી તને ફુલની સુગંધજ રહેશે અને કાંટો તેનેજ લાગશે. અર્થાત–કોઇ તારી સાથે ભુંડો થાય, તો પણ તારે તો ભલાઇનેજ વળગી રહેવું કારણ કે તેની કીધેલી બુરાઇનું પરિણામ તેનેજ ભોગવવું પડશે, તને કશું લાગતું વળગતું નથી.

(૫૦૧)

**આપન ભલે ઠગાઇએ, ઓર ન ઠગિયે કોય;**
**આપ ઠગાયે સુખ ઉપજે, પર ઠગિયા દુઃખ હોય.**

તને કોઇ ઠગી જાય, યા હેરાન કરવા કોશેશ કરે, તો ભલે તેને તેમ કરવા દે; પણ તારે પાછો તેને ઠગવાનો અને દુઃખ આપવાનો વિચાર કરવો નહિ; કારણ તેના ઠગવાથી અથવા દુઃખ આપવાની કોશેષથી તને કાંઇ પણ દુઃખ આવવાનું નથી પણ સુખજ રહેશે; પણ જો તું તેને ઠગશે યાને દુઃખ આપવાનો ખ્યાલ કર્યા કરશે, તો તને વળતું દુઃખ જરૂર આવશે.

(૫૦૨)

**કહેતા હું કહે જાત હું; દેતા હું હેલા;**
**ગુરૂકી કરણી ગુરૂ તિરે, ઓર ચેલાકી ચેલા.**

હું (કબીર) કહું છું, અને કહી જાઉં છું, અને ચેતવણી આપું છું કે ગુરૂ હશે તો તે પણ પોતાનીજ કરણીથી તરશે, અને ચેલો પણ પોતાનું કીધેલું જોશે, સર્વ પોતાની કરણી મુજબ ફળ મેળવશે. બીજાના કીધાથી કોઇને કશું થવાનું કે થતું નથી, પણ સર્વ પોતાનીજ કરણીનાં પરિણામો ભોગવે છે અને ભોગવશે.

(૫૦૩)

**કબીર! હમ ઘર કિયા, ગલ કટોંકે પાસ;**
**કરેગા સો પાવેગા, તું કયું ફિરે ઉદાસ?**

કબીરનું રહેવાનું ઘર ખાટકીવાડામાં હતું, તેથી કોઇએ તેઓને સવાલ કીધો કે, તમે એવા નેક પુરૂષ થઇને, કસાઇઓની પાસે કાં રહો છો? તેને કબીરે જવાબ દીધો કે ભાઇ, મારે એમાં શું છે? જે કોઇ (કસાઇનું કામ) કરશે તે ભરશે, હું ત્યાં રહું છું છતાં તે કામ કરતો નથી, માટે તું શા માટે મારી ફિકર કરે છે?

(૫૦૪)

**એક હમારી શિખ સુન, જો તું હુવા હય શેખ;**
**કરૂં કરૂં તું કયા કહે, કયા કયા કિયા હય દેખ?**

તું મેહતાજી થઇને બધાંને શિખામણ દેવા નિકળ્યો છે, તો હું તને એક વાત કહું છું તે તું સાંભળ, કે, "કરૂં કરૂં" એવું મોહડેથી બોલવાનું મુકી દે, પણ તેં શું શું કીધું છે તેનો વિચાર કર, અને ફરી તેવાં (નઠારાં) કામો ન થાય, તેની સંભાળ રાખ.

(૫૦૫)

**જબ તું આયો જગતમે, લોક હસે તું રોય;**
**એસી કરણી ના કરો, કે પિછે હસે કોય.**

જ્યારે તું આ જગતમાં આવ્યો, યાને જન્મયો, ત્યારે લોકો ખુશી થયાં ને હસવા લાગ્યાં, ને તે વેળા તું રડતો હતો, પણ હવે તું એવી કરણીના ના કરતો કે જેથી લોકો તારી પાછળ યાને મરણ બાદ હસવા બેસે!

(૫૦૬)

**જૈસી કથની મેં કથી, તૈસી કથે ન કોય;**
**કરણીસેં સાહેબ મિલે, કથની જુઠી હોય.**

જે હું કહું છું, તેવું તને બીજો કોઇ કહેશે નહિ; તે એ છે કે (નેક) કરણીથીજ પરમાત્મા મળે છે, મોહડેના ખાલી પટપટારાથી કાંઇ વળતું નથી.

(૫૦૭)

**ના કછુ કિયા ના કર શકા, ન કરને જોગ શરીર;**
**જો કછુ કિયા સો હરિ કિયા, તાતે ભયે કબીર.**

પરમાત્મા વિના, આ શરીર (માત્ર) કાંઇ કરી શકયું નથી, ને કાંઇ કરી શકવાનું નથી, કારણ તેનામાં એવી (કરવાની) શકિત છેજ નહિ; જે પણ કાંઇ થયું છે યા થાય છે, તે પરમાત્માથીજ થયલું હોય છે, અને હું (કબીર) જે પરમાત્માનો બંદો થયો છું તે પણ પરમાત્માની મેહેરબાનીથીજ. અર્થાત-દુનિયવી વસ્તુઓનો ખ્યાલ છોડી જ્યારે પરમાત્માનોજ સાથ પકડવાનો

મેં પૂર્ણ વિચાર કીધો, ને તે મુજબ કરણી કરવા લાગ્યો, ત્યારે મને પરમાત્મા મળ્યા, અને પરમ સુખ હાથ આવ્યું.

(૫૦૮)

**સાચ બરાબર તપ નહિ, જુઠ બરાબર પાપ;**
**જાકે હૃદય સાચ હય, તાકે હૃદય આપ.**

**સત્ય** (Truth) ના જેવી તપ કોઇ નથી. ને જુઠાં જેવું પાપ બીજું એકે નથી. જેના હૈયાંમાં સાચવત હોય યાને જે વિચારમાં, બોલવામાં સાચો હોય યાને જેવું બોલે તેવું કરતો હોય, અને જેનું મન પણ હંમેશ નેક વિચાર કરતું હોય (ટુંકમાં, જેની મનસા, વાચા, ને કર્મણા એકસરખાં હોય) તે માણસમાં પરમાત્મા પ્રગટ થઇને રહેલા હોય છે, અને તેજ માણસ પરમાત્માને પુગી શકે છે.

(૫૦૯)

**બ્રાહ્મણ ગુરૂ જગતકે, સંતનકે ગુરૂ નાહિ;**
**ઉલટ પલટ કર ડુબયા, ચાર બેદકે માંહિ.**

જે બ્રાહ્મણ યાને ધર્મગુરૂ, વેદ (ધર્મશાસ્ત્રો) ના શબ્દોની ઉપરજ રમ્યા કરતો હોય, યાને માત્ર મોંહોડેથી ભણી જાણે, પણ તેનો ગુપ્ત ભેદ તે સમજતો ન હોય તે બ્રાહ્મણ, સાધારણ લોકોને માટે હોય છે, પણ તે સાધુ પુરૂષોનો ગુરૂ થઇ શકતો નથી, અને આગળ વધેલા જીવો, જેઓ પરમાત્માને શોધવાને મથી રહ્યા હોય તેઓને એવા ધર્મગુરૂઓ કાંઇ સમજાવી શકે નહિ.

(૫૧૦)

**ચાર બેદ પઢવો કરે, હરિસે નાહિ હેત;**
**માલ કબીરા લે ગયા, પંડિત ઢુંડે ખેત.**

એવો ધર્મગુરૂ, ચારો વેદ (ધર્મનાં શાસ્ત્રો) સારી પેઠે ભણી જાણે, પણ તેનું મન પરમાત્માપર લાગેલું હોતું નથી; શાસ્ત્રમાં જે ખરૂં તત્વ છે તે તો કબીર જેવા માણસો ગ્રહણ કરી લે છે, જ્યારે પંડિત તેની શોધ ખેતરમાં કર્યા કરે છે,—અર્થાત, ધર્મનો ભેદ સમજતા ન હોવાથી તેઓ પરમાત્માને પોતાની બાહેર શોધતા ફરે છે.

(૫૧૧)

**પઢિ ગુનિ પાઠક ભયેં, સમજાયા સબ સંસાર;**
**આપન તો સમજે નહિ, વૃક્ષા ગયા અવતાર.**

શાસ્ત્રો ભણી ગણીને પંડિત થાય, ને લોકોને સંસાર વિષે સમજાવે, પણ પુખ્ત જ્ઞાન પોતાને ન હોવાથી, પોતાનો જન્મ બરબાદ જાય છે, તેની તેમને શુદ્ધિ હોતી નથી.

(૫૧૨)

**પઢિ ગુનિ બ્રાહ્મણ ભયેં, કિર્તી ભઇ સંસાર;**
**બસ્તુકી સમજન નહિ, જ્યું ખર ચંદન ભાર.**

પુસ્તકો ભણી ગણીને બ્રાહ્મણ થાય, ને સંસારનાં લોકો તેની વાખવાખી ગાય, પણ જેમ ગધેડાંને, તેની પીઠપર લાધેલી વસ્તુ શું છે તેની ખબર હોતી નથી તેમ, આ પંડિતજીને શાસ્ત્રની મૂળ મતલબ શું છે તેની કશી સમજ હોતી નથી.

(૫૧૩)

**પઢત ગુનત રોગી ભયેં, બડયા બહોત અભિમાન;**
**ભિત્તર તાપ જગતકી, ઘડિ ન પડતી શાંન.**

તે તો માત્ર શાસ્ત્રો ભણી પંડિત તરીકે લાહેરી (અભિમાન) લોકો આગળ દેખાડે એજ, પરંતુ તેનાં હૈયાંમાં તો જગતની વસ્તુઓના ખ્યાલો, અને તે મેળવવાની ઇચ્છાઓ ભરેલી હોય છે, ને તેમાંથી તેનું ધ્યાન જરાએ બાહેર નિકળતું નથી.

(૫૧૪)

**પઢેં ગુંને સબ બેદકો, સમજે નહિ ગમાર;**
**આશા લાગી ભરમકી, જ્યું કરોલયાકી જાર.**

વેદો (શાસ્ત્રો) ને ઘણાં સારી રીતે વાંચી, યા મોહોડેથી બોલી જાય, પણ તેમાંનો ભેદ શું છે તેનું તે મૂર્ખને જ્ઞાન હોતું નથી, કારણ કે સાધારણ લોકો માફક, તેને પણ બધા પ્રકારની આશાઓ અને વેહમો રહેલા હોય છે, અને કરોળિયાની પેઠે, તેની ઉપર માયાનાં બંધાણો ફરી વળેલાં હોય છે.

(૫૧૫)

**પંડિત પઢતે બેદકો, પુસ્તક હસતિ લાડ;**
**ભકિત ન જાણી રામકી, સબે પરિક્ષા બાદ.**

જ્યારે વેદ વાંચવા બેસે છે, ત્યારે તે પુસ્તક તેની હસી કરે છે, ને જાણે તેને કહે છે કે, પંડિતજી! તમે બધી પરિક્ષા પસાર કીધી! પણ પરમાત્માની ભકિત તે શું અને તે કેમ કરવી, એ તમે હજી જાણ્યું નથી!

(૫૧૬)

**પઢતે ગુનતે જનમ ગયો, આશા લાગી હેત;**
**બોયા બીજ કુમતને, ગયાજ નિર્ફળ ખેત.**

શાસ્ત્રો ભણતાં ને સમજાવતાં આખો જન્મ કહાડયો, પણ મનમાં તો પોતા વિષેજ વિચાર રહેલો છે, ને પરમાત્મા તો છેજ નહિ; ત્યારે કબીર કહે છે કે એવા બેવકુફો ખરાં તત્વને ગુમાવી, પોતાનાં ખેતરને ફળ વિનાનું રાખે છે, યાને તેઓ ખરૂં સાર્થક કરી શકતા નથી.

(૫૧૭)

**સંસકૃતહિ પંડિત કહે, બહોત કરે અભિમાન;**
**ભાષા જાનકે તર્ક કરે, સો નર મુંઢ અજ્ઞાન.**

વારંવાર મોટા સંસકૃત વાકયો બોલીને પંડિતજી મોટાઇ દેખાડયા કરે કે જાણે તેના જેવો હુશિયાર કોઇ નહિ; પણ કબીર કહે છે કે માત્ર ભાષા જાણી જે ખોટી ખોટી તર્કો કરે તે મૂર્ખ અને અજ્ઞાની છે.

(૫૧૮)

**આતમ દ્રષ્ટ જાને નહિ, નાહવો પ્રાતઃકાલ;**
**લોક લાજ લિયો રહે, લાગો ભરમ કપાલ.**

આત્મિક (Spiritual Eye) દ્રષ્ટી શું છે તે પંડિત જાણતો ન હોવાથી, સહવારે ઉઠી નાહવું ધોવું બધુંએ કરે, ને લોક લાજ રાખી બાહેરની ક્રિયાઓ ને રેવાજોનું પાળણ કરે, ને એટલું કરી સમજે કે હું હવે પવિત્ર થયો છું, પણ કબીર કહે છે કે એ તેના માત્ર ખોટા ભ્રમો છે.

(૫૧૯)

**તિરથ વૃત સબ કરે, ઉંડે પાની નહાય;**
**રામ નામ નહિ જપે, કાળ ગ્રાસે જાય.**

તીરથો કરે, વૃત પાળે, ને ઉંડા પાણીમાં નહાવું ધોવું બધું કરે, પણ રામ (પરમાત્મા)ના નામની જપ કેમ કરવી તે ખબર ન હોવાથી, પંડિતજી કાળને હાથ સપડાયા કરે.

(૫૨૦)

**કાશી કાંઠે ઘર કરે, નહાવે નિર્મળ નીર;**
**મુકત નહિ હરિનામ બિન, યું કહે દાસ કબીર.**

કાશીને કાંઠે ઘર કરીને રહે કે ગંગા નદિનાં પવિત્ર પાણીએ શરીર સાફ થાય, પણ, કબીર કહે છે કે જ્યાંસુધી પરમાત્માનું નામ હૈયે વસે નહિ ત્યાંસુધી તેને મુક્તિ મળતી નથી.

(૫૨૧)

**મછિયાં તો કુંલધિયા, બસેં હય ગંગા તીર;**
**ધોવે કુંલધ ન જાય, રામ ન કહે શરીર.**

ગંગા જેવી પવિત્ર નદીમાં માછલી રહે છતાં તે વાસથી ભરપૂર હોય છે, અને ગમે એટલી ધોવાથી તેનો ખરાબ વાસ જતો નથી તેમ, ગંગામાં માત્ર શરીરને ધોવામાં અને "પરમાત્મા પરમાત્મા" બોલ્યા કરવામાં અને મનનો મેળ કહાડયા વિના માત્ર શરીરને પવિત્ર કરવામાં કશોએ સાર નથી.

(૫૨૨)

**જપ તપ તિરથ સબ કરે, ઘડિ ન છાંડે ધ્યાન;**
**કહે કબીર ભકિત બિનાં, કબૂ ન હોય કલ્યાંન.**

જપ, તપ અને તીરથ બધુંએ તે કરે, પણ તેનું ધ્યાન તો દુનિયવી લાલચોમાંથી જરાએ બહાર નિકળે નહિ, ત્યારે તેનું કામ કેમ સરે? કબીર કહે છે કે, જ્યાંસુધી માણસ હૈયાંનાં હેતથી પરમાત્માને ભજતો નથી, યાને બિનસ્વાર્થી સેવા કરતો નથી, ત્યાંસુધી તેનું કલ્યાણ થતું નથી.

(૫૨૩)

**કો એક બ્રાહ્મન મશકરા, વાકો ન દિજે દાંન;**
**કુટુંબ સહિત નર્કે ચલા, સાથ લિયે જજમાન.**

જે બ્રાહ્મણ ઠઠાબાજ હોય, યાને બ્રાહ્મણના સદ્‌ગુણો ધરાવતો ન હોય, ને શુદ્ધ આચાર વિચાર પ્રમાણે ચાલતો ન હોય, તેવા ધર્મગુરૂને કબીર કહે છે કે, તમારે ત્યાંની ધર્મક્રિયા કરવાનું કામ સોંપશો નહિ; એવા બ્રાહ્મણોની ક્રિયા કામ આવતી નથી; કારણ કે તે પોતે નર્કનો રસ્તો લેનારાવાળો છે, તેથી પોતાનાં જજમાનોને પણ ત્યાં (નર્કમાંજ) સાથે લઇ જવાનો.

(૫૨૪)

**કબીર! પંડિતકી કથા, જૈસી ચોરકી નાવ;**
**સુન કર બૈઠે આંધળા, ભાવે તહાં બિલમાવ.**

ઓ કબીર! પંડિતની કથા સાંભળવી, ને ચોરની હોડીમાં આંધળાનું બેસવું એ બન્ને સરખાં છે; આંધળો માણસ માત્ર કાનથી સાંભળી તે હોડીમાં બેસે છે, પણ તે હોડી તેને ક્યાં લઇ જાય છે તેની તે ગરિબડાને કાંઇ ખબર હોતી નથી, તેમજ પોઠીપંડિતની કથા સાંભળનારને પંડિત ક્યાં લઇ જાય છે, તેની સમજ હોતી નથી, તે તો પેલા આંધળાની માફક બેઠો બેઠો સાંભળ્યા કરે છે. પણ તેનો મર્મ કાંઇ સમજતો નથી.

(૫૨૫)

**કામ ક્રોધ મદ લોભકી, જબલગ મનમે ખાન;**
**તબલગ પંડિત મુરખહિ, કબીર એક સમાન.**

જ્યાં સુધી, પંડિતનાં મનમાં, કામ એટલે ઇંદ્રિઓના વિષયો ભોગવવાની ઇચ્છાઓ, ગુસ્સો, જુસ્સાઓ અને દુનિયવી લાલચો, લોભ, એ સર્વે રહેલાં છે, ત્યાસુધી પંડિતજી અને તેમની કથાનાં સાંભળનારા (મૂર્ખ) લોકો બન્ને એક સરખાંજ છે.

(૫૨૬)

**પઢ પઢ ઓર સમજાવહિ, ન ખોજે આપ શરીર;**
**આપહિ સંશયમે પડા, યું કહે દાસ કબીર.**

પુસ્તકો વાંચી વાંચી, બીજાંઓને તે કહી સમજાવે, પણ પોતાનાં શરીરમાં શું ભરેલું છે તે કાંઇ જોતો નથી, યાને "પોતે કોણ છે?" પરમાત્મા કયાં છે? તે માટે પંડિતજી પોતેજ શકમંદ હોય અને તે વિષે તદન અજ્ઞાન હોય તો બીજાંઓને તે શું શિખવી શકે?

(૫૨૭)

**ચતુરાઇ પોપટ પઢિ, પડા સો પિંજર માંહિ;**
**ફિર પરમોધે ઓરકો, આપણ સમજે નાહિ.**

તે તો પોપટની માફક બોલતાં ને મોહડાંની ચતુરાઇ કરતાં શિખ્યો છે, પણ પોપટ માફક પાંજરાંમાં કેદ પડેલો અને માયાની જાળમાં ફસેલો હોય અને વળી પોતે કશું સમજ્યા વિના બીજાંઓને સમજાવ સમજાવ કરે છે.

(૫૨૮)

**હરિગુણ ગાવે હરખકે, હિરદે કપટ ન જાય;**
**આપન તો સમજે નહિ, ઓરહિ જ્ઞાન સુનાય.**

મોહોડેથી પરમાત્માની તારીફ ઘણી ઘણી કરે, પણ હૈયાંમાંથી કપટ જાય નહિ, યાને હૈયું તો મેલુંજ રાખે; એ રીતે શાસ્ત્રનાં શિખવેલાં શિક્ષણ પ્રમાણે પોતે અમલ કરે નહિ, ને બીજાંઓને શાસ્ત્રો સમજાવે.

(૫૨૯)

**ચતુરાઇ ચુલે પડો, જ્ઞાનકો જમરા ખાઓ;**
**ભાવ ભકિત સમજે નહિ, જાન પનો જલ જાઓ.**

ત્યારે કબીર કહે છે કે:—એવી ખાલી ચતુરાઇ ચુલે પડી જાય, ને એવાં મોહોડાંનાં જ્ઞાનને જમ આવીને ખાઇ જાય તો ભલું. જેનું મન પરમાત્મા તરફ લાગેલુંજ ન હોય તેની એવી ચતુરાઇ અને પુસ્તક જ્ઞાન શા ખપનાં? તે બળી ભષ્મ થઇ જાય તો ઠીક.

(૫૩૦)

**લીખનાં પઢનાં ચાતુરી, એ સબ બાતાં સહેલ;**
**કામ દહન મન વશકરન, ગગન ચઢન મુશકેલ.**

લખવું, ભણવું, ને મોહોડેની ચતુરાઇ કરવી એ બધું સેહેલાઇથી થઇ શકે છે, પણ કામ એટલે ઇંદ્રિઓનાં વિષયો ભોગવવાની ઇચ્છાઓ અંતરમાંથી કહાડી નાખી, મનને વશ કરી ઉંચા આસમાંને ચહડવું અર્થાત-પરમાત્માનો મેળાપ કરવો, એ કાર્ય બહુજ મુશ્કેલ છે.

(૫૩૧)

**જ્ઞાની ગાથા બહુ મિલે, કવિ પંડિત અનેક;**
**રામ રાતા ઓર ઇંદ્રિ જીતા, કોટી મધે એક.**

મોહોડેથી જ્ઞાનની વાતો કરનારા તો ઘણાંએ મળે છે, કવી અને પંડિત થયલા પણ અનેક હોય છે; પણ પોતાની છયે ઇંદ્રિઓનાં ઉપર જીત મેળવી તેઓને પરમાત્માનાજ વિચારમાં રોકી રાખે એવો વિરલો તો કરોડોમાંજ એકાદજ હોય.

(૫૩૨)

**તારા મંડળ બેઠકે, ચંદ્ર બડાઇ ખાય;**
**ઉદય ભયા જબ સુર્યકા, સબ તારા છુપ જાય.**

રાત્રે તારાઓની વચ્ચે ચંદ્ર બેસીને વડાઇ લે છે કે હું આ મંડળનો સરદાર છું, પણ જેવા સૂર્ય નારાયણ ઉગવા માંડે છે, કે તારાઓ અદ્રશ્ય થઇ જાય છે, ને ચંદ્રમાનો પ્રકાશ જતો રહે છે, તે પ્રમાણે પોથી-પંડિતની પંડિતાઇ પણ અભણ માણસની નજદીકજ ચાલી શકે, જ્ઞાની પુરૂષો સામે તે ચાલતી નથી.

(૫૩૩)

**કુલ મારગ છોડા નહિ, રહા માયામે મોહ;**
**પારસ તો પરસા નહિ, રહા લોહકા લોહ.**

શાસ્ત્રો ભણે પરંતુ બદફેલી કરતાં અટકે નહિ, અને માયામાંજ મન ભરાઇ રહે, ત્યારે કબીર કહે છે, જેમ લોહડાંને પારસમણી લાગતો નથી ત્યાંસુધી લોહડાંનું સોનું થઇ શકતું નથી તેમ, જ્યાંસુધી મન પરમાત્માપર લાગતું નથી ત્યાંસુધી કોઇપણ પવિત્ર થઇ શકતું નથી.

(૫૩૪)

**પોથી પઢ પઢ જગ મુવા, પંડિત ભયા ન કોય;**
**અઢાઇ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોય.**

પોથીઓ વાંચી વાંચી જગતનાં ઘણા લોકો પરવારી ગયા, પણ પુરો પંડિત કોઇ થતો નથી; જે કોઇ, (અઢી અક્ષરના) 'પ્રેમ' શબ્દને ગોખી-વાંચી જાણતો હોય, તે માણસજ પંડિત યાને પુરો જ્ઞાની થઇ શકે છે.

(૫૩૫)

**આત્મ તત્ જાને નહિ, કોટી કથે જ્ઞાન;**
**તારે તિમર ભાગે નહિ, જબલગ ઉગે ન ભાંન.**

જ્ઞાનની ઘણીક વાતો કરે, પણ તેમાં ખરૂં તત્વ શું છે (આત્મા શું છે) તે જ્યાંસુધી જાણે નહિ, ત્યાંસુધી અજ્ઞાનપણું દુર થતું નથી. જ્યાંસુધી સુરજ ઉગતો નથી, ત્યાંસુધી તારાઓનું અંધારૂં જતું નથી તેમ, પુરૂં આત્મજ્ઞાન માણસને સંપાદન થતું નથી, ત્યાંસુધી તેની જીંદગીનું ખરૂં સાર્થક થતું નથી.

(૫૩૬)

**મેં જાનું પઢવો ભલો, પઢનેસે ભલો યોગ;**
**રામ નામસે દિલ મિલા, ભલેહી નિંદે લોગ.**

કબીર કહે છે કેઃ—પહેલાં હું એમ જાણતો હતો કે શાસ્ત્ર ભણ્યા કરવાં એજ પુરતું છે, પણ પાછળથી મને માલમ પડયું કે શાસ્ત્ર ભણવાના કરતાં

યોગ કરવો વધુ સારો છે. હું તે યોગ કરતાં શિખ્યો ત્યારે હવે મારૂં અંતઃકરણ પરમાત્મા સાથે મળી ગયું છે તેથી હવે મારી કોઇ નિંદા કરે તેની મને પરવા નથી.

(૫૩૭)

**સજ્જનકા ઘર ઓર હય, ઔરોંકા ઘર ઓર;**
**સમજ્યા પિછે જાનિયે, રામ બસે સબ ઠોર.**

સજ્જન (ભલાં) માણસ અને અણસમજુ માણસ વચ્ચે ઘણો ફરક છે. સમજુ માણસ (જેને જ્ઞાન થયું છે તે તો) પરમાત્માને બધે ઠેકાણે રહેલો જુવે અને જાણે છે.

(૫૩૮)

**અજહુ તેરા સબ મિટે, જો ગુરૂ મુખ પાવે ભેદ;**
**પંડિત પાસ ન બેઠિયે, બેઠ ન સુનિયે બેદ.**

એક જાણકાર ગુરૂની પાસે જવાથી તેની પાસે જરૂર ભેદ મળે, અને સર્વે જંજાળોનો છેડો તુરતજ આવી જાય; માટે હું કબીર કહું છું કે પોથી-પંડિત જેવા માણસની પાસે બેસીને ફકત વેદ સાંભળવાથી કશું સાર્થક થવાનું નથી.

(૫૩૯)

**કબીર! એ સંસારકુ, સમજાવું કંઈ બાર;**
**પુછજ પકડે ભેંસકો, ઉતરા ચાહે પાર.**

હું (કબીર) આ સંસારનાં સર્વેને કંઇક વખત સમજાવ સમજાવ કર્યાં કરૂં છું, કે ભાઇઓ, તમે ભેંસનું પુછડું પકડીને નદીને પાર તરી જવા માંગો છો તે કેમ બને?

(૫૪૦)

**રાશ પરાઇ રાખતાં, ખાયા ઘરકા ખેત;**
**ઔરોકું પરમોધતાં, મુંહપે પડસી રેત.**

પોતાનાં ખેતરને પડતું મુકી જે બીજાનાં ખેતરની રખેવાળી કરવા જાય છે, તેનું ખેતર નાશ પામી જાય છે તેમ જે પોતાનું કામ કરવાનું મુકી

બીજાને સમજાવવા જાય છે તે માણસનાં મોહડાં પર ધુળજ પડે છે, અર્થાત–શાસ્ત્રનો ખરો મર્મ જાણે નહિ, અથવા જાણવા છતાં તે મુજબ આચરણ કરે નહિ, તે બીજાંઓને બોધ શું આપવાનો હતો, યાને સુધારીજ કેમ શકે?

( ૫૪૧ )

**મન મથુરા દિલ દ્વારકા, કાયા કાશી જાન;**
**દસમે દ્વારે હય દેહરા, તામે જોત પિછાન.**

તારૂં શરીર તે **કાશી** (ગામ) છે, તારૂં **મન મથુરા છે,** ને તારૂં અંતર યાને હૈયું તે તારૂં **દ્વારકા** યાને પવિત્ર ઠામ છે. તેમાં રહેલો દસમો દરવાજો છે તેમાં, તારી જોત અને પરમાત્મા છે તેને તું શોધ.

( ૫૪૨ )

**હરિ હિ સબકો ભજે, હરકો ભજે ન કોય;**
**જબ લગ આશ શરીરકી, તબ લગ દાસ ન હોય.**

પરમાત્માજ બધાંની સેવા કરે છે, પણ કોઇ પરમાત્માની ચાકરી કરતું નથી; જ્યાંસુધી માણસ પોતાનાં શરીરનો ખ્યાલ, અને તેને લગતાં સુખો મેળવવાનોજ વિચાર કરિયા કરે ત્યાંસુધી તેનાથી પરમાત્માનો સાચ્ચો સેવક થવાતું નથી, ને પરમાત્મા તેને મળતો નથી.

## અજ્ઞાની વિષે.

(૫૪૩)

**ઉજડ ઘરમે બેઠકે, કિસકા લિજે નામ?**
**સાકુંથકે સંગ બેઠકે, કયું કર પાવે રામ?**

વસ્તી વિનાના ઉજડ ઘરમાં જતાં ત્યાં કોણને નામ દઇને બોલાવશો? તેમજ અજ્ઞાની સાથે દોસ્તી રાખવાથી પરમાત્મા કેમ મળે?

(૫૪૪)

**સાકુંથ સાકુંથ કહા કરો, ફિટ સાકુંથકો નામ;**
**તેહિસે સુવર ભલો, ચોખો રાખે ગામ.**

જેઓ અજ્ઞાની અને નિન્દાખોર છે, તેઓપર ફિટકારજ હોજો; કારણ કે, તેઓનાં કરતાં તો સુવર (ડુક્કર) ભલો ગણાય, કે જે ગામનો ગલિચ પદાર્થ ખાઇ જઇ ગામને ચોખ્ખું કરી નાંખે છે, જ્યારે નિન્દા કરનારા ગામની ગલિચી વધારનારા અને પાપનો વધારો કરનારા છે.

(૫૪૫)

**હરિજનકી કુતિયાં ભલી, બુરી સાકુંથકી માય;**
**વોહ બેઠી હરિગુન સુને, વાં નિંદા કરત દિન જાય.**

હરિજનની કુતરી ભલી, પણ અજ્ઞાનીની માતા ખોટી, કારણ કે પેલી કુતરી, હરિજનને ત્યાં પરમાત્માનાં કિરતન અને કથા સાંભળે છે, પણ અજ્ઞાનીને ત્યાં તો સારો દિવસ ગામની નિન્દા કરવામાંજ પસાર થાય છે.

(૫૪૬)

**હરિજનકી લાતાં ભલી, બુરી સાકુંથકી બાત;**
**લાતોમે સુખ ઉપજે, બાતે ઇજ્જત જાત.**

હરિજનની લાત ખાવી યાને કાંઇ ઠપકો સાંભળવો ભલો પણ અજ્ઞાન માણસોની વાતો સાંભળવી એ નઠારી; કારણ કે હરિજનનો ઠપકો સમજવાથી આપણને કાંઇક નવું જાણવાનું મળે છે, જ્યારે અજ્ઞાનીની વાતોથી સામી ઇજ્જત જાય છે.

(૫૪૭)

**સાકુંથ ભલેહિ સરજાયા, પર નિંદા કરંત;**
**પરકો પાર ઉતારકે, આપહિ નર્ક પરંત.**

કબીર કહે છે કે, જે અજ્ઞાની માણસો બીજાંઓની નિન્દા કરતા ફરે છે, તેવા માણસો દુનિયામાં પેદા પડેલા સારા; કારણ કે તે બીજાંઓની નિન્દા કરીને તેઓનાં પાપ ધોઇ નાંખે છે, અને તે પાપો પોતાને માથે લઇને નર્કનો રસ્તો પકડે છે. અર્થાત, કોઇની નિન્દા કરવી તે સામાનું પાપ ધોવા બરાબર છે.

(૫૪૮)

**જે રીતી સંતો તજે, મુંઢ તાહિ લલચાય;**
**નર ખાય કર ડારે, તો સ્વાંન સ્વાદ લે ખાય.**

જે (ખોટી) આદત સાધુસંત થયલા પુરૂષોએ છોડી દીધી, તે આદતોથી મૂર્ખ માણસો લલચાઇ જાય છે. ભોજનમાંનું બાકી વધેલું (એઠું) બાહેર ફેંકી દે છે, તેને કુતરાંઓ આવી ઉપાડી લે છે, તેમ વસ્તુઓને ડાહ્યા પુરૂષો, ખોટી સમજી છોડી દે છે તે વસ્તુઓને મૂર્ખ ખુશીથી ઉપાડી લે છે.

( ૫૪૯ )

**હરિજન આવત દેખકે, મોંહડો સુક ગયો;**
**ભાવ ભક્તિ સમજ્યો નહિ, મુરખ ચુક ગયો.**

હરીજન (એટલે પરમાત્માના ભક્ત) ને આવતાં જોઇને જેનું મોહોડું સુકાઇ જાય તે માણસ, કબીર કહે છે કે પરમાત્મા તરફની ભક્તિભાવ શું છે, તે વિષે કાંઇ સમજતોજ નથી, તેથી તે મૂર્ખ માણસ પોતાના હાથમાં આવેલી તક ગુમાવે છે.

( ૫૫૦ )

**મખિયાં ચંદન પર હરે, જહાં રસ મિલે તહાં જાય;**
**પાપી સુને ન હરિ કથા, ઉંઘે કે ઉઠ જાય.**

માંખીને સુખડનો વાસ ભાવતો નથી, પણ જ્યાં રસવાળી દુર્ગંધની વસ્તુ હોય તે ઉપરજ જઇ બેસે છે તેમ, જેનાં મનમાં પાપોજ રમ્યા કરતાં હોય છે તેને પરમાત્માની વાતો કે કિર્તન થતાં હોય તે જગ્યા ભાવતી નથી, પણ જો ત્યાં તેનાથી અચાનક આવી જવાયું હોય તો, તે ઉંઘવા માંડે છે, અથવા તો ત્યાંથી ઉઠીને ચાલતી પકડે છે.

( ૫૫૧ )

**ભકત ભગવંત એક હય, બુજત નહિ અજ્ઞાન;**
**શિશ ન નાવે સંતકો, બહોત કરે અભિમાન.**

પરમાત્માને પિછાણનાર સાધુપુરૂષ અને પરમાત્મા એકજ છે, એ વાતની સમજ અજ્ઞાનીને હોતી નથી, તેથી તે સાધુસંતને માન આપવાનું અને માથું નમાવવાનું હલકું સમજે છે, ને પોતાનાં મનમાં બહુ ગર્વ રાખે છે.

(૫૫૨)

**પુર્વ જનમકે ભાગસે, મિલે સંતકો જોગ;**
**કહે કબીર સમજે નહિ, ફિર ફિર ઇચ્છે ભોગ.**

આગળા જન્મનાં કાંઇક પુણ્યનાં બળથી, સાધુપુરૂષ સાથે મેલાપ થયો છે, એવું તે કાંઇ સમજતો નથી, તેથી તે સાધુપુરૂષને છોડીને, પોતાની ઇંદ્રિઓનાં વિષયોમાંજ ભમ્યા કરે છે.

(૫૫૩)

**જહાં જૈસી સંગત કરે, તહાં તૈસા ફલ ખાય;**
**હરિમારગ તો કઠન હય, કયું કર પેઠા જાય?**

તેનું કામ જ્યાં ઇંદ્રિઓની મોજમજાહ ચાલતી યા મળતી હોય ત્યાં જવાનું છે, ને તેમાં લિન્ન થવાનું છે, પણ કબીર કહે છે કે, પરમાત્માને મળવાનો માર્ગ તો મુશકેલ છે, અને તેમાં તો ઇંદ્રિઓની મજાહો તજવી પડે છે, ત્યારે તે અજ્ઞાની તેમાં કેમ દાખલ થઇ શકે?

## અસલ સ્વભાવ વિષે.

(૫૫૪)

**જ્ઞાનીકો જ્ઞાની મિલે, તબ રસકી લૂટા લૂટ;**
**જ્ઞાનીકો અજ્ઞાની મિલે, તો હોય બડી માથાકૂટ.**

જ્યાં જ્ઞાની પુરૂષો એક બીજા સાથે મળે છે ત્યાં રસભરી વાતો પુર છુટથી ચાલે છે, ને પરસપર ફાયદા મેળવાય છે, પણ જ્યાં જ્ઞાની પાસે એક અજ્ઞાની બેઠો તો ત્યાં માથાંકુટજ થવાની.

(૫૫૫)

**કાજળ તજે ન શ્યામતા, મુખટા તજે ન સ્વેત;**
**દુરિજન તજે ન કુટિલતા, સજાજન તજે ન હેત.**

જેમ કાજળ પોતાની કાળાશ છોડતી નથી, ને મોતી પોતાની સફેદાઇ છોડતું નથી, તેમ એક દુષ્ટ માણસ પોતાનો ખરાબ સ્વભાવ કદી પણ છોડતો નથી, જ્યારે ભલો માણસ ભલાઇ છોડતો નથી.

(૫૫૬)

**હરદી જરદી ના તજે, ખટરસ તજે ન આમ;**
**ગુણીજન ગુનકો ન તજે, અવગુણ તજે ન ગુલામ.**

જેમ હળધ પોતાનો પિળાશ છોડતી નથી, ને કેરી ખટાશ છોડતી નથી, તેમ ભલો માણસ પોતાના ભલા ગુણો છોડતો નથી, ને બુરો માણસ પોતાની બુરાઇ તજતો નથી.

(૫૫૭)

**દુરિજનકી કરૂણા બુરી, ભલો સજ્જનકો ત્રાસ;**
**સુરજ જબ ગરમી કરે, તબ બરસનકી આસ.**

દુષ્ટ માણસની કૃપા મેળવવા કરતાં, એક ભલા માણસનો ગુસ્સો ખમવો વધારે સારો છે; કારણ કે જેમ સુરજ અતી તપવાથી વરસાદ આવવાની આશા રહે છે, તેમ ભલા માણસના કડવા સખુનોથી આખરે ફાયદોજ થાય છે.

(૫૫૮)

**કછુ કહા નિંચ ન છેડીયે, ભલો ન વાકો સંગ;**
**પથ્થર ડારે કિચમે, તે ઉછલી બિગાડે અંગ.**

નિચ માણસને જરા પણ છેડવું નહિ, અને તેની સંગત પણ કરવી નહિ, કારણ કે તેથી આપણું ભલું થવાનું નથી; કાદવમાં પથ્થર નાંખો તો આંગ ઉપર છાંટા ઉડે છે, તેજ રીતે નિચ માણસની શત્રુવત કે મિત્રાઇ બન્નેથી નુકસાનજ થાય છે.

(૫૫૯)

**ખુદિયા તો ધરતિ ખમે, કાટ ખમે વનરાય;**
**કઠન બચન તો સાધુ ખમે, દરિયા નીર સમાય.**

ખોદકામ ખમી જવું એ જમીનનો સ્વભાવ છે, કાપ વેહેર ખમી જવું એ લાકડાંનો સ્વભાવ છે, રેળનાં પાણી ખમી જવાં એ સમુદ્રનો સ્વભાવ છે, તેમ કઠણ વચનો ખમી જવાં તે સાધુનો સ્વભાવ છે, યાને સાધારણ માણસનો નહિ, યાને સાધારણ માણસ કોઇનું બુરૂં બોલેલું સાંખી શકતો નથી.

(૫૬૦)

**તરવર કદી ન ફળ ભખે, નદી ન સંચે નીર;**
**પરમારથ કે કારને, સંતો ધસે શરીર.**

ઝાડ પોતાનાં ફળો પોતે કદી ખાતું નથી અને નદી પોતાનું પાણી સંઘરી રાખતી નથી, પણ તેઓ બીજાને આપ્યા કરે છે તેમ, જે સંતપુરૂષ છે,

તે પોતાનાં શરીરને પારકાંનાં ભલાં માટે ઘસી નાંખે છે, યાને એ ત્રણનો સ્વભાવ એ છે, કે સામાનું ભલું કરવું.

(૫૬૧)

**તરવર સરવર સંતજન, ચૌથા બરસે મેહ;**
**પરમારથ કે કારને, ચારો ધર્યા દેહ.**

ઝાડ, સરોવર, સાધુપુરૂષ અને ચોથો વરસાદ, એ ચારોએ પરમાર્થને ખાતરજ દેહ લિધા છે યાને પેદા થયા છે, તેઓ બીજાંને કાજે જીવે છે, પોતા માટે નહિ.

(૫૬૨)

**ચંદા સુરજ ચલત ન દિસે, બઢત ન દિસે બેલ;**
**હરિજન હર ભજતા ન દિસે, એ કુદરતકા ખેલ.**

ચંદ્ર અને સુરજ ચાલતા હોય, એમ આપણને દેખાતા નથી, ને ઝાડનો વેળો કેમ વધે છે તે આપણી આંખે દેખાતું નથી, તેમજ પરમાત્માનો બંદો પરમાત્માને કેમ ભજે છે તે આપણને માલમ પડતું નથી. અર્થાત–એ બધું થાય છે છતાં માણસની આખે તે બનાવ બનતો દેખાતો નથી, એ કબીર કહે છે કે, કુદરતની કરામત છે.

(૫૬૩)

**સાધ સતી ઓર સુવરા, જ્ઞાની ઓર ગજદંત;**
**એ તો નિનકસે બહાર હિ જો જુગ જાય અનંત.**

સાધુપુરૂષ, સતી યાને પતિવ્રતા નારી, લડવૈયો, જ્ઞાની પુરૂષ, અને હાથીનાં દાંત, એ પાંચે જુગના જુગ જાય તોયે પાછાં ને પાછાં થાય છે, યાને તેઓનો સ્વભાવ કદી બદલાતો નથી, પણ જેવો ને તેવો રહે છે.

(૫૬૪)

**ભગત બીજ પલટે નહિ, જુગ જાય અનંત;**
**જહાં જાય તહાં અવતરે, તોય સંતકા સંત.**

ગમે એટલા અગણિત જુગો જાય, પણ ભગતનું બીજ કદી ફેરવાઇને હલકું થતું નથી; તે જ્યાં પણ જાય, યાને ઉંચ જાત કે હલકી જાતમાં પણ જન્મે યાને અવતાર લીયે, તોપણ તે તો સંતજ રેહવાનો યાને ભલો નિવડવાનો.

(૫૬૫)

**દાધજ લગા નીલકા, સો મન સાબુ ધોય;**
**કોટ કલ્પ તક સમજાઇએ, કઉવા હંસ ન હોય.**

ઘેરાં (કાળો યા બલુ) રંગનો દાધ પડયો હોય તેને સો મણ સાબુએ ધોશો તોએ તે દાધ જતો નથી તેમ, કાગડાને કરોડો વાર સમજાવ્યાથી યા શિખવવાથી તે હંશ પક્ષી થઇ શકતો નથી, યાને તેનો સ્વભાવ બદલાતો નથી.

(૫૬૬)

**કપટી કદી ના ઓધરે, સો સાધન કો સંગ;**
**સુજ પખાલે ગંગમે, જ્યું ભીંજે ત્યું તંગ.**

કપટી હોય તેને સેંકડો સાધુપુરૂષોનો સંગ થાય તોપણ તે સુધરતો નથી, પણ દોરડાંને જેમ જેમ પાણીમાં ભીજવે તેમ તેમ તે નરમ થવાને બદલે વધારે સખત થાય છે તેમ કપટી માણસ, ભલા માણસોને જોઇને વધુ કપટ રાખે છે.

(૫૬૭)

**સજ્જનસે સજ્જન મિલે, હોવે દો દો બાત;**
**ગધાસે ગધા મિલે, ખાવે દો દો લાત.**

નેક પુરૂષો એક બીજાને મળે છે ત્યાં રૂડીજ વાતો થાય છે, પણ જ્યાં ગધેડાઓ મળે ત્યાં તો તેઓની આદત મુજબ લાતો મારવાનું શરૂ થાય છે.

(૫૬૮)

**જો જાકો ગુન જાનત, તો તાકો ગુન લેત;**
**કોયલ આમલી ખાત હય, કાગ લિંબોરી લેત.**

દરેક વસ્તુનો ગુણ, જે પિછાણે છે, તે વસ્તુનો તે લાભ લે છે; દાખલા તરીકે, લિમડાના પાદડાં કડવાં હોય છે, પણ તેનાં ફળ (લિંબોરી)માં મિઠાસ હોય છે, તેની ખબર કાગડાને હોવાથી તે, ઝાડમાંથી લિંબોરી તોડીને ખાય છે જ્યારે કોયલ આમલી ખાયા કરે છે.

(૫૬૯)

**ખાંડ પડી જો રેતમે, કિડી હો કર ખાય;**
**કુંજર કહાડી ના શકે, જો કોટી કરે ઉપાય.**

રેતીમાં ખાંડ પડેલી હોય, તેને કિડીજ ચુંટીને ખાઇ શકે છે, પણ ગમે એટલા ઉપાયો કરવા છતાં હાથી ખાંડને રેતીમાંથી ઉપાડી શકતો નથી.

(૫૭૦)

**જામે જીતની બુદ્ધિ, તિતના વોહ કર બતાય;**
**વાકો બુરા ન માનિયે, બહોત કહાંસે લાય?**

જેની જેટલી બુદ્ધિ, તેટલું તે કરી યા બોલી દેખાડે તે માટે મનમાં ઓછું લેવું નહિ કારણ કે તે પોતાની શકિત ઉપરાંત વધુ કયાંથી લાવે?

(૫૭૧)

**જલ જયું પ્યારી માછલી, લોભી પ્યારા દામ;**
**માત પ્યારા બાળકા, ભકિત પ્યારી રામ.**

માછલીને જેમ પાણીમાં રહેવા ગમે છે તેમ લોભીને પૈસા હંમેશાં પાસે રાખવા ગમે છે; બાળક જેવું માતાને વહાલું હોય છે તેવો વહાલ, પરમાત્માની ભકિત તરફ હોય અને જે માણસ પ્રેમથી તેની ભકિત કરે તેને, પરમેશ્વર પોતાનાં બાળક પેઠે ચાહે છે.

(૫૭૨)

**ચાતુરકો ચિન્તા ઘની, નહિ મુરખકો લાજ;**
**સર અવસર જાને નહિ, પેટ ભરેંસે કાજ.**

ડાહ્યો પુરૂષ દરેક વાતની કાળજી રાખે છે, પણ મૂર્ખને કશી વાતની પરવા કે લાજ હોતી નથી, તે તો વખત બે વખત પોતાનું પેટ ભરવાનુંજ કામ જાણે છે.

(૫૭૩)

**કંચનકો કછુ ના લાગે, અગ્નિ ન કિડા ખાય;**
**બુરા ભલા હો વૈશ્નવા, કદી ન નર્કે જાય.**

સોનાંને કાટ લાગતો નથી, ને અગ્નિ કે કિડા ખાઇ શકતા નથી તેમ વૈશ્નવ-(પરમાત્માનો) ભકત ગમે એવો હોય, તો પણ તે કદી નર્કે જતો નથી.

(૫૭૪)

**બહેતા પાની નિર્મલા, બન્ધા ગન્ધા હોય;**
**સાધુ તો રમતા ભલા, દાઘ ન લાગે કોય.**

વેહેતું પાણી હંમેશાં નિર્મળ રહે છે, અને ઘેરાયલું અને એક જગ્યાપર ઠરી રહેલું પાણી ગંધ મારી આવે છે તેમ સાધુ પુરૂષ ફરતો રહે એજ તેને માટે ભલું છે, કારણ કે એકના એક જગ્યામાં રેહવાથી તેને ઉપાધીઓ લાગુ પડે છે.

(૫૭૫)

**ઇશ્ક ખુન્નસ ખાંસી, ઓર પિવે મધપાંન;**
**એ સબ છુપાયા ન છુપે, પ્રગટ હોય નિદાંન.**

ઇશ્કબાજી, અદેખાઇ, ખાંસી, અને (દારૂ, અફીણ, અને ગાંજો વગેરે) કેફી વસ્તુઓ ખાનાર, એ સર્વે કદી પણ છુપી રહી શકતી નથી, પણ એ બદી કરનારા તુરત પરખાઇ આવે છે.

(૫૭૬)

**પ્રીત પુરાની ન હોત હય, જો ઉત્તમસે લગ;**
**સો બરસ જલમે રહે, પથ્થરા ન છોડે અગ.**

ગમે એટલો લાંબો વખત પાણીમાં રહેવા છતાં, પથ્થરમાં રહેલો અગ્નિ સચવાઇ રહે છે અને ચકમક લગાડવાથી તુરતજ તે અગ્નિ પ્રગટ થઇ આવે છે તેમ, અસિલ માણસની દોસ્તી, ગમે એટલા વખતનો ગાળો જવા છતાં, તાજી ને તાજી રહે છે, યાને તેની પ્રીત ઓછી થતી નથી.

(૫૭૭)

**જૈસા અન્નજળ ખાઇયે, તૈસાહિ મન હોય;**
**જૈસા પાની પિજીએ, તૈસી બાંની હોય.**

જેવો ખોરાક ખાઇએ તેવું આપણું મન થાય છે, ને જેવું પીનું પીયે, તેવી વાણી મોહડાંમાંથી નિકળે છે.

(૫૭૮)

**જૈસા ઘટ તૈસા મતા, ઘટ ઘટ ઓર સ્વભાવ;**
**જા ઘટ હાર ન જીત હય, તા ઘટ બ્રહ્મા સમાવ.**

જેવું જેનું શરીર બન્યું હોય, તેવો તેનો સ્વભાવ થાય છે, તેથી દરેક મનુષ્યનો સ્વભાવ જુદા જુદા પ્રકારનો હોય છે; પણ જેને હાર થઇ કે જીત એ ખ્યાલ હોતોજ નથી એટલે જેને દુ:ખની દલગીરી નહિ, તેમ સુખનો હર્ષ નથી હોતો અને જેનો સ્વભાવ બધીએ હાલતમાં એકસમાનજ શાંતીમાં રહે છે તે માણસમાં પરમાત્મા પ્રગટ થઇ રહેલો હોય છે.

(૫૭૯)

**સુનિયે ગુનકી બાતાં, અવગુણ લિજીયે નાય;**
**હંસ ક્ષીરકું ગ્રહત હય, નીર સો ત્યાગે જાય.**

જ્યાં પાગુ બેઠા હોઇએ, ત્યાંનો અવગુણ આપણે લેવો ન જોઇએ; હંસ પક્ષી માટે કહે છે કે તેનામાં એવી ખુબી છે કે જો પાણી ને દુધ મેળવીને તે પાસે મુકયું હોય તો, તેમાંથી તે દુધજ લેવાનું, તેમ માણસને ઘણીએ સંગત

થાય, પણ તે સંગતમાંથી જે કાંઇ રૂડું હોય તે ગ્રહણ કરે, તે માણસજ હંસ પક્ષી જેવો ખુબીવંત કહેવાય.

(૫૮૦)

**કામી, ક્રોધી, લાલચી, ઇનસે ભકિત ન હોય;**
**ભકિત કરે કોઇ સુરવા, જો જાત વરન કુલ ખોય.**

કબીર કહે છે કે, પરમાત્માની ભકિત ત્રણ જાતનાં માણસોથી થઇ શકતી નથી. એક તો કામી યાને સ્ત્રીના છંદમાં પડેલો પુરૂષ; બીજો ક્રોધી યાને જે માણસને પોતા વિષે બહુજ અભિમાન હોય યાને જે જરામાં ઓછું લઇ, ગુસ્સો કર્યા કરે તે; ત્રીજો લાલચુ યાને જેને બધી વસ્તુઓ મેળવવાનો લોભ લાગેલો હોય તે, કારણ કે એ બધા માણસોનું મન પોતાને રૂચતી બાબદો ઉપર લાગેલું હોવાથી, ઇશ્વર તરફ લાગી શકતું નથી, તેથી કબીર કહે છે કે જે પોતાનાં 'હુંપણાં"નું ભાંન સદંતર કહાડી નાંખે તેનાથીજ પરમાત્માની ખરી ભકિત થઇ શકે.

(૫૮૧)

**પંડિત ઓર મસાલચિ, દોનો સુંજે નાહિં;**
**ઓરનકો કરે ચાંદના, આપ અંધેરા માંહિ.**

પુસ્તક માત્ર ભણીને જે પંડિત થયો હોય તે, અને મસાલચિ એ બન્ને, જો કે બીજાંને અજવાળું કરનારાં કહેવાય છે, પણ પોતાને અજવાળું કરી શકતા નથી, યાને પોતે અંધારામાંજ રહેતા હોય છે.

અર્થાત–જે મસાલચિ બીજાંને ઉજાશ દેખડાવી પોતે અંધારામાંજ રહે છે તેમ પોથી પંડિત, શાસ્ત્રનો ભેદ ન પામ્યાથી અંધારામાંજ રહેલો છે.

(૫૮૨)

**નિર્પક્ષકો ભકિત હય, નિર્મોહિકો જ્ઞાન;**
**નિર્દ્વન્દીકો મુકિત હય, નિર્લોભી નિર્વાણ.**

જે માણસ બધાંને એક સમાન જુવે છે અને સર્વને સરખી રીતે ચાહે છે, તે માણસનીજ ખરી ભકિત છે એમ કહેવાય; જે માણસ દુનિયાંની માયાથી છુટો થયો છે, તેનેજ ખરૂં જ્ઞાન પ્રાપ્ત થયું કહેવાય.

કોઇપણ વસ્તુ યા માણસ પોતાથી જુદી છે, એવું ભાંન જેનું જતું રહ્યું હોય, યાને જે સર્વ ઠેકાણે ને સર્વ વસ્તુમાં પરમાત્માનેજ એકલો જુવે છે, તે માણસને મુક્તિ મળી છે યાને તે જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થયો છે, એમ ગણાય.

જેને કોઇ જાતનો લોભ રહ્યો નથી, અર્થાત જે દરેક કાર્ય, શબ્દ યા વિચાર પોતાનો કાંઇપણ સ્વાર્થ રાખ્યા વિના કરે છે, યાને જે ઇશ્વરને સર્વ અર્પણ કરે છે, તે માણસ નિર્વાણપદને પામે છે.

(૫૮૩)

**ભુખ ગઇ ભોજન મિલે, થંડ ગઇ મિલી કબાય;**
**જોબન ગયો ત્રીયા મિલે, તાકો આગ લગાય.**

ભુખ ગયા પછી ખાવાનું મળે, ને થંડી ગયા પછી ઓઢણું મળે તે શા કામનાં? તેમ માણસની જુવાની ગયા પછી, યાને બુઢાપામાં મરદ પરણે તે શા ખપનું?

(૫૮૪)

**જ્યું ગુંગાકે સેનકો, ગુંગાહિ પયછાને;**
**ત્યું જ્ઞાનીકે જ્ઞાનકો, જ્ઞાની હોય સો જાને.**

જેમ મુગાં માણસના હાથના ઇસારાની વાત, મુંગો હોય તેજ સમજી શકે છે, તેમ જ્ઞાની પુરૂષોની વાતો, જે જ્ઞાની હોય તેજ સમજી શકે છે.

(૫૮૫)

**માંગનકો ભલો બોલનો, ચોરનકો ભલી ચપ;**
**માલીકો ભલો બરસનો, ધોબીકો ભલી ધપ.**

જેમ માલીને વરસાદ સારો છે, ને ધોબીને તડકો પડે તે સારૂં છે તેમ, જેને કાંઇક માંગવું હોય તેને માટે બોલવું એ સારૂં છે કારણ તેને તો પોતાની જબાંન ખોલવીજ જોઇએ; પણ એક ચોર હોય તેને માટે ચુપકીદી સારી છે, યાને ચોરી કરવા માંગે તેને તો બધી ચુપકીદી રાખવીજ જોઇએ, નહિ તો પકડાઇ આવે.

(૫૮૬)

**ધોતિ પોતિ વિનતી, ગુરૂ સેવા સંત સંગ;**
**એ ઔરનસે ન બને, ખાજ ખુજાવત અંગ.**

જેનાં બદન ઉપર કીડ (ખુજવાત) લાગી હોય, તેનાંથીજ તે કીડ નરમ પડી શકે, તેમ નિચલી પાંચ વસ્તુ સર્વ કોઇ પોતે કરે તોજ તેનું કામ સરે– **(૧) ધોતિયું પેહરવું, (૨) સોયમાં દોરો પરોવવો, (૩) કોઇને અરજ કરવી, (૪) ગુરૂની સેવા કરવી, ને સતસંગ કરવો,** એ સઘળાં જ્યારે પોતે કરે, ત્યારેજ તેનાં ફળ મેળવી શકે છે, બીજો કોઇ સામા માટે એ કાર્યો કરી શકે નહિ.

(૫૮૭)

**તિન તાપમે તાપ હય, તિનકા અનંત ઉપાય;**
**અધ્યાત્મ તાપ મહાબલિ, સંત બિના નહિ જાય.**

માણસનાં શરીરને તાવ લાગુ પડે છે તેના અનેક જાતના ઉપાયો છે, પણ જેને હૈયાંની (આત્મિક) તાવ લાગુ પડી હોય યાને જેનું હૈયું મેલું થયું હોય તે તાવ, સાધુપુરૂષની દોસ્તી અને તેની સલાહ વિના સાફ થઇ શકતી નથી.

(૫૮૮)

**લિખના પઢના ચાતુરી, એ સબ બાતાં સહેલ;**
**કામ દહન મન વશ કરન, ગગન ચઢન મુશકેલ.**

લખવું, વાંચવું ને મોહોડેની ચતુરાઇ કરવી એ બધું ઘણું સેહેલ છે, પણ ઇંદ્રિઓના વિષયોની ઇચ્છા મારવી, મનને તાબામાં રાખવું અને આસમાન પર ચઢવું યાને પરમાત્મા તરફ મન લગાડવું એ કામો બહુ મુશ્કેલ છે.

(૫૮૯)

**જ્ઞાની મુલ ગમાઇયાં, આપે ભયા કરતા;**
**તાતે સંસારી ભલા, મનમે રહે ડરતા.**

જે જ્ઞાની (ભણેલો) હોવા છતાં, પોતાનું "હુંપણું" દેખાડયા કરે, યાને જરા જરામાં, **"હું કહું છું તેજ ખરૂં છે, મારા જેવું જ્ઞાન**

**કોઇને નથી"** એવી ખોટી વડાઇ કર્યા કરે, તે પોતાની (જ્ઞાનની) કિંમત ઓછી કરી નાંખે છે; એવાં માણસ કરતાં તો એક સંસારી યાને સાધારણ દુનિયવી વિચારવાળો માણસ ભલો, કે તે પોતાની મનમાં બીહતો રહે છે, અને કોઇ આગળ બડાઇ દેખાડતો નથી.

(૫૯૦)

**કામી લજ્યા ન કરે, મન માને સુ લાડ;**
**નિંદ ન માગે સાઠરો, ભુખ ન માગે સ્વાદ.**

જેને ઉંઘ આવતી હોય તેને ઓશીકું કે ગાદળાંની કાંઇ પરવા હોતી નથી, જેને ભુખ લાગી હોય તેને ભોજન સ્વાદદાર છે કે નહિ તેનો વિચાર હોતો નથી તેમ, જે સ્ત્રીઓના નાદમાં પડયો હોય તેને કશી વાતની દરકાર કે લાજ હોતી નથી, પણ તે જ્યાં ત્યાં મર્યાદાનો ભંગ કરે છે.

(૫૯૧)

**ભુખ લગી તબ કછુ નહિ સુજે, ધ્યાન જ્ઞાન સબ રોટીમેં;**
**કહત કબીરા સુન ભાઇ સાધુ, આગ લગો એ પોઠીમે.**

કબીર કહે છે કે ઓ સાધુ ભાઇ, તું સમજ કે જ્યારે કોઇને ભુખ લાગે છે ત્યારે તેને બીજું કશું સુઝતું નથી પણ તેનું બધુંએ મન ખાવામાંજ ભરાઇ જાય છે, ને તેનું શિખેલું (જ્ઞાન) બધું જતું રહે છે, યાને જ્ઞાનની પોઠીને ગોયા આગ લગાડી મુકે છે. અર્થાત–જ્યારે મન ઇંદ્રિઓના ભોગ ભોગવવા ઉપરજ આતુર રહે છે ત્યારે, તેમાં શું નુકસાન છે તે માટે જે કાંઇ શિખ્યો હોય તે બધું ભુલી જાય છે, અને તેને યાદ આવતુંજ નથી, કારણ કે તે ઇદ્રિઓના વિષયોમાં સર્વત્ર લિન્ન થઇ જાય છે.

(૫૯૨)

**કામકા ગુરૂ કામીની, લોભિકા ગુરૂ દામ;**
**કબીરકા ગુરૂ સંત હય, સંતનકા ગુરૂ રામ.**

કામી પુરૂષનો ગુરૂ સ્ત્રી, લોભીનો ગુરૂ પૈસો, જ્યારે મારો (કબીરનો) ગુરૂ તે સાધુ છે, ને સાધુઓનો ગુરૂ તે રામ (પરમાત્મા) છે.

અર્થાત, જેનું જે ઉપર ચિત્ત લાગુ છે, તેને તે પોતાનું આખું જગત સમજે છે, અને તેના શિવાય તેને બીજું કશું સુઝતું નથી, તેથી તે સર્વે ગુરૂ (મિસાલ) જ તેને મન ગણાય.

( ૫૯૩ )

**હિરે હિરાકી કોથલી, બાર બાર મત ખોલ;**
**મિલે હિરાકા જોહરી, તબ હિરાકા મોલ.**

કબીર કહે છે કે:—તારી પાસે હિરાની ભરેલી કોઠળી હોય તેને વારંવાર ઉઘાડતો ના, યાને ગમે તેને દેખાડતો ના, કારણ કે જ્યારે હિરાનો પારખુ અને લેનાર મળે ત્યારેજ હિરાનું મૂલ્ય થાય છે અને તેજ તેની કદર પિછાણે છે.

( ૫૯૪ )

**હિરા જરા ન ખોલિયે, કુંજરે કે હાથ;**
**સેહેજે ગાંઠે બાંધીયે, ચલિયે અપની બાત.**

તારી પાસે હિરો હોય તો તે કોઇ તેવા કુંજરા માણસ આગળ ઉંઘાડો કરી દેખાડતો ના, પણ તારી પાસેજ રહેવા દઇ, તારે રસ્તે ચાલ્યો જજે.

( ૫૯૫ )

**તન સનદુક ગુન રતન ચુપ, તાહિ દિજે તાલ;**
**ગ્રાહક બિના ન ખોલિયે, કુંચી બચન રસાલ.**

જ્યાંસુધી તે પિછાણનાર ઘરાક મળે નહિ, ત્યાંસુધી તે અમૂલ્ય રત્નની પેટી બંધ રાખજે, ને તેને ઉઘાડવાની કુંચી બાહેર કહાડતો ના.

( ૫૯૬ )

**હિરા પડા બાજારમે, રહા છાર લપટાય;**
**કેતેક અંધે ચલ ગયે, પરખ ન લિયા ઉઠાય.**

હિરો રાખમાં લપટાઇને બજારમાં પડયો હોય, તો પણ ઘણા આંધળાઓ ત્યાંથી જવા છતાં કોઇ તેને પારખીને ઉંચકી લેતું નથી.

(૫૯૭)

**રામ પદાર્થ મુજમે, ખાંન ખુલી ઘટ માંહિ;**
**સેત મેત હમ દેત હય, પર ગ્રાહક કોઇ નાહિ.**

કબીરજી કહે છે કે મારી પાસે પરમાત્મા (જેવો અમૂલ્ય) પદાર્થ પડેલો છે, અને મારાં શરીરમાં તેની ખાણ ઉઘડી ગઇ છે, ને હું તે મફત આપવા ખુશી છું, પણ તે લેવાવાળો કોઇ ઘરાક મળતો નથી.

(૫૯૮)

**જહાં ન જાકો ગુન લહે, તહાં ન તાકો ઠાવ;**
**ધોબી બેઠા ક્યા કરે, દિગમ્બરો કે ગાંવ?**

જ્યાં જેના-ગુણની કદર પિછાણવામાં આવતી નથી, ત્યાં તે માણસ રહીને શું કરે? જ્યાં બધા નાગા ગોસાંઇઓજ રહેતા હોય ત્યાં ધોબી રહીને શું કરે?

## સખાવત વિષે.

(૫૯૯)

**કહે કબીર કમાલકો, દો બાતાં શિખ લે;**
**કર સાહેબકી બંદગી, ઓર ભુખેકો કછુ દે.**

કબીર પોતાના ચેલા કમાલને કહે છે કે, (શિખામણની) બે વાત હું તને કહું છું તે શિખી લે, તે એ કે પરમાત્માની નિત્ય ભકિત કરવી, અને ભુખા માણસને કાંઇક આપવું.

(૬૦૦)

**હાડ બઢા હરિ ભજન કર, દ્રવ્ય બઢા કછુ દેય;**
**અક્કલ બઢી ઉપકાર કર, જીવનકા ફળ યેહ.**

તું (ઉમરે) જેમ મોટો થાય, તેમ પરમાત્માની યાદમાં વધુ ચકચુર રહે; તારી પાસે દોલત વધતી જાય તો તું ખેરાત કર્યા કર; તારી અક્કલ હુશિયારી વધે તો બીજાનું ભલું કરી ઉપકાર કર્યો જા; કારણ કે ખરૂં જીવેલું એજ પ્રમાણ છે, યાને જીંદગીની નેમ એજ કામો માટે છે.

(૬૦૧)

**ગાંઠી હોય સો હાથ કર, હાથ સોય સો દે;**
**આગે હોટ ન બાનિયાં, લેના હોય સો લે.**

તારી સકમાઇનો મેળવેલો પૈસો ઉરાડી નહીં દેતાં યા લખલુટ ખરચોમાં નહિ વાપરતાં તારી પાસે ફાજલ હોય તો તે કોઇ લાયકને આપ, કારણ કે મરણ પછી એ "આપ-લે"નો સોદો બની શકવાનો નથી, (અને જીવતાં જીવત સ્વર્ગ ખરીદવાની એ કુંચી છે.)

( ૬૦૨ )

**ખાય પિ ખલાય દે, કર લે અપનાં કામ;**
**ચલતી વખત રે નરો, સંગ ન ચલે બદામ.**

તું ખા, પિ ને બીજાને ખવાડ અને એમ કરી તારૂં ખરૂં કામ કરી લે કારણ કે આપણાં મરણ પછી એક ફુટી બદામ પણ સાથે આવવાની નથી.

( ૬૦૩ )

**ધર્મ કિયે ધન ના ઘટે, નદિ ન સંચે નીર;**
**અપની આંખે દેખીયે, યું કહે દાસ કબીર.**

ધર્મ કરવાથી યાને સખાવત કરવાથી, ધન કદી ઘટવાનું નથી; જેમ નદિ પોતાનું પાણી કાંઇ સંઘરી રાખતી નથી તેમ માણસે પોતાની ધન–દોલત સંઘરી રાખવાની નથી, માટે તું જીવતાં જીવત ધર્મદાન કરી લે.

( ૬૦૪ )

**ભિખ તીન પ્રકારકી, સુનો સંત ચિત્ત લાય;**
**દાસ કબીર પ્રગટ કહે, ભિન્ન ભિન્ન અર્થાય.**

ભિખના જુદા જુદા અર્થ થાય છે, માટે હું (કબીર) જે કહું છું તે તમો સાધુપુરૂષો સાંભળો, કે ભિખ ત્રણ પ્રકારની છે.

( ૬૦૫ )

**અણ માગ્યા ઉત્તમ કહિયે, મધ્યમ માગી જો લેય;**
**કહે કબીર કનિષ્ટ સો, પર ઘર ધરના દેય.**

જે કાંઇ પણ માંગીને લેતો નથી તે ઉત્તમ કહેવાય; જે માંગીને લે તે મધ્યમ કહેવાય, પણ જે કોઇ પારકે ઘર જઇ ભીખ માંગે તે સર્વથી હલકત કહેવાય.

( ૬૦૬ )

**માંગન મરણુ સમાન હય, મત કોઇ માંગો ભિખ;**
**માંગનેસે મરના ભલા, એહિ સદ્‌ગુરૂકી શિખ.**

કબીર કહે છે કે, કોઇ પાસે કાંઇ પણ માંગવું એ મોત જેવું છે, માટે કોઇએ ભિખ માંગવી નહિ, તે માંગવાના કરતાં મરવું ભલું, એ સદ્‌ગુરૂની શિખામણ છે.

( ૬૦૭ )

**મરૂં પણ માગું નહિ, અપને તનકે કાજ;**
**પરમારથકે કારણે, માગન ન આવે લાજ.**

હું કોઇ પાસ મારા પોતાને ખાતર કદી પણ માંગતો નથી, પણ બીજાને ખાતર માંગવું પડે અને કોઇનું ભલું થતું હોય તો તે માટે માંગવાને હું કદી શરમાતો નથી.

( ૬૦૮ )

**સહેજ દિયા સો દુધ બરાબર, માંગ લિયા સો પાની;**
**ખિંચ લિયા સો રક્ત બરાબર, એહિ કબીરા બાની.**

કોઇને ખુશીથી થોડુંક પણ આપવું એ દુધ મિસાલ છે, માંગી લેવું એ પાણીજ છે, પણ જોર જુલમથી યા ઠગીને મેળવે તે તો લોહિ લેવા બરાબર છે યાને ખુનજ કીધેલું કહેવાય, એવું મારૂં કબીરનું વચન છે.

( ૬૦૯ )

**ભુખેકો કછુ દિજીયે, યથા શક્તિ જો હોય;**
**તા ઉપર શિતલ બચન, લખો આત્મા સોય.**

તમારી શક્તિ મુજબ, ભૂખ્યાને આપો અને તેની સાથે મિઠા બોલો કહી સંભળાવો, કારણ કે તમારી માફક તેનામાં પણ આત્મા યાને પરમાત્મા રહેલો છે, તેથી ભૂખ્યાને આપ્યું તે જાણે પરમાત્માનેજ આપ્યા બરાબર છે.

(૬૧૦)

**જહાં દયા વહાં ધર્મ, જહાં લોભ વહાં પાપ;**
**જહાં ક્રોધ વહાં કાળ, જહાં ક્ષમા વહાં આપ.**

જેનામાં દયા હોય તેજ માણસ ધર્મી કહેવાય, જેનામાં લોભ તે માણસ પાપ કરે છે, જ્યાં ક્રોધ અને ગુસ્સો વેરભાવ રહેલો હોય ત્યાં કાળ હાજર છે, અને તેનો નાશ થવાનોજ, પણ જેનામાં સહનશિળતા હોય અને જે સર્વની ભૂલો દરગુજર કરનારો હોય તેનામાંજ પરમાત્માનો વાસો રહેલો છે.

(૬૧૧)

**કુંજર મુખસે કન ગિરે, ખુટો ન વાકો અહાર;**
**કિડી કન લે ચલી, પોષણ દઇ પરિવાર.**

હાથીના મોહમાંથી ખાતાં ખાતાં કણકી જેવા નાના કકડા નિચે પડી જાય છે. તેથી કાંઇ હાથીનો ખોરાક ઘટી જતો નથી; પણ તે બારીક કકડાઓ કિડી ઉપાડી લઇ જાય છે અને તેમાંથી આખાં કુટુંબ પરિવારનું પોષણ કરે છે— અર્થાત–થોડુંક પણ દાન કર્યાથી કેટલું ભલું થઇ શકે છે અને માણસનું કાંઇ ઘટી જતું નથી એમ કબીરનું કહેવું છે.

(૬૧૨)

**દાતા દાતા ચલ ગયે, રહે ગયે મખ્ખીચુર;**
**દાન માન સમજે નહિ, લડનેમે મજબુર.**

કબીર કહે છે કે, સખી ને પરમાર્થી લોકો જતા રહ્યા અને માત્ર મખ્ખીચુસો આ દુનિયામાં રહેલા છે, જેઓ કોઇને આપવું, લેવું યા માન આપવું એવું કાંઇ સમજતા નથી, પણ પોતાનોજ સ્વાર્થ શોધવાને અને લડવાને હંમેશાં તત્પર રહેલા છે.

(૬૧૩)

**માણુસ ખોજત મેં ફિરા, માણુસકા બરા સુકાલ;**
**પર જાકો દેખે દિલ ઠરે, તાકા પરીયા દુકાલ.**

માણસો શોધતો હું ઘણો ફર્યો છું અને માણસોના કાંઇ ટોટા નથી, પણ જેને જોઇને આપણું દિલ ઠરી જાય એવા નેક પુરૂષોની મોટી તાણ છે.

(૬૧૪)

**દયાકા લક્ષણુ ભકિત, ભકિતસે મિલત જ્ઞાન;**
**જ્ઞાનસે હોવત ધ્યાન, એ સિદ્ધાંત ઉર આન.**

દયાનું લક્ષણ તે ભકિત છે અને દયા તેનેજ હોય છે કે જેનું મન પરમાત્મા તરફ લાગેલું હોય છે; ભકિતમાં મન લાગવાથી માણસને ખરૂં જ્ઞાન આવે છે, અને જ્ઞાનથી તેનું ધ્યાન એકાગ્રહ થાય છે અને પરમાત્માપર પુરૂં લાગે છે, એ વાત નક્કી યાદ રાખો.

(૬૧૫)

**બિષય ત્યાગ વૈરાગ હય, સમતા કહિયે જ્ઞાન;**
**સુખદાઇ સબ જીવસેં, એહિ ભકિત પ્રમાણુ.**

ખરો વૈરાગ્ય આવવો, એટલે માણસ દુનિયવી માયામાંથી મોકળો થયો છે એમ ત્યારેજ કહેવાય કે જ્યારે ઇંદ્રિઓના વિષયો ભોગવવાની ઇચ્છાઓ તેના મનમાંથી ગઇ હોય. ખરૂં જ્ઞાન તેનેજ થયું કહેવાય કે જે માણસ બધી હાલતમાં એકસમાન રહે અને પોતાના મનનું સમતોળપણું જાળવી શકે; દુનિયાનાં બધાં પ્રાણીઓને જે સુખ આપતો રહે, તેનીજ ભકિત કીધેલી પ્રમાણ છે અને તેજ ખરી પરમાત્માની ભકિત કહેવાય.

# માણસનો ખરો શણગાર.

( ૬૧૬ )

**એલમસે ઉદ્યોગ ખિલે, ખિલે નેકીસે નુર;**
**એલમ બિન સંસારમેં, સમજ અંધેરો ધુર.**

જેમ નેકીથી માણસના મોહડાંનું તેજ વધે છે, તેમ ઇલમથી ઉદ્યોગ ખિળવી શકાય છે. ઇલમ વગર અને અજ્ઞાનપણાંથી સંસારમાં સર્વ કાંઇ અંધારૂંજ રહે છે અને અજ્ઞાનપણાંથી માણસ આગળ વધી શકતો નથી.

( ૬૧૭ )

**સબળ ખમી નિર્ગવ ધની, કોમળ વિદ્યાવંત;**
**ભુવા ભુવન તિન હય, ઔર સબ અનંત.**

જોરાવર છતાં સહનશિળતા રાખવી, મોટો હોય છતાં અહંકાર કે અભિમાન ન રાખવો, ભણેલો છતાં નમનતાઇ રાખવી, એ માણસના ત્રણ મોટા શણગાર છે, બાકી બીજા બધા હલકા શણગારો તો ઘણાએ છે.

( ૬૧૮ )

**કબીર! ઇન સંસારમે, પંચ રત્ન હય સાર;**
**સાધુ મિલન, હરિભજન, દયા દિન ઉપકાર.**

ઓ કબીર! આ સંસારમાંથી તરી જવાને માણસની પાસે પાંચ રત્નો હોવાં જોઇએ; **સતસંગ** કરવો, **પરમાત્માની ભક્તિ** કરવી, સર્વ ઉપર **દયા રાખવી, નમનતાઇ** અને બીજાઓ ઉપર **ઉપકાર** કરવો.

( ૬૧૯ )

**ધન રહે ન જોબન રહે, ન રહે ગામ ન ઠામ;**
**કબીર! જગમે જશ રહે, કે કર દે કિસીકો કામ.**

કોઇનો પણ પૈસો કે જુવાની, માલ મિલકત અને ઘરબાર કાંઇ રહેવાનું નથી; પણ ઓ કબીર! જે બીજાંને મદદ કરે, અને પરમાર્થ કરે તેની **(નેકી)** વાખવાખી અને જશ હંમેશાં રહેશે.

(૬૨૦)

**લેનેકો હર નામ હય, દેનેકો અન્ન દાન,**
**તિરનેકો આધિનતા, બુડનેકો અભિમાન.**

આ દુનિયામાં **લેવાનું** તે પરમાત્માનું નામ, **આપવાનું** તે ભુખ્યાની ભુખ મટાડવી. સંસારમાંથી તરી જવાને માટે જે કાંઇ અગત્યનું છે તે પરમાત્મા પર **પુર્ણ વિશ્વાસ,** પણ જો ડુબી મરવું હોય તોજ અભિમાન કરવો.

(૬૨૧)

**પશુકી તો પનિયાં ભઇ, નરકા કછુ ન હોય;**
**પર જો ઉત્તમ કરણી કરે, તો નર નારાયણ હોય.**

જનાવરોનાં (ચામડાંના) તો જોડા પણ બને છે, અને માણસનું તો કાંઇએ કામ લાગતું નથી; પણ જે નર ઉત્તમ કરણી કરે તો તે નારાયણ થઇ શકે છે બલકે પરમાત્માનાં પદને પામી શકે છે.

(૬૨૨)

**કબીર! મેં માગું એ માંગના, પ્રભુ મોહે દિજે સોય;**
**સંત સમાગમ હરિ કથા, હમારે નિશદિન હોય.**

કબીર કહે છે કે, ઓ પરમાત્મા! હું તારી પાસે **એટલુંજ માગું છું** કે મને હંમેશાં સંતપુરૂષોની **સંગત** રહે અને **તારી** સેવા રાત અને દિવસ હું કર્યો જાઉં.

(૬૨૩)

**મુગટા જુગત માંગું નહિ, ભકિત દાન દિજો મોહે;**
**ઓર કછુ માગું નહિ, નિશદિન જાચું તોહે.**

હું એવું નથી માંગતો કે મને તાજ અને તખ્ત મળે, પણ મને તારી ભકિતનું દાન બક્ષ, જેથી હું તારી સેવા રાત ને દિવસ કરતો રહું, એ શિવાય વધુ હું કશું માગતો નથી.

—o—

## ખરો ફકીર કોણ?

(૬૨૪)

**ફિકર સબ ખા ગઇ, ફિકર સબકા પીર;**
**ફિકરકી જો ફાકી કરે, ઉસકા નામ ફકીર.**

કબીર કહે છે કે ફિકર સર્વને ખાઇ જાય છે, તેથી ફિકર સર્વનો પીર ગણાય છે, અને સર્વની માથેની છે, પણ જે ફિકરને ખાઇ જાય તેજ ખરો ફકીર કહેવાય. અર્થાત-જે પોતાનાં મનમાંથી ફિકરને દુર કરે, તેજ ખરો ફકીર અથવા સાધુ કહેવાય અને જેને પરમાત્મા તરફ પુર્ણ વિશ્વાસ છે તે પોતા માટે કદી ફિકર કરતો નથી અને તેજ ખરો ફકીર છે.

(૬૨૫)

**પેટ સમાતા અન્ન લે, તનહિ સમાતા ચિર;**
**અધિકહિ સંગ્રહ ના કરે, તિસકા નામ ફકીર.**

જે પેટ પુરાય એટલુંજ અન્ન માંગી લીયે છે અને અંગ ઢંકાય તેટલાં વસ્ત્રનીજ કાળજી રાખે અને એથી વધુ મેળવવાની જે આશા કરતો નથી, તેજ ખરો ફકીર છે.

ફકીર શબ્દ ફારસીનો ચાર અક્ષરનો બનેલો હોય છે, જેના દરેક અક્ષરનો ગુહ્ય અર્થ થાય છે.

"ફે" એટલે "ફાકો" અને ગમ ખાઇ જવું, દરગુજર કરવી, અથવા સહનશિળતા રાખવી.

"કાફ" એટલે "કનાઅત" યાને સંતોષ રાખવો.

"ય" એટલે 'યાદે ઇલાહિ" યાને પરમાત્માનું નામ-સ્મરણ હંમેશાં ચાલુ રહેવું.

"રે" એટલે "રીયાઝત" યાને અષાઇ પરહેજગારી, એટલે તનની, મનની અને કાર્યની પવિત્રાઇ.

એ ચાર ઉત્તમ ગુણો જેનામાં હોય તેજ ખરો સાધુ યા ફકીર કહેવાય.

(૬૨૬)

**ચાહ ગઇ ચિંતા ગઇ, મનવા બે પરવાહ;**
**જીનકો કછુ ન ચાહિયે, સો શાહનપતિ શાહ.**

ઇંદ્રિઓના ભોગ ભોગવવાની ઇચ્છા જેની જતી રહી, તેના મનની ચિંતા પણ દુર થાય છે, અને મનમાં ચિંતા નહિ એટલે મન શાંત થઇ જાય છે, અને જેને કાંઇએ જોઇતું નથી, અને જેને કશાંની ગરજ છેજ નહિ, તે માણસ રાજાઓથી પણ મોટો છે.

## સંતોષ વિષે.

(૬૨૭)

**ગઉધન ગજધન ગોપીધન, ઔર રતનધન ખાન;**
**પર જહાં આવે સંતોષધન, તો સબ ધન ધુલ સમાન.**

ઘણાં ગાય ઢોરનો ધણી હોય, ઘણા હાથીઓ રાખનાર (રાજા) હોય, ઘણી સ્ત્રીઓનો ધણી હોય, અને જવાહેરોની ખાનનો **માલેક** હોય, પણ જેની પાસે **સંતોષ ધન** છે તેને ઉપલું સર્વ કાંઇ ધુળ સમાન છે, યાને જે કોઇ સંતોષી છે અને ગમે તે હાલતમાં સંતોષ રાખી જાણે છે, તેના જેવો સુખી બીજો કોઇ નથી.

(૬૨૮)

**મારીયે આશા આપની, જીને ડસ્યા સંસાર,**
**તાકા ઓખડ (સં)તોષ હય, કહે કબીર બિચાર.**

આ સંસારમાં અનેક જંજાળો લાગેલી હોય છે, અને તે જંજાળો નષ્ટ કરવા માટે એકલો ઇલાજ માત્ર **સંતોષ છે**—અર્થાત–મનગમતી વસ્તુઓ નહિ મળવાથી અને ઇચ્છાઓ પાર નહિ પડવાથી જે દુઃખ થાય તે દુઃખ દુર કરવા, જે માણસ તત્પર હોય તેને સંતોષી થવું.

(૬૨૯)

**કબૂક મંદિર માલિયાં, કબૂક જંગલ બાસ;**
**સબી ઠોર સોહામણાં, જો હરિ હોય પાસ.**

જેની સોડમાં પરમાત્મા છે અને જેનું મન ઇશ્વર તરફ લાગેલું હોય છે, તે ગમે તો રાજમેહેલમાં વસે યા જંગલમાં વસે, પણ તેનું મન સંતોષી હોવાથી અને પરમાત્મા તરફ લાગેલું હોવાથી, દરેક જગ્યા તેને સરખી લાગે છે યાને પરમાત્માથી ભરપુર અને શોભાયમાન છે એવું તેને દેખાય છે.

## (૬૩૦)

**સાહેબ મેરે મુહકો, લુખી રોટી દે;**
**ભાજી માંગત મેં ડરૂં, કે લુખી છિન ન લે.**

કબીર કહે છે કે, એ પરમાત્મા, મને લુખી રોટલીજ આપ્યા કર, તે ઉપર ભાજી મને જોઇતી નથી, અને તે માંગતાં બીહું છું કે રખેને સુકી રોટલી પણ જતી રહે, અર્થાત-માણસે સાદી સુખવાસી જીંદગી માટેજ કાળજી રાખવી, કારણ કે વધુ માંગતાં આપણને વધારે જંજાળો ભોગવવી પડે છે.

## (૬૩૧)

**સાત ગાંઠ ગોપિનકી, મનમાં ન રાખે શંક;**
**નામ અમલ માતા રહે, ગણે ઇંદ્રકો રંક.**

જે ખરો સંતોષી છે અને જેનું મન ઇશ્વર સિવાય બીજા કશાંને માંગતું નથી, તે માણસ માટે કબીર કહે છે, કે તેનાં આંગ ઉપર માત્ર લંગોટી હોય અને તેને પણ સાત ઠિગરાં મારેલાં હોય છતાં, તે પોતાનાં મનમાં એટલો સંતોષી હોય છે કે ઇંદ્ર જેવા રાજાને તો પોતાથી ગરીબ સમજે છે, એટલે કે ઇંદ્રનાં રાજપાતથી પણ તે લલચાતો નથી.

## ધીરજ વિષે.

(૬૩૨)

**કબીર! ધીરજ કે ધરે, હસ્તી સવા મન ખાય;**
**એક ટુકકે કારણે, સ્વાંન ઘરોઘર જાય.**

ઓ કબીર! હાથીને ધીરજ રાખવાથી સવા મણ જેટલું ખાવાનું મળી શકે છે, જ્યારે કુતરો અધીરો હોવાથી એક ટુકડાને ખાતર ઘરે ઘર ફરતો ફરે છે યાને હાડમાર થાય છે.

(૬૩૩)

**ધીરે ધીરે રે મના, ધીરે સબ કછુ હોય;**
**માલી સિંચે કેવરા, પર રૂત આવે ફળ જોય.**

માટે તું ધીરજ રાખ, ધીરજથી બધુંએ થઇ શકે છે; કેવરો રોપી, માલી ધીરજ ધરી બેસે ત્યારે રૂતુના બ્હારમાં તેનું ફળ પામે છે, તેમ દરેકે મેહેનત કરી તેનાં ફળ માટે અધિરા નહિ થતાં ધીરજ હર હંમેશ રાખવી.

(૬૩૪)

**બહોત ગઇ થોરી રહી, બ્યાકુલ મન મત હોય;**
**ધીરજ સબકો મિત્ર હય, કરી કમાઇ મત ખોય.**

ઘણીક મેહેનત કીધી હવે થોડીકજ બાકી રહી, ત્યારે અધીરો થવામાં સાર શો? ધીરજ સર્વનો મિત્ર છે, માટે ધીરજ રાખી અધીરાઇ છોડવાથી બધીએ મેહેનત ફોકટ જતી બચશે, અને સર્વ કામ સફળ થશે.

(૬૩૫)

**ધીરજ બોધ તબ જાનીયે, સમજે સબકી રીત;**
**ઉનકા અવગુણ આપમે, કબ ન લાવે ભીત.**

ખરો ધીરજવંત અક્કલનો માણસ તેજ કે જે સર્વની આદત સમજી સર્વનો સ્વભાવ સંભાળી લે, પણ પોતે કદી પણ અધીરો થાય નહિ અથવા સામાનો અવગુણ પોતામાં લાવે નહિ. અર્થાત–સામા ધણીની સ્થિતિ જોઇને વર્તવું યાને સામો ધણી ગુસ્સો કરે, પણ પોતે કદીએ ગુસ્સે થવું નહિ–પણ મનની શાંતી જાળવી રાખવી.

(૬૩૬)

**સાહેબકી ગત અગમ હય, તું ચલ અપને અનુમાન;**
**ધીરે ધીરે પાઉં ધર, પહોંચેગા પ્રમાન.**

સર્વેને સમજ પડતું નથી કે જગતને પરમાત્મા કેમ ચલાવે છે, માટે તારી શકિત મુજબ ચાલ્યા કર, ને ધીરે ધીરે પણ મકકમપણે પરમાત્માપર વિશ્વાસ રાખીને ચાલશે, તો જરૂર તે સુખી ધામે (પરમાત્માની નજીક) તું પુગી જશે.

## ચિંતા વિષે.

(૬૩૭)

**ચિંતા મત કર નચિંત રહે, પુરનહાર સમર્થ;**
**જલ ઠલમે જો જીવ હય, ઉનકી ગાંઠ કયા ગર્થ?**

તું ચિંતા ના કર, નચિંત રહે! કારણ કે પરમાત્મા તારૂં પુરૂં કરવાવાળો છે, ને તે મહા બળવાન છે; પાણીમાં કે જમીન ઉપર જે સર્વ જીવો છે તેઓની પાસે કાંઇ પૈસા નથી, તોપણ તેઓનું પોષણ થાય છે, તેમ તારૂં થશે.

(૬૩૮)

**ચિંતા ઐસી ડાકની, કાટ કલેજા ખાય;**
**વૈદ બિચારા કયા કરે, કહાં તક દવા લગાય?**

ચિંતા એવી ડાકણી છે કે તે માણસનું કલેજું કોતરી ખાય છે; જેના મનમાં ચિંતાએ ઘર કીધું હોય તેને વૈદ બિચારો શું કરી શકે? કયાં સુધી તેને દવા આપ્યા કરે? અર્થાત—જ્યાંસુધી મનમાંથી ચિંતા જાય નહિ ત્યાંસુધી શરીરનું દુઃખ ઓછું થતું નથી.

(૬૩૯)

**સરજનહારે સરજીયા, આતા પાની લોન;**
**દેનેહારા દેત હય, મિટનહારા કોન?**

**તે પેદા કરનાર સાહેબે,** આટો પાણી મીઠું વગેરે સરજ્યું છે, અને તે આપવાવાળો છે તો પછી છીનવી લેનાર કોણ છે?

( ૬૪૦ )

**કાહેકોં તલપત ફિરે, કાહે પાવે દુઃખ?**
**પહેલે રજક બનાયકે, પિછે દિનો મુખ.**

શા માટે તું તલપતો ફરે છે, અને શા માટે દુઃખ પામે છે? પહેલ્લાં તારે માટે ખોરાક તૈયાર કરીનેજ પછી તને ખાવાને મોહોડું આપ્યું છે.

( ૬૪૧ )

**અબ તું કાહેકો ડરે, સિરપર હરિકા હાથ;**
**હસ્તી ચઢ કર ડોલિયે, કુંકર ભસેં જો લાખ.**

જ્યારે તારાં માથાં ઉપર તે સાહેબનો હાથ છે ત્યારે તું હવે શા માટે બીહે છે? હાથી ઉપર ચહડીને બેઠા હોઇયે ને લાખ કુતરા ભસતા (કરડવાને) આવે તો પણ આપણે તો નચિંતાઇથી ડોળા ખાયા કરીએ તેમ, જ્યાં પરમાત્મા આપણાં માથાં ઉપર હોય ત્યાં પછી ચિંતા શાની રાખવી?

( ૬૪૨ )

**રચનહારકો ચિન કર, કયા ખાવેકુ રોય;**
**દિલ મંદીરમેં પેંઠ કર, તાંન પિછોડી સોય.**

ખાવા પિવાને શું રડવા બેઠો છે? બાહેરની બધી વસ્તુ ઉપર પીછોડી ઢાંકી તે તું ભુલી જા, અને જગતકર્તાને તારાં હૈયાંરૂપી મંદીરમાં દાખલ થઇને જો.

( ૬૪૩ )

**સાહેબસે સબ કછુ બને, બંદેસે કછું નાય;**
**રાઇકો પરવત કરે, ઔર પરવત રાઇ માય.**

**તે સાહેબથીજ** બધું બને છે, આપણાથી કાંઇ થઇ શકે નહિ; તે સાહેબ ચાહે તો રાઇનો પહાડ કરે, અને પહાડને રાઇ જેવો બારીક કરી નાંખે.

અર્થાત્–જે કાંઇ થાય છે તે પરમાત્માની આજ્ઞાથી બને છે, આપણ માણસની મરજીથી કશું થતું નથી.

(૬૪૪)

**ચિંતા તો હરિ નામકી, ઓર ન ચિંતવે દાસ;**
**જો કોઇ ચિતવે નામબિન, સોહિ કાલકી પાસ.**

પરમાત્માનું નામ જપવાનીજ ચિંતા કર, કારણ કે તે શિવાય બીજી વસ્તુ વિષે તું ચિંતા યાને વિચાર કર્યા કરશે તો તે જમને હસ્તકજ છે, યાને પરમાત્મા શિવાય બીજી બધી વસ્તુઓ નાશવંત છે, માટે તે વિષે કીધેલી ચિંતા ફોકટની છે.

(૬૪૫)

**કબીર મેં કયા ચિતવું, હમ ચિતવે કયા હોય?**
**હરિ આપહિ ચિંતા કરે, જો મોહે ચિંતા ન હોય.**

કબીરજી કહે છે, કે હું શા માટે ચિંતા કરૂં! મારા ચિંતનથી શું થવાનું છે? જો હું ચિંતા નહિ કરૂં તોયે પરમાત્મા મારે માટે પોતેજ ચિંતા રાખશે.

(૬૪૬)

**મેરે ચેત્યો હર ના કરે, કયા કરૂં મેં ચિત;**
**હરકો ચિત્યો હર કરે, તા પર રહું નચિંત.**

મારૂં ધારેલું પરમાત્મા કરતો નથી, ત્યારે શા માટે વગર ફોકટની ચિંતા કરૂં! પરમાત્માનું ધારેલું તેજ પરમાત્મા કરે છે, ત્યારે તેની ઉપર વિશ્વાસ રાખી, હું નચિંતે બેસુંની?

(૬૪૭)

**રામહિ કિયા સો હુવા, રામ કરે સો હોય;**
**રામ કરે સો હોયગા, કાહે કલ્પો કોય?**

પરમાત્માએ કીધું તે થયું યાને ભુતકાળમાં પણ પરમાત્માનુંજ ધારેલું થયું; હાલના વર્તમાન કાળમાં પરમાત્મા કરે છે તેજ થાય છે અને ભવિષ્યમાં પણ પરમાત્માનુંજ ધારેલું થશે, ત્યારે આપણે શા માટે ચિંતા કરવી?

(૬૪૮)

**સુખસે રહે સો માનવી, મનમે રહે સો દેવ;**
**સુરતે રહે સો સંત, ઇસ બિધ જાનો ભેવ.**

જે મોહડેથી ખાલી બોલીને માત્ર રહેતો હોય, તે સાધારણ માનવી છે, જે હંમેશાં પોતાનાં મનમાં ઉંચ પ્રકારના વિચાર કર્યા કરતો રહે તે દેવતા જેવો છે, પણ જેનાં ધ્યાનમાં હરપળે ઇશ્વરનોજ ખ્યાલ રહેતો હોય, તે માણસ સાધુસંત છે. માણસના ગુણ પારખવાનો એ ભેદ છે.

(૬૪૯)

**કબીર કબીર કયા કરો, ખોજો આપ શરીર;**
**જો યે પાંચો વશ કરો, તો આપે દાસ કબીર.**

કબીર, કબીર, શું કર્યા કરો છો? જો તમે તમારૂં શરીર તપાસો, અને આ પાંચ ઇંદ્રિઓને તાબામાં રાખો, તો તમો પોતેજ કબીરદાસ બની જશો. અને જેમ કબીરજીએ મનને કાબુમાં લઇ, ઇંદ્રિઓ ઉપર જીત મેળવી છે, તેમ દરેક માણસ કરે તો તે પણ પરમાત્માનો ભકત થઇ શકે.

# વિશ્વાસ.

( ૬૫૦ )

**ऐसा कौन अभाग्या, जो विश्वासे ओर;**
**राम बिना पग धरनकु, कहो कहां हय ठोर?**

પરમાત્મા વિનાની એક પણ જગ્યા એવી બાકી છે કે જ્યાં પગ મુકી શકાય? ત્યારે એવો કોણ અભાગ્યો હોય કે પરમાત્મા શિવાય બીજા કોઇ ઉપર ભરોસો રાખે?

( ૬૫૧ )

**કિયા બિના માગે બિના, જાન બિના સબ આય;**
**કાહો કો મન કલ્પીયે, સેહેજ રહે સમાય?**

જ્યારે આપણાં **વગર કીધે, વગર માંગવે અને વગર જાણવે** સર્વ થાય છે અને આવે છે, અને જ્યારે એવું સેહેલાઇથી બની શકે છે ત્યારે આપણે માણસજાતે શા માટે કલ્પના અને ચિતવન કરવું?

( ૬૫૨ )

**દાતા નદી એક સમ, સબ કોઇકો દેત;**
**હાથ કુંભ જીસકા જૈસા, તૈસાહી ભર લેત.**

પરમાત્મા એક નદી સમાન છે, જે સર્વેને ઘટતું આપે છે; જેવું જેનું (નાનું યા મોટું) વાસણ હોય તેવું અને તેટલું પાણી તે નદીમાંથી ભરી લે છે તેમજ પરમાત્મા પણ દરેકને તેની લાયકાત મુજબ આપ્યો જાય છે.

(૬૫૩)

**મુરદેકોબી દેતા હય, કપડા લત્તા આગ;**
**જીવત નર ચીંતા કરે, વાકો બડો અભાગ.**

દરેકને તેનાં મરણ બાદ શરીરને કફન, આગ, પાણી વગેરે તે (પરમાત્મા) પોહોંચાડે છે, તો પછી જીવતાં જીવત જે માણસ પોતા માટે ચિંતા કરે તેને ખરેજ અભાગ્યાપણું લાગેલું હોવું જોઇયે?

(૬૫૪)

**આશા તો એક રામકી, દુજી આશ નીરાશ;**
**નદી કીનારે ઘર કરે, કબુ ન મારે પ્યાસ.**

પરમાત્મા શિવાય બાકી સર્વે વસ્તુઓની આશા રાખેલી ફોકટ છે; નદીની પાસે રહેતા હોય તેઓ કદી પણ તરસે મરતા નથી, તેમ જે પરમાત્મા ઉપર વિશ્વાસ રાખે છે, તે કદી પણ નિરાશ થતા નથી.

(૬૫૫)

**પિછે ચાહે ચાકરી, પહેલે મહીના દેય;**
**તા સાહેબકો સીર સોંપતે, કયું કસકતા હય દેહ?**

જે ધણી પેહલ્લાં પગાર આપે ને તે પછી આપણી પાસે ચાકરી (ભકિત) માંગે એવા મહાન સાહેબને તારૂં માથું આપવાને કાં તું બિહે છે? **તેની ઉપરજ ભરોસો રાખ.**

(૬૫૬)

**ચિડીયા પ્યાસી સમૂદ્ર ગઇ, નિર ન ઘટયા જાય;**
**ઐસા બાસન ન બના, જામે સમુદ્ર સમાય.**

ચલ્લિ તરસી થઇને સમુદ્રનું પાણી પીવા ગઇ, તેથી કાંઇ સમુદ્રનાં પાણી ઘટી જતાં નથી, કારણ કે એવું કોઇ મોટું વાસણ નથી કે જેમાં સઘળું પાણી સમાઇ જાય; તેમ પરમાત્મા એવો મોટો દાતાર છે કે તે સર્વે કોઇને આપ્યા કરે છતાંએ તેનું કાંઇ ઘટી જતું નથી.

( ૬૫૭ )

**અજગર કરે ન ચાકરી, પંખી કરે ન કામ;**
**દાસ કબીરા યું કહે, સબકા દાતા રામ.**

અજગર કાંઇ નોકરી કરતો નથી, ને પંખી કાંઇ કામ કરતું નથી, પણ, હું કબીર કહું છું કે સર્વનો આપનાર પરમાત્મા બેઠો છે.

( ૬૫૮ )

**રામ નામસે દિલ મિલા, જમ હમપર ખરાય;**
**મોહે ભરોસા ઇષ્ટકા, બંદા નર્ક ન જાય.**

કબીર કહે છે જેનું અંતર પરમાત્મા સાથે મળી ગયું હોય, અને તે માણસપર **જમ** આવી લાગે, પણ જો તેને પરમાત્માપર પાકો ભરોસો હોય, તો તે માણસ કદી નર્કમાં જવાનો નથી.

( ૬૫૯ )

**ભજન ભરોસે આપકે, મગહર તજા શરીર;**
**તેજ પુંજ પ્રકામેં, પહોંચે દાસ કબીર.**

કબીર કહે છે કે મેં પરમાત્માપર પુરે વિશ્વાસ રાખ્યો, ને તેનું નામ લેતાંજ, મેં મગહર ગામમાં મારૂં શરીર છોડયું, અને જેવો દેહ છોડયો કે હું (કબીર) તુરતજ તે **પ્રકાશના જથ્થામાં** જઇ પુગ્યો યાને **પરમાત્મામાં મળી ગયો**—(કબીરજીનું મરણ મગહર ગામમાં થયું હતું અને તેઓ માટે કહે છે કે દેહ છોડતી વખતે પણ ઇશ્વરનાંજ ધ્યાનમાં ચકચુર હતા, તેથી જેવું આ નાશવંત શરીર પડયું કે ઇશ્વરનાં સાક્ષાત દર્શન તેમને થયાં.)

# નસીબ વિષે.

(૬૬૦)

**પુરબકા રવિ પશ્ચિમે, ગર જો ઉગે પ્રભાત;**
**લિખા મિટે નહિ નસીબકા, લિખા જો હરિકે હાથ.**

કદી સૂર્યની ચાલ ફેરવાય, ને પૂર્વમાં ઉગતો રવી કોઇ સહવારે પશ્ચિમે પણ ઉગે (એ નહીંજ બનવાજોગ વખતે બનવા પામે) પણ કર્મના લેખ લગારે ફેરવાય નહિ, કે જે લેખ પરમાત્માએ પોતાને હાથે લખ્યા છે.

(૬૬૧)

**બુંદ પડી જા પલમે, વોહ દિન લિખા લેખ;**
**માસા ઘટે ન તલ બઢે, જો સિર કુટો અનેક.**

જે ઘડીએ માતાના પેટમાં જીવ પડયો, તે ઘડીએ (કર્મના) લેખ લખાઇ ચુકયા; અને તેમાંથી એક અરધો તોલો ઓછો, યા રતીભાર વધુ ગમે એવું માથું કુટે તોપણ, ફેરફાર થવાનો નથી.

(૬૬૨)

**જયાં એ જીવરા પગ ધરે, બખ્ત બરાબર સાથ;**
**જો યેહ લિખા નસિબમે, તો ચલે ન અવિચળ બાત.**

જ્યાંપણ તે જીવ (માણસ) જશે, ત્યાં તેની સાથે એ નસીબ ચાલ્યા કરવાનું, અને જે કાંઇ નસીબમાં લખ્યું હશે તેજ બનવાનું, તેથી તેની સામે થવામાં કશો ફાયદો થતો નથી.

(૬૬૩)

**જાકો જીતના નિર્માન કિયા, તાકો તિતના હોય;**
**માસા ઘટે ન તલ બઢે, જો સિર ફુટે કોય.**

જેટલું જેને નિર્માણ થયું હોય, તેટલુંજ તેની જીંદગીમાં બનવાનું, તેમાંથી રતીભાર ઓછું કે વધતું થવાનું નથી, પછી માણસ ગમે એટલું માથું કુટે તો શું થયું?

(૬૬૪)

**પ્રારબ્ધ પહેલ્લે બના, પિછે બના શરીર;**
**કબીર, અચંબા યે હય, મન નહિ બાંધે ધીર.**

પહેલ્લાં માણસનું નસીબ બંધાય છે, ને તે પછી તેને જન્મ મળે છે યાને તેનું શરીર બને છે અને એવું કુદરતમાં બનતું હોવાથી કબીર કહે છે કે, મને એ અજાયબી લાગે છે, કે માણસનું મન કેમ ધીરજ રાખતું નથી!

(૬૬૫)

**કબીર! રેખા કરમકી, કબૂ ન મિટે રામ;**
**મેટનહાર સમર્થ હય, પર સમજ કિયા હય કામ.**

ઓ કબીર! પરમાત્માએ જે કર્મનો કાયદો બનાવ્યો છે, અને તે કર્મના આધારે જે નસીબ બંધાય છે તે, પરમાત્મા સિવાય બીજા કોઇના હાથે ફેરવાતું નથી; તેને ફેરવનાર, પરમાત્મા પુરતો સામર્થવાન છે, પણ એ કર્મનો કાયદો, તેણે ડહાપણ વાપરીનેજ બનાવ્યો છે, યાને માણસનાં ભલાં અર્થેજ કીધો છે.

(૬૬૬)

**બખ્ત કહો ભાયગ કહો, નસીબ કહો નિરધાર;**
**હજાર નામ મનકે ધરો, મનહિ સરજનહાર.**

એને (કર્મને) બખ્ત કહો, ભાયગ કહો અથવા કાંઇ પણ આધાર વગરનું નસીબ છે એમ હજારો નામો, એ વિષે મનમાં કલ્પો, પણ એ **નસીબનો બનાવનાર માણસ પોતેજ છે.**

( ૬૬૭ )

**બાહેર સુખ દુઃખ દેતકો, હુકમ કરે મન માંય;**
**જબ ઉઠે મન બખ્તકો, બાહેર રૂપ ધરી આય.**

પોતાની બાહેર અમુક સુખ યા દુઃખ આવે તે માટે પેહેલાં માણસનાં મનમાં હોકમ (વિચાર) થાય છે, ને જ્યારે મન–નસીબ પાકત થયું, ત્યારે તેનો આકાર બાહેર પડે છે.

અર્થાત–સર્વથી પેહેલ્લાં માણસના મનમાં ઇચ્છા કે વિચાર ઉત્પન્ન થાય છે, કે મારી આસપાસ અમુક જાતનાં સંજોગો બને; એ રીતે વિચાર કરતાં કરતાં, જ્યારે તે વિચારો પૂરા મજબુત અને પાકટ થાય કે તેઓ અમુક આકાર લઇ ખાકી ભુવન ઉપર જાહેર થાય છે, અને તેનું અમુક જાતનું નસીબ (હાલત) બંધાય છે. ટુંકમાં માણસની જે હાલત બની હોય યા બનવાની હોય તેનો બનાવનાર તેનું **મન** યાને તે **પોતેજ** છે.

Mind is the master power that moulds and makes,
And **man** is **mind**, and evermore he takes
The tool of thought, and **shaping** what he **wills,**
Brings forth a thousand **joys,** a thousand **ills.**
He thinks in secret **and it comes to pass,**
Environment is but his looking glass.–(James Allen)

**અર્થ**—માણસનું મન એ મહા બળવાન શકિત છે કે જે આકાર ઘડે છે ને બનાવે છે; માણસ તે **મનજ** છે, જેમ જેમ તે વિચારનું હથિયાર વાપરે છે, અને ઇચ્છા કરે છે તેવો આકાર મન બનાવે છે, અને તેમાંથી પછી હજાર જાતનાં સુખો કે હજાર જાતનાં દુઃખો તે ઉપજાવે છે; તે (માણસ) છુપી રીતે (મનની અંદર) વિચાર કરે છે, પણ તે બાહેર જાહેર થાય છે, અને તેનાં સંજોગો તે માત્ર તેની આરસી છે, યાને બાહેરના સંજોગો તે તેના પોતાનાજ ફીગેલા (વિચારો)નું પરીણામ છે.

( ૬૬૮ )

**બખત બલે ભવજલ તરે, નિર્બળ ભયા બિકાર;**
**યે સબ કિયા નસીબકા, રહે નિશ્ચય નિરધાર.**

ભાગ્યનાંજ જોરે માણસ આ ભવસાગરમાંથી તરી જાય છે, ને તેનાં વિકારો નબળા પડે છે, યાને તેના દુર્ગુણો મટે છે તેપણ ઉપર કહ્યા પ્રમાણે તેનાં નસીબનાંજ જોરે યાને તેનીજ મહેનતથી થાય છે, એવી રીતે સર્વ જે માણસના હકમાં બને છે તે બધું, તેનું **પોતાનુંજ** બનાવેલું (નસીબ) છે, અને બીજા કોઇથી તે બનતું નથી, એ તું નક્કી માંનજે.

( ૬૬૯ )

**કરમ અપના પરખ લે, મન નહિ કિજે રીસ;**
**હરિ લિખા સો પાઇયે, પથ્થર ફોડે સિસ.**

(માટે) તારૂં કીધેલું તેજ, (તારૂં **નસીબ**) બન્યું છે એમ માની લઇ તારા મનમાંનો બળાપો કહાડી નાંખ, કારણ કે પરમાત્માએ કર્મનો કાયદો એવો કીધો છે કે સર્વ પોતાની કરણીનું પરિણામ (સુખ યા દુઃખ) મેળવે છે, અને તેમાંથી કદીપણ છુટી શકતો નથી, પછી ગમે તો પત્થર લઇને તે માથું કાં ન ફોડે.

( ૬૭૦ )

**કિને બિના ઉપાય કછુ, દેવ કબ નહિ દેત;**
**ખેત બિજ વાવે નહિ, તો કયું જામે ખેત?**

તારા પોતાનાં કીધેલા કાર્યોનું ફળ સિવાય બીજું કાંઇ પરમાત્મા તને આપતો નથી; કારણ કે ખેતરમાં બીજ વાવે નહિ, તો ત્યાં પાક કેમ પેદા થાય?

( ૬૭૧ )

**દુઃખ લેને જાવે નહિ, આવે આચા ભુચ;**
**સુખકા પેહરા હોયગા, તબ દુઃખ કરેગા કુચ.**

દુઃખ (ઉછીકું) લેવા કોઇ જતો નથી, પણ અચાનક (આગળી કરણીનાં ફળ તરીકે) આવી ઉભું રહે છે; તેમજ જ્યારે સુખનો વખત આવી લાગશે, યાને નઠારાં કર્મો પુરાં થશે, ત્યારે દુઃખ પોતાની મેળે ચાલ્યું જશે.

( ૬૭૨ )

**હોને પદાર્થ હોત હય, બિસર જાન સબ શુદ્ધ;**
**જૈસી લિખી નસીબમે, તૈસી ઉકલત બુદ્ધ.**

જે ભાગ્યમાં લખ્યું હોય, તેજ બનવાનું અને તે બનવાનું એટલે માણસની બધી અક્કલ હુશિયારી જતી રહે છે, અને જેવું ભાગ્યમાં બનવાનું હોય તે પ્રકારની અક્કલ તેને સુઝ પડે છે, અને બનનાર બનાવને અનુસરતુંજ કાર્ય તે કરે છે.

( ૬૭૩ )

**અનહોની હોય નહિ, હોની હોય સો હોય;**
**રામચંદ્રજી બનકુ ગયે, સુખ અછત દુઃખ હોય.**

જે ભાગ્યમાં લખ્યું ન હોય, તે કદીપણ બનવાનું નથી, પણ જે કાંઇ બનવા કાળ હોય તેજ બને છે ને બનવાનું. રામચંદ્ર જેવા મોટા રાજાનાં કર્મમાં વનવાસ લેવાનો હતો, ત્યારે પોતે રાજપાટ ને સુખ છોડીને વનવાસે ગયા.

અર્થાત્‌–જે કાંઇ કારણો આપણે ઉપજાવ્યાં હોય, તેનાંજ પરિણામ આપણને આવી મળે છે.

( ૬૭૪ )

**એ મન ભાયગ ભુલ મત, જો આયા મન ભાગ;**
**સો તેરા ટળતા નહિ, નિશ્ચય સંશય ત્યાગ.**

માટે એ માનવી, તું ભાગ્યને ભુલી જતો ના, કારણ કે જે કાંઇ તારાં ભાગ્યનું હશે તેટલુંજ તને મળવાનું અને તે કદીપણ મટવાનું નથી, માટે દિલમાંના વેહમને દુર કર, અને પરમાત્માપર ભરોસો રાખી બેસ.

( ૬૭૫ )

**મનકી શંકા મેટ કર, નિશંક રહે નિરધાર;**
**નિશ્ચય હોય સો હોયગા, જો કરસી કિરતાર.**

મનમાંના વેહમોને દુર કર, અને બીજી વસ્તુઓપર ભરોસો રાખવાનું મુકી દે, પણ પરમાત્માપર વિશ્વાસ રાખી તે જે કરે તેજ ખરૂં છે, એવું ખાતરીથી માનતો રહે.

( ૬૭૬ )

**તેરા વેરી કોઇ નહિ, તેરા વેરી ફૈયેલ;**
**અપના ફૈયેલ મિટા લે, ફિર ગલી ગલી કર સહેલ.**

તારા કોઇ શત્રુઓ નથી, પણ તારાં દુઃખનું કારણ તે તારા પોતાના દુર્ગુણો છે, જેઓને તું મારી હટાડ, તો પછી તું જ્યાં જશે ત્યાં તને સુખ મળ્યા કરશે.

( ૬૭૭ )

**દુનિયા કહે મેં દોરંગી, પલમે પલટી જાઉં;**
**સુખમે જો સો રહે, વાકો દુઃખી બનાઉં.**

આ દુનિયાં દોરંગી **છે**, જે પળવારમાં ફેરવાઇ જાય છે, અને તે એમ કહે છે કે જે સુખમાં નભરવસ થઇને પડી રહે છે, યાને પરમાત્માને યાદ કરતો નથી, પણ પોતાની મોજમાં ચકચુર રહે છે, તેને હું દુઃખી બનાવું છું.

( ૬૭૮ )

**કબીર! ઘટમે રામ હય, રજક મોત જીવ સાથ;**
**કહાં ચારા મનુષ્યકા, કલમ ધનીકે હાથ?**

ઓ કબીર? **પરમાત્મા** આ શરીરમાં રહેલા છે, ને તેની સાથેજ આપણું **રજક, મરણ** ને **જીવન** રહેલું છે, અને જ્યારે તે **સાહેબના** હાથમાં આપણું નસીબ (લખવાનું) રહેલું છે, તો પછી આપણ માનવીનો શું ઇલાજ?

( ૬૭૯ )

**આતાલ જા પાતાલ જા, કે ફોડ જા બ્રહ્માંદ;**
**કહે કબીર ના મિટે, દેહ ધરેકા દંડ.**

ગમે તો આતાલ યા પાતાલમાં ભરાઇ જાવો, યા આખું બ્રહ્માંદ ફોડીને બાહેર નિકળો, તોપણ કબીર કહે છે કે, આ દેહ ધારણ કરવાનો જે દંડ છે

તે આપ્યા વિના ઇન્સાન માત્રનો કશો ચારો નથી, અર્થાત-કર્મના કાયદાની ચુંગાળમાંથી કોઇ બચી શકતું નથી, પણ જેવું જે કરે, તેવું તેને ભરપાઇ કરવું પડે છે.

(૬૮૦)

**લિખા મિટે નહિ નસીબકા, ગુરૂ કર ભજ હરિનામ!**
**સિધે મારગ નિત ચલ, દયા ધરમ વિશ્રામ.**

સેવટે કબીર કહે છે કે, નસીબમાં લખેલું જ્યારે મટતું નથી, ત્યારે તેને ફેરવવાની કોશેશ કરવાને બદલે ગુરૂ શરણે જઇ પરમાત્માનું નામ જપવાનું તેની પાસે શિખ, અને નેકીને રસ્તે ચાલી હંમેશા દયાનાં અને ધર્મનાં કામો કર, જેથી ખરૂં સુખ પ્રાપ્ત થાય.

## શ્રમ વિષે.

(૬૮૧)

**શ્રમ હિતે સબ કછુ બને, બિન શ્રમ મિલે ન કાંઇ;**
**સિધી અંગુલી ઘી જમ્યો, કબહુ નિકળે નાહિ.**

મેહેનત કર્યા શિવાય કાંઇ બનતું નથી, મેહેનત વગર કોઇ વસ્તુ પ્રાપ્ત થતી નથી; વાસણમાં ઘી જમી ગયું હોય તે પણ વાંકી આંગળી કીધા વિના યાને મેહેનત વગર નિકળી શકતું નથી.

(૬૮૨)

**કૈસા પર સમર્થ હો, બિન ઉદ્યમ દુઃખ પાય;**
**નિકટ અસન બિન કર ચલે, કૈસે મુખમે જાય?**

ગમે એવો બળવંત માણસ પણ ઉદ્યમ નહિ કરે તો દુઃખ પામે છે; પાંચ આંગળાંઓ લીધા વિના ખોરાક મોહોડાંમાં જઇ શકતો નથી તેમ, મેહેનત કર્યા વિના કશું બની શકતું નથી.

(૬૮૩)

**શ્રમ હિતે સબ હોત હય, જો મન રાખે ધીર;**
**શ્રમતે ખોદત કુંપ જયું, ઠલમે પ્રગટે નીર.**

મન ધીરજ રાખે અને મેહેનત કરે તો સર્વ બની શકે છે; મેહેનત કરી ખોદકામ કરે છે ત્યારેજ જમીનમાંથી પાણી નિકળી તેનો કુવો બંધાય છે તેમ, મેહેનત કર્યાથીજ ફળ પ્રાપ્ત થાય છે.

(૬૮૪)

**કિયે બિના કરે બિના, દેવ કછુ નવ દેત;**
**ખેત બિજ વાવે નહિ, તો કયું જામે ખેત?**

મેહેનત કર્યા વિના પરમાત્મા કાંઇ પણ (અમસ્થું) આપતો નથી; ખેતરમાં બીયાં વાવે નહિ તો પાક કયાંથી થાય?

—o—

# હિંસા ન કરવા વિષે.

(૬૮૫)

જીવ જન કબુ મત મારો,
ભક્તિ કરો દયા ઉર ધારો;
સાધુ દેવ ભક્ષ અંકુર આય,
મિન મદ માંસ રાક્ષસ ખાય.

પશુ પક્ષી (જેઓને આપણ માણસની પેઠે જીવવા ગમે છે) તેને ના મારો, અને જીવ હત્યા ના લેવો, પણ પરમાત્માને યાદ કરી સર્વ (જીવો) ઉપર દિલમાં દયા રાખો. સાધુ પુરૂષો અને દેવતા લોકોનો ખોરાક વનસ્પતિ, ફળ, ફળાદીનોજ છે, માત્ર રાક્ષસ લોકોજ માછલી, દારૂ અને માંસ ખાય છે.

(૬૮૬)

માંસ કુંકરકે ખાને હય, મનુષ્ય દેહ કયું ખાય;
રતી એક ઘટમે સંચરે, સેહેજ નર્ક લે જાય.

માંસ, કુતરા અને જંગલી જનાવરોને ખાવા માટે છે, માણસનાં શરીરને તે બિન અનુકુલ છે, માટે માણસે તે શા માટે ખાવું? કારણ એક રતીભાર પણ માંસ, શરીરમાં જાય તો માણસ અવશ્ય નર્કમાંજ જાય.

(૬૮૭)

માંસ અહારી માનવિ, પ્રત્યક્ષ રાક્ષસ જાન,
તાકી સંગત મત કરો, હોય ભજનમે હાન.

જે માનવિ માંસ આહાર કરે તેને, રાક્ષસજ જાણવો, અને તેવા માણસની સંગત કરવી નહિ, કારણ કે તેથી પરમાત્માનું ભજન કરવામાં હરકત થાય છે.

(૬૮૮)

**રાઇકા બારવા હિસ્સા, માંસ મુવાકોં ખાય;**
**કોટ જનમ સ્વાન અવતરે, પડે ચોરાસી માંય.**

રાઇના બારમા ભાગ જેટલું પણ થોડું, મુવેલાં જનાવરનું માંસ જે કોઇ ખાય, તે કરોડો જનમ કુતરા તરીકે અવતરે અને ચોરાસી ફેરામાં તે પડે.

(૬૮૯)

**બડા પાપ હય હિંસા, તેહિ સમાન ન કોય;**
**ધર્મરાય જબ લેખા માંગે, તબ સબ નૌબત હોય.**

જીવ લેવો, તેનાં જેવું મોટું પાપ એકે નથી; જ્યારે મરણ પછી જીવનો ઇનસાફ થાય અને ધર્મરાજા (રશ્ને રાસ્ત) કરણીનો હિસાબ માંગે ત્યારે (જીવહંત્યા) પાપની શિક્ષાનાં દુઃખની વાત તેને ખબર પડે.

(૬૯૦)

**જીવ મત મારો બાપુરા, સબકા એકહિ પ્રાન,**
**જીવ હત્યા નહિ છુટતી, કરોડ ગઉ દે દાન.**

માટે કબીર કહે છે કે તું ગરીબ પ્રાણીઓને કાપી કપાવીને જીવ ના લે, બધાના જીવ એકસરખા છે; જીવહંત્યા કરવાનું પાપ એટલું તો ખરાબ છે કે કરોડો ગાયોનું દાંન આપવાથી, અને ગમે એવું મોટું દાંન યા ધર્મનાં કામો કરવાથી, તે પાપ ધોવાઇ શકાતું નથી.

(૬૯૧)

**દયા દિલમે રાખિયે, તું કયું નિર્દય હોય;**
**સબહિ જીવ હય સાંઇકા, કિડી કુંજર સોય.**

તું બધાંપર દયા રાખ, ને ઘાટકી ના થા, કારણ બધા જીવો પરમાત્માનાજ પેદા કીધેલા છે, અને સર્વમાં પરમાત્માનોજ જીવ રહેલો છે, અને સર્વને તારી માફક જીવવા ગમે છે.

(૬૯૨)

**જીવ જીવ સબ એક હય, જીવકા કરો બિચાર;**
**બિન સાંસાકા જીવ હય, તાકા કરો અહાર.**

જીવ માટે તું વિચાર કર, નાના મોટા બધા જીવો એકજ છે. અને (એક) ઇશ્વરનાજ તે ભાગો છે; જે જીવમાં (વનસ્પતિ ફળફળાદી) માં શ્વાસોશ્વાસ (breathing progress) યાને દમ લેવાનું કાર્ય ચાલતું નથી, તેઓનો અહાર કર અને તે વસ્તુઓ તું ખાવામાં લે.

(૬૯૩)

**દયા દયા સબ કોઇ કહે, મર્મ ન જાને કોય;**
**જાત જીવકી જાને નહિ, દયા કહાંસે હોય?**

દયા દયા કદી સર્વ બોલે છે ખરા, પણ તેનો મર્મ શું? યાને દયા શા માટે કરવી, દયા શું છે તે કોઇ સમજતો નથી, તેમજ જીવ શું છે તેની જાત, તે કયાંથી આવ્યો વગેરે જ્યાંસુધી માણસ સમજે નહિ તો પછી તેને દયા કયાંથી આવે?

(૬૯૪)

**મુરધી મુલ્લાંસે કહે, તું જબેહ કરતા હય મોહે;**
**સાહેબ જબ લેખા માંગે, તબ સંકટ પડસી તોહે.**

મરધીને જબેહ કરે છે ત્યારે તે મુલ્લાંને કહે છે કે તું શા માટે મને મારે છે? પરમાત્મા તારો હિસાબ માંગશે ત્યારે તારી પર જે સંકટ આવશે, તેનો કાંઇ વિચાર કરે છે કે નહિ?

(૬૯૫)

**ગલા કાટ કલમા પઢે, મુખસે કહે હલાલ;**
**સાહેબ કે દરબારમે, હોગા કોન હલાલ?**

એક બાજુ તું મારૂં ગળું કાપતો જાય, ને બીજી બાજુ પરમાત્માના નામનો કલમો પઢે યાને પરમાત્માનું નામ લઇને હલાલ કરે, તો એવાં જુઠાંપણાં માટે, સાહેબની દરબારમાં તું જશે, ત્યાં કોણ હલાલ થશે?

(૬૯૬)

**સાહેબકે દરબારમે, કયું કર પાવે દાદ;**
**પહેલે કામ બુરા કરે, બાદ કરે ફરિયાદ.**

હમણાં તું ગળું કાપી બીજાને દુઃખ દે, ને પછી જ્યારે તને તેનો બદલો દુઃખમાં આવે, ત્યારે તું પરમાત્મા પાસે ફરયાદ કરે છે કે ઓ પરમાત્મા મને બચાવ! તો તારી દાદ કોણ સાંભળશે?

(૬૯૭)

**ગલા ગુસ્સેકા કાટ, મિયાં કેહેરકુ માર;**
**પાંચો બકરી જુબા કરો, તબ પાવે દિદાર.**

તારા ગુસ્સાનું ગળું કાપ, તારા દીલમાંનો કીનો કપટ મારી નાખ, ને તારી પાંચો બકરીઓ યાને પાંચ ઇંદ્રિઓ જે પાપ કરે ને કરાવે છે તેઓને કતલ કર. ત્યારેજ તું પરમાત્માનું નામ લેશે તો પરમાત્મા તને મળશે.

(૬૯૮)

**જો જાકો કાટે, સો ફિર તાહે બાટે;**
**કહે કબીર ના છુટે, સામા સામી સાટે.**

જે કોઇ બીજાને કાપે, અને તેની વેહેંચણી કરે, તે સામા સાથે "આપ-લે"નું સાટું કરે છે, અને હમણાં તેનો લેવાનો દાવ છે, તો હવે પછી તેની આપવાની વારી આવશે.

(૬૯૯)

**જીભ્યા જીને વશ કરી, તિને વશ કિયા જહાંન;**
**નહિ તો અવગુણ ઉપજે, કહે સબ સંત સુજાન.**

જેણે પોતાની જીભને વશ કીધી, તે આખી જેહાંનને વશ કરી શકે, પણ જે જીભને વશ નહીં કરે, અને ગમે તેવું ખાયા કરે યાને જીભના "સ્વાદયાં"ને પોખ્યા કરે, તે માણસનાં શરીરને વ્યાધીઓ થાય, એવું સાધુપુરૂષોનું કેહેવું છે.

(૭૦૦)

**મખ્ખી ગુડમે ગડ ગઇ, પાંખ રહિ લપટાય;**
**સીસ પટક કર ઘસે, સ્વાદે દેહિ ગુમાય.**

માખીને ગોળ ભાવે છે તેથી તે ગોળના રસપર બેસે છે ત્યારે તેની પાંખો તેમાં લપટાઇ જાય છે ને તેમાંથી બાહેર નિકળવાને માથું પટકી મરી જાય છે તોયે છુટી શકતી નથી; અને જીભના સ્વાદને લિધે પોતાનો જાન ગુમાવે છે તેમજ માણસ પણ જીભના સ્વાદને લીધેજ પાપો કરે છે અને પોતાની દેહને નુકસાન કરે છે.

(૭૦૧)

**આધી ઓર સુકી ભલી, સારી સુખ સંતાપ;**
**જો ચાહેગા ચોપરી, તો બહોત સહેગા બાપ.**

અરધી અને સુકી (સાદું જમણ) રોટલીજ આપણે માટે ઠીક છે, કારણ કે ઘણું ખાવા જતાં દુઃખ આવે છે, માટે તું જો સ્વાદનાં, પકવાન માંગ્યા કરશે તો પછી "ઓ બાપારે" "ઓ બાપારે" એવી બુમો મારવી પડશે.

અર્થાત–સાદો સુતરો ખોરાક લેવામાંજ શરીરની તનદરોસ્તી જળવાય છે, પણ જેઓ માત્ર જીભના શોખને ખાતર તરેહવાર વસ્તુઓ ખાય છે તેઓને શરીરનાં દુઃખો ઉત્પન્ન થાય છે, અને ત્યારે તેઓને પસ્તાવો થાય છે.

(૭૦૨)

**ખાટાં મિઠાં દેખકર, જીભ્યા ધર લે નીર;**
**તબલગ મન પાકા નહિ, કાચા નિપટ કઠીર.**

ખાટું મિઠું જોઇને, મોહડામાં પાણી છુટે ત્યારે જાણવું કે, મન હજી પાકટ થયું નથી, પણ કાચું યાને અજ્ઞાન છે, યાને આપણને તનદરોસ્તીના કાયદાની ખબર નથી

(૭૦૩)

**ખાટા મીઠા ખાય કર, કરે ઇંદ્રિયોકા ભોગ;**
**સો કૈસે જા પહોંચે, સાહેબજી કે લોગ?**

ખાટું મિઠું ખાયા કરી, ઇંદ્રિઓના વિષયોના ભોગ ભોગવ્યા કરે, તો પછી તે માણસ પરમાત્માને કેમ જઇ પુગે? કારણ કે માણસનું મન ઇંદ્રિઓના સ્વાદથી ચકભમ થઇ જાય છે, તેથી તેને ખાવું પીવું એ સિવાય બીજું કશું જીંદગીમાં કરવાનું છે એવું ભાન થતુંજ નથી.

(૭૦૪)

**દેખ પરાઇ ચોપરી, મત લલચાઓ જી;**
**લુખ્ખા સુકા ટુકડા, ઔર ઠંડા પાની પી.**

બાહેરની સ્વાદદાર વસ્તુઓ જોઇ, તું લલચાઇ ના જા, પણ જો તું એમ માંગતો હોય કે તારૂં શરીર નિરોગી રહે ને તને સુખ મળે તો લુખું સુકું યાને સાદું સુતરૂં ખા, ને પીવામાં માત્ર નિર્મળ પાણી વાપર.

(૭૦૫)

**દયા ધર્મકો મુળ હય, પાપ મુળ અભિમાન;**
**કબીર, દયા ન છોડીયે, જબ લગ ઘટમે પ્રાન.**

દયા એજ ધર્મનો મૂળ પાયો છે. જે ધર્મમાં દયા નથી, તે ધર્મ છેજ નહિ, અને જે માણસમાં દયા ન હોય તે માણસ ધર્મિ કહેવાયજ નહિ; પાપનું મૂળ અભિમાન છે. જે એમ કહે કે હું મોટો છું અથવા જનાવરને મારી ખાવાનો મને હક છે, તે માણસ અભિમાની છે, અને તેથીજ તે પાપો કરે છે; માટે કબીરજી કહે છે કે જો તું ખરો સુખી થવા માંગતો હોય, તો જ્યાંસુધી તારાં શરીરમાં પ્રાણ છે ત્યાંસુધી કદી પણ તું દયા છોડતો ના, યાને હંમેશાં બધાપર દયા રાખ, કે જેથી પરમેશ્વરની દયા તારા પર ઉતરે.

(૭૦૬)

**દયા સબહિ પર કિજીયે, તું કયું નિર્દય હોય;**
**જાકી બુદ્ધિ બ્રહ્મમે, સો કયું ખુની હોય?**

તું બધાંપર દયા રાખ, શા માટે નિર્દય થાય છે? જેની બુદ્ધિ પરમાત્મામાં છે યાને પરમાત્મા માટે જેને પ્રેમ હોય તે કદી પણ ખુની થતો નથી.

(૭૦૭)

**પુન બરા ઉપકાર હય, સબકે ઉપર ભાખ;**
**જીવ દયા ચિત્ત રાખીયે, બેદ પુરાણ શાખ.**

કોઇ પણ જાતનો ઉપકાર કરવો એ સારી વાત છે, પણ સર્વે પ્રકારના ઉપકાર કરતાં, જીવ દયાનો ઉપકાર સર્વથી ઉત્તમ છે. મરતાંને બચાવવું અને કોઇ પણ પ્રાણીને દુઃખ દેવું દેવાડવું નહિ એનાં જેવું પૂન્ય બીજું એકે નથી જે માટે, વેદ પુરાણ (બધાં ધર્મશાસ્ત્રો) સાહેદી પુરે છે, યાને સર્વે ધર્મો શિખવે છે કે જીવો પર દયા રાખવી.

## અહંકાર વિષે.

(૭૦૮)

**ક્રિયા કરાયા સબ ગયા, જબ આયા અહંકાર;**
**કોટ કરમ લાગે રહે, એક અહંકારકી લાર.**

જ્યારે માણસને અહંકાર આવે છે, અને પોતે ઘણો મોટો છે એવો "હુંપણાનો" ભાસ વધી જાય છે ત્યારે તેનું કીધેલું કારવેલું બધું ધુલ મળી જાય છે, કારણ અહંકાર એવો બુરો છે, કે તેનાથી માણસ કરોડો પાપો કરે છે, અને પાપથી તેનો નાશ થાય છે.

(૭૦૯)

**અહન્તા ન આનિયે, જો હરિ સિંહાસન દે;**
**જો દિલ રાખે દિનતા, સાંઇ અપના કર લે.**

તેથી કબીર કહે છે કે, અગર પરમાત્મા રાજગાદી આપી તને રાજા બનાવે તોપણ તું કદી મગરૂર થતો ના, પણ જો તું નમનતાઇ રાખશે તો પરમાત્મા પણ તારો થઇ જશે, યાને પરમાત્મા તને પોતાનો કરી લેશે.

(૭૧૦)

**લઘુતાઇમે પ્રભુતાઇ હય, પ્રભુતાઇસે પ્રભુ દૂર;**
**કિડી હો મિસરી ચુંગે, હાથી સિર ડારે ધૂર.**

નમનતાઇમાંજ મોટાઇ સમાયલી છે, જ્યારે મોટાઇ દેખાડયાથી યાને "હુંમોટો છું" એવો ગર્વ રાખ્યાથી, માણસ પરમાત્માથી દુર થતો જાય છે. દાખલા તરીકે, કિડી જમીનપર હોવાથી તે ખાંડને ઉંચકી શકે છે, જ્યારે હાથી ઉંચો હોવાથી પોતાને માથે, ખાંડને બદલે ધુળજ નાંખ્યા કરે છે.

(૭૧૧)

**બડિ બિપત બડાઇ હય, નાના કરમસે દૂર;**
**તારે સબ ન્યારે રહે, ગ્રહે ચંદ્ર ઔર સૂર.**

બડાઇ કર્યાથી, માણસને ઘણું વેઠવું પડે છે, પણ નાના માણસને યાને જે પોતા માટે બડાઇ રાખતો કે માંગતો નથી, તે ઘણી જાતનાં પાપો કરવાથી બચી જાય છે, તેથી તેને ઘણું ઓછું દુઃખ હોય છે. જેમ સૂર્ય અને ચંદ્રમાં જે મોટા છે તેઓ ઉપરજ ગ્રહણ આવે છે, પણ તારા જે નાના છે તેઓને ગ્રહણની કશી અસર થતી નથી, તેમ મોટા થવામાં ઘણાં દુઃખ સમાયલાં હોય છે.

(૭૧૨)

**કબીર! ગર્વ ન કિજીયે, રંક ન હાસયે કોય;**
**અજહુ નાવ સાગરમે હય, ના જાનુ કયા હોય.**

ઓ કબીર! તું અહંકાર જરાએ કરતો ના, અને તારાથી જે ગરીબ દેખાય તેને હસી કહાડતો ના, કારણ કે તારી હોડી પણ હજી સમુદ્રમાંજ છે, અને કિનારે ગઇ નથી; ત્યાં તું સહિસલામત પહોંચશે કે નહિ તે તું જાણતો નથી અર્થાત-આજે તું મોટો દેખાય છે, પણ કાલે તું કેવો રહેશે તે કાંઇ તને ખબર છે?

(૭૧૩)

**ઉંચા પાની ના ટિંકે, નિચેહિ ઠહેરાય,**
**નિચા હોય સો ભર પિયે, ઉંચા પ્યાસા જાય.**

ઉંચી જગ્યા પર પાણી રહી શકતું નથી, નિચે આવે છે ત્યારેજ તે ઠરીને રહી શકે છે; અને માણસ વાંકો વળે ત્યારેજ તે પાણી પી શકે છે, ઉભો રહેનાર તે પી શકતો નથી, પણ તરસો રહે છે તેમ, જે ગર્વ કરે છે તે નિચોજ પડે છે અને નમનતાઇ રાખે છે તેજ સુખી થાય છે.

(૭૧૪)

**ઉંચ કુલ જનમે કહાં, દેહિ ધરે અસ્થૂલ;**
**પાર બ્રહ્મકો ના ચઢે, બાંસ બિહોના ફૂલ.**

તારૂં શરીર હંમેશ ટકનારૂં નથી, ત્યારે તું શા માટે બડાઇ લે છે કે "હું ઉંચા કુળમાં જન્મયો છું" એમ તો વાંસ પણ ઉંચો તાર જેવો વધી જાય છે, પણ વાંસને કાંઇ ફુલ હોતાં નથી, કે તેને પરમાત્માના પગ આગળ ચઢાવવામાં આવે, તેમ પોતાના કુળની ખાલી બડાઇ લેવાથી કાંઇ ઉંચું થવાતું નથી.

(૭૧૫)

**ઉંચા કુલ કહા કિજીયે, જો કરણી ઉંચ ન હોય?**
**કનક કલેશમે મન ભરા, સંતો નિંદિયા સોય.**

જો કરણી ઉંચી (નેક) ન હોય તો એવાં (અમસ્થાં) ઉંચાં કુળને શું કરે? ગમે એવાં ઉંચાં ખાનદાનનો છોકરો હોય, પણ જો મન પૈસા મેળવવાના કાવાદાવા કરવામાં રોકાયા કરે અને તેમ કરતાં, બીજા નેક માણસોનું દિલ દુઃખવે તો એવું ઉંચું કુળ શા ખપનું?

(૭૧૬)

**ઉંચા દેખ ન રાચિયેં, ઉંચા પેંડ ખજુર;**
**પંખી ન બેઠે છાંયડે, ફલ લાગો પન દુર.**

એવાં માત્ર નામનાં ઉંચાં કુળ જોઇને રાજી થવું હોય તો, ખજુરનું ઝાડ પણ ઉંચું છે, પણ તેની ઉપર કોઇ પંખી બેસી શકતું નથી, અને તેનું ફળ ઘણું દુર હોવાથી તે કોઇના હાથમાં આવતું નથી, તેથી કબીર કહે છે કે એવી બાહેરની ઉંચ દેખાતી હાલત માટે મનમાં મઘન નહિ થવું.

(૭૧૭)

**ઉચે કુલકે કારને, બાંશ બડયો અહંકાર;**
**રામ ભજન હિરદે નહિ, જાલ્યો સબ પરિવાર.**

"હું ઉચા કુળનો છું" એમ વાંસને પણ ઘણો અહંકાર થાય છે; પણ વાંસને માટે કહે છે કે તેમાં અગ્નિ તત્ત્વ વધારે છે, તેથી ઘણીક વખતે વાંસે

વાંસ ઘસાવાથી અગ્નિ પ્રગટ થઇ આખાં જંગલનાં જંગલ બાળી નાંખે છે, અને પોતે પણ સાથે બળી મરે છે, જેથી "પોતાનાં કુટુંબ પરિવાર બાળ્યાં" એવું તેને માટે કહેવાય છે, એજ રીતે જે માણસ પોતાનાં ઉંચા કુળ માટે અભિમાન દેખાડયા કરે પણ કરણી ઉંચી ન કરે તે પોતે દુઃખી થઇ આખાં કુટુંબને પાયમાલ કરે છે.

(૭૧૮)

**કબીર! તહાં ન જાઇયે, જહાં કુલકો હેત;**
**સાધુપને જાને નહિ, નામ બાપકો લેત.**

ઓ કબીર! જે માણસ પોતાનાં કુળ માટે ખાલી બડાઇ માર્યા કરે અને વારંવાર પોતાનાં વડીલનું નામ લઇ પોતાની મોટાઇ દેખાડયા કરે કે "હું ફલાણા ખાનદાનનો દિકરો છું." પણ જે પોતાની કરણી નેક કરતો નથી, તે માણસ પાસે તું જતો ના.

(૭૧૯)

**બડે બડાઇ ન કરે, બડા ન બોલે બોલ;**
**હિરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.**

હિરો અમૂલ્ય હોવા છતાં, પોતાની કીંમત લાખ રૂપિયા છે એવું મોહોડેથી કહેતો નથી તેમ, (જ્ઞાની) પુરૂષો પોતાની મોટાઇની ડીંગ મોહોડેથી કદી મારતા નથી અને પોતા માટે જરાએ અભિમાન ધરાવતા નથી.

(૭૨૦)

**ના મુંજ છાઇ ન છાપરી, ના મુજ ઘર ન ગામ;**
**જો કોઇ પુછે કોન હય? ના મુજ જાત ન ઠામ.**

કબીર કહે છે કે:—મારી તો નાની ઝુપડી પણ નથી અને ઘરે નથી અને નથી મારૂં પોતાનું ગામ; મને કોઇ પુછે કે "તું કોણ છે?" તો મારો જવાબ એ કે, **મારી તો જાત પણ નથી ને મારૂં કંઇ ઘરબાર પણ નથી, પણ હું તો પરમાત્માનો ભકત છું.** સારાંશ કે દુન્યામાં કોઇ પણ વસ્તુ આપણી છેજ નહિ, ત્યારે અમસ્થી બડાઇ શા માટે કરવી?

(૭૨૧)

**મેરા મુજમે કછુ નહિ, જો કછુ હોય સો તેરા;**
**તેરા તુજકો સોંપતે, ક્યા લગેગા મેરા?**

મારૂં (જેવું) તો કાંઇ છેજ નહિ, જે પણ છે તે તારૂં (પરમાત્માનું) છે, અને તે બધું તેને હવાલે કરવાનું, એટલે બાકી રહ્યું શું કે તે આપણું કહેવાય?

(૭૨૨)

**છોડે જબ અભિમાનકો, સુખી ભયા સબ જીવ;**
**ભાવે કોઇ કછુ કહે, મેરે હ્રુદય નિજ પિવ.**

**પેલું તો મારૂં છે,** આ વસ્તુઓનો **ધણી હું છું** એવું એવું (હર તરેહનું) અભિમાન જ્યારે છોડે, ત્યારેજ તે જીવ ખરો સુખી થાય છે, અને એ રીતે જે **નમ્ર** થાય છે, તેના હૈયાંમાં પરમાત્મા વાસો કરે છે, પણ નમ્ર થવાથી, કબીર કહે છે કે જો કોઇ તારી મશકેરી કરે તો તારે તેની ચિંતા કરવી નહિ, કારણ આપણાં હૈયામાં ઇશ્વર હોય તો પછી આપણે બીજા કોઇની શી પરવાહ છે?

(૭૨૩)

**તિમ્મર ગયા રવિ દેખતે, કુબુદ્ધિ ગઇ ગુરૂ જ્ઞાન;**
**સુબુદ્ધિ ગઇ કછુ લોભસે, ભકિત ગઇ અભિમાન.**

સૂર્ય ઉગવાથી જેમ અંધારૂં જતું રહે છે તેમ ગુરૂએ આપેલાં જ્ઞાનથી માણસની દુષ્ટ મતિ દુર થાય છે; લોભથી જેમ માણસની સદ્ બુધ્ધિ નાશ પામે છે તેમ અભિમાન કરવાથી પરમાત્મા તરફની ભકિત જતી રહે છે, અને જ્યાં પોતાનોજ વિચાર રહે એટલે કે **"મને સુખ મળે, મને સારૂં થાય, હું મોટો થાઉં,"** એ પ્રકારના હુંપણાના ખ્યાલો મનમાં રહે ત્યાં પરમાત્માનો વિચાર કેમ સમાય?

(૭૨૪)

**આપે સબહિ જાય, કિયા કરાયા સોય;**
**આપા તજે હરિકો ભજે, લાખનમે બિરલા કોય.**

"હું હું" કર્યાથી યાને અભિમાન દેખાડયા કીધાથી માણસનાં કીધેલાં કારવેલાં (સારાં કાર્યો) સર્વે ફોકટમાં જાય છે, પણ કબીર કહે છે કે એવો પોતાનો વિચાર છોડવાવાળો, અને માત્ર પરમાત્માનેજ ભજવાવાળો માણસ, તો લાખમાં એકાદજ કોઇ વિરલો હોય છે.

(૭૨૫)

**ભરમ ગયા તબ જાનિયે, અચરજ લાગે ન કોય;**
**એ લિલા હય રામકી, નિરખો આપા ખોય.**

માણસના વેહમો અને (ખોટા) ભ્રમો ત્યારેજ ગયલા કહેવાય કે જ્યારે તેને કોઇપણ વાવની અજાયબી લાગે નહિ, પણ એ ત્યારે થઇ શકે કે જ્યારે માણસ પોતાનું હુંપણું છોડે, ત્યારેજ તે જોઇ શકે, કે આ બધું (જગત) જે છે તે પરમાત્માનીજ લીલા છે, યાને સર્વેમાં પરમાત્માજ સમાયલા છે.

## વાદવિવાદ વિષે.

(૭૨૬)

**વાદવિવાદ નહિ કર, કર નીત એક બિચાર;**
**રામ સમર ચિત લાયકે, સબ કરનિમેં સાર.**

વાદવિવાદ યાને તકરાર કરવાનું તું મુકી દે, ને હર વખતે એવો વિચાર કર્યા કર, કે ઓ પરમાત્મા, મારૂં ધ્યાન તારી ઉપરજ રાખું, તારી સેવા કરતો રહું અને સત્યના માર્ગે ચાલ્યા કરૂં કારણ કે નેક કરણીમાંજ સર્વે સાર છે.

(૭૨૭)

**બોલત હિ બિષ વાદ હય, પુછત હિ હય વાદ;**
**ઐસે મનમે સમજ કર, ચુપ રહે સો સાધ.**

અમસ્થું બોલવાથી ઝેહેરી તકરાર થઇ પડે છે, ને પુછતાં પુછતાં પણ તકરાર ઉભી થાય છે એ વાત, જેઓ મનમાં સમજે છે તેઓ મુંગાંજ બેસી રહે છે, અને કદીપણ તકરાર કરતા નથી, અને તેઓજ સાધુપુરૂષો કહેવાય છે.

(૭૨૮)

**વાદ કરે સો જાનિયે, નિવરેકા વોહ કામ;**
**સંત ફુરસદ કહાં પાવે, સુમરન કરતાં રામ?**

ફોકટની તકરારો કરવી, એ કામ નવરા માણસનું છે; સાધુપુરૂષોને પરમાત્માનું સ્મરણ કરતાં, વખતજ કયાં મળે છે કે તેઓ તકરાર કરવા બસે?

(૭૨૯)

**કહેતે કો કહે જાને દે, ગુરૂકી શિખ તું લેય;**
**સાકુંથ એક સ્વાંનકો, ફેર જવાબ ન દેય.**

ગુરૂની શિખામણ એવી છે કે, તારી સાથે કોઇ તકરાર કરવા બેસે, અથવા તને ગાળ પણ દિયે, તેને તેમ કરવા દે, પણ કોઇક ભસતા કુતરા મિસાલ આંગપર તકરાર કરવા આવે તેની સાથે તું સામસામી તકરાર કરવા બેસતો નહિ.

(૭૩૦)

**આવત ગારી એક હય, ઉલટ હોય અનેક;**
**કહે કબીર ના ઉલટીયેં, વાહિ એકકી એક.**

તને તે એક ગાળ આપે, અને તું પાછી વળતી ગાળ તેને દિયે, તો તેમાં વાત વધી જાય, માટે તારે પાછો ઉત્તર આપવોજ નહિ. જેથી ગાળ તેનેજ લાગશે.

(૭૩૧)

**ગારીહિંસે ઉપજે, કલેશ કષ્ટ ઔર મિચ;**
**હારી ચલે સો સાધવાં, લાગિ મરેં સો નિચ.**

ગાળાગાળી કરવાથી કજીયો કંકાશ વધે છે અને માણસને દુઃખ અને દલગીરી ઉપજે છે, માટે જે કોઇ ગાળાગાળી કરવાથી હારી જાય યાને નહિ કરે તે માણસ સાધુપુરૂષ કહેવાય, અને તેને દુઃખ આવતું નથી, પણ જે કોઇ જરાજરામાં ઉતરી પડે, તે માણસ હલકો કહેવાય અને તેને દુઃખ આવ્યા કરવાનું.

(૭૩૨)

**ગારી મોટા જ્ઞાન હય, જો રંચક ઉરમેં જરેં;**
**કોટી સવારે કામ, બેરી ઉલટા પાંય પરેં.**

ગાળ ગળોચ યાને ખોટી તકરારો કરવી એમાં કેટલો ગેરલાભ છે એ વિષે જેને જ્ઞાન થયું છે, તે માણસ એવી રીતે કામ ચલાવે છે કે તેનાં (કરોડો) કામો સફળ થાય છે, અને તેનો વેરી સામો તેને પગે પડતો આવે છે.

(૭૩૩)

**બહેતેકો બહે જાને દે, મત પકડાવો ઠોર;**
**સમજાયા સમજે નહિ, દે ધક્કા દો ઓર.**

જે માણસ હઠીલો હોય અને અમુક (આડે) માર્ગે જયા કરતો હોય, તેને સીધો બનાવવાની કોશેશ કરતો ના, કારણ કે જેમ તેને સમજાવીશું તેમ તેમ તે ઉલટો વધુ આડો ફાટશે, માટે તેને તેના રસ્તે જવા દે.

(૭૩૪)

**બહેતેકો મત બહેન દે, ચહી પકડવો ઠોર;**
**કહ્યો સુનિયો માને નહિ, શબ્દ કહો દો ઓર.**

જે આડે માર્ગે જતો હોય તેને ખરો માર્ગ દેખાડવાની કોશેશ કરજે અને એકવારનું કહેલું નહિ માન્યું તો બીજીવાર તેને (બીજી રીતે) સમજાવવાની કોશેશ કરવી.

(૭૩૫)

**અતી હઠ મત કર, હઠે બાત ન હોય;**
**જયું જયું ભીંજે કામરી, ત્યું ત્યું ભારી હોય.**

કોઇ સાથે પણ ઘણી હઠ કરવી નહિ, કારણ કે તકરાર કરવામાં કાંઇ ફાયદો થતો નથી; ધાબળી (ગરમ કપડાં) જેમ જેમ પાણીમાં ભીંજાય તેમ તેમ, વધુ ભારી થતી જાય છે, તેમ, હઠિલા માણસ જોડે તકરાર કરવાથી તેની હઠ વધતી જાય છે, અને તે વધુ તકરાર કરે છે.

(૭૩૬)

**સબસે હિલીયે, સબસે મિલ્યે, સબકા લિજીયે નામ;**
**હાજી! હાજી! સબસે કહિયે, બસીયે અપને ઠામ.**

સર્વે સાથે હળી મળીને રહેવું, સર્વેનું નામ સાથે લેવું અને સર્વેને "હાજી હાજી" કહેવું, પણ આપણને જેમ ઠીક લાગે તેમ ચાલવું—અર્થાત, કોઇ સાથે પણ તરછોડ કે તકરાર કરવી નહીં, પણ સર્વની સાથે મિઠાશ અને

નરમાશથી વર્તવું, તેઓનું બોલેલું આપણને પસંદ ન પડે તોપણ તેમને કડવા સખુનો કહેવા નહિ, પણ "તમારૂં મત તમોને મુબારક" એમ કહી મિઠાશથી જવાબ આપવો, અને આપણને જે વાજબી લાગે તેમ કરવું, પણ તેને ખોટો પાડવાનો યત્ન ન કરવો.

(૭૩૭)

**અતિ ભલા નહિ બોલનાં, અતિ ભલા નહિ ચૂપ;**
**અતિ ભલા નહિ બરસનાં, અતિ ભલા નહિ ધૂપ.**

જેમ, ઘણો વરસાદ પડે તે સારૂં નથી, અને ઘણો તડકો પડે તે પણ સારૂં નથી તેમ, ઘણું બોલવું યાને મોહોડાંનો પટપટારો કર્યાં કરવો તે પણ સારો નથી, તેમજ વળી તદ્દન ચુપકીદી રાખવી યાને જ્યાં બોલવા ઘટતું હોય ત્યાં નહિ બોલવું એ પણ સારૂં નથી.

(૭૩૮)

**વાદવિવાદ મત કર, કર નિત અપના કામ;**
**ગુરૂ ચરણે ચિત લાયકે, ભજ લે કેવળ રામ.**

કબીર કહે છે કે તકરાર કરવાનું છોડી દઇ તારૂં પોતાનું કાર્ય નિત્ય કરતો રહે અને તારૂં ધ્યાન ગુરૂનાં ચરણ આગળ ધરી, પરમાત્માનું સ્તવન કરિયા કર, યાને તેની ભકિતમાં રોકાયલો રહે.

(૭૩૯)

**ઝગરા નિત્ય બરાઇયે, ઝગરા બૂરી બલાય;**
**દુઃખ ઉપજે ચિંતા દહે, ઝગરામે ઘર જાય.**

તુ હંમેશાં કજીયો દુર કરજે, કારણ કે ઝગડો એ મોટી બળા છે, તેથી માણસને દુઃખ ઉપજી ચિંતા વધે છે, અને સેવટે તેનું ઘર પણ નાશ પામે છે, યાને તેની માલ મિલકત વગેરે નાશ થાય છે, એટલુંજ નહિ પણ પોતે પણ જીવથી જાય છે.

## નિંદા-કપટ વિષે.

(૭૪૦)

**કપટી મિત્ર ન કીજીયે, પેટ પેંઠ બુધ લેત;**
**આગે રહા દીખાયકે, પિછે ધક્કા દેત.**

કપટી માણસ હોય તેને મિત્ર કરતો ના, કારણ કે તે તારાં પેટમાં ભરાઇને તારો બધો ભરમ લેશે, અને તારાં મોહડાં ઉપર મિઠો થઇ તારી પીઠ પાછળ નિંદા કરી તને નુકસાન કરશે.

(૭૪૧)

**કપટીકે મન કપટ બસે, સાધુકે મન રામ;**
**ગંડુ લોક તો ભાગ ચલે, સુરાકે સંગ્રામ.**

કપટી પુરૂષોનાં મનમાં હંમેશાં વેરભાવજ હોય છે, જ્યારે સાધુ યાને નેક પુરૂષનાં મનમાં પરમાત્માનીજ વાતો ચાલ્યા કરે છે; એવા નેક પુરૂષની સામે હિચકારા કપટી માણસો ઉભાં રહી શકતાં નથી, પણ ત્યાંથી તેઓ નાસતા ફરે છે.

(૭૪૨)

**નિંદા હમારી જો કરે, મિત્ર હમારા સોય;**
**બિન સાબુ બિન પાનીસેં, મેલ હમારા ધોય.**

કબીર કહે છે કે જે મારી નિંદા કરે તેને હું મારો મિત્રજ લેખું છું, કારણ કે તે વગર સાબુ અને વગર પાણીએ મારો મેલ ધુવે છે યાને મારાં પાપોનો ધોનારો છે.

(૭૪૩)

**કામી તિરે ક્રોધી તિરે, લોભીકી ગત હોય;**
**સલીલ ભગત સંસારમે, તિરા શકે ન કોય.**

કામી યાને સ્ત્રિનાં છંદમાં પડેલો પુરૂષ, ક્રોધી યાને ગુસ્સાવાળો અને લોભી માણસ, એ અવગુણો ધરાવનાર પુરૂષો કોઇક વાર તરી જશે. પણ નિંદાખોર પુરૂષ તો આ સંસારમાંથી કદી તરી શકતો નથી અને કદી પણ સુખ પામતો નથી. કબીરનું કહેવું છે કે નિંદા સર્વથી જબુન પાપ છે.

(૭૪૪)

**કાહુકો ન નિંદીયે, સબકો કહિયે સંત;**
**કરની અપનીસોં તિરે, મિલ ભજીએ ભગવંત.**

કોઇની પણ નિંદા કરવી નહિ. સર્વની ખુબી પિછાણી તેઓ ભલા છે એમ કહેતો રહે, કારણ સર્વ પોતાની કરણીથીજ તરશે, માટે તું સર્વની સાથે હળી મળીને રહે અને પરમાત્માનું ભજન કર્યા કર.

(૭૪૫)

**આપનકો ન સહરાઇએ, ઓર ન નિંદીયે કોય;**
**અજહુ લાંબા કાલ હયે, ના જાનું કયા હોય.**

તું પોતા માટે મોટી મોટી વાત કરવાનું છોડી દે, અને બીજાઓની નિંદા ના કર; કારણ કે હજી તો ઘણો લાંબો વખત લેવો છે, અને કાલે શું થશે તે આપણે જાણતા નથી.

અર્થાત–'અમુક તો આવો છે, પેલો તો આમ કહે છે,' એમ બીજાઓની નિંદા કરી, પોતે કેવોક સમજુ અને વિદ્વાન હોય તેમ પોતાની તારીફ કરવી, યા બીજાની ખોડ ખાંપણ કહાડયા કરી, પોતાના અવગુણો ભુલી જવા એ પણ નિંદાજ છે. એથી કબીર કહે છે કે તું કોઇપણ વિષે બુરૂં બોલવાનું મુકી દે.

(૭૪૬)

**કંચનકો તજવો સેહેલ, સેહેલ હય ત્રીયાકો નેહ;**
**નિંદા બોલ ત્યાગવો, બરો કઠીણ હય યેહ.**

સોનાનો લોભ લાગ્યો હોય તે છોડવાનું કામ સેહેલું છે, સ્ત્રીનો નાદ લાગ્યો હોય તે પણ છોડવું સહેલ છે, પણ નિંદા કરવાની ટેવ પડી હોય તે છોડવી બહુ મુશ્કેલ છે, કારણ નિંદા સર્વથી બુરી છે.

(૭૪૭)

**અંતર કતરની જીભ્યા રસ, નૈનાં ઉપના નેહ;**
**તાકી સંગત રામજી, સ્વપનેહિ મત દેય.**

બાહેરથી મોહોડાંનો મિઠાશ અને આંખોના ખોટા ચમકારા કરી, હું મિત્ર છું એવું દેખાડે, પણ જેનાં ભિત્તરમાં (કપટની) કાતર રહેલી હોય, તેવા પુરૂષની સંગત, ઓ પરમાત્મા, તું મને સ્વપ્નામાં પણ ના આપતો.

(૭૪૮)

**હિરદે કતરની જીભ્યા રસ, મુખ બોલનકા રંગ;**
**આગે ભલા પિછે બુરા, તાકો તજીયે સંગ.**

જેનાં હૈયામાં (કપટની) કાતર હોય, પણ બાહેરથી મોહોડાંએ મિઠું મિઠું બોલે, અને જે મોહડાંપર આપણી તારીફ કરી પીઠ પાછળ બુરૂં બોલે, તેવા માણસની સંગત છોડી દેવી અને તેની દોસ્તી કરવી નહિ.

(૭૪૯)

**જાન બુજી સાચકુ, કરે જુઠો કોઇ નેહ;**
**ઉસકી સંગત રામજી, મોહે કબુ ન દેય.**

જાણી જોઇને, સારાં માણસની સાથે, જે જુઠી દોસ્તી કરે, અથવા જાણી બુજીને જે સાચાનું જુઠું કરે, તેવા માણસની દોસ્તી પરમાત્મા કોઇને નહિ દેખડાવે.

(૭૫૦)

**જુઠાકો જુઠા મિલે, અધિકા બઢે સ્નેહ;**
**જુઠેકો સાચા મિલે, તબહિ તુટે નેહ.**

ગપીદાસને ગપીદાસ મળે ત્યારેજ તેઓની દોસ્તી વધુ મજબુત થતી જાય છે, કપટી, અને નિંદાખોરને તેવા નિંદાબાજ માણસો ભાવે છે; પણ જ્યારે એક જુઠો ને બીજો માણસ સાચો હોય ત્યાં ફાટફુટ થાય છે, અને તેઓ મિત્ર તરીકે નીભી શકતા નથી.

(૭૫૧)

**કપટી કદી ન ઓધરે, સો સાધનકો સંગ;**
**સુંજ પખાલે ગંગમે, જયું ભિજે ત્યું તંગ.**

કપટી માણસ, ગમે એવા ભલાં માણસ સાથે બેસે, પણ તેનામાં કપટ ભરેલું હોવાથી, કદી પણ તે સુધરવાનો નથી, કારણ ગરમ ધાબળીને જેમ જેમ પાણીમાં ભીજવ્યે તેમ તેમ તે ભારી ને ભારી થાય છે તેમ જેનાં હૈયાંમાં કપટ હોય છે તે માણસ, બીજાં ભલાં માણસોની ભલાઇ જોઇને, વધુ કપટી બને છે.

(૭૫૨)

**કબીર! યહાં તો રામ હય, નંદવેકો કછુ નાહિ;**
**કિસ બીધ ગોવિંદ સેવિયે, રામ બસે સબ માંહિ.**

ઓ કબીર! હયાં તો પરમાત્મા છે, અને નિંદા કરવાનું કાંઇ છેજ નહિ; સર્વની અંદર પરમાત્મા રહેલો છે' માટે કોઇ પણ રીતે પરમાત્માની ખુબી ગાયા કરો.

## નારી વિષે.

(૭૫૩)

**નારી દિસા ન દેખીયે, દેખ ન કિજે દોર;**
**દેખતેહિ બિખ ચઢે, મન વ્યાપે કછૂ ઓર.**

મારૂં (કબીરનું) કહેવું એ છે કે, જે તરફ સ્ત્રી હોય તે તરફ તારી નજર ફેરવતો ના, અને તેને જોઇ (અથવા જોવા માટે) દોડા–દોડી કરતો ના, કારણ કે, સ્ત્રીને જોવાથી મરદને ઝેર ચહડે છે, અને તેનાં મનમાં તરેહવાર (બુરા) વિચારો આવે છે.

(૭૫૪)

**નારી કાલી ઉજલી, નેક વિમાસી જોય;**
**સબહિ ડારે ફંદમે, નિંચ લિયે સબ કોય.**

સ્ત્રી કાળી હોય યા ઉજલી હોય, પણ જો તું સારી રીતે યાને ઉંડાણથી વિચાર કરી જોશે તો, તને માલમ પડશે કે, કાળી યા ગોરી બધી, એકજ સરખી રીતે, મરદને ફાંદામાં ઉતારે છે, ને તેનું સર્વસ્વ નિચવી લે છે.

(૭૫૫)

**નારી સેતી નેહ, બુદ્ધિ વિવેક સબ હરે;**
**કાય ગુમાવે દેહ, કારજ કોઇ ના સરે.**

મરદની નજર, બુદ્ધિ અને મર્યાદા સર્વ સ્ત્રિ હરી લિયે છે, તેથી કબીર કહે છે કે તું તેનાં (સ્ત્રીનાં) લંપટમાં પડી તારી દેહ કાં ગુમાવે છે, કારણ કે તેથી તારૂં કાંઇપણ સફળ થવાનું નથી.

(૭૫૬)

**નારી ગુમાવે તિન સુખ, જો નર પાસ હોય;**
**ભક્તિ મુક્તિ નિજ જ્ઞાનમેં, પેંઠ શકે ન કોય.**

મરદની પાસે સ્ત્રી રહેવાથી, મરદનાં ત્રણ (ઉત્તમ) સુખો જતાં રહે છે; જે સ્ત્રીની પાસેજ રહ્યા કરે છે તેનાથી પરમાત્માની ભક્તિ થઇ શકતી નથી, અને મુક્તિ મળવાનો જે ખરો જ્ઞાન–માર્ગ છે તેમાં તેનાથી દાખલ થઇ શકાતું નથી.

(૭૫૭)

**બિષય પ્યારી પ્રિતડી, જબ હરિ અંતર નાહિ;**
**જબ હરિ અંતરમે બસેં, તબ બિષયસે પ્રીત નાંહિ.**

જ્યારે માણસનાં દિલમાં પરમાત્મા હોતો નથી ત્યારે તેનું મન ઇંદ્રિઓનાં ભોગ ભોગવવા ઉપર જયા કરે છે, પણ જ્યારે અંતરમાં પરમાત્મા વસ્તો થયો, કે તે માણસનું મન (ઇંદ્રિઓના) વિષયો ઉપર લાગતું નથી.

(૭૫૮)

**કબીર! પર નારી ઝેરી છુરી, મત કોઇ લાવો અંગ;**
**રાવનકે દસ શીર ગયે, પર નારીકે સંગ.**

ઓ કબીર! પારકી સ્ત્રી એક છરી સમાન છે, માટે તેને તું તારાં આંગ સાથે લગાડતો ના, કારણ કે રાવન જેવાનાં દશે માથાં પારકી સ્ત્રીને માટે કપાઇ ગયાં તો તારી શી બિશાદ કે તું બચી જાય?

(૭૫૯)

**પરનારી પ્રત્યક્ષ છુરી, જાણે બિરલા કોય;**
**નાહિન પેટમેં મારીયે, ગર સોનેકી હોય.**

પારકી સ્ત્રી એક દેખાઇતી છરીજ છે, એવું જે કોઇ વીરલો પુરૂષ છે તે સમજે છે, તે છરી સોનાની હોય તોપણ કદી તે પોતાનાં પેટમાં મારતો નથી, કારણ કે છરી મારી તો પેટ કપાઇજ જાય.

(૭૬૦)

**પરનારી રાતા ફિરે, ચોરી બંદ તો ખાય;**
**દિવસ ચાર સરસો ફિરે, અંત સમૂલો જાય.**

જે પરસ્ત્રીના નાદમાં પડે છે, તેને ચોરી છુપઇથી રહેવું પડે છે, અને કદાચ ચાર દિવસ અઘટિત મજાહ ભોગવે પણ અંતે તેનો સમૂળગો નાશ થાય છે.

(૭૬૧)

**પર નારીકો રાચનો, જૈસી લસનકી ખાન;**
**ખુંને પેંઠી ખાઇયે, પ્રગટ હોય નિદાંન.**

પરસ્ત્રીનાં નાદમાં પડવું ને લસન ખાવી બરાબર છે, કારણ ખુણાંમાં બેસી ખાવા છતાં પણ લસનનો વાસ છુપો રહેતો નથી અને પ્રગટજ થઇ આવે છે તેમ, પરસ્ત્રીનાં વિષયમાં જે પુરૂષ પડયો હોય તે ગમે એવો છુપાઇને રહે તે છતાં પરખાઇ આવે છે.

(૭૬૨)

**એક કનક અરૂ કામીની, બિખ્યા ફળકો પાય;**
**દેખતહિ બિખ ચઢે, ખાયે સો મર જાય.**

પૈસો અને સ્ત્રી, એ બે વિષયોની પુઠે જે જાય છે તે, ઝેહરી ફળજ મેળવે છે, કારણ કે તે ફળોને જોતાંજ માણસને ઝેહેર ચહડે છે અને તે ખાધાથી માણસ મરણ પામે છે યાને તેનો નાશ થાય છે.

(૭૬૩)

**નારી મદન તલાવડી, ભવસાગરકી પાલ;**
**નરે મછા કે કારને, જીવત માંડી જાલ.**

નારી (જાતી) તે પ્યારની તલાવડી છે કે જે આ ભવસાગરની પાળ કહેવાય છે અને તે ઉપર ઉભી રહીને, નર માછલાં માટે જાળ નાખી તેઓને જીવતાં પકડી લે છે.

અર્થાત-સ્ત્રી તરફ જે ખેંચાયા કરે છે તે માણસ આ દુનિયાની માયામાં ફસી પડે છે, જેમાંથી બાહેર નિકળવું બહુ મુશ્કેલ થઇ પડે છે.

( ૭૬૪ )

**કામી અમૃત ન ભાવહિ, બિખ્યા લિની શોધ,**
**જનમ ગમાયો ખાધમે, ભાવે ત્યું પરમોધ.**

ઇંદ્રિઓના વિષયો ઉપરજ જેનું મન જયા કરે છે તેને નરૂં અમૃત ગમતું નથી, પણ તે તો તરેહવાર વિષયોનેજ શોધતો ફરે છે અને ગમે તેમ કરી, તેઓને ભોગવ ભોગવ કરવાજ માંગે છે, અને એમ કરી પોતાનો જન્મ તેમાં બરબાદ કરે છે.

( ૭૬૫ )

**કામી લજ્યા ન કરે, મન માને યું લાડ;**
**નિંદ ન માંગે સાઠરો, ભૂખ ન માગે સ્વાદ.**

જેને ઉંઘ આવતી હોય તેને, ઓશીકાંની ગરજ હોતી નથી, અને જેને ભુખ લાગી હોય તે ભોજનનો સ્વાદ જોતો નથી તેમ, સ્ત્રીના છંદમાં પડેલો પુરૂષ, મર્યાદાની કાંઇ દરકાર કરતો નથી, પણ મન ભાવે તેમ લાડ કર્યો જાય છે અને ભાવે તેમ લાજ વિનાનો રહે છે.

( ૭૬૬ )

**કામ જહાં તહાં રામ નહિ, રામ તહાં નહિ કામ;**
**દોનો એક જા કયું રહે, કામ રામ એક ઠામ.**

જેનાં મનમાં કામ વાસના (ભોગ ભોગવવાનો)જ ખ્યાલ રહેતો હોય, ત્યાં પરમાત્માનો વાસો હોતો નથી, કારણ કે જેમ એક જગ્યામાં બે વસ્તુ એકી વેળા રહી શકતી નથી તેમ **કામ** અને **રામ** (વિષયવાસના અને પરમાત્મા) સાથે રહી શકે નહિ. કારણ બન્ને પરસપર વિરૂદ્ધ છે, જ્યારે, કામની સંપૂર્ણ ગેરહાજરી હોય ત્યારેજ સ્વર્ગનો માર્ગ પરમાત્મા દેખાડી શકે.

(૭૬૭)

**ભકિત બિગાડી કામિયાં, ઇંદ્રિ કેરે સ્વાદ;**
**જનમ ગમાયા ખાધમે, હિરા ખોયા હાથ.**

ઇંદ્રિઓની મોજ મજાહમાં પડવાથી, પરમાત્મા તરફની માણસની ભક્તિ જતી રહે છે, તેથી તે પોતાનો જન્મ તેમાંજ ગુમાવે છે, અને ખરો હિરો (પરમાત્માને) હાથમાંથી ખોહી બેસે છે.

(૭૬૮)

**કબીર! મન મરતક ભયા, ઇંદ્રિ અપને હાથ;**
**તોય કબૂ ન કિજીયે, કનક કામીની સાથ.**

માટે એ કબીર! તારૂં મન મરી ગયું હોય, અને તારી ઇંદ્રિઓ તારા હાથમાં રહેલી હોય, યાને મન અને ઇંદ્રિઓ તું કબજામાં રાખી શકતો હોય, તોપણ તું સ્ત્રી અને પૈસા સાથે દિલ લગાડીશ નહિ કારણ એ મહા માયારૂપી વસ્તુ છે, જેથી માણસનું મન તુરત ફરી જાય છે, અને તેમાં તેઓ વીંટળાઇ જાય છે.

(૭૬૯)

**જહાં જલાઇ સુંદરી, તું મત જાય કબીર;**
**ભસ્મી હો કર લાગસી, સોના સમા શરીર.**

માટે એ કબીર! જ્યાં સુંદરી (સ્ત્રી) હોય ત્યાં તું કદી જતો ના યાને સ્ત્રીના છંદમાં તું પડતો ના, કારણ કે તેનું શરીર સોનાં જેવું તને દેખાય તોપણ તે અગ્નીની માફક (બાળી) ભશ્મ કરી નાંખશે.

(૭૭૦)

**નારી તો હમહિ કરી, જાના નહિ બિચાર;**
**જબ જાની તબ પર હરી, નારી બડો બિકાર.**

કબીર કહે છે કે સ્ત્રી તો મેં પણ કીધી, અને તે વેળાએ મેં વિચાર કર્યો હતો નહિ, પણ જ્યારે મેં વિચારીને જોયું ત્યારેજ જાણ્યું કે નારી તે

પારકું ધન છે આપણું નથી, અને તે (નારી) પાસે રહેવાથી મરદને ઘણા વિચારો (જુસ્સાઓ) ઉપજે છે.

(૭૭૧)

**જૈસા પ્રેમ પર નારીસોં, ઐસા હરસે હોય;**
**સાંઇયાં કે દરબારમે, પલ્લા ન પકડે કોય.**

જેવો પ્રેમ એક મરદ પારકી સ્ત્રી માટે રાખે છે, તેવો પ્રેમ જો તે પરમાત્મા માટે રાખે, તો તે પરમાત્માની દરબારમાં એવો સડસડાટ પહોંચી જાય, કે તેને કોઇપણ અટકાવી શકે નહિ.

(૭૭૨)

**કામકા ગુરૂ કામીની, લોભિકા ગુરૂ દામ;**
**કબીરકા ગુરૂ સંત હય, સંતનકા ગુરૂ રામ.**

સ્ત્રીનાં છંદમાં પડેલા પુરૂષનો **ગુરૂ સ્ત્રી** છે, લોભી માણસનો **ગુરૂ પૈસા** છે, પણ કબીર કહે છે કે મારો **ગુરૂ તો સંત પુરૂષ** છે અને સંત પુરૂષોનો ગુરૂ પરમાત્મા છે. અર્થાત–જેનું જે પર દિલ લાગે છે તે તેનો ગુરૂ થઇ લાગે છે, માટે પરમાત્માપર દિલ લગાડે તો પરમાત્મા તેનો ગુરૂ થાય અને તે આ ભવસાગરની પેલે પાર પુગી જાય.

(૭૭૩)

**નારી નરક ન જાનહિ, સબ સંતનકી ખાન;**
**જામે હરિજન ઉપજે, સોહિ રતનાગરકી ખાન.**

સ્ત્રી (જાત) નર્ક સમાન છે એવું તું સમજતો ના, પણ તે (સ્ત્રી) તો બધા સંત પુરૂષોથી ભરેલી એક ખાંણ છે, કે જેમાંથી હરીજનો જેવા નર પેદા થાય છે તે રત્નાગરની (ઘણીજ અમૂલ્ય) ખાંણ છે.

(૭૭૪)

**નારી પુરૂષ કોઇ નહિ, સુન ગત ગુરૂકી શિખ;**
**બિષય ફલ બહોત અનોપ હય, મત કોઇ દેખો ચિખ.**

ગુરૂ પાસે તું શિખે અને તે જ્ઞાનની નજરે તું જોય તો માલમ પડે કે નારી યા પુરૂષ જેવું (ખરેખરૂં) કાંઇપણ નથી, માત્ર તેમાં રહેલો **વિષયજ** છે, કે જેનાં ફળ અતી બેસ્વાદ યાને ખોટાં છે, માટે મારૂં કબીરનું કહેવું એ છે કે તેમાં તારૂં દિલ ના લગાડી રાખ.

(૭૭૫)

**માંસ માંસ સબ એક હય, કયા હરની કયા ગાય;**
**નાર નાર સબ એક હય, કયા મેહેરી કયા માય.**

જેમ હરણી કે ગાય એ સર્વનું માંસ એક સરખુંજ છે તેમ દરેક નાર પછી તે માતા હોય કે સ્ત્રી હોય તે બધાં સરખાંજ છે. માત્ર બાહેરના દેખાવથી માણુસ ભુલાય છે, અને કહે છે કે અમુક નાર ખુબસુરત છે અને અમુક બદસુરત છે. પણ **અંતરમાં તો સર્વ એકજ છે.**

(૭૭૬)

**જો મન સમજે જ્ઞાનમે, તો જ્ઞાન હોય સહાય;**
**તો ફિર તોકું ના રૂચે, જાકુ તું કહે માય.**

જો તારૂં મન જ્ઞાનમાં સમજીને બેસી જાય તો તે જ્ઞાન તારી મદદે આવે અને ત્યારે

* * * * * *

(૭૭૭)

**પહેલ્લે માંકા ખસમ ભયા; પિછે ભયા હય પૂત;**
**અંતર ગત સમજકે, છોડ ચલે સબ ધુત.**

પહેલ્લાં મા ને। ધણી થયો,* તે પછી તેનો દીકરો* થયો, પણ એ બધા બાહેરના દેખાવની અંદર ખરૂં તત્વ શું છે, તે જે સમજે છે, તે બધા

*ઉપલું પદ બહુ ગુહ્ય અર્થ ધરાવે છે જે સાધારણ રીતે સમજાવી શકાતું નથી.

બાહેરના ફેરફારો ઉપર લક્ષ આપતો નથી, પણ તેમાં રહેલાં વિષયોને છોડી ચાલતો થાય છે.

( ૭૭૮ )

**ખસમ ઉલટ બેટા ભયા, માતા મેહેરી હોય;**
**મુરખ મન સમજે નહિ, બડા અચંબા મોય.**

ધણી હતો તે ફેરવાઇને દિકરો* થયો, અને માતા હતી તે સ્ત્રી* થાય છે, એવા જે બાહેરના માત્ર માયા રૂપી દેખાવો (પૂનર્જન્મના કાયદા મુજબ) થઇ રહ્યા છે, તે માણસનું મૂર્ખ મન સમજતું નથી, તેથી કબીર કહે છે કે મને ઘણી અજાયબી લાગે છે.

( ૭૭૯ )

**સમજનકા ઘર ઓર હય, ઔરોંકા ઘર ઓર;**
**સમજયા પિછે જાનિયેં, રામ બસેં સબ ઠોર.**

જ્ઞાન મળ્યું છે, તેઓની દુનિયાંને સમજવાની રીત જુદીજ છે, જ્યારે અણસમજુ લોકોની વાત બીજીજ છે, કારણ જ્યારે માણસને જ્ઞાન થાય ત્યારે તે સમજે છે કે **પરમાત્માજ સર્વમાં સર્વત્ર થઇને રહેલા છે,** યાને દરેક વસ્તુ, આકાર, કે માણસમાં ખરૂં તત્વ તે પરમાત્માજ છે.

( ૭૮૦ )

**સાહેબ તેરી સાહેબી, સબ ઘટ રહી સમાય;**
**જયું મેહેદીકે પાતમે, લાલી લખી ન જાય.**

જ્ઞાની પુરૂષ સમજે છે અને તેથી તે કહે છે કે, પરમાત્મા, તારી હાજરી સર્વ ઠેકાણે છે, સર્વ આકાર કે વસ્તુઓમાં તું રહેલો છે, પણ જેમ મેહેદીનાં પાતરાંમાં રહેલો રતાશ આપણી આંખે દેખાતો નથી, તેમ બાહેરથી પરમાત્મા આ ખાકી નજરથી દેખાતો નથી. પણ જેને આત્મજ્ઞાન મેળવ્યું છે તે તેને જોઇ કે જાણી શકે છે અને ત્યારે તે સમજે છે કે દુનિયામાં નારી પુરૂષ જેવું ખરેખરૂં કાંઇ નથી. **પણ જે છે તે પરમાત્માજ છે.**

---

* ઉપલું પદ બહુ ગુહ્ય અર્થ ધરાવે છે જે સાધારણ રીતે સમજાવી શકાતું નથી.

# પ્રિત વિષે.

(૭૮૧)

**તુમ મત જાનો બિછુરયો, સજજન પ્રીત ઘટાય;**
**બેપારીકો બ્યાજ જયું, દિન દિન દુંન બડાય.**

તું એમ ના સમજતો કે એક ભલા પુરૂષની પ્રીત કદી ઓછી થશે, અને તે તારાથી છુટો થશે, પણ જેમ વેપારીનું વ્યાજ તેનાં (ચક્રવર્ધી) વ્યાજ સહિત દિન પર દિન વધતું જાય છે તેમ, સદ્દગુણીની દોસ્તી દિવસે દિવસ વધતીજ જાય છે, અને કદી પણ ઓછી થતી નથી.

(૭૮૨)

**ઘેહેરી પ્રીત સુજાનકી, બઢત બઢત બઢ જાય;**
**ઓછી પ્રીત અજાનકી, ઘટત ઘટત ઘટ જાય.**

ભલાં માણસની પ્રીત ઘાડી હોય છે, અને તે નિરંતર વધતીજ રહે છે, જ્યારે અજ્ઞાનીની દોસ્તી નકામી હોવાથી તે દિવસે દિવસ ઘટતી જાય છે.

(૭૮૩)

**કબીર સુરત મિત્રકી, દિન દિન ચહે ચિત્ત;**
**તન ના મિલે તો કયા ભયા, મન તો મિલતા નિત?**

ઓ કબીર! ભલા પુરૂષનાં મનમાં રોજ રોજ પોતાના મિત્રની યાદ આવ્યા કરે છે અને તેનાથી (જાતે) દોસ્તને મળાયું ન હોય તોયે તેનું મન તો રોજ તેને મળ્યા કરેજ છે? અર્થાત-મિત્રને મળ્યાથીજ કાંઇ ખરૂં હેત છે, એવું પુરવાર થતું નથી પણ મનમાં યાદ રાખવાથી યાને તેનાં માટે હંમેશાં

ભલું ઇચ્છવાથીજ ખરો મિત્ર કહેવાય છે, તેથી કબીર કહે છે કે, અંગત મિત્રની મુલાકાત નહિ થતી હોય તો પણ તેની યાદ મનમાં રહ્યા કરતી હોય તો તે પુરતું છે.

(૭૮૪)

**જો મિલે સો પ્રીતમે, ધાય મિલે સબ કોય;**
**મનહિ મન મિલા બિના, દેહ મિલે કયા હોય.**

કબીર કહે છે કે મિત્રો એક બીજાને મળે છે ત્યારે દોડતા કે જઇને ભેટે છે, કે બગલગીરી કરે છે, પણ જો એકમેકનાં મનમાં પ્રેમની લાગણી ન હોય તો એવું માત્ર બાહેરનું શરીરથી મળવું અથવા હાથો મેળવવા તે શા ખપનું?

(૭૮૫)

**સો કોષ સજજન બસેં, જાનું હિરદા મજાર;**
**કુસ્નેહિ ઘર આંગને, જાનું દરિયા પાર.**

ખરા પ્રેમવાળો મિત્ર હોય, અને તે આપણાથી સો કોશ દુર હોય, તોપણ તે આપણાં હૈયામાંજ બેઠો છે એમ સમજવું જ્યારે એક કપટી (મોહડાંનો) મિત્ર, આપણાં ઘર આગળ (પાસે) છતાં તે સમુદ્રની પેલી પાર રહેલો છે યાને દુરજ છે એમ જાણવું.

(૭૮૬)

**જળમેં બસેં કમોદની, ચંદા બસેં આકાશ;**
**જો જાકે હિરદે બસેં, સો તાહિકે પાસ.**

કમોદની નામનું એક પ્રાણી જે હંમેશાં ચંદ્ર આકાશ પર હોય છે ત્યારે પાણી ઉપર આવી ચંદ્રને નિહાલ્યા કરે છે. એ બન્નેની દોસ્તી માટે કબીર કહે છે કે, કમોદની જોકે પાણીમાં (નિચે) રહે છે, અને ચંદ્ર આકાશ પર હોવા છતાં બન્નેમાં પરસ્પર ખેંચાણ રહેલું હોય છે. તે મુજબ જેનાં હૈયાંમાં સામા માટે ખરી લાગણી હોય તો તે માણસ તેની નજીકજ (રહેલો) છે એમ તેને લાગ છે.

(૭૮૭)

**સ્વાર્થકા સબ કોઇ સગા, જુગ સારાહિ જાન;**
**બિન સ્વાર્થ સગપન કરે, સો હરિ પ્રીત પિછાન.**

આ દુનિયાંજ આખી સ્વાર્થી છે, ને સર્વ પોતાના સ્વાર્થ માટે સગાં વહાલાં થાય છે, અથવા દોસ્તી કરે છે; પણ જે સ્વાર્થ રાખ્યા વિના મિત્ર રહી બીજાને મદદ કરતો હોય તેનો પ્રેમ તે ખરો ઇશ્વરી પ્રેમ છે.

(૭૮૮)

**જો કોઇ કરે સો સ્વાર્થી, અરસપરસ ગુન લેત;**
**બિન કિયા કરે સો સુરવા, પરમારથકે હેત.**

જે પણ સામાનું કાંઇ કામ કરે છે તે પોતાનો સ્વાર્થ હોવાથીજ કરે છે અને એમ પરસ્પર ચાલ્યા કરે છે, પણ સામા તરફની કાંઇ પણ આશા વગર, માત્ર ખરી લાગણીથી ને મદદ કરવાનાજ હેતુથી, કાર્ય કરતો હોય તેજ ખરો પરમાર્થી માણસ કહેવાય, અને તેનોજ પ્રેમ બિનસ્વાર્થી અને ઇશ્વરી છે.

(૭૮૯)

**સુખકે સંગ હય સ્વાર્થી, દુઃખમે રહે જો દૂર;**
**કહે કબીર પરમારથી, દુઃખ સુખ સદા હજૂર.**

સ્વાર્થી લોકો આપણાં સુખની વખતે તો પાસે રહે છે, પણ દુઃખની વખતે આપણાથી દુર નાસે છે, પણ પરમાર્થી માણસ તો આપણાં સુખ યા દુઃખ બન્ને વેળાએ આપણી નજીક રહી મદદ કરે છે, બલકે દુઃખમાં વધુ ભાગ લે છે.

(૭૯૦)

**પ્રીત તાસે કિજીયે, જાકી જાત મજીઠ;**
**પ્રીત કુસંબ ન કિજીયે, ભિડ પડે દે પીઠ.**

કબીર કહે છે કે જેની જાત પાક્કી હોય યાને જે જાતવંત હોય તેની દોસ્તી કરજે, પણ જે કોઇ કોસંબ જેવો કાચો હોય, ને અડિભિડીએ આપણાથી પીઠ ફેરવીને નાસે, તેવા માણસની દોસ્તી કરતો ના, અર્થાત-કાચા

રંગનો લાલ કોસંબો ગરમ પાણીમાં નાખ્યાથી કાચો પડી પોતાનો રંગ ખોહી દે છે, તેમ સ્વાર્થી મિત્રની કસોટી આપણાં દુઃખની વેળાએ થાય છે, યાને તે ખરો છે યા ખોટો તેની કસોટી તે વેળાએ જણાઇ આવે છે.

( ૭૯૧ )

**સજ્જન ઐસા ચાહિયે, દુભ્યા દે નહિ દોષ;**
**બેદિયા ભેદયા દુઃખ દિયા, મધુરા બોલે બોલ.**

મિત્ર તો એવો જોઇએ કે જે આપણને કદીપણ ઠપકો કે તાણો મારે નહિ, પણ ગમે એવું આપણા તરફથી કંટાળો યા દુઃખ મળ્યું હોય છતાં, મિઠા બોલો બોલી આપણને રીઝવે.

( ૭૯૨ )

**સજ્જન સ્નેહિ બહોત હય, સુખમે મિલે અનેક;**
**બિપત પડે દુઃખ બાતિયે, સો લાખનમે એક.**

આપણી ચહડતી અને સુખમાં તો ઘણાએ દોસ્તો મળે અને થાય, પણ દુઃખ આવે ત્યારે આપણી પાસે ઉભો રહે તેવો મિત્ર તો લાખ માણસમાંથી કોઇ એકાદજ નિકળી આવે છે.

( ૭૯૩ )

**બલિહારી ઉસ ફુલકી, જામે દુની બાસ;**
**અપના તનમન સોપકે, હો ગયા પુરાના ઘાસ.**

ખરી મોટાઇ તો તે ફુલની છે જે બીજાને સુગંધ આપવાને માટે પોતાનું તન મન આપી દીયે છે, અને પોતે સુકઇને ઘાસ જેવું થઇ જાય છે.

( ૭૯૪ )

**નેહ નિભાવન કઠન હય, સબસે નિભત નાહિ;**
**ચઢવો મોમ તુરંગપે, ચલવો પાવક માહિ.**

દોસ્તી નિભાવવી એ બહુ કઠણ કાર્ય છે. બધાથી તે નિભાવી શકાતી નથી, કારણ કે દોસ્તી કરવી તે મીણના ઘોડાપર બેસી અગ્નિમાંથી પસાર થવા બરોબર છે.

(૭૯૫)

**પ્રેમ પ્રીતસે જો મિલે, તાકો મિલીયે ધાય;**
**કપટ રાખકે જો મિલે, તાસે મિલે બલાય.**

કબીર કહે છે કે, આપણને ખરા પ્રેમ ભાવથી મળે તેને આપણે દોઢતા કે મળવું જોઇએ; પણ જે પેટમાં કપટ રાખી, માત્ર મોહોડાંથી મિઠો થઇ મળવા આવે, તેને તો મારી બળાબી નહિ મળે, તેમજ તેવા માણસ સાથે કશોએ વેહેવાર રાખવો નહિ.

(૭૯૬)

**દિલપર દિલસેં જો મિલે, જા દિલ દગા ન હોય;**
**સો દિલ કબૂ ન બિસરે, કોટીક કરો જો કોય.**

જેનાં દિલમાં દગો નથી, પણ જે ખરાં દિલથી મળતો હોય તે માણસ ગમે તેવું થાય યા ગમે તે કોઇ કહે તોપણ કદી પણ આપણાથી છુટો થતો નથી, અને તે પોતાના દોસ્તને હંમેશાં ચહાતો રહે છે.

(૭૯૭)

**પ્રીતમ પ્રીત બઢાયકે, દુર દેશ મત જાય;**
**હમતુમ એક નગર બસેં, જો ભિખ માગ નિત પાય.**

તે પ્રકારનો ખરો મિત્ર તો પોતાના મિત્રને કહે છે કે, ઓ મારા ભાઇ, તું મારેથી જુદો પડી બીજે કેઠે જઇશ નહિ, તું મારી પાસે રહે, અને જે મને મળશે યા તારે માટે ભીખ માગવી પડશે તોયે તે કરીશ, અને તેમાંથી તારો ભાગ કરીશ.

(૭૯૮)

**એક દ્રષ્ટ દો નૈન હય, એક શબ્દ દો કાન;**
**હમ તુમ એક પટંતરા, દો ઘટમે એક પ્રાન.**

જોકે આપણી બે આંખો છે, તોયે આપણી નજર એકજ છે, આપણાં બે કાન છતાં આપણે એક સરખા શબ્દ સાંભળ્યે છીએ, અને આપણાં શરીર બે જુદાં છે છતાં આપણો પ્રાણ એકજ છે—ખરા મિત્રોની એ સ્થિતિ છે.

—o—

## ઇશ્વરી પ્રેમ વિષે.

(૭૯૯)

**કઠન ગલી હય પ્રેમકી, હિરદે આવે રામ;**
**રવિ સનક આદિ મઘન ભયે, એસા હય હરિનામ.**

જે પ્રેમથી પરમાત્મા આપણાં હૈયાંમાં આવી જાય એવી જે પ્રેમની ગલી છે તેમાં પેસવું એ કામ બહુ કઠણ છે; પરંતુ કબીર કહે છે કે પરમાત્માનું નામ જપવાથીજ રવી, સનક વગેરે મોટા થઇ ગયલા પુરૂષો, ઇશ્વરી આનંદ મેળવી ગયા છે.

(૮૦૦)

**પ્રેમી ઢુંડત મેં ફિરૂં, પ્રેમી મિલે ન કોય;**
**પ્રેમીકો પ્રેમી મિલે, તબ ભકિત દ્રઢ હોય.**

એવા પ્રેમવાળા માણસને, હું (કબીર) શોધતો ફરૂં છું, પણ મને તેવો પ્રેમવાળો માણસ મળતો નથી; જ્યારે એવા પ્રેમવાળાને બીજો સામો પણ પ્રેમથી ભરપૂર થયલો માણસ મળે છે ત્યારેજ તેઓની પરમાત્મા તરફની ભક્તિ વધુ મજબુત થાય છે.

(૮૦૧)

**જાકે હિરદે પ્રેમ બસે, તાકો સબ જૂગ દાસ;**
**પ્રેમ બિના ભકિત કરે, માંનો કાંટા ઘાસ.**

જેના હૃદયમાં (ઇશ્વરી) પ્રેમ હોય છે તેના, સર્વ દાસ થઇ જાય છે, પણ જે પ્રેમ વિના ભક્તિ કરે છે, તે માત્ર કાંટાવાળા ઘાસ જેવો છે.

(પ્રેમથી ધ્યાન અને ધ્યાનથી જ્ઞાન આવે છે જેનાં હૈયામાં પરમાત્મા ઉપર પ્રેમ હોય તેનું ધ્યાન વગર મેહનતે નિરંતર પરમાત્માપર લાગેલું રહે છે, અને ધ્યાન સંપૂર્ણ લાગેલું રહે ત્યારે પરમાત્મા દેખાયા કરે; પણ જેનાં હૈયામાં પરમાત્મા ઉપર પ્રેમ નથી, તેનું ધ્યાન પરમાત્માપર લાગતું નથી; ઘાસ અને કાંટાવાળી જમીન ઉપર ચાલતાં જેમ પગ સરકી જાય, તેમ અંતઃકરણપૂર્વક લાગણી વિના જે ધ્યાન કરવા જાય તેનું ધ્યાન અધુરૂંજ ગણાય.)

(૮૦૨)

**પ્રેમ છુપાયા ન છુપે, જા ઘટ ઉમગ્યાં હોય;**
**જદ્દિપ મૂખ બોલે નહિ, નૈન દેત હય રોય.**

જેનાં હૈયામાં ખરો ઇશ્વરી પ્રેમ હોય તે કદી પણ છુપો રહેતો નથી; કદાચીત તે મોહોડેથી બોલીને દેખાડતો ન હોય, છતાં તેની આંખો તે પ્રેમને પ્રદર્શિત કરી આપતી રહે છે.

(૮૦૩)

**ઘડિ ચઢ ઘડિ ઉતરે, વોહ તો પ્રેમ ન હોય;**
**અઘટ પ્રેમ હિરદે બસે, પ્રેમ કહિયે સોય.**

ઘડિમાં ચઢે, અને ઘડિમાં ઉતરી જાય, તેવી લાગણી કાંઇ ખરો પ્રેમ નથી, પણ જે કદીપણ હૈયાંમાંથી ખસે નહિ, અને નિરંતર ચાલુ રહે તે ખરો પ્રેમ કહેવાય.

(૮૦૪)

**જા ઘટ પ્રેમ ન સંચરે, સો ઘટ જાનું મસાન;**
**જૈસે ખાલ લુહારકી, શ્વાસ લેત બિન પ્રાંન.**

જેનાં હૈયામાં (પરમાત્મા તરફ) પ્રેમ હોતો નથી, તે માણસનું શરીર, (જીવતાં જીવત) એક શ્મશાન જેવુંજ છે, અને જેમ લોહારની (ચામડાંની) ધમ્મણ (માત્ર હવાથી) ઉપર નીચે (દમ લેતી હોય તેમ) થયા કરે છે, પણ

તેમાં શ્વાસ કે પ્રાણ હોતો નથી તેમ, પરમાત્માના પ્રેમ વગરના માણસનું શરીર જીવતું (દમ લેવા) છતાં, મુવેલાં સમાન છે.

(૮૦૫)

**પિયા ચાહે પ્રેમ રસ, રાખા ચાહે માન;**
**દો ખંડ એક મ્યાંનમે, દેખા સુના ન કાન.**

ઇશ્વરી પ્રેમ પિવા માંગતો હોય ને પોતાનું માન પણ રાખવા માંગે તે કેમ બને? એક મ્યાનમાં બે તલવાર રહી હોય એવું તો મેં જોયું યા સાંભળ્યું નથી.

(૮૦૬)

**પ્રેમ પિયાલા સો પિવે, શિશ દક્ષિના દે;**
**લોભિ શિશ ન દે શકે, નામ પ્રેમકા લેય.**

જે પોતાનું માથું આપે તેનાથીજ પ્રેમનું પ્યાલું પિવાઇ શકાય; જે લોભી હોય અને પોતાનાં સ્વાર્થનો ખ્યાલ રહેલો હોય, અને જે પોતાનું સર્વસ્વ આપવાને રાજી નથી, તેનો પ્રેમ દ્રઢ હોતો નથી, તે તો માત્ર મોહડેથી પ્રેમનું અમસ્થું નામ લે છે, પણ તેનાં અંતઃકરણમાં કાંઇ શુદ્ધ પ્રેમ હોતો નથી.

(૮૦૭)

**પ્રેમ બિના ધિરજ નહિ, બિરહે બિના બૈરાગ;**
**સદ્દગુરૂ બિના મિટે નહિ, મન મનસાકા દાઘ.**

જ્યાં સુધી માણસનાં હૈયાંમાં ખરો (બિનસ્વાર્થી) પ્રેમ આવતો નથી ત્યાં સુધી તેને ધીરજ રહેતી નથી અને પરમાત્મા તરફનો પ્રેમ લાગતો નથી, ત્યાં સુધી તેને વૈરાગ્ય આવતો નથી, અને દુન્યવી લાલચો ઉપરથી તેનું મન ખસતું નથી; તેજ પ્રમાણે જ્યાં સુધી માણસને સદ્દગુરૂ મળતા નથી, ત્યાંસુધી તેના મનના વિકારો ને જુસ્સાઓ મટતા નથી.

(૮૦૮)

**જહાં પ્રેમ તહાં નેમ નહિ, તહાં ન બુદ્ધિ વેહવાર;**
**પ્રેમ મગન જબ મન ભયા, કોન પુછે તિથી વાર?**

બિનસ્વાર્થી પ્રેમ હોય ત્યાં પોતાને માટે કાંઇ પણ નેમ હોતી નથી, અને ત્યાં સ્વાર્થી વહેવાર હોતો નથી અને "આપ લેના" સોદા જેવી વાતો થતી નથી; કારણ કે જેનું મન ઇશ્વરી પ્રેમથી સંતોષી થયલું હોય તે તિથી ને વાર શું થયો છે તે પુછતો નથી.

(૮૦૯)

**પ્રેમ બિના નહિ ભેષ કછુ, નાહક કરે સો બાદ;**
**પ્રેમ ભાવ જબલગ નહિ, તબલગ ભેષ સબ બાદ.**

હૈયાંમાં ખરો પ્રેમ આવે નહિ ત્યાંસુધી બાહેરના સ્વાંગો પહેરી દેખાવો કરવા, તે સર્વે ફોકટના છે, કારણ ખરો પ્રેમ આવતો નથી ત્યાંસુધી બાહેરના દેખાવો કર્યાથી કશુ સાર્થક થતું નથી.

(૮૧૦)

**પ્રેમ જગાયા વિરહકો, વિરહ જગાયે પિવ;**
**પિવ જગાયે જીવકો, હોય પિવ હોઇ જીવ.**

પ્રેમજ, માણસના વિરહ યાને પરમાત્મા તરફની લાગણીઓ જગાડે છે, અને વિરહ તેનાં પીયુને જગાડે છે. અને પીયુ જ્યારે તે જીવને દુનિયાની માયામાંથી જગાડે છે, ત્યારે તે જીવ ને પીવ બન્ને એક થઇ જાય છે અર્થાત- માણસનાં હૈયાંમાં (પરમાત્મા તરફ) પ્રેમ ઉભરે છે ત્યારે તેની લાગણીઓ તે તરફ દોડે છે, અને તેનું નિચલું મન તેના આત્મા તરફ જાય છે, ને સેવટે તે અને તેનો આત્મા એક થઇ જાય છે.

(૮૧૧)

**જબલગ નાતા જાતકા, તબલગ ભગત ન હોય;**
**નાતા તોરે હરિ ભજે, જગત કહાવે સોય.**

માણસનાં મનમાં નાતજાતના તફાવતનો વિચાર રહેલો હોય ત્યાંસુધી તેનાથી **ભગત** થઇ શકાતું નથી, પણ જ્યારે તેનો એ ખ્યાલ જતો રહે અને સર્વ માણસોને, જનાવરોને અને સર્વેને એકસરખી નજરથી જુવે, ત્યારેજ તે ખરો (પરમાત્માનો પ્રેમી) ભગત થયો છે એમ કહેવાય.

અર્થાત-જ્યાંસુધી માણસને પોતા વિષે અથવા પોતાની નાત વિષે વધુ લાગણી થાય અને પોતાની વરણ ઉંચી ને બીજી ઉતરતી એ ખ્યાલ રહેલો હોય તે માણસથી પરમાત્માનો પૂરો ભગત થઇ શકાતું નથી. પણ કુલ સૃષ્ટિની પેદાયશને તે એક સમાન ચહાતો થાય, અને સર્વમાં પરમાત્માજ રહેલો છે એવું ભાન તેને થાય, દરેક જાનદાર અથવા કહેવાતી બિનજાનદાર પેદાયશને એકસરખો અથવા કહો કે **પોતા સમાન** ચહાતો થાય, ત્યારેજ તે પરમાત્માનો ખરો ભગત થયો છે અને **પરમાત્મા સાથે** એકતાઇ મેળવી છે એમ કહેવાય.

## આપ-ભોગ વિષે.

(૮૧૨)

**સુરે ચઢે સંગ્રામકો, બાનાં પેહેન અનેક;**
**સાંઇયાં કે મુખ સામને, મુવાજ કોઇ એક.**

કહેવાતા શુરવિર પુરૂષો તરેહવાર હથિયારો સજીને લડાઇ કરવા ચહડી જાય છે ખરા, પણ ધણીની સામો (લડતાં લડતાં) મુવો હોય એવો (ખરો શુરવિર) તો કોઇકજ હોય છે.

અર્થાત-જેમ સિપાહ બચ્ચાઓ લડાઇ કરવા જાય છે, પણ જ્યારે ત્યાં જીવ જવાની વાત આવે છે ત્યારે સર્વ પોતાને બચાવવાની કોશેશ કરે છે અને કોઇકજ એવો માનો પૂત હોય છે કે જે પોતાના માલેકને ખાતર જીવ આપી દે છે, તેમ જેઓ પરમાત્માના માર્ગમાં દાખલ થવા માંગે છે યાને દુનિયવી લોભ લાલચ ઉપર ફત્તેહ મેળવી મિનોઇ માર્ગમાં જાય છે તેઓમાંથી કોઇકજ એવો બહાદુર નર હોય છે કે જે દુનિયવી હરેક પ્રકારના લોભ-લાલચ-હવસ છોડી છેલ્લી ઘડી સુધી ટકી રહે છે અને નેકી માટે આપભોગ આપવા અને પોતા ઉપર ગમે એવું દુ:ખ આવે તે અને મરણ નિપજે તે પણ ખુશીથી સહન કરવા તૈયાર હોય.

(૮૧૩)

**સુરા સોહિ જાનીયે, લડે ધનીકે હેત;**
**પુરજા પુરજા હો રહે, તોઉ ન છાંડે ખેત.**

ખરો શુરો તો તેજ ગણાય કે જે પોતાના માલેકના (પરમાત્માના) ચાહને ખાતરજ લડતો હોય અને નહિ કે પોતાના સ્વાર્થ માટે, અને જે તેમ (પરમાત્માને ખાતર) લડતો હોય તે પોતાનાં શરીરના કકડે કકડા થઇ જાય તો પણ લડાઇનું મેદાન કદી છોડતો નથી.

(૮૧૪)

**ખેત ન છાંડે સુરવા, જુંજે દોઉ દલ માંહિ;**
**આશા જીવન મરનકી, મનમે આને નહિ.**

ખરો શુરવિર પુરૂષ કદી પણ લડાઇનું મેદાન છોડતો નથી પણ બન્ને લશ્કરમાંથી લડતો આગળ વધે છે, કારણ કે તેનાં મનમાં જીવવાની આશા કે મરવાનો ભય જરાએ રહેતો નથી, પણ તેનાં વિચાર માત્ર પોતાના માલેક માટે લડવાના ધર્મ (ફરજ) ઉપરજ રહેલા હોય છે.

સારાંશ–કે જે પરમાત્માની રાહ ઉપર ચાલે છે તે કદી પણ પોતા વિષે કાંઇ પણ વિચાર રાખતો નથી.

(૮૧૫)

**ભાગે ભલા ન હોયગી, ભોં ભારી ઘર દૂર;**
**શિર સાહેબકો સોંપતે, સોંચ કાહેકો સૂર.**

શુરવિર પુરૂષ જાણે છે કે મેદાનમાંથી નહાસવાથી તેનું ભલુ થવાનું નથી, તેમજ તેને ભય હોય છે કે મારૂં (પરમાત્માને પુગવાનું) ઘર ઘણું દુર છે, અને પોતાનું માથું તો પરમાત્માને સોંપવાનું છેજ. ત્યારે તે શુરો શા માટે અન્ય વિચાર કરે?

(૮૧૬)

**જો શિર સોંપા સાંઇકો, વોહ શિર ભયા સનાથ,**
**કબીર હે ઉબરન ભયેં, જાકા તાકે હાથ.**

જેણે માથું પરમાત્માને સોંપ્યું તેણે, પોતાનાં માથાંને બળવંત ધણીના હાથમાં આપેલું કહેવાય; કારણ કે માથું તો માલેકનુંજ (આપેલું) છે ત્યારે તેને હવાલે કરી મેં (કબીરે) તો મારૂં કલ્યાણ કરી લીધું છે.

(૮૧૭)

**જો મુવા હરી હેતમે, કોઇ ન બુજે સાર;**
**હરિજન હરિસા હો રહા, માયા રહી શિર માર.**

જે પરમાત્માના પ્રેમ અર્થે મરે છે, તેની કદર કોઇ પણ દુનિયવી માણસ બુજતો નથી, કારણ કે દુનિયવી લોકો સમજતાં નથી કે પરમાત્માનો બંદો દુનિયામાંથી મુવો તે પરમાત્મા પાસે પુગી ગયો અને માયાનાં બંધનમાંથી તે છુટો થયો, તેથી માયા પોતાનું માથું કુટવા બેઠી છે.

(૮૧૮)

**કબીર! યા ઘર પ્રેમકા, ખાલાકા ઘર નાંહિ;**
**શિશ ઉતારે હાથસું, સો ઘર પેઠે ઘર માંહિ.**

ઓ કબીર! આ પ્રેમનું ઘર છે, તે કાંઇ તારી માસી (માયની બેન)નું ઘર નથી કે ત્યાં તું લાડ કરતો સહેલાઇથી જઇ શકે; એ પ્રેમ (મેળવવા)ના ઘરમાં તો, જ્યારે તું તારૂં માથું પોતાના હાથે ઉતારી નિચે મુકે ત્યારેજ પેસી શકાય.

(૮૧૯)

**સુરા સોહિ જાનિયે, પાંવ ન પિછે પેંખ;**
**આગે ચલા પિછા ફિરે, તાકા મુખ ન દેખ.**

ખરો શુરો માણસ તેને જાણવો કે જે પોતાના પગ પાછળ હઠાડેજ નહિ; જે આગળ ચાલી પાછો હઠે તે માણસ ખરો શુરો નથી અને તેનું મોંહ જોવું નહિ.

(૮૨૦)

**ઘાયલકી ગત ઓર હય, ઓરનકી ગત ઓર;**
**બાંનજ લાગા પ્રેમકા, રહા કબીરા ઠોર.**

ઘાયલ થયલાની બાબદ જુદીજ છે, જ્યારે બીજા સર્વેની બાબદ કાંઇ ઓરજ છે. મને કબીરને પ્રેમનો તે બાંન લાગ્યો તેથી હું ઇશ્વરી માર્ગમાં દ્રઢ થયો છું.

(૮૨૧)

**સુરાકા તો દલ નહિ, ચંદનકા બન નાંહિ;**
**સબ સમૂદ્ર મોતી નહિ, યું હરિજન જગ માંહિ.**

લશકર કાંઇ સર્વે શુરા પુરૂષોનુંજ (બનેલું) હોતું નથી, ફકત એકલાં ચંદન (સુખડ)નાં ઝાડથી વન બનેલું હોતું નથી, અને બધાજ દરયાવમાંથી મોતી નિકળતાં નથી, તેમ જગતમાં હરિજનો (થોડાકજ) હોય છે.

(૮૨૨)

**સારા શુરા બહુ મિલે, ઘાયલ મિલે ન કોય;**
**ઘાયલકુ ઘાયલ મિલે, તબ (રામ) ભકિત દ્રઢ હોય.**

લડાઇના ઘા ખમ્યા વગરના કહેવાતા શુરવિરો તો ઘણાએ દિસે છે, પણ કોઇ ખરો ઘાયલ (શુરવિર) મળતો નથી; જ્યારે ઘાયલને ખરો ઘાયલ પુરૂષ મળે ત્યારેજ પરમાત્મા તરફની તેઓની જાનફેશાની મજબુત થાય.

(૮૨૩)

**કરદી ધારા રામકી, કાચા ટિકે ન કોય;**
**શિર સોંપે સિધા લરે, શુરા કહિયે સોય.**

પરમાત્માને મળવાનો માર્ગ બહુ કઠણ છે, જેમાં કાચા પુરૂષો ટકી શકતા નથી; પણ જે પોતાનું માથું આપી ખડો ઉભો રહી લડી શકે તેજ માણસ આગળ વધી શકે છે, અને તેનેજ ખરો શુરવિર કહેવો.

(૮૨૪)

**પહેલે દાતા મેં ભયા, હરિકો સોંપા શિશ;**
**પિછે દાતા હરિ ભયા, કાહ કરૂં બક્ષિશ?**

કબીર કહે છે કે, પહેલ્લાં હું આપનાર થયો અને મેં મારૂં માથું પરમાત્માને સોંપ્યું. તે પછી, પરમાત્મા દાતા યાને આપનાર થયા ત્યારે હવે હું તેને શું આપી શકું?

અર્થાત-તન, મન, સર્વસ્વ પરમાત્માને મેં અર્પણ કરી દીધું એટલે હવે બાકી રહ્યું શું કે તે હું આપું?

(૮૨૫)

**દેખા દેખીસું ચઢે, મર્મ ન જાને કોય;**
**સાંઇયાં કારણ શિશ દે, શુરા જાણું સોય.**

એક બીજાને જોઇને જે કશું કરવા જાય તે, ખરો ભેદ પામી શકતો નથી, પણ જે કેવળ પરમાત્મા માટેજ પોતાનું માથું અર્પણ કરે તે માણસજ ખરો પરમાર્થી પુરૂષ છે.

(૮૨૬)

**શિર સટ્ટેકા ખેલ હય, સો શુરનકા કામ;**
**પહેલ્લે મરનાજ આગમે, પિછે કહેના રામ.**

માથાંનો સટ્ટો રમવો એ ખરા શુરવિર પુરૂષનુંજ કાર્ય છે, કારણ કે ત્યાં પેહેલાં આગમાં જવા પછી પરમાત્માનું નામ લેવાઇ શકાય છે.

અર્થાત-પરમાત્માને મળવું એ કાંઇ સેહેલું કામ નથી, દરેક પોતાનો સ્વાર્થ છોડી દેવાનો દ્રઢ ઠરાવ અમલમાં મુકે તોજ એ માર્ગમાં દાખલ થઇ શકાય છે.

(૮૨૭)

**સાંઇયાં શીત ન પાઇયે, બાતાં મિલે ન કોય;**
**કબીર સૌદા રામસું, શિર બિન કયૂ ન હોય.**

મોહોડાંની ખાલી વાતોથી પરમાત્માને મળી શકાતું નથી પણ પરમાત્મા સાથે સાટું કરવું હોય અને પરમાત્માને મળવું હોય તો જ્યાંસુધી સદ્દવર્તન રાખી પોતાનું માથું તેને હવાલે કરતો નથી ત્યાંસુધી તેનાથી તેને (પરમાત્માને) પુગાતું નથી.

(૮૨૮)

**હરિકા ગુન કઠન હય, ઊંચા બહુ અકથ;**
**શિર કોટી પગ તલ ધરે, તબ જા પહોંચે હથ.**

ઇશ્વરી ગુણ મેળવવો એ બહુ મુશકેલ છે, અને તે એટલો ભારે પ્રયોગ છે કે તેનો વિચાર મોહોડેથી બોલી શકતોજ નથી, પણ ત્યાં પોહોંચવાને માટે જ્યારે માણસ પોતાનાં કરોડો માથાંઓ પગ નીચે મુકે, યાને પોતાની ખુદીને કચડી નાંખે ત્યારેજ ત્યાં પુગી શકાય છે.

(૮૨૯)

**ઊંચા તરવર ગગન ફળ, પંખી મુવા સબ ઝૂર;**
**બહોત શિયાંને પચ ગયે, ફળ લાગો પર દૂર.**

એ ઝાડ ઘણું ઉંચું છે અને તેનાં ફળો છેક આસમાને લાગેલાં છે, અને તે મેળવવા જતાં પંખીઓ બધાં ઝુરી મરે છે, ઘણાક કહેવાતા પંડીત પુરૂષો તે લેવા ગયા, પણ તે ફળ તેઓથી દૂર અને દૂરજ રહ્યું.

(૮૩૦)

**દૂર ભયા તો કયા ભયા, શિર દે નેડા હોય;**
**જબલગ શિર સોંપે નહિ, ચખ શકે ન કોય.**

કબીર કહે છે કે:—તે ફળ ઘણું દુર છે તો શું થયું? તું જો માથું આપે તો તે તારી આગળ આવે કારણ કે જ્યાં સુધી તું માથું આપે નહિ ત્યાં સુધી તે ચાખી શકાતું નથી.

(૮૩૧)

**એ રન માંહિ પેંઠ કર, પિછે રહે ન શુર;**
**સાહેબકે સનમૂખ રહે, ધર દે શિશ હજૂર.**

જે શુરો પુરૂષ પરમાત્માના માર્ગમાં એકવાર દાખલ થયો કે, પછી તે કદી પણ પાછળ હઠતો નથી, પણ પરમાત્માની સમક્ષ ઉભો રહે છે, અને પોતાનું માથું તેના પગ આગળ હાજર કરે છે.

(૮૩૨)

**લાગી લાગી કહા કરો, લાગી નહિ લગાર;**
**લાગી તબહિ જાનીયે, નિકસ જાય દો સાર.**

"મને પ્રેમ લાગ્યો છે," એવું માત્ર મ્હોડેથી અમસ્થું શું બોલવું? હું (કબીર) કહું છું કે મોહેડેથી જે આ પ્રમાણે ફકત બોલ્યા કરે તેને પ્રેમ લાગ્યોજ નથી, પણ જ્યારે અંતર પરમાત્માપર લાગે કે બે સાર (દુનિયવી હરેક પ્રકારનાં આકર્ષણ) નિકળી જાય છે અને તે વેળા તે માણસની હાલત તદ્દન બદલાઇ જાય છે.

(૮૩૩)

**કાયા મોડ કમાન કર, પાંચ તત કર તાંન;**
**મારો તો મન મરઘલા, નહિ તો મીથ્યા જ્ઞાન.**

એમ કાંઇ પ્રેમ લાગતો નથી, પણ જ્યારે તું તારી કાયાને કમાંન પેરે વાળે, તારી પાંચે ઇદ્રિઓની તાંન બનાવે, અને તારાં ભટકતાં મનને મારી મારી શાંત કરે, ત્યારેજ તે રસ્તો હાથ આવે નહિ તો બધું ફોકટ છે.

(૮૩૪)

**શિશ ઉતારી ભુંઇ ધરે, ઉપર ધર દે પાય;**
**દાસ કબીરા યું કહે, એસા હો તબ આય.**

માથું ઉતારી જમીનપર મુકે, અને તેની ઉપર પગ મુકે ત્યારેજ, હું દાસ કબીર કહું છું કે તે માણસ પરમાત્માને પુગી શકે, નહિ તો કદી પણ નહિ.

(૮૩૫)

**જબ લગ ધડપર શિશ હય, શુરા કહિયે નાહિ;**
**માથાં તુટી ધડ લડે, શુરા કહિયે તાહિ.**

જ્યાં સુધી ધડ ઉપર માથું રહેલું હોય ત્યાં સુધી કોઇ પણ શુરો કહેવાય નહિ, પણ માથું નિચે તુટી પડે ને શરીર લડયા કરતું રહે, ત્યારે તે ખરો શુરવિર કહેવાય.

(૮૩૬)

**કબીર સાચા સુરવા, કબ ન પેહેરે લોહ;**
**સુજનકે બંધ ખોલકે, છાંડે તનકા મોહ.**

ઓ કબીર! ખરો શુરવિર પુરૂષ કદી પણ લોઢાંનું બખ્તર પેહેરતો નથી; તે પોતાનો અંગરખો પણ કહાડી નાંખી લડે છે, અર્થાત-પોતાનાં શરીર માટે કાંઇ પણ દરકાર કરતો નથી.

(૮૩૭)

**કઠનાઇ કછૂ નહિ, જો શિર બદલે લેહ;**
**રામ નામ નહિ છાંડીયે, જો શિર કરવત દેય.**

મુશ્કેલી કોઇ પણ નથી, માત્ર મનનો રોહ બદલવાનો છે, તે એ કે, ગમે એ થાય તો પણ રામ (પરમાત્મા)નું નામ છોડવું નહિ, માથાંપર કરવત કાં ન ફરતી હોય તોપણ પરમાત્મા ઉપર જેનું દિલ લાગ્યું છે તે કદી પણ ફરતો નથી, એ રીતે જેનાં મનની લેહ બદલાઇ યાને મન પરમાત્મા તરફ રહેતું થયું તો પછી પરમાત્માના માર્ગમાં આગળ વધવાને કાંઇજ મુશ્કેલી નથી-માટે કબીર કહે છે કે તું તે (પરમાત્માનું) નામ છોડતો ના.

# બિરહા વિષે.

(૮૩૮)

**બિરહા બુરા હય જન કહે, બિરહા હય સુલતાન;**
**જા ઘટ હરિ બિરહા નહિ, સો ઘટ સદા મસાન.**

બિરહા યાને માણસનાં અંતઃકરણમાં (સર્વ બાબદ માટે) મજબુત થતી જતી ઇચ્છા અથવા સાધારણ ભાષામાં કહીયે તો ખેંચાણ થતી એ લાગણી માટે લોકો કહે કે તે ખરાબ છે, પણ કબીર કહે છે કે એ (પ્રેમની) લાગણી ઉત્તમ છે; પરંતુ જેનાં અંતરમાં એ ખેંચાણ પરમાત્મા તરફ થતું નથી, પણ જેનું મન ભલતીજ દુનિયવી વસ્તુ ઉપર લાગેલું હોય તે માણસનું શરીર સદાનું મસાનજ છે.

અર્થાત–માણસનો જીવ અને પરમાત્મા વચ્ચે જે જુદાઇ થઇ છે તેનું પાછું જોડાણ અથવા એકત્ર થવું, અને એ માટે જીવનું તલપવું, તે બિરહા છે. તેથી કબીર કહે છે કે જેનાં અંતરમાંજ એ લાગણી થતી નથી તે માણસનું શરીર જીવતું હોવા છતાં મસાન કહેવાય.

(૮૩૯)

**બિરહા આયા દુખસા, કડવા લાગા કામ;**
**કાયા લાગી કાળસિ, મિઠો લાગો રામ.**

જે માણસનાં હૃદયમાં એ લાગણી એકવાર દ્રઢ પેદા થઇ તેને ઇંદ્રિઓની મોજ ભોગવવાનું દાઢું ઝેહેર જેવું લાગે છે, અને શરીર જે પરમાત્મા સાથે મેલાપ કરતાં વચ્ચે અડચણ કર્યા કરે છે તે અકારૂં થઇ પડે છે, અને
૭ પરમાત્માનીજ વાતો પસંદ પડે છે, અને બીજું કશું ભાવતું નથી.

(૮૪૦)

**જા તનમે બિરહા બસે, તો તન લોહુ ન માંસ;**
**ઇતના બહોત હિ ઉબરા, હાડ ચામ ઓર શ્વાસ.**

જેના હૃદયમાં પરમાત્મા તરફ પ્રેમ પ્રકાશતો થયો તે માણસનાં શરીરમાં લોહી અને માંસ ઘણું નહિ હોય, તેની કશી ચિન્તા નથી; તેનું ચામડું, હાડકાં અને શ્વાસ (પ્રાણ) ચાલતો હોય એટલુંજ બસ છે.

અર્થાત-પરમાત્માની રાહપર ચાલતાં માણસને દુઃખ આવે અથવા તેનું શરીર નબળું પડી જાય, તેની કાંઇ ચિંતા કરવી નહિ; કારણ આ શરીર તો એકવાર પડવા (મરવા)નુંજ, અને જ્યારે દુનિયવી લોભ લાલચ માટે, માણસ ફોકટની જંજાળો ઉઠાવી પોતાને કષ્ટ આપે છે, ત્યારે પરમાત્માની રાહમાં ચાલવાને અને પરમાત્માને મેળવવા માટે, આપણાં શરીરને કષ્ટ આપવું તેમાં શું ખોટું છે? પૈસો ટકો માણસને સુખ આપી શકતો નથી, જ્યારે પરમાત્માના મેલાપથી તો અમર (હંમેશનું) સુખ પ્રાપ્ત કરી શકાય.

(૮૪૧)

**બિરહા કુંડી ભુંડ પડે, દરશન કારન રામ;**
**જીવત દરશન ના દિયો, મુવેકા નહિ કામ.**

કબીર કહે છે કે પરમાત્માનાં દર્શન કરવા માટે શરીર ઉપર સેંકડો દુઃખ આવી પડે તોપણ તેની પરવાહ કરવી નહિ, પણ ભકિત એજ કરવી કે ઓ પરમાત્મા! જીવતાં જીવત તારી સાથે મેલાપ થાય; મુવા પછી તારાં દર્શન થાય એવું હું માંગતો નથી.

(૮૪૨)

**મુવે પિછે મત મિલો, કહે કબીરા રામ;**
**લોહા માટી મિલ ગયા, તબ પારસકા કયા કામ?**

ઓ પરમાત્મા! મરણ બાદ હું તને જોવા માંગતો નથી કારણ કે લોઢું કીટાઇને માટી થઇ ગયું પછી પારસમણીની શી જરૂર? અર્થાત-માણસને આ

(બાકી) દુનિયામાંજ પરમાત્મા સાથે એકતાઇ મેળવવાની છે, અને આ જીવનમાંજ જો પરમાત્માને નહિ મેળવી શકે તો મુવા બાદ તેનાથી કાંઇ થઇ શકવાનું નથી.

(૮૪૩)

**ગલું તુમારે નામમે, જયું પાનીમે લોન;**
**ઐસી બિરહા પઠાયકે, નિત દુખાવે કોન?**

પાણીમાં મીઠું નાખવાથી તે જેમ અંદર ગળી જાય છે, તે પ્રમાણે પરમાત્માનાં નામમાં હું (કબીર) બધો ગળી ગયો છું, અને એ રીતે (ગળી જઇને) પરમાત્માને ખાતર પોતાનાં શરીરને હંમેશાં કષ્ટ આપવાને કોણ તૈયાર છે?

(૮૪૪)

**દેખતહિ સબ દિન ગયા, નિશબી નિરખત જાય;**
**બિરહન પિયું પાવે નહિ, જીવડા તલખે જાય.**

પરમાત્માને જોતાં જોતાં (યાને જોવાની આશામાં) મારા દિવસ ને રાત વહી ગયાં, જ્યાં સુધી મારો પ્રિય માલેક મળ્યો નહિ ત્યાં સુધી મારો જીવ તલપ્યા કરતો હતો.

(૮૪૫)

**નેના હમારે જલ ગયે, છિન છિન લોટે તુંજ;**
**ન તું મિલે મેં સુખી, ઐસી બેદના મુજ.**

દરેક પળે તને નિરખવાની આશામાં મારા ડોળા જળી ગયા ને જ્યાં સુધી મને તું મળે નહિં ત્યાં સુધી સુખ થાય નહિ, એ પ્રકારનું અસહય દુ:ખ મને થઇ લાગ્યું છે.

(૮૪૬)

**ઇસ તનકા દીવલા કરૂં, બાતી ડાલું જીવ;**
**લોહિ સીંચું તેલ જયું, કબ મુખ પાવું પીવ.**

આ મારાં તનની બત્તી કરૂં ને તેમાં આ (મારા) જીવનો કાકડો બનાવી મેળું, ને તેલને જગ્યે મારૂં લોહી અંદર સીચું કે કયારે મારા પીયુનું (પરમાત્માનું) દર્શન થાય. અર્થાત-ઇદ્રિઓ અને મન સર્વ પરમાત્માનાજ વિચાર ને વમાસણમાં કબીર રાખતો હતો.

(૮૪૭)

**માંસ ગયા પિંજર રહા, તાકો ન લાગે કાગ;**
**સાંઇ અજહુ ન સંભાર્યા, મંદ હમારા ભાગ.**

(એ વિયોગમાં) મારાં શરીરનું માંસ ગળી ગયું, ને હાડપીંજર જેવું થઇ ગયું કે તે ઉપર કાગડા પણ આવીને બેસે નહિં, એટલું છતાં હજી પરમાત્મા મને મળ્યા નહિં એટલે મારૂં નસીબજ અભાગ્યું.

(૮૪૮)

**કબીર! હસના દુર કર, રોવન પર ધર ચિત;**
**બિન રોવે કયું પાઇયે, પિયુ પુરબલા મિત.**

એ કબીર! પરમાત્માને મળવું તે કાંઇ (સાધારણ) હસવા સરીખું કામ નથી, માટે તું હસવાનું મુકી દે, અને રડવા પરજ ધ્યાન લગાડ, કારણ કે વગર રડવે, અને ભારે કષ્ટ ભોગવ્યા વિના પરમાત્મા મળી શકે નહિ.

(૮૪૯)

**હસું તો દુઃખ ન બિસરે, રોવું તો બળ ઘટ જાય;**
**મનકા મનમે બિસરના, જયું ધુન કાષ્ટકુ ખાય.**

કબીર કહે છે કે હસવાથી દુઃખ ભુલાતું નથી, અને રડયા કરૂં છું તો મારૂં બળ ઘટતું જાય છે. (ત્યારે કરવું શું? તેનો પાછો જવાબ આપે છે કે) તું મનમાં અને મનમાંજ બધું વિસરવાની કોશેશ કર, જેમ ચુલામાં બળતું થયા વગર માત્ર ધુમાડાથીજ લાકડું ખવાઇ જાય છે તેમ, દુઃખનો દેખાવ બહારથી કર્યાં વગર, અંતરમાંજ વિસારી મેલ.

(૮૫૦)

**પહેલે અગન બીરહેકા, પિછે પ્રેમ પ્યાસ;**
**કહે કબીર તબ જાનીયે, રામ મિલનકી આસ.**

પરમાત્મા તરફ પ્રેમ ઉપજ્યા આગમચ પહેલાં દુઃખ આવે અને તે પછી પરમાત્માનાં પ્રેમની તરસ લાગે, ત્યારે (કબીર કહે છે કે) પરમાત્મા મળવાની આશા છે, એમ જાણવું. અર્થાત્-જ્યારે માણસને દુઃખ આવી પડે છે ત્યારે તે દુઃખથી પરમાત્મા તરફ ખેંચાય છે, અને ત્યારેજ પરમાત્મા તરફ તેને પ્રેમ ભાવ થાય છે, અને કબીર કહે છે કે દરેકને એ સ્થિતિમાં પરમાત્મા મળવાની આશા રહે છે.

(૮૫૧)

**જીતના ગુનાહ મેં કીયા, તિતના કરે ન કોય;**
**કાલા હુવા મુખડા, ધો ન શકું રોય.**

પરમાત્માને મળવા માટે જેટલાં દુઃખો મેં વેઠયાં તેટલાં કોઇ વેઠશે નહિ. દુઃખથી મારૂં મોહડું એવું તો કાળું મારી ગયું કે ગમે એટલું રડવાથી તે ધોવાતું નથી.

(૮૫૨)

**બિરહેની મર જાયગી, આતુર હાલ શરીર;**
**બેગી દર્શન દિજીયે, તો જીવે દાસ કબીર.**

એક સ્ત્રી બીજા મરદપર પ્રસન્ન થયલી હોય તેને જોવાને માટે આતુર હોય છે, તેમ કબીર કહે છે કે ઓ પરમાત્મા! હું તને જોવાને માટે આતુરતાથી રાહ જોઉં છું માટે મને તારાં દર્શન જલદીથી દઇ દે, તોજ હું જીવી શકું.

(૮૫૩)

**બિરહેની દેત સંદેશો, સુનો હમારે સુજાન;**
**બેગી તુમ આ મિલો, નહિ તો તજયા પ્રાન.**

જેમ એક સ્ત્રી પોતાના વહાલા ઉપર પોતાને મળી જવા માટે સંદેશો મોકલે છે તેમ, કબીર કહે છે કે જે પરમાત્માનો આશક બને છે તે પરમાત્મા

તરફ પોતાના અંતઃકરણનો અવાજ મોકલે છે અને કહે છે કે ઓ પરમાત્મા! તું મને જલદીથી આવી મળ, નહિ તો આ પ્રાણ છોડી દઇશ.

(૮૫૪)

**સાંઇયા તુમ મત જાનિયો, કે પ્રીત ઘટે કવચિત;**
**મરૂં તો તુમ સુમરન મરૂં, જીયું તો સુમરૂં નિત.**

ઓ મારા માલેક! તું એમ ના સમજતો કે તારી તરફનું મારૂં વહાલ કદી પણ ઘટશે, નહિ કદી નહિ, કારણ કે મારાં હૃદયમાં તું નિરંતર વસેલો છે તેથી મારાં અવસાન વેળા પણ હું તારીજ યાદમાં મરીશ, ને જીવતો રહીશ તો નિરંતર તારૂં સ્મરણ કર્યા કરીશ.

(૮૫૫)

**મેં દિવાની રામકી, દિવાની કહે સબ કોય;**
**મોહે દિવાના આ મિલે, તબ બંદી ચંગી હોય.**

હું તો રામ (પરમાત્મા)ની દિવાની છું, અને ભલે મને બધા (દુનિયાના) લોકો દિવાની કહે તેની હું દરકાર કરતી નથી, પણ મને મારો દિવાનો (આશક યાને પરમાત્મા) કયારે આવી મળે તેની હું રાહ જોઉં છું. તે જ્યારે મને આવી મળશે ત્યારેજ મારૂં દિવાનાપણું જતું રહેશે ને સાવધ થઇ જઇશ.

(૮૫૬)

**પપૈયા પિયુ પિયુ કરે, નિશદીન પ્રેમકી આશ;**
**પંખી વીરહ ના છાંડહિ, તો કયું છાંડે નિજ દાસ.**

બુલબુલ જેવું પક્ષી તે માલેકના પ્રેમની આશામાં "પીયુ પીયુ" કરતું રાત દિવસ પોકાર કરે છે અને જ્યારે તેના જેવું એક નાનું પ્રાણી તેની (પરમાત્માની) જીક્કર મુકતું નથી તો હું કે જે પરમાત્માનો બંદો (માણસ જાત) છું તે કેમ તે માલેક (મરમાત્મા)ની યાદ ભુલી જાઉં યાને તેની જીક્કર કરવાનું મોકુફ રાખું ?

(૮૫૭)

**આઠ પોહોર ચોસઠ ઘડી, લાગા રહે અનુરાગ;**
**હિરદે પલક ના બિસરે, તબ સાચા બૈરાગ.**

કબીર કહે છે કે દિવસનાં આઠે પહોર અને દરેક પહોરની ચોંસઠ ઘડિ છે તે દરેક ઘડિએ માણસનું ચિત્ત જ્યારે પરમાત્મામાં લાગેલું રહે, ને તેનો (પરમાત્માનો) ખ્યાલ હૈયામાંથી વિસરાયજ નહિ, ત્યારે જાણવું કે તે માણસને ખરો વૈરાગ્ય ઉપજ્યો છે, અને તેનું મન દુનિયવી માયાપરથી ઉઠી પરમાત્માપર લાગ્યું છે.

(૮૫૮)

**જ્યું મેરા મન તુજમેં, યું તેરા મુજમે હોય;**
**તાલા લોહા યું મિલે, સાંધ ન લખે કોય.**

કબીર કહે છે કે ઓ પરમાત્મા! જેમ મારૂં મન તારામાં ભરાઇ રહ્યું છે તેમ તારૂં મારામાં ભરાય, એવું હું માગું છું. જેમ ગરમ કીધેલા લોખંડનાં કકડાને સાંધ કરે છે ત્યારે તે સાથે મળી જાય છે, ને તેની સાંધ કોઇ પારખી શકતું નથી તેજ મુજબ આપણે બન્ને સાથે મળી એક થઇ જઇએ.

(૮૫૯)

**કફ કાયા ચિત ચકમકા, ઝાલિ વારંવાર;**
**તિન વાર ધુંવા ઉઠે, ચોઠ પરે અંગાર.**

જ્યારે આ મેલાં (ખાકી) શરીરને તેમજ મારાં મનને વારંવાર ઝાલ્યું યાને મારી રહેણી-કરણી સુધારી મારાં મનને શુદ્ધ વિચારોમાંજ રોકયા કીધું (તોયે) ત્રણ વાર તેમાં ધુંવાડો થયો, અને ચોથી વારે તેમાં અગ્નિ પ્રગટ થયો.

(૮૬૦)

**પાનીકી મછલી, ચઢી પરબતે ગઇ;**
**અગ્નિ પિયા પુષ્ટ ભઇ, જલ પિયા મર ગઇ.**

(એમ કરતાં કરતાં) તે પાણીમાં રહેલી માછલી (જીવ) છેક પહાડને મથાળે પુગી અને ત્યાં તેણીએ અગ્નિ પીધો, ત્યારે તે મજબુત થઇ, (એથી ઉલટું) જ્યારે તે પાણીમાં રમતી હતી ત્યારે મરણ પામતી હતી.

અર્થાત-માછલી તે માણસનો જીવ યાને માણસ, જે આ નિચલી (ખાકી) દુનિયાંમાંજ રમ્યા કરતો હતો યાને ઇંદ્રિઓની ભોગવાતાં સુખમાંજ મોજ છે એવું માન્યા કરતો હતો ત્યાંસુધી તેનું મરણ નિપજ્યા કરતું હતું પણ જ્યારે તે આ ઉતરતા પ્રકારની ઇચ્છા કહાડી નાખે છે, અને પરમાત્માને મળવાની ઇચ્છા રાખે છે, અને જ્યારે ઉંચ ભાનમાં રહેતો થાય છે ત્યારેજ તે મજબુત થતો જાય છે અને મરણના ફેરામાંથી બચવા પામે છે.

(૮૬૧)

**સમુદ્ર લાગી આગ હય, નદી જલ કોયલા ભઇ;**
**જાગ કબીરા દેખ લે, મછીયાં તરવર ચઢ ગઇ.**

સમુદ્રમાં આગ લાગી, અને નદી બળીને કોયલા થઇ ગઇ. હવે ઓ કબીર! તું જાગૃત થઇ જો, કે પેલી માછલી (પરવતને મથાળેનાં) ઝાડ પર ચહડી ગઇ છે.

અર્થાત-સમુદ્ર તે માણસનું શરીર, નદી તે માણસનું નિચલું ભાન, શરીરમાં લાગેલી આગ, તે પરમાત્માના પ્રેમની આગ, જે નદી યાને નિચલાં મનને બાળીને કોયલા કરે છે, યાને તેને દુનિયાની માયા પરથી ખેંચી કાઢે છે, એ રીતે જ્યારે માણસનું મન પવિત્ર થાય છે, અને દુનિયવી વસ્તુઓ પરથી મનની ઇચ્છાઓ નિકળી જાય છે, ત્યારે તે માછલી યાને જીવ તે ઝાડ પર યાને ઉંચ ભાનમાં જઇ શકે છે.

(૮૬૨)

**સબકો બિરહન ડુંબલી, તું કયું બિરહન લાલ!**
**પરચા પાયા પિયુકા, યું હમ ભાઇ નેહાલ.**

જેનાં અંતઃકરણમાં પ્રેમની આગ સળગી હોય છે, તે માણસ દુબળો થઇ જાય છે, ત્યારે ઓ પ્રેમની અગ્નિથી બળતી સુંદરી! તું કેમ એવી (લાલમ-લાલ) તનદરોસ્ત લાગે છે? (જવાબ મળે છે કે) ઓ ભાઇ, મને મારા પિયુનો પત્તો મળ્યો તેથી હવે હું નેહાલ થઇ ગઇ છું. અર્થાત-કબીરનું કહેવું એમ લાગે છે કે જે ઇશ્વરી માર્ગમાં ચાલવા માંડે છે તેને પહેલાં ઘણી

કષ્ટી ભોગવવી પડતી હોવાથી, યાને પોતાના દુર્ગુણોને મારી હઠાવવા, ઇંદ્રિઓની મોજ મજાહો છોડવી વગેરે કોશેશ કરતાં તેનાં શરીરને પહેલાં દુઃખ થાય છે, અને તે નબળું પડી ગયલું દેખાય છે, પણ તેની દરકાર કરતાં, મક્કમપણે અને હિંમતથી, પવિત્રાઇમાં આગળ વધતો જાય છે, અને એકવાર તેણે પોતાની ઇંદ્રિઓ અને મન ઉપર સંપૂર્ણ કાબુ મેળવ્યો, તો પછી તેનું શરીર પાછું આસુદું અને ખરૂં તનદરોસ્ત બને છે.

પેગમબર જીસસ ક્રાઇસ્ટ કહે છે કેઃ—

Seek ye first the Kingdom of Righteousness, and all these things (of the world) shall be added unto ye યાને **પહેલાં કષ્ટી** ભોગવી તું પવિત્રાઇ (અશોઇ) નું રાજ્ય મેળવ, કે જેથી પછી તને (દુનિયાંની) સર્વે ચીજો આવી મળશે.

(૮૬૩)

**સાચા પાયા સુખ ઉપના, દિલ દરિયા ભરપુર;**
**સકળ અંધેરા મિટ ગયા, જબ સાંઇ મિલા હજુર.**

જે સત હતું તે મળ્યું ત્યારે મને ખરૂં સુખ ઉપજ્યું, અને મારૂં મન સુખના સમુદ્ર જેવું ભરપુર થઇ ગયું, અને જ્યારે મારો ધણી (પરમાત્મા) મારી સનમુખ આવી ઉભો, ત્યારે સર્વે પ્રકારનો અંધકાર જતો રહ્યો અને મારૂં અજ્ઞાનપણું દુર થઇ, મારે લગતા અને આખી જેહાનને લગતા ભેદની મને સમજ પડી ગઇ.

(૮૬૪)

**કબીર, ચલ જાય થા, પુછ લિયા એક નામ;**
**ચલતા ચલતા તહાં ગયા, ગામ નામ નહીં ઠામ.**

હું પરમાત્માની રાહમાં ચાલ્યો જતો હતો, ચાલતાં ચાલતાં એક રાહદારીને પરમાત્માનું નામ પુછી લીધું. પછી તે નામ જપતો જપતો આગળ અને આગળ ચાલ્યા કીધો, ત્યારે આખરે જ્યાં કોઇ ગામ નહિ મળે, કાંઇ રહેવાનું નહિ મળે, અને કોઇનું નામ નિશાન નહિ મળે ત્યાં હું જઇ પહોંચ્યો.

(૮૬૫)

**કૌતક દેખા દેહ બિન, રવિ સસિ બિન ઉજાસ;**
**સાહેબ સેવામેં રહે, બેપરવાહિ દાસ.**

એક અજાયબ જેવો મારોજ દેખાવ શરીર વિનાનો મેં જોયો. મારી ઇંદ્રિઓ અને મન અદ્રષ્ય થઇ ગયલાં હોય, તેવી હાલતમાં મેં આ અજાયબ જેવો દેખાવ જોયો. વળી એ દેખાવ જોવા માટે સૂર્ય ચંદ્રનું અજવાળું પણ ત્યાં નહિ હતું, પછી હું એક નોકર માફક મારા માલેકની સેવામાં રહેવા લાગ્યો, અને આ દુનિયાનાં સર્વે કાર્યો અને ભ્રમો વિષેની મારી ચિંતા મટી ગઇ.

(૮૬૬)

**ધરતિ ગગન પવન નહિ, નહિ તુમ્બા નહિ તાર;**
**તબ હરિકે હરિજન થા, કહે કબીર બિચાર.**

જ્યારે પૃથ્વિ, પવન, આસમાન કાંઇ નહિ હતું અને તુંબડું કે તેનો તાર કાંઇએ નહિ હતું, ત્યારે માત્ર પરમાત્મા કે પરમાત્માનો ભગત તો હતોજ એવું મારૂં કહેવું છે; જે માટે તું વિચાર કર.

(૮૬૭)

**દેખા એક અગમ ધની, મહિમા કહી ન જાય;**
**તેજ પુંજ પ્રગટ ધની, મનમે રહા સમાય.**

મેં તે સાહેબને જોયો, જેને ઇંદ્રિઓ પહોંચી શકતી નથી અને તેનો મહિમા યાને મોટાઇની વાત મોહોડેથી કહેવાઇ શકાતી નથી, તે પ્રકાશનો જથ્થો હૃદયમાંજ સમાઇ રહ્યો, એટલે કે તે માત્ર અનુભવમાંજ રહેલો છે, યાને જે કોઇ અનુભવે તેજ જાણી શકે.

(૮૬૮)

**દિપક દેખા જ્ઞાનકા, પેંખા અપરમ દેવ;**
**ચાર વેદકો ગમ નહિ, તહાં કબીરા સેવ.**

જેને જોવાથીજ સર્વે ભ્રમો અને વાતો સમજાઇ જાય છે, તે **દિપકને** મેં દીઠો; અને કશાં સાથ સરખામણી નહિ થાય એવા પરમાત્મા તરીકે મેં તેને પિછાન્યો, અને ચારે વેદો જેની વાત સમજાવી શકતાં નથી, એવા તે **માલેક**ની સેવામાં હું ખડો રહ્યો.

(૮૬૯)

**બૈકુન્થ ઉપર બસત હય, મેરા સાહેબ સોહે;**
**જાકે રૂપ ન રેખ હોય, સો અંતર મિલ્યા મોહે.**

વૈકુંથની પેલે પાર (જેને જરથોશ્તીઓમાં ગરોથમાન કહે છે, તેની પેલે પાર) મારો સાહેબ રહે છે, જેને આકાર લીટી કે આકૃતિ કાંઇએ નથી તે પરમાત્મા મને મારાં અંતરમાંજ મળ્યો.

(૮૭૦)

**હરિ સંપત શિતળ ભયા, મિટા મોહ તન તાપ;**
**નિશ બાસુર સુખ ઉપજા, જબ અંતર પ્રગટ આપ.**

આ ઇશ્વરી ખજાનો મળ્યો ત્યારે મારાં મનને શાંતી થઇ ને દુનિયવી વસ્તુઓપરની મારી (ખોટી) ભાવના દુર થઇ, મારાં શરીરને લગતી મોહ માયાનો તાપ યાને દુર્ગુણો સર્વે નિકળી ગયા, અને જ્યારે પરમાત્મા મારાં અંતઃકરણ (હૈયાં)માં પ્રગટ થયા, ત્યારેજ મને હંમેશનું સુખ પ્રાપ્ત થયું.

(૮૭૧)

**કબીર! દિલ સાબેત ભયા, હરિ બેઠા દરઘે આય;**
**જીવ બ્રહ્મ મિલા હુવા, અબ જીવ કહાં ન જાય.**

કબીર! જ્યારે તારૂં અંતર પવિત્ર થયું ને તારૂં યકીન પરમાત્માપર મજબુત થયું અને પરમાત્મા જેવું સુખ બીજું નથી એવો તને સંપૂર્ણ

વિશ્વાસ આવ્યો ત્યારે તારો જીવ અને પરમાત્મા એક થયા, અને જીવ એકવાર પરમાત્મા સાથે મળ્યો કે પછી પાછો દુનિયવી વસ્તુપર ખેંચાવાનો નથી.

( ૮૭૨ )

**મન સરોવર સુભક જલ, હંસા કેલ કરાય;**
**મુગટા ફળ નિશદિન ચુંગે, અબ ઉડી અંત ન જાય.**

સરોવરનાં પાણી સમાન મન શાંત પડે છે ત્યારે તેમાં હંસ પક્ષી રમવા માંડે છે (જીવ ઉંચી હાલતે જઇ પુગે છે) અને ત્યાં તેને રાત ને દિવસ મોતી ફળ ખાવાને મળ્યાથી, તે કદી પણ બાહેર જવા માંગતો નથી, સારાંશ કે પરમાત્મા મળે તેને આખી જહાન મળે ત્યારે બીજી કઇ વસ્તુ માટે તે આતુર હોય?

( ૮૭૩ )

**કબીર હમે જબ ગાવતે, તબ હરિ જાનિયા નાહિ;**
**અબ હમ દિલમેં પેખીયા, તબ ગાવેકુ કછુ નાહિ.**

હું (કબીર) જ્યારે પરમાત્માની તારીફ યાને ભજન (અમસ્થો) મોહોડેથી ગાયા કરતો હતો, ત્યારે પરમાત્માને પિછાણતો હતો નહિ; હવે જ્યારે મેં તેને (પરમાત્માને) મારાં અંતરમાં ઓળખ્યો, યાને મને પરમાત્મા મળ્યા ત્યારે હવે મને (મોહોડેથી) ગાવાનું કાંઇ રહ્યું નથી, યાને બાહેરની ક્રિયાઓ મારે માટે કરવાની રહી નથી.

( ૮૭૪ )

**કુદરત પાયા ખબરસુ, સદ્ગુરૂ દિયા બતાય;**
**ભમરા વલભા કમલસુ, અબ ઉડી અંત ન જાય.**

મારા સદ્ગુરૂએ મને જ્ઞાન આપ્યું, તે જ્ઞાનથી મને કુદરત વિષેની બધી ખબર થઇ ગઇ, અને જેમ ભમરાને કમળ ફુલ મળી જાય ત્યારે તે બીજે ઠેકાણે ભમતો નથી તેમ, જીવને જ્યારે ઉંચ જ્ઞાન મળે છે, ત્યારે તે (દુનિયવી) માયા કે હવસ માટે દરકાર કરતો નથી.

( ૮૭૫ )

**હમ વાસી વહાં દેશકે, જહાં અવિનાશીકી આન;**
**સુખ દુઃખ તહાં બ્યાપે નહિ, સબ દિન એક સમાન.**

હું તે દેશનો રહેવાસી થઇ ગયો, કે જ્યાં અમર્ગી રહેલી છે, અને જ્યાં નાશ છેજ નહીં. ત્યાં સુખ અને દુઃખ (જે આ નિચલી જહાનમાં માણસને લાગે છે) તેવું કાંઇએ નથી, પણ બધા દિવસ એકસમાન હોય છે, અને સર્વત્ર (સુખી) હાલતમાં જીવ રહેલો હોય છે.

( ૮૭૬ )

**હમ વાસી વહાં દેશકે, જહાં બારે માસ બિલાસ;**
**પ્રેમ ઝરે બિકસે કવલ, તેજ પુંજ પ્રકાશ.**

હું તે દેશનો રહેવાસી થયો કે જ્યાં બારે માસ યાને નિરંતર સુખજ છે, અને જ્યાં પ્રેમનો ઝરો વહી તેમાંથી મિઠું અમૃત નિકળે છે, અને જ્યાં નિરંતર ઝળકતી રોશની (પ્રકાશ)નો જથ્થો માત્ર રહેલો છે.

( ૮૭૭ )

**હમ વાસી વહાં દેશકે, જાત વરણ કુલ નાહિ;**
**શબ્દ મિલાવા હો રહા, પર દેહ મિલાવા નાહિ.**

હું તે દેશનો રહેવાસી થઇ ગયો, કે જ્યાં જાત-વરણ કે કુળ જેવો કાંઇ (અંતર) હોતો નથી, પણ જ્યાં (તે ગુપ્ત) શબ્દથીજ મળી શકાય છે, પણ આ શરીરથી ત્યાં મળી શકાતું નથી. અર્થાત-આ દેહથી હું અલગ થઇ ગયો.

( ૮૭૮ )

**હમ વાસી વહાં દેશકે, રૂપ વરન કછુ નાહિ;**
**સેન મિલાવા હો રહા, સબ્દ મિલાવા નાહિ.**

(તે પછી) એવી હાલત થઇ કે જ્યાં આકાર કે રંગ જેવું પણ કશું રહ્યું નહિ—ત્યાં શબ્દનું પણ કામ રહ્યું નહિ, પણ ત્યાં માત્ર ઇશારાથીજ

મળી શકાય છે. એ હાલત એવી છે કે જ્યાં આકાર કે રંગનો ખ્યાલ પણ હોતો નથી.

(૮૭૯)

**હમ વાસી વહાં દેશકે, પીંડ બ્રહ્મન કછુ નાહિ;**
**આપ પર દોઉ બિસરા, સેન મિલાવા નાહિ.**

(તે પછી) એવી એક હાલત આવી કે જ્યાં, હું પોતે અને ઇશ્વર જુદો હોય, એવું પણ જતું રહ્યું. જ્યાં ઇસારો કરવાનું પણ કાંઇ રહ્યું નહિ. પણ તે હાલત એવી છે કે જ્યાં "હુંપણું" પણ "હું છું" એવું ભાન જતું રહે છે, એટલે પરમાત્મા મળે ત્યાં "બે"નો ખ્યાલ હોતો નથી, અને જોનાર એક, અને જોવાનું બીજું એવું "બેપણું" ત્યાં હોતું નથી.

(૮૮૦)

**તેજ પુંજકા દેહરા, ઓર તેજ પુંજકા દેવ;**
**તેજ પુંજ ઝરમર ઝરે, તહાં કબીરા સેવ.**

ત્યાં પુંજવાનું દેહેરૂં હતું તે પણ પ્રકાશજ હતું, અને દેવ તે પણ પ્રકાશજ હતો; જ્યાં સર્વત્ર પ્રકાશ ઝરમર ઝરકતો હતો ત્યાં કબીર જઇ લાગ્યો.

(૮૮૧)

**સુન્ય મંડળમે ઘર ગયા, બાજા શબ્દ રસાલ;**
**રોમ રોમ દિપક ઝરે, પ્રગટા આપ દયાલ.**

મારૂં રહેવાનું સુન્યમાં થઇ લાગ્યું, કે જ્યાં માત્ર તે (ગુપ્ત) શબ્દનોજ અવાજ થયા કરતો હતો, અને જ્યારે આપ યાને પરમાત્મા મારામાં જાહેર થયા, ત્યારે મારાં રૂવે રૂવે પ્રકાશ પ્રસરી રહ્યો અને ત્યાં પ્રકાશ શિવાય બીજું કાંઇજ રહ્યું નહિ.

(૮૮૨)

**અગમ અગોચર ગમ નહિ, જહાં ઝિલમિલે જોત;**
**તહાં કબીરા રમ રહા, પાપ પુન નહિ છોત.**

જ્યાં તે જોત પ્રકાશે છે ત્યાં કાંઇ દિશા કે હદ યા જગ્યા જેવું કાંઇ નથી, જ્યાં કશું (આંખે) જોવાનું છેજ નહિ, અને જેનો વિચાર પણ થઇ શકતો નથી તે હાલતનો હું કબીર થઇ ગયો, કે જ્યાં પાપ પૂન્ય કશું રહેલું નથી.

(૮૮૩)

**પાર બ્રહ્મ કે તેજકો, કૈસા હય અનુમાન;**
**કહેવેકી શોભા નહિ, દેખા હિ પ્રમાન.**

એ નિરાકાર (આકાર વગરની) હાલત વિષે મનમાં અનુમાન કે તર્ક કરવો એ સર્વ ફોકટ છે; તેની વાત મોહોડેથી કહેવામાં સાર નથી, કારણ કે તે હાલતનો અનુભવ તો માત્ર સાક્ષાત દર્શનથીજ થઇ શકે, યાને જે તે હાલત અનુભવે તેનેજ સમજ પડે છે.

(૮૮૪)

**મન મધુર પિકર ભયા, કિયા નિરંતર બાસ;**
**કમલજ ફુલ નિર બના, કોઇ પેંખે નિજ દાસ.**

ત્યાંની વાત વિષે કહી શકાય તે એજ કે ત્યાંનો મિઠાસ પીધાથી મન શાંત ને સુખી થઇ જાય છે, અને તે એકજ (સુખી) હાલતમાં મન હંમેશાં રહે છે:–કમળ ફુલ પાણી થઇ જાય, તેને કોઇ ખરો પરમાત્માનો ભકત હોય **તેજ** પારખી શકે.

(૮૮૫)

**બાલા નાલા હિમ જળ, સો ફિર પાની હોય;**
**જો પાની તે મોતી ભયા, સો ફિર નિર ન હોય.**

ઠંડીથી નાળાંનું પાણી, બરફ થઇ ગયું હોય તેનું પાછું પાણી થઇ શકે છે, પણ જે પાણીનું એકવાર મોતી બંધાઇ ગયું તે પાછું પાણી થઇ

શકતું નથી. સારાંશ કે, પરમાત્માનાં દર્શન કરવાં તે ઘણીજ ઉંચ હાલત છે, અને જે તે હાલતે પુગે તે હાલતને આ નિચલી હાલતમાં લાવી શકતો નથી, યાને તે ઉંચ હાલતનું વર્ણન શબ્દો મારફતે દર્શાવી શકતો નથી.

(૮૮૬)

**કબીર, મારગ અગમ હય, સબ મુનીજન બેઠે ઠાક;**
**તહાં કબીરા ચલ ગયા, ગ્રહી સદ્ગુરૂકી શાખ.**

એ કબીર! તે માર્ગ નહિ જાણી શકાય એવો છે, અને તે જાણવા માટે ઘણા મુની લોકો ઠાકીને બેઠા છે, તે હાલતમાં હું કબીર જઇ લાગ્યો જ્યાં મારા સદ્ગુરૂની સાક્ષી (હાજરી) રહેલી હતી.

(૮૮૭)

**સુર નર ઠાકે મુનીજનાં, તહાં કોઇ ન જાય;**
**મોટા ભાગ કબીરકા, તહાં રહા લોલાય.**

જ્યાં પહોંચવાને માટે ઘણા ઘણા શુરવીરો અને મોટા કહેવાતા મુનીઓએ ફાંફાં માર્યાં છે, પણ ત્યાં પુગી શકયા નથી ત્યાં મારૂં નસીબ મોટું કે હું જઇ શકયો.

(૮૮૮)

**પાની હિંસે પાતલા, ધુંવા હિંસે જીન;**
**પવન બિચ ઉતાવળા, સો દોસ્ત કબીરે કીન.**

જે પાણી કરતાં પણ પાતળું છે, ધુંવાડા (ગેસ) કરતાં પણ હલકું (ઓછા વજનનું) છે અને પવન કરતાં પણ જેની ઝડપ વધારે છે, તેની દોસ્તી યાને ઓળખ કબીરને થઇ ગઇ.

(૮૮૯)

**દેખો કરમ કબીરકા, કછુ પૂરબલા લેખ;**
**જાકા મેહેલ ન મુની લહે, સો દોસ્ત કિયા અલેખ.**

મારૂં (કબીરનું) નસીબ કેવુંક મોટું ભાગ્યવંત હોવું જોઇએ, અને મારા કર્મના લેખ કેવાક જબરા હોવા જોઇએ, કે જે મેહેલને માત્ર જોવા માટે મોટા મોટા મુનીઓ તલપી રહ્યા તોપણ તે મેહેલ જોઇ શકયા નહિ જ્યારે મને તે મેહેલની અંદર રહેનાર ધણી (પરમાત્મા)ની મુલાકાત થઇ ગઇ.

(૮૯૦)

**પીંજર પ્રેમ પ્રકાશયા, હિરે લિયા ઉજાસ;**
**ચંદ્ર સુર્યકો ગમ નહિ, તહાં દરશન પાવે દાસ.**

જ્યારે આ શરીરમાં ઇશ્વરી પ્રેમ પ્રકાશતો થયો ત્યારે તે માંહેલા હીરા (જીવ)ને ઉજાશ મળ્યો અને તે ઝળકવા લાગ્યો તેમજ જેને સૂર્ય કે ચંદ્ર પણ પુગી શકતા નથી તેને હું (કબીર) દેખવા લાગ્યો—અને મને પરમાત્માનાં સાક્ષાત દર્શન થયાં.

(૮૯૧)

**મન લાગા ઉન સુનિસું, ગગન પહોંતા જાય;**
**ચંદ્ર બિહુનાં ચાંદનાં, જહાં અલખ નિરંજન રાય.**

જ્યારે (મારૂં) મન તે સાહેબ સાથે મળી ગયું, ત્યારે તે આકાશમાં પુગી ગયું, કે જ્યાં ચંદ્ર વિના અજવાળું પડયા કરે છે, અને જ્યાં નહિ પારખી શકાય તેવો હંમેશગીનો સાહેબ રહેલો છે.

(૮૯૨)

**મન લાગા ઉન સુનિસેં, ઉન મૂનિ મનહિ બિલગ;**
**લોન બિલ ગયો પાનીમે, પાની લોન બિલગ.**

જેમ પાણીમાં મીઠું (નિમક) પડવાથી તેઓ બન્ને એક થઇ જાય છે તેમ, મારૂં મન તે સાહેબનાં મન સાથે મળીને એક થઇ ગયું.

(૮૯૩)

**પાની કેરા હિમ હુવા, હિમ ગયા બહેલાય;**
**કબીર જો થા સો ભયા, અબ કછુ કહાં ન જાય.**

જેમ પાણીનું બરફ થઇ જાય છે, ને બરફ પિગળી પાણી થઇ જાય છે, તેમ હું (કબીર) જે અસલમાં હતો તેવો પાછો થઇ ગયો, ત્યારે મને બીજી તરફ જવાનું રહ્યું નથી. સારાંશ કે જે અસલ પવિત્ર હાલતમાંથી મન નિકળ્યું હતું તેવું પાછું થઇ ગયું ને મોટાં પવિત્ર મનને મળી ગયું એટલે તે પાછું દુનિયવી ચીજો પર જતું નથી.

(૮૯૪)

**પાંચ સગી પિયુ પિયુ કરે, છઠ્ઠા સુમરે મન;**
**આઇ સુરત કબીરકી, પાયા રામ રતન.**

મારી પાંચે ઇંદ્રિઓ પરમાત્માનો પોકાર કરવા લાગી, ને છઠું મારૂં મન તે પણ પરમાત્મામાંજ ભરાયું ત્યારે મારૂં જે અસલ સ્વરૂપ હતું તે (ચોખ્ખું) સ્વરૂપ થઇ ગયું, અને મને ઇશ્વરી ખજાનો મળી ગયો.

(૮૯૫)

**થાપન પાઇ મન થીર ભયા, સદ્ગુરૂ દિની ધીર;**
**કબીરે હિરા બનઝીયા, માન સરોવર તીર.**

જ્યારે મનને આ થાપણ મળી ગઇ ત્યારે તે તદ્દન શાંત થઇ ગયું, ને ત્યારે સદ્ગુરૂએ મને ધીરજ આપી. તે પછી મેં (કબીરે) તે હીરો (પરમાત્મા) ઝડપ્યો કે જે મને માન સરોવર ઉપર જડયો.

(૮૯૬)

**પંખી ઉડા ગગનકું, ધડ રહા પરદેશ;**
**પાની પિવે ચોંચ બિન, ભુલ ગયા વાં દેશ.**

તે પક્ષી આસમાન ઉપર ઉડી ગયું, પણ તેનું ધડ યાને શરીર તો પરદેશમાંજ રહી ગયું, તે પક્ષીની ચાંચ નહિ હતી, છતાં તેણે ત્યાંનું પાણી પીધું, ને પિધાથી પોતાનો નીચલો દેશ (દુનિયવી ભાન) ભુલી ગયું.

સારાંશ કે પરમાત્માને મળવા માટે મેં દેહનું ભાન છોડયું યાને દેહ રહિત (જીવ) થયો, ત્યારે તે ઉંચી હાલતમાં જઇ પુગ્યો કે જ્યાં નીચલી દુનિયાનો કાંઇપણ ભાસ રહેતો નથી.

(૮૯૭)

**દેખન સરીખી બાત હય, કહેન સરીખી નાહિ;**
**ઐસા અદભૂત સમજકે, સમજ રહે મન માંહિ.**

નિરાકાર પરમાત્માને મળવાને લગતી વાત, પોતે જોય તોજ સમજાય અને બીજો સમજાવે તો નહિજ સમજાય, એવી અજાયબ જેવી છે, માટે તું એને અનુભવજે, ને તારો અનુભવ તારાજ મનમાં રાખજે, તે બીજા કોઇને કહેતો નહિ.

(૮૯૮)

**બિન ધરતિકા ગામ હય, બિન પંથકા દેશ;**
**બિન પિંડકા પુરૂષ હય, કહે કબીર ઉપદેશ.**

મારૂં કબીરનું કહેવાનું એ છે કે આ જહાંનની ચીજોની સરખામણીઓ વડે પરમાત્માને લગતી વાતો બોલી શકાતી નથી. દાખલા તરીકે, માણસો જ્યાં રહેતાં હોય તે જગ્યાને આપણે "ગામ" કહીએ, પણ પરમેશ્વર (જ્યાં) રહે છે તે જગ્યાને માણસનાં રહેઠાણની સરખામણી કરીને "ગામ" કહેવાય નહિ; કારણ જ્યાં પૃથ્વિજ નહિ ત્યાં "ગામ" કેમ હોય? એક દેશથી બીજે દેશ જઇએ ત્યારે તો કોઇ રસ્તે થઇને જઇયે છીયે, પણ પરમેશ્વર (જ્યાં) રહે છે, તેને માણસનાં રહેઠાણની સરખામણી કરીને **"દેશ"** કહીએ તો તે દેશ જવાનો કાંઇ રસ્તો નથી. એક માણસ છે એમ આપણે કહીએ ત્યારે તરત તેનું શરીર આપણાં લક્ષમાં આવે છે, હવે એજ રીતે આપણે બોલવા જઇયે કે "પરમેશ્વર" છે, તો લોકો એમ સમજે કે તેને શરીર હશે, જ્યારે તેને શરીર તો છેજ નહિ.

(૮૯૯)

**મેં થા, હરિ નાહિ થા, અબ હરિ હય મેં નાહિ;**
**સકળ અંધેરા મિટ ગયા, દિપક દેખા માંહિ.**

"હું ફલાણો માણસ છું" એવું જ્યાં સુધી મને દેખાતું હતું, ત્યાં સુધી મને પરમાત્મા દેખાતા નહિ હતા. હાલ જ્યારે મને પરમાત્મા દેખાય છે ત્યારે "હું ફલાણો માણસ છું, એવું મને દેખાતું નથી. પરમાત્મા રૂપી દિપક મારાં હૈયામાં પ્રકાશ્યો ત્યારે પોતાને લગતા અને સારી જગતને લગતા કોઇપણ વિષય માટે અજાણપણું રહ્યું નહિ.

(૯૦૦)

**કરતમ કરતા ના હતા, ના હતા હાટ ન પાટ;**
**જા દિન કબીરા રામજન, દેખા ઔઘટ ઘાટ.**

જ્યારે હું કબીર પરમાત્માનો સેવક થઇ અચળ પદને પામ્યો અને કદી નાશ ન પામે એવાં સ્થાને પુગ્યો, ત્યારે હાટ અને પાટ તથા કર્તા અને કર્મ સઘળું મારામાંથી ચાલી ગયું. અર્થાત-જ્યારે આત્માની ભેટ થાય છે ત્યારે તેનો બાહેરનો સંસાર તથા કર્તા કર્મ સઘળું મળે નહીં થઇ જાય છે, એટલે કે જોનાર "હું" જુદો, અને જોવાની વસ્તુ બીજી સામે હોય એવું કશુંએ ત્યાં હોતું નથી.

(૯૦૧)

**ગુન ઇંદ્રિ સેહેજે ગઇ, સદ્ગુરૂ ભયે સહાય;**
**ઘટમેં બ્રહ્મ બિરાજયા, બક બક મરે બલાય.**

પરમાત્માની સાથે સાક્ષાત મેલાપ કરાવી શકે એવા ગુરૂએ જ્યારે મને મદદ કીધી ત્યારે, મારા સર્વ તમોગુણો, સર્વ રજોગુણો, અને સર્વ સત્વગુણો, પણ (કાંઇક અંશે) ગુમ થઇ ગયા, તેથી મારી છએ ઇંદ્રિઓ નષ્ટ થઇ ગઇ, અને એ સર્વ જે થઇ ગયું, તે મારી કશી કોશેશથી નહીં પણ આપ-મેળેજ થઇ ગયું. સર્વે ગુણો અને સર્વે ઇંદ્રિઓ વિના હૈયામાં પરમાત્મા બિરાજેલા દેખાયા, તેમની સાથે રૂબરૂમાં મેલાપ થયો, ત્યારે હવે પરમાત્મા આવા છે, અને આવા નથી, એવો બકબકારો હું શા માટે કરૂં?

(૯૦૨)

**હસ કર કોઇ ન પાઇયાં, જીને પાયા સો રોય;**
**હસનેમેં જો હરિ મિલે, તો કોન દોહાગન હોય?**

કબીર કહે છે કે, હસતાં ખેલતાં યાને સહેલાઇથી કોઇએ પણ પરમાત્માને મેળવ્યો નથી, પણ જેઓએ તેને (પરમાત્માને) મેળવ્યો છે, તેઓએ રડીનેજ (મહા કષ્ટ ખમી-હવસ-લોભ-લાલચ છોડીનેજ) મેળવ્યો છે, કારણ કે એમ જો હસતાં રમતાં પરમાત્મા મળતા હતે તો કોણ વેરાગી યા જોગન થતે?

(૯૦૩)

**હાંસી ખેલે હરિ મિલે, તો કોણ સહે ખુરસાંન?**
**કામ ક્રોધ તૃષ્ણા તજે, તાહિ મિલે ભગવાન.**

જો હસતાં હસતાં પરમાત્મા મળી જતા હતે તો, તે માટે કોણ વેઠ ઉઠાવતે? કબીર કહે છે કે એમ નથી મળતું, પણ જ્યારે માણસ ઇંદ્રિઓના વિષયો ભોગવવાની ઇચ્છા છોડી દે, પોતાના જુસ્સા અને હવસોને દાબી દે, અને સર્વ પ્રકારનાં (ઇંદ્રિઓથી ભોગવાતાં) સુખો મેળવવાની તેની તરસ સદાબરી મટી જાય ત્યારેજ તેને પરમાત્મા મળી શકે છે.

(૯૦૪)

**કબીર, હદકા ગુરૂ હય, બેહદકા ગુરૂ નાહિ;**
**બેહદ આપે ઉપજે, અનુભવકે ઘર માંહિ.**

કબીર કહે છે કે હદ છોડાવવા માટેજ ગુરૂની જરૂર છે પછી બેહદમાં ગુરૂની જરૂર રહેતી નથી, બેહદ પોતાની મેળેજ પોતાના આત્માનુભવથી પ્રાપ્ત થાય છે.

(૯૦૫)

**નિરાધાર સો સાર હય, નિરાકાર નિજ રૂપ;**
**નિશ્ચલ જાકો નામ હય, ઐસા તત્વ અનુપ.**

તે પોતે નિર-આધાર યાને કાંઇપણ આધાર વગરનો હોવા છતાં, સર્વનો તે આધાર છે; પોતે નિર-આકાર યાને કાંઇપણ આકાર કે રૂપ વગરનો છે,

છતાં સર્વ આકારો કે રૂપ (જગતમાં જાહેર થયલા)નો તે આકાર આપવાવાળો છે, જેનું નામ હંમેશનું છે. એવું તે તત્વ **છે** કે જેને તત્વની ઉપમા આપી શકાય તેમ નથી, અને જાહેર થયલી સૃષ્ટિમાંની સર્વ વસ્તુઓમાં એવું કાંઇ પણ નથી, કે જે સાથે પરમાત્માનાં નામ કે અગાધ શક્તિની સરખામણી થઇ શકે.

(૯૦૬)

**સુરતમે સુરત બસે, સુરતમે એક તત;**
**તા તત તત બિચારયા, તત્વ્ તત્વ્ સો તત.**

શુદ્ધ ધ્યાન અથવા સમાધિમાંજ પરમાત્માની ખરી મૂર્તિ દેખાય છે. એ મૂર્તિ એવી છે કે તેનું વાણીથી કાંઇ વર્ણન કરી શકાતું નથી. તેથી તેને "**તત**"નું નામ આપવામાં આવે છે. તે "**તત**"નો વિચાર કરતાં એમ પૂરવાર થાય છે કે આ આખા વિશ્વનું મુળ તે "**તત**"જ **છે** અને જે તત્વ દેખાય છે તે માત્ર તેજ "**તત**"નાં રૂપાંતર છે.

# કબીરજીનાં
# ત્રિસ (૩૦) જંત્રો.

ધર્મદાસ નામના એક શ્રીમંત હિંદુ વાણિયા, જે કબીરજીનાં ચેલા થયા હતા તેમને આ જંત્રો કબીરજીએ કહ્યાં હતાં; જે માટે ધર્મદાસ કહે છે કેઃ—

**સોઇ રહો નિત મોહ નિશામેં, જાન પરયો નહિં રામ પિયારો;**
**જનમ અનેક ગયે સ્વપ્નન્તર, એકહુ બાર ન જાગૃત ધારો.**

અર્થ—જ્યાંસુધી (મારો) જીવ આ સંસારની માયાની કેફમાં પડી રહ્યો હતો ત્યાંસુધી મેં પરમાત્માને પિછાણ્યા હતા નહિ; અને એવા અનેક જન્મો સ્વપના સમાન ચાલી ગયા, પણ (મારો) જીવ એકવાર પણ જાગૃત થયો નહિ—યાને હું કોણ છું? કયાંથી આવ્યો? ઇશ્વર કયાં છે? તેની સાથ મારા (જીવનો) સંબંધ શું છે, વગેરે વાત મેં જાણી નહિ.

**આદ ગુરૂ તબ દેખી દયા કરી, ત્રિસા જંત્ર શબ્દ ઉચ્ચારો,**
**ચાર બેદ પુરાન અઠાર, શોધી કહ્યા એ તત્વ બિચારો.**

(મારા) જીવની આ હાલત જોઇ ધર્મદાસ કહે છે કે, ગુરૂએ મારા ઉપર દયા લાવી મને આ ત્રિસ જંત્રો કહી સંભળાવ્યાં જે ચાર વેદ અને અઢાર પુરાણો (બધાં શાસ્ત્રો)માં કહેલાં વ્યાખાનોના અર્ક સમાન છે, જે આ ત્રિસ જંત્રોમાં સમાયલાં છે.

**જીવ કૃતાર્થ કારને, ભાખા કિન બિચાર;**
**ત્રિસા જંત્ર બુઝકે, નર ઉતરો ભવજળ પાર.**

જે માણસ પોતાના જીવનનું સાર્થક કરવાનો વિચાર રાખતો હોય તે માણસ આ ત્રિસ જંત્રોમાં કહેલી શિખો ધ્યાનમાં રાખે, તે ઉપર મનન કરે, અને તેમાં સમાયલા બોધ મુજબ જીંદગીનું સાર્થક કરે, તે માણસ આ ભવસાગરની પેલે પાર ઉતરી જાય અને મુક્તિ મેળવી શકે.

# વાંચક વર્ગને વિનંતિ.

## વાંચો!!! વિચારો!!! વર્તો!!!

પુસ્તક એ પ્રકારનું વાંચવું જે સત્સંગની ગરજ સારે. કોઇ પણ પુસ્તક માત્ર વાંચીજ જવું એ પુરતું નથી, પણ તેનાં **વાકયે વાકય ઉપર,** બલ્કે **શબ્દે શબ્દ ઉપર** મનન કરવો જોઇએ.

વિચાર કરીનેજ અટકવું **નહિ પણ તે પ્રમાણે વર્તન** કરવા અને જીંદગીને દોરવવા **પ્રબળ પ્રયત્ન કરવો જોઇએ** તોજ તે પુસ્તક ઉપયોગી થઇ શકે.

આપણે એક વર્ષમાં ભલે એકજ પુસ્તક વાંચીએ, પછી તે ગમે એવું નાનું પુસ્તક હોય, પણ જો ઉપલી ભલામણ પ્રમાણે વાંચીએ તો તે એકજ પુસ્તકનાં વાંચણથી આપણી જીંદગીમાં ઘણો સુધારો કરી શકાય.

ત્યારે, મહાત્મા કબીરજીનાં આ ત્રિસ જંત્રો, જે તેમના શિક્ષણના અર્ક સમાન છે તે સર્વને વાંચવા, વિચારવા, તથા તે પ્રમાણે વર્તન કરવા જેવાં છે. જેમ આજના વિજ્ઞાનશાસ્ત્રીઓ (Scientists) કુદરતના અનેક કાયદાઓ શોધી સમજી તે અનુસાર કાર્યો કરી આપણી સનમુખ હેરતભર્યાં પરિણામો મુકયા જાય છે, તેજ રીતે મહાત્મા કબીરજીએ આપણી આત્મિક (મિનોઇ) ઉન્નતી માટે **શું કરવું?** એ બધુંએ આ ત્રિસ જંત્રોમાં દેખાડયું છે, તે પ્રમાણે આપણે વર્તવા પ્રયત્ન કરીશું તો આપણે આપણું જીવન ખરેખર સુધારીશું, થોડે અંશે આપણે પણ નાના જેવા કબીરજી બનીશું અને અન્તરાત્મા (ઇશ્વર)નો સાચો આનંદ પ્રાપ્ત કરીશું.

ત્યારે, આ જંત્રોના વાંચકોને પરમાત્મા તેનાપર શાન્તિથી વિચાર કરવાને તથા તે મુજબ વર્તન કરવા દ્રઢ સંકલ્પ (મજબુત ઇચ્છાશક્તિ) આપે!!! એજ અન્તીમ પ્રાર્થના છે............

## જંત્ર ૧ લું.

### જગાઇયે કયા?—તો કહે પ્રેમ.

**પ્રેમ જગાયે વિરહકું, વિરહ જગાયે પિવ;**
**પિવ જગાયે જીવકું, વોહિ પિવ વોહિ જીવ.**

જીવનું કલ્યાણ કરવા માટે સર્વથી પહેલાં શું કરવું, તો કહે કે પ્રેમની લાગણી તારામાં જાગૃત કર.

પ્રેમની લાગણી માણસના વિરહને એટલે તેનામાં છુપાઇ રહેલી અથવા **મંદ પડેલી પરમાત્મા તરફની જે લાગણી તેને જાગૃત કરે છે, અને તે (વિરહ)** લાગણી તેના પિયુ એટલે **માલેક** અને અન્તર આત્મા જે તેની અંદર રહેલો છે તેને જગાડે છે, અને પછી જીવ અને પિયુ બન્ને એકજ થઇ જાય છે.

અર્થાત–માણસનો જીવ આ દુવિયાની માયામાં એટલો તો લપટાઇ ગયો હોય છે કે ઇંદ્રિઓથી જે સુખો ભોગવી શકાય તેમાંજ પોતાની ખરી જીંદગી સમાયલી છે એવું માનતો હોય છે અને એમ થવાથી તેનામાં છુપાઇ રહેલી ઇશ્વરી શકિત મંદ થાય છે: તેથી કબીરનું કહેવું છે કે જેમ જેમ તેનામાં બીજાને માટે પ્રેમ જાગતો થાય તેમ તેમ, એ વિરહ અને પરમાત્મા તરફનો ભાવ તેનો વધતો જાય છે, અને પરમાત્મા તરફ તેનું **મન જતું** થયું કે નિચલું દુનિયવી ભાન ઓછું થયા કરે છે અને એમ કરતાં કરતાં જ્યારે તેનું મન તેના અંતરાત્મા (જરથોસ્તી પ્રમાણે તેની ફ્રવષિ) માં પુરૂં રહેતું થયું કે પછી જીવ અને આત્મા બન્ને એકત્ર થઇ જાય છે-કબીર કહે છે કે, પણ એ સર્વ જ્યારે માણસનાં હૈયાંમાં (બિનસ્વાર્થિ) પ્રેમ ઉત્પન્ન થયા છે ત્યારેજ બની શકે.

## જંત્ર ૨ જું.

### કિજીયે કયા?—તો કહે પૂજા.

**પુંજા ગુરૂકી કિજીયે, સબ પૂજા જેહિ માંય;**
**જબ લગ સિંચે મૂખ તરૂ, સાંખા પત્ર અઘાય.**

ત્યારે કરવું શું? તો કહે કે પૂજા કર. તું ગુરૂની પૂજા કર, એટલે તેમાં બધીએ પૂજા આવી જશે; જેમ ઝાડનાં મૂળને પાણી સીપવાથી તેનાં ડાળ,

ડાંખળાં, પાંદડાં વગેરે પોખાય છે તેમ, પોતાના ગુરૂની પૂજા કરવાથી, બધી પૂજા થઇ જાય છે અને સર્વ તેમાં સમાઇ ગયું હોય છે.

અર્થાત–ગુરૂની પૂજા જે કરે, તે ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલે અને ગુરૂની આજ્ઞા એવી કે કોઇને દુઃખ ન દેવું, પણ સર્વ ઉપર દયા રાખવી. ટુંકમાં પોતાનો સ્વાર્થ ભુલી જઇ પરમાર્થ કરવો; ત્યારે ગુરૂની આજ્ઞા પ્રમાણે જે અમલ કરે તે ધર્મની બધીએ ક્રિયા કર્યા વિના રહેજ નહિ અને ધર્મ પ્રમાણેજ પોતાની જીંદગી દોરવે અને જે માણસ પવિત્ર જીંદગી ગુજારે તેને પરમાત્મા મળે અને પરમાત્મા મળે ત્યારે બધુંએ મળી જાય.

## જંત્ર ૩ જું.

### પરખિયે કયા?—તો કહે શબ્દ.

**પરખો દ્વારા શબ્દકા, જો ગુરૂ કહે બિચાર;**
**બિના શબ્દ કછુ ના મિલે, દેખો નયન નિહાર.**

ગુરૂ જે શબ્દ વિચારી તને સિખવે તે શબ્દનો રહસ્ય સમજવાની તજવીજ કર; એ શબ્દ વગર કાંઇ પણ હાથ આવવાનું નથી, માટે તેને તારી (મનની) આંખો ખુલ્લી કરીને જો.

## જંત્ર ૪ થું.

### કરીયે કયા?—તો કહે સંતસંગ.

**કરી નિત સત સંગકે, બાધા સકળ મિટાય;**
**ઐસા અવસર ના મિલે, કે દુર્લભ નર તન પાય.**

કરવું શું? તો કહે કે, તું સત પુરૂષોની દોસ્તી કર. હંમેશાં સત પુરૂષોની દોસ્તી તું કરતો રહે. કે તારાં બધાં (માયાનાં) બંધણો તેઓ મટાડે; જેમ માણસનો અવતાર, અને તેમાં નર જાતીનો અવતાર ઘણો કઠણ છે, અને તે ભાગ્યવંત જન્મ કાંઇ વારંવાર મળતો નથી તેમ, સત પુરૂષોની દોસ્તી કાંઇ હંમેશાં મળી શકતી નથી, માટે તને તેવી તક મળી જાય તો તે તકનો લાભ જેટલો લેવાય એટલો લેવાને તું ચુકતો ના.

અર્થાત-માણસ જેવી સંગત કરે, તેવો તેનો સ્વભાવ અને આચાર વિચાર બંધાય છે. નેક પુરૂષની સંગતથી માણસ નેક બને છે, અને બુરા લોકોની સંગતમાં રહેવાથી, તે બુરો થાય છે તેથી કબીરનું કહેવું એ છે કે સર્વેએ નેક પુરૂષોનાં સમાગમમાંજ રહ્યા કરવું.

## જંત્ર ૫ મું.

### બોલીએ કયા?—તો કહે મિઠા.

**મિઠા સબસે બોલિયે, સુખ ઉપજે કછુ ઓર;**
**એહિ વશીકરન મંત્ર હય, તજીયે બચન કઠોર.**
**જે શબ્દે દુઃખ ના લગે, સોહિ શબ્દ ઉચ્ચાર;**
**તપ્ત મિટી શિતલ ભયા, સોહિ શબ્દ તત્ સાર.**

સર્વ સાથે મીઠું મીઠું બોલ, મીઠાં (નેક) વચનોથી કાંઇ અજબ જેવું સુખ ઉપજે છે, કારણ કે તે એક એવો મંત્ર છે કે તેનાથી બધાંનાં દિલ જીતાય છે માટે તું કઠણ શબ્દો બોલવાનું છોડી દે.

જે બોલોથી સામાનું દિલ ન દુખાય એવા શબ્દો તું બોલતો રહે; જે શબ્દોથી કજિયો કંકાશ દુર થાય અને બધે શાંતિજ રહે એવા બોલ બોલવામાંજ ખરો સાર છે.

## જંત્ર ૬ ઠું.

### બરાઇયે કયા?—તો કહે ઝગરા.

**ઝગરા નિત્ય બરાઇયે, ઝગરા બુરી બલાય;**
**દુઃખ ઉપજે ચિંતા દહે, ઝગરામે ઘર જાય.**

મટાડવું શું? તો કહે, ઝઘડો યાને તકરાર (કજિયો કંકાશ) દુર કરી નાંખ.

હંમેશાં કજિયા કંકાશને બાળી નાંખ, કારણ કે કજિયો કંકાસ એ એક મોટી બળા છે. જેથી માણસને ચિંતા વધી દુઃખ ઉપજે છે, અને સેવટે તેનું ઘર પણ નાશ પામે છે, અને જીવથી જાય છે.

# જંત્ર ૭ મું.

## ખાઇયે કયા?—તો કહે ગમ.

**ગમ સમાન ભોજન નહિ, જો કોઇ ગમકો ખાય;**
**અમરીખ ગમ ખાઇયાં, દુરવાસા વિર લાય.**

ખાવું શું? તો કહે ગમ (ગુસ્સો) ખાઇ જા.

જે ગમ ખાઇ જાણતો હોય, તેના જેવું ભોજન એકે નથી; દુરવાસા મુનિએ અંબરીષ રાજા ઉપર ગુસ્સે થઇ તેને મારી નાંખવા માટે પણ વિચાર કર્યો, તેનો અંબરીષ રાજા ગમ ખાઇ ગયો, જેથી અંતે દુરવાસાનેજ ખમવું પડયું અને અંબરીષ રાજાને સુખ મળ્યું. જે માટે કહે છે કે:—

અંબરીષ રાજા વિષ્ણુના મોટા ભક્ત હતા, તેઓ એકાદશીનું વ્રત કરતા હતા, એટલામાં એક વખત દુરવાસા મુનિ બારસને દહાડે સહવારમાં તેમને ત્યાં આવી ચઢયા.

દુરવાસા મુનિ નદીપર સ્નાન કરવા ગયા, ત્યાં ઘણો વખત સ્નાન સંધ્યા કરતા બેઠા, એટલાં બારસને દહાડે એકાદશીનાં પારણુ કરવાનો વખત પુરો થયો, તે વખત પુરો થતાં પહેલાં પારણું ન કરે તો એકાદશીનું વ્રત ભંગ થાય, તેટલા માટે અંબરીષ રાજાએ દુરવાસા મુનિને જમાડવા પહેલાં પારણું (ભોજન) નહિ કરતાં માત્ર તુલસીનું પાંદડું ખાધું, તથા આચમનીભર પાણી પીધું, એટલામાં દુરવાસા મુનિ સ્નાન કરીને આવ્યા, અને અંબરીષે તુલસીપત્રથી પણ તેઓ (દુરવાસા)નાં પહેલાં પારણું કર્યું, તેટલા માટે ગુસ્સે થયા અને અંબરીષ રાજાને બાળી નાખવા માટે કૃત્યાનળ અગ્નિ રાક્ષસ ઉત્પન્ન કર્યો, એમ છતાં પણ અંબરીષ તો હાથ જોડી શાંત ઉભા રહ્યા; એટલામાં વિષ્ણુનું સુદર્શન ચક્ર આવ્યું અને તેણે તે (કૃત્યાનળ) રાક્ષસને મારી નાંખ્યો, અને તે પછી દુરવાસાને મારવા માટે દુરવાસા મુનિની પછવાડે તે ચક્ર લાગ્યું. તે ચક્રથી પોતાને બચાવવા માટે દુરવાસા બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ પાસે ગયા, પણ કોઇ તેને બચાવી શકયું નહિં, પણ દેવોના કહેવાથી તે (દુરવાસા) અંબરીષ રાજા જે ભગવાનનો ભકત હતો તેને શરણે આવ્યા, ત્યારે બચી

શકયા અને જ્યારે અંબરીષે તેની પ્રાર્થના કરી ત્યારે સુદર્શન ચક્ર પાછું વિષ્ણુ લોકમાં ગયું. એ રીતે જ્યારે દુરવાસાને બચાવી લઇ અંબરીષે સામી તેની સેવા કીધી તેથી દુરવાસા ઘણા પસ્તાયા અને અંબરીષ રાજાની માફી માગી.

## જંત્ર ૮ મું.

### પિજીયે કયા?—તો કહે તામસ.

**તામસ પિ શિતલ ભયા, ફિર કછુ રહી ન પ્યાસ;**
**ભૃગમુનિ મારી લાતસેં, પ્રભુપદ ગ્રહ્યો જયું દાસ.**
**ક્ષમા બડેકો ચાહિયે, ઓર છોટેકુ ઉત્પાત;**
**કહાં બિષ્ણુંકો ઘટ ગયો જો ભૃગમુનિ મારી લાત.**

પોતાનો ગુસ્સો ગળી જાય, અને ગમે એવું અપમાન થવા છતાં તે ખમી જાય અને પોતાનાં મનની શાંતી જાળવી રાખે તે માણસને પછી બીજાં કશાંની તરસ રહેતી નથી. ભૃગમુનિ મોટા તપેશ્વરી હતા, તેઓએ ગુસ્સે થઇ વિષ્ણુજીને લાત મારી તો વિષ્ણુજી તેથી કોપાયમાન થવાને બદલે સંપૂર્ણ શાંતી રાખી, ઘણાજ વ્હાલથી બોલ્યા કે "ઓ મહારાજ, તમારા પગમાં વાગ્યું હશે માટે મને તે દાબવા દો."

ભૃગમુનિ એક મોટા તપેશ્રી હતા, જેઓએ ઘણાક લાંબા કાળ સુધી ભગવાનનું તપ કર્યું હતું અને ઇંદ્રાસન (યાને સ્વર્ગની ગાદી) પણ મેળવી હતી, પણ તેમને પોતા વિષે એવો ગર્વ ચહડી ગયો હતો કે **"હું આવો મોટો માણસ** ને વિષ્ણુજીએ મને માન ન આપ્યું?" ગુસ્સામાં આવી તેમણે વિષ્ણુજીને છાતીમાં લાત લગાવી, પણ વિષ્ણુજી તેથી જરાએ ગુસ્સે ન થતાં, ભૃગુમુનિનો પગ ઘણાજ વ્હાલથી પકડીને તે દાબવા લાગ્યા અને બોલ્યા કે "ઓ મહારાજ! તમારા પગને વાગ્યું હશે?"

આ પ્રકારની સહનશિળતા જોઇ ભૃગમુનિને બહુજ પશ્ચાતાપ થયો અને વિષ્ણુજીને પગે લાગ્યા કે "મહારાજ મને માફ કરો." કબીર કહે કે ભૃગમુનિએ

ગુસ્સો કરી વિષ્ણુજીને લાત મારી તેમાં વિષ્ણુજીનું શું ગયું? સામા ભૃગમુનિનાજ પગમાં વાગ્યું, અને અંતે તેમનેજ ભારે પસ્તાવો થયો.

મોટાં (દિલનાં) માણસો ત્યારેજ થવાય કે જ્યારે તેનામાં ક્ષમા (સામાને માફ) કરવાની શકિત અને મન મોટું હોય, બાકી જેને સેહજે ઉત્પાત થઇ આવે અને ગુસ્સો ચહડે તે માણસ તો નાનો (સાંકડાં મનનો) જ કહેવાય.

## જંત્ર ૯ મું.

### છોડીયે કયા?—તો કહે અભિમાન.

**છોડે જબ અભિમાનકો, સુખી ભયા તબ જીવ;**
**ભાવે કોઇ કછુ કહે, મેરે હ્રુદય નિજ પિવ.**
**અહન્તા ન આનિયે, જો હરિ સિંહાસન દે;**
**જો દિલ આવે દિનતા, તો સાંઇ અપના કર લે.**

છોડવું શું? તો કહે તારૂં અભિમાન છોડી દે.

**જીવ** (માણસ) મગરૂરી કરવાનું અને મોટાઇ દેખાડવાનું મુકી દે, ત્યારેજ તે ખરો સુખી થાય—કબીર કહે છે કે મોટાઇ દેખાડવાનું આપણે છોડી દીધું, તેથી લોકો કાંઇ બોલે કે આપણી મજાક કરે તો તેની પરવાહ કરવી નહિ, કારણ કે આપણાં હૈયામાં તો ખરો સાહેબ (પરમાત્મા) બેઠેલો છે, એટલે આપણને બીજી દરકાર શા માટે કરવી જોઇયે?

પરમાત્મા તાજ અને તખ્ત આપી રાજગાદી બક્ષે, તોપણ જરાએ મગરૂરી કે "હુંપણું" કરવું નહિ, પણ જો નમનતાઇ રાખી અને **"હું કોઇ ચીજ નથી"** એવો મનમાં ખ્યાલ કરશો તો પરમાત્મા પોતાનો કરી લેશે. કારણ કે જ્યાં પોતાનો વિચાર ન હોય ત્યાં પરમાત્મા રહેલા હોય પણ જ્યાં પોતાજ વિષે અને "હું અને **મારૂં**" એવો વિચાર રહેલો હોય ત્યાં અભિમાન આવ્યા કરે છે, અને માણસ પરમાત્માથી દુરજ રહે છે.

## જંત્ર ૧૦ મું.

### ત્યાગિયે કયા?—તો કહે સબકછુ.

**ત્યાગ તો ઐસા કિજીયે, સબ કછુ એકહિ વાર;**
**સબ પ્રભુકા–મેરા નહીં, એ નિશ્ચય બિચાર.**
**મેરા મુજમેં કછું નહિ, જો કછું હોય સો તેરા;**
**તેરા તુજકો સોંપતે, કયા લગેગા મેરા?**

અર્થ–ત્યાગવું શું? તો કહે કે **બધુંએ ત્યાગી દે.**

ત્યાગ તો એવો કરવો, કે બધુંએ એકી વેળા છોડી દેવાય, તે માટે મનમાં એવો મજબુત વિચાર કરવો કે આ બધુંએ જે છે તે **"મારૂં નથી"** પરંતુ **"પરમાત્માનુંજ છે."**

ધન, દોલત, માલ, ખજાનો બાળબચ્ચાં સર્વ તે **સાહેબનું** આપેલું છે–તેનું (પરમાત્માનું) છે. આપણું કાંઇએ નથી.

ઓ પરમાત્મા! મારી અંદર **"મારૂં"** અને **"મારી જાતનું"** પોતાનું હોય એવું કાંઇ નથી, જે કાંઇ છે તે બધું તારૂં છે, અને તે તને પાછું હવાલે કરૂં, તો **"મારૂં"** તેમાં શું જતું રહેવાનું? મારૂં હતું શું કે તે જતું રહ્યું? અને મારૂં કાંઇપણ જતું રહેતું નથી.

અર્થાત–શાંતીથી મનન કરીશું તો માલમ પડશે કે આ ખાકી શરીર જેને માણસ "હું છું" એવું સમજે છે તેપણ માણસનું પોતાનું નથી! કારણ કે આજની વિદ્યા પુરવાર કરતી આવે છે કે માણસનાં શરીરમાં રજકુણો હર પળે બદલાય છે, અને એમ થતાં સાત વરસમાં તે શરીર આખું નવું થાય છે, અને એ પ્રમાણે બનતું હોવાથી કોણ કહેશે કે આ શરીર મારૂં છે! અને જો શરીર આપણું ન હોય તો પછી બીજી આસપાસની વસ્તુઓ તે આપણી ક્યાંથી થઇ શકે? એ ઉપર જે કોઇ પુખ્ત વિચાર કરે તેનું "હુંપણું" આપોઆપ નિકળી જાય.

ત્યાગી બનવું એટલે એમ ન સમજવું કે દુનિયવી કામકાજ કરવાં છોડી દેવાનાં. હાં કબીરજીનું કહેવું એમ લાગે છે કે માણસે દરેક કામ યા ફરજ

બજાવવાની છે, પણ તે બજાવતી વખતે, મનનો વિચાર એવો રાખવો જોઇએ કે જે પણ કામ કરૂં છું (નોકરી ચાકરી પૈસો મેળવવો **વગેરે** સર્વ કામો) તે બધું (પરમાત્માનું) જ કામ કરૂં છું એટલે કે કાર્યોની સાથે, પોતાનો વિચાર અને **"હું અને મારૂં" "મને આ મળે" "હું મોટો થાઉં"** વગેરે જે "હુંપણાંનો" ભાસ સાધારણ રીતે આપણાં મનમાં રહે છે, જેથી માણસ તે વસ્તુઓ સાથે બંધાઇ જાય છે, "હુંપણાંનું" જોડાણ ન રાખી-સઘળાં કાર્યો કર્યા જવું.

હીંદુ શાસ્ત્રમાં તેમજ ઝંદ અવસ્તામાં કહ્યું છે કે **"તુ ખા પી, પૈસા મેળવ, બધુંએ કર,"** પણ તારી ફરજો બજાવતી વેળાએ "મારૂં (પરમાત્માનું) નામ" તું લેયા કર, અને કાર્યોમાંથી અમુક ફળ મને મળે એવો વિચાર કહાડી નાંખ, પણ તે કાર્યોનાં ફળો મને (પરમાત્માને) અર્પણ કર, તો પછી તું દુનિયામાં રહેવા છતાં, તે વસ્તુઓ તને બંધણ કરશે નહીં—એ રીતનો મનનો રોહ રાખવો તે ખરો **ત્યાગ છે,** બાકી માત્ર બાહેરથી (કાર્ય) કરવાનું મુકી દીધું હોય અને વેરાગી થયો હોય, તે અને મનમાં તે સર્વેનાં ખ્યાલો અને ઇચ્છાઓ રહેલી હોય તે માણસ કાંઇ ખરો ત્યાગી કહેવાય નહિ—એ વિષે:—

"Light on the Path" **નામની અમૂલ્ય ચોપડીમાં ચેલાને શિક્ષણ** આપતાં ગુરૂ કહે છે કે:—

Kill out ambition, Kill out desire of life (of senses) Kill out desire of Comfort.

અર્થ—"હું મોટો થાઉં" એવી મનમાં થયા કરતી ઇચ્છાને મારી નાખ. "હું જીવતો રહું" અને ઇંદ્રિઓનાં ભોગ ભોગવ્યા કરૂં અને "મને સુખ થયા કરે," એ ઇચ્છાઓને મારી કહાડ, છતાં જેઓ, કાંઇક મેળવવાની ઉમેદથી કાર્ય કરે છે, તેઓની પેઠેજ તું પણ ઉમંગથી કાર્ય બજાવતો રહે-જેઓ જીવવા માંગ્યા કરે છે તેઓ, જેમ જીંદગીની દરકાર કરે છે, તેવીજ દરકાર તારે પણ રાખવી. જેઓ ઇંદ્રિઓનાં સુખને (ખાવા પીવાને) માટેજ જીવે છે, અને તે મોજ મજ્યાથી જેમ રાજી છે, તેમ તું પણ રાજી રહે.

## જંત્ર ૧૧ સું.

### સુનિયે કયા?—તો કહે ગુણ.

**સુનિયે ગુનકી બારતા, અવગુણ લિજીયે નાહી;**
**હંસ ક્ષિરકું ચહત હય, નિર સો ત્યાગે જાય.**
**કામ કથા સુનિયે નહિ, સુનકે ઉપજે કામ;**
**કહે કબીર બિચારકે, બિસર જાય હરિ નામ.**

અર્થ—તું જ્યાં પણ હોય, ત્યાં તારા સાચા લાભને લગતી જે પણ વાત હોય તેટલુંજ સાંભળ્યા કર, યાને ફાયદાકારક જે હોય તે તારાં મનમાં ઉતાર; બાકી બીજી વાતોને પડતી નાખ. હંસ પક્ષીને માટે કહે છે કે તેને દુધ ને પાણી સાથે ભેળીને આપ્યું હોય તેમાંથી માત્ર દુધજ પી જશે, ને પાણીને રહેવા દેશે તેમ, ગમે એવી સંગતમાં આપણને જવું પડે છતાં ત્યાંથી જે પણ વિચારો આપણને નુકસાનકારક હોય તેને પડતા મેળવા અને જે ફાયદાકારક હોય તેજ લેવા.

કામ કથા યાને ઇંદ્રિઓને-ખેંચાણ થાય એવી વાતો થતી હોય તે સાંભળવી નહિ, કારણ તેથી દિલમાંના જુસ્સાઓ, હવસો ઉસ્કેરાશે, અને તે વિચારો મનમાં આવ્યાથી તે ભોગો ભોગવવા મન લાગશે અને શરીરને તે મુજબ કામે લગાડયાથી પરમાત્માની યાદ દુર જશે.

## જંત્ર ૧૨ સું.

### સાંધીએ કયા?—તો કહે ઈંદ્રિયાં.

**સાંધે ઈંદ્રિય પ્રબલકુ, જેઇસે ઉઠે ઉપાધ;**
**મન રાજા બેહેકાવતે, પાંચો બડે અસાધ.**
**પાંચ ઈંદ્રિ છઠ્ઠા મન, સત સંગત સુચંત,**
**કહે કબીર જમ કયા કરે, જો પાંચો ગાંઠ નિચંત?**

બાંધી શું રાખીએ?—તો કહે તારી ઇંદ્રિઓને બાંધી રાખ.

અર્થ—માણસ જેમ જેમ ઇંદ્રિઓના ભોગ ભોગવ્યા કરે તેમ તે ઇંદ્રિઓ વધુ બળવાન થાય છે અને મન કે જે તેનો (ઇંદ્રિઓનો) રાજા છે તે ઇંદ્રિઓને બહેકાવ્યા કરે છે, તેથી તે ઘણી નફટ થઇ જાય છે; માટે કબીર કહે કે ઇંદ્રિઓ ઉપર મજબુત કાબુ રાખ.

જે મનને અને પોતાની પાંચ ઇંદ્રિઓને સતસંગતમાં રોકેલાં રાખે અને ભલા વિચાર અને કાર્ય કરવામાંજ તેઓને વાપરે અને એ રીતે જેના એ પાંચ દરવાજા બંધ થઇ નચિંત પડયા તે માણસને કબીર કહે છે કે **જમ** શું કરી શકવાનો હતો?

હિંદુ શાસ્ત્રમાં કહ્યું છે કે માણસનું **શરીર** તે એક **ગાડી** છે; તેને જોડેલા **ઘોડાઓ** તે તેની પાંચ ઇંદ્રિઓ છે; તે ગાડીને ચલાવનાર ઘોડાવાળો તે **મન** છે અને ગાડીમાં બેઠેલો માલેક તે **જીવ** અને **માણસ** પોતે છે. જેમ ગાડીનો હાંકનાર ઘોડાઓને કાબુમાં નથી રાખતો, ત્યારે ઘોડાઓ મસ્તાન થઇ, ગાડી ગમે ત્યાં ઘસડી લઇ જઇ ગાડીને તેમજ અંદર બેઠેલા માલિકને નુકસાનમાં નાખે છે, તેવીજ હાલત આ શરીરમાં બેઠેલા જીવની છે.

વિષયોના ભોગ ભોગવવાના અને મોજ મજાહના મનમાં દાખલ થતા વિચારો અને કલ્પનાઓથી, ઇંદ્રિઓ "ઉડ ઉડ" થયા કરે છે અને તેઓ મનને તે વિષયો તરફ ઘસડી જાય છે અને જેમ ગાડી ને ઘોડાઓ નુકસાનમાં લાવી મુકે છે તેમ, આ ઇંદ્રિઓ ઉપરનો કાબુ ગુમાવવાથી જીવને અને (આખાં) શરીરને આફત અને દુઃખમાં લાવી નાખે છે—તેથી કબીરનું કહેવું છે કે માણસ, પોતાનાં મનપર કાબુ રાખી ઇંદ્રિઓને રોક રોક કરતો નથી, ત્યાંસુધી તે દુઃખમાંથી અને કાળના હાથમાંથી છુટી શકતો નથી.

## જંત્ર ૧૩ મું.

### મારીએ કયા—તો કહે આશા.

**મારીએ આશા આપની, જીને ડસ્યા સંસાર;**
**તાકા ઔષધ (સં)તોષ હય, કહે કબીર બિચાર.**
**સાત ગાંઠ ગોપીનકી, મનમાં ન આને શંક;**
**નામ અમલ માતા રહે, ગણે ઇંદ્રકો રંક.**

શાને મારિયે? તો કહે કે તારી આશા (ઉમેદો) ને મારી કહાડ.

અર્થ—આ સંસારમાં રહેલી માયાની આશા ઉમેદો લાગી રહી હોય તેણે, તે આશાઓને મારવી જોઇએ અને તેનો (આશા મારવાનો) માર્ગ એકજ **છે**, જે સંતોષ છે અને તેણે સંતોષી બનવું.

માણસ ખરો સંતોષી છે એમ ત્યારે કહેવાય કે જેને લંગોટીને સાત ઠીંગરાં હોવા છતાં અને તે તદ્દન ગરીબ સ્થિતિમાં હોવા છતાં, પોતાનાં મનમાં જરા પણ શક કે વિચાર લાવતો નથી કે હું ગરીબ છું, કારણ તે પરમાત્માનાં નામમાં એવો મસ્ત (ચકચુર) હોય છે અને બધી રીતે એવો સંતોષી બન્યો હોય છે કે ઇંદ્ર જેવા રાજાને તે (પોતા કરતાં) ગરીબ સમજે છે.

અર્થાત-માણસ આશાઓ રાખે છે જેવી કે **"હું મોટો થાઉં," "મને ફલાણું મળે"** એ આશાઓ જો કે પ્રગટીકરણના શરૂઆતના તબક્કાઓ ઉપર રહેલા માણસો માટે ઠીક છે, કારણ કે તે આશાઓથીજ આગળ વધી (ઉદ્યોગી બની) શકે છે, પણ જે તે તબકકો પસાર કરી ગયો છે અને જેને પરમાત્માને મળવાની ઇચ્છાજ રહેલી છે અને જે મિનોઇ માર્ગપર ચાલવાની કોશેષ કરી રહ્યો છે તેને માટે ઉપલાં શિક્ષણો છે.

સાધારણ દુનિયવી બાબદો વિષે પણ જો આપણ લાંબો વિચાર કરીશું તો માલમ પડશે કે ઇચ્છાઓ રાખવાથી માણસને પુરો સંતોષ અને ખરો (હંમેશ ટકનારો) ફાયદો તો થતોજ નથી. દાખલા તરીકે અમુક વસ્તુ મેળવવાની ઇચ્છા કીધી અને તે મળી, એટલે માણસને વધુ અને વધુ ઇચ્છા થાય છે, કારણ ઇચ્છા પુરી પાડયાથી કાંઇ તે નરમ પડતી નથી; અને હંમેશાં કાંઇ આપણી ઇચ્છા પૂર્ણ થતી નથી, અને જ્યારે ઇચ્છા પુરી પડતી નથી ત્યારે માણસને દુઃખ આવે છે, એ રીતે બન્ને તરફથી, જીત મેળવતાં તેમજ નાઉમેદ થતાં, અને વસ્તુ મળે ત્યારે પણ અને ન મળે ત્યારે પણ માણસને દુઃખજ આવ્યા કરે છે, તેથી જ્ઞાનીઓનું શિક્ષણ એ છે કે જે કોઇ પોતાની હાલતમાં સંતોષી હોય અને જે દુનિયવી વસ્તુઓ મેળવવાને ઇચ્છા કરતો નથી, પરમાત્માને મળવાને માટેજ આશા કરતો હોય, અને તે પોતાની બાહેરની બધી ફરજો બજાવતો જઇ પોતાની ઇચ્છા માત્ર પરમાત્માને માટે રાખતો હોય તેજ માણસ ખરો સુખી થાય.

## જંત્ર ૧૪ મું.

### રાખિયે કયા?—તો કહે ધર્મ.

**અપને અપને ધર્મમેં, સબ દ્રઢ હય સબ કાલ;**
**નિજ ધર્મ જો આપન ગ્રહો, સેહેજે ભયા નેહાલ.**

રાખવું શું?—તો કહે કે તારા ધર્મનું પાળણ કર!

દરેક માણસ કે સંજોગ પોતાની અસલ હાલતમાંજ મજબુત રહી શકે છે અને ટકી શકે છે તેમ, જે પોતાના ધર્મ ઉપર સંપૂર્ણ આસ્થા રાખે તે ખરો સુખી થાય. અર્થાત–કબીરજીનું કહેવું એમ લાગે છે કે જે પોતાનો ધર્મ સાચવી રાખે, અને તે માણસ પોતે પ્રગટીકરણના કયા તબક્કા ઉપર છે તે સમજી પોતાની હાલતને અનુસાર જીંદગી ગુજારે, અને પોતાની દરેક સંસારી તેમજ ધર્મની સર્વે ફરજો સારી રીતે બજાવે તે માણસ ખરો સુખી થાય.

## જંત્ર ૧૫ મું.

### ધરિયે કયા?—તો કહે ધીરજ.

**ધીરજ બુદ્ધ તબ જાનિયે, સમજે સબકી રીત;**
**ઉનકા અવગુન આપમે, કબુ ન લાવે મીત.**

ધરવું શું?—તો કહે કે (દરેક કામમાં અને હર હંમેશ) ધીરજ ધર.

અર્થ—એક માણસ (ખરો) ધીરજવંત બુદ્ધિનો થયો છે એમ ત્યારેજ કહેવાય કે જ્યારે તે સર્વની રીતભાત સમજતો થાય અને સર્વનો સ્વભાવ સંભાળી લીયે, અને તેઓના અવગુણો કદી પણ પોતામાં આવવા દે નહિ.

## જંત્ર ૧૬ મું.

### ઠેહેરાઇયે કયા?—તો કહે મન.

**મન ઠહેરા તબ જાનિયે, અનસુજ સબે સુજાય;**
**જયું અંધિયારે ભવનમેં, દિપક બાર દેખાય.**

ઠેરવવું શું?—તો કહે કે તારૂં મન ઠેરવ.

માણસનું મન, અહિં તહિં ભમતું બંધ પડી શાંત થયું ત્યારેજ જાણવું કે જ્યારે નહીં સમજ પડે તેવી વાત સમજ પડી જાય. જેમ અંધારી જગ્યામાં

દીવો બાળ્યાથી ત્યાંની સર્વે વસ્તુ દેખાઇ આવે છે તેમ મન શાંત થયાથી સર્વે (મુશ્કેલ) વાતો સમજ પડી જાય છે, માટે કબીરનું કહેવું એ છે કે મનપર કાબુ રાખી તેને ભમતું અટકાવી શાંત રાખવાથી સર્વે બાબદની સેહેલાઇથી સમજ પડી જશે.

## જંત્ર ૧૭ મું.

### મિટાઇએ કયા?—તો કહે ભ્રમ.

**ભ્રમ મીટા તબ જાનીયે, અચરજ લગે ન કોય;**
**એ લીલા હય રામકી, નીરખો આપા ખોય.**

મટાડવું શું?—તો કહે કે તારા (મનના) વહેમોને મટાડ.

અર્થ—માણસના વહેમો અને ખોટા ભ્રમો જતા રહ્યા એમ ત્યારેજ જાણવું કે જ્યારે તેને કોઇપણ વાત વિષે અજાયબી લાગે નહિ કે "અમુક તે કાંઇ થતું હશે?" દાખલા તરીકે ધર્મમાં જે મિનોઇ બાબદને લગતું રહસ્ય માણસને તે માટે શું કરવું છે, અને આગળ ગયલા અને આ જમાનાના જ્ઞાની પુરૂષો જે કરે છે અને કહે છે તે સર્વ માટે માણસને વહેમ જેવું લાગે છે, કારણ કે તે એમ સમજે છે કે આ ખાકી આંખોથી જે જોઇ જાણી શકાય એટલુંજ ખરૂં છે, તે શિવાય બીજું કાંઇ નથી, એવા ખોટા ખ્યાલો રહેલા હોય છે, તેથી કબીર કહે છે કે જ્યારે તેના એ ખોટા વિચારો નિકળી જશે, અને તે મિનોઇ માર્ગપર ચાલશે જેથી તેનું આગલું "હુંપણું" અને "જગત અને હું જુદો છું," "મારૂં તે મારૂંજ છે," "તું અને હું જુદા છીયે," એવી જે જુદાઇની લાગણી ખોટા વહેમોને લીધે થયા કરતી હતી તે જ્યારે દુર થશે ત્યારેજ તને સમજાશે કે આ બધી લીલા છે તે પરમાત્માનીજ છે, બલકે બધે "પરમાત્માજ" રહે છે અને તે શિવાય બીજું કાંઇ નથી એવું તે અનુભવશે.

## જંત્ર ૧૮ મું.

### બડા પુન કયા?—તો કહે દયા.

**પુન્ય બડા ઉપકાર હય, સબકે ઉપર ભાખ;**
**જીવ દયા ચીત્ત રાખીયે, એહ પુરાન શાખ.**

મોટું પૂન્ય કયું?—તો કહે કે દયા.

કોઇને કાંઇ આપવું, અને ખુશીથી ધર્મદાન કરવો એ મોટો ઉપકાર છે. માટે તું સર્વેપર ઉપકાર કરતો રહે, પણ એ સર્વ પ્રકારના ઉપકારમાં જે જીવો માટે દયા રાખે, અને જીવ બચાવે તેના જેવો ઉપકાર એકે નથી, એવું બધા વેદ-પુરાણો સાક્ષી આપે છે અને ધર્મ શાસ્ત્રમાં એવું શિખવ્યું છે કે જીવ-દયાના જેવું પૂન્યવંત કામ બીજું એકે નથી.

## જંત્ર ૧૯ મું.

### બડા પાપ કયા?—તો કહે હિંસા.

**બડા પાપ હય હિંસા, તેહી સમાન ન કોય;**
**ધર્મરાય જબ લેખા માંગે, તબ સબ નૌબત હોય.**

સર્વથી મોટુ પાપ કયું?—તો કહે જીવ લેવો તે

અર્થ—જીવ લેવો અને પશુ પક્ષીને મારવાં મરાવવાં, એના જેવું મોટું પાપ બીજું કોઇ નથી—અને એ પાપનું પરીણામ કેવું છે તેની ખરી ખબર માણસને જ્યારે તે આ દેહ છોડી જાય છે ત્યારે પડે છે અને (ખાકી) મરણ પછી જ્યારે તે મિનોઇ દુનિયામાં જાય છે, ત્યાં તેનાં કર્મો (ભલાં બુરાં કરતુકો)નો ન્યાય ધર્મ રાજા (જરથોસ્તી ધર્મ પ્રમાણે "રશ્ને રાસ્ત") કરવા માંડે છે ત્યારે તેને માલમ પડે છે કે જીવ હંત્યાના પાપનો જોખમ કેટલો સખત છે—તેથી કબીરજીનું કહેવું એ છે કે તું જીવ મારવાથી પછાત રહે, પણ જીવતદાન આપીને મોટું પૂન્ય હાંસલ કર—કારણ કે પૈસોટકો આપવો અને બીજું સર્વે ધર્મદાન કરવું એના કરતાં એક જીંદગી બચાવવી, યાને જીવતદાન આપવું તેના જેવું મહાન પૂન્યનું કામ બીજું એકે નથી—માટે કબીરજી કહે છે કેઃ—

**દયા દીલમે રાખીયે, તું કયું નિર્દય હોય;**
**સબહિ જીવ હય સાંઇકા, કિડી કુંજર સોય.**

તું દિલમાં દયા રાખ, ને ઘાટકી ના થા, કારણ કે સર્વે જીવો કીડીથી તે હાથી સુધી સર્વ પરમાત્માનાજ જીવો છે, તે સર્વને જીવવા ગમે છે અને માણસ એકલોજ કાંઇ જીવવાનો હક ધરાવતો નથી, પણ સર્વેને પરમાત્માએ જીવ બક્ષ્યો છે, તેથી સર્વે જીવવા માંગે છે, ત્યારે તેના જીવવાની વચ્ચે આવવું યા કાપી કપાવીને તેઓનો નાશ કરિયે તે જનાવર શ્રાપ દે છે, જે માટે વળી કબીરજી કહે છે કેઃ—

**જો જાકો કાટે, ફિર વાકો બાટે;**
**કહે કબીર ના છુટે, સામા સામી સાટે.**

યાને જે જેને કાપે, ને તેના ભાગલા કરી વહેંચે તેના તેજ રીતે ભાગલા થવાના, કારણ તે સામાસામી એક જાતનું આપ-લેનું સાટું કરે છે તેથી જે લીધું હોય તે આપ્યા શિવાય સાટું રદ થઇ શકતું નથી.

## જંત્ર ૨૦ મું.

### દિજીયે કયા?—તો કહે દાંન.

**ભુખેકો કછુ દિજીયે, યથા શકિત જો હોય;**
**તા ઉપર શિતલ બચન, લખો આત્મા સોય.**

કોઇ પણ ભૂખ્યો પાસે આવે તેને તારી શક્તિના પ્રમાણમાં તારાથી બને એટલું આપ, અને તે મદદ ઘણાજ મિઠા વચનો બોલીમે આપ, કારણ તેનામાં પણ તારી માફક ઇશ્વર રહેલો છે, તેથી તે ભૂખ્યાને આપ્યું તે ઇશ્વરનેજ આપ્યું (અર્પણ) કીધું એમ ગણાય છે.

## જંત્ર ૨૧ મું.

### ખુશબોઇ કયા?—તો કહે જશ.

**ખુશબોઇ જશકી ભલી, ફયલ રહી ચઉ ઓર;**
**મિલ્યા ગિરી સુગંધ, પ્રગટ સબે જગ સોર.**

(ખરી) ખુશબોઇ કઇ?—તો કહે કે જશ.

ખરી ખુશબોઇ જશ છે, જે સઘળી દિશાએ ફેલાઇ જાય છે, અને જશ મળ્યો એટલે સુગંધનો પહાડજ મળ્યો, કારણ કે જેમ પહાડ બધી જગ્યાથી ખુલ્લો દેખાઇ આવે છે તેમ જશ (નેકી)ની સુગંધ બધે પંથરાય છે, ને સર્વને જાહેર થાય છે.

## જંત્ર ૨૨ મું.

### દુર્ગંધ કયા?—તો કહે અપજશ.

**અપજશમેં દુર્ગંધ હય, નિકો લગે ન કોય,**
**જૈસે મલકે નિકટમે, બેઠ શકે ન કોય.**

દુર્ગંધ યાને સર્વથી ખરાબ ચીજ કઇ?—તો કહે અપજશ.

અપજશમાં એવી તો દુર્ગંધ સમાયલી હોય છે, કે ત્યાં કોઇ જઇ શકતું નથી. જેમ ગંધીલી જગ્યામાં કોઇ બેસી શકતું નથી તેમ અપજશ કરનાર-લેનાર માણસની નજદીક કોઇ જતું નથી, પણ તેનાથી સર્વ દુરજ રહે છે, માટે કબીરનું કહેવું એ છે કે કોઇનું પણ બુરૂં કરી અપજશ લેવો નહિ.

## જંત્ર ૨૩ મું.

### લખિયે કયા?—તો કહે (અપના) રૂપ.

**લખિયે અપને રૂપકો, થિર ભયા સબ અંગ;**
**કહેન સુનન કછુ ના રહિ, જયુંકા ત્યું હય સંગ.**

ઓળખવું શું?—તો કહે તારૂં (પોતાનું) સ્વરૂપ.

તું કોણ છે તે પીછાન! "Man, Know Thyself!"

જ્યારે શરીર શાંત પડી જાય, એટલે જ્યારે સર્વે ઇંદ્રિઓના વહેવારો બંધ પડે અને મન ભમતું અટકી પોતામાંજ રહેવા લાગે ત્યારે માણસ

પોતાનું ખરૂં સ્વરૂપ જોઇ શકે અને "હું કોણ છું" તે તેને સમજાય છે અને જ્યારે એ હાલત થાય ત્યારેજ તેને ખબર પડે છે કે તે (માણસ) સદાકાળનો હતો-છે અને રહેશે.

## જંત્ર ૨૪ મું.

**લિજીયે કયા?—તો કહે (હરી) નામ.**

**નામ મિલાવે રૂપકો, જે જન ખોજી હોય;**
**જબ વોહ રૂપ હિરદે બસેં, સુધા રહે નવ કોય.**

લેવાનું શું?—તો કહે કે પરમાત્માનું નામ નિત્ય લેવું.

જો કોઇ શોધી જાણનાર હોય તો પરમાત્માનાં નામમાં એવી તો ખુબી છે કે તે નામ લેવાથી માણસ પોતાનાં ખરાં સ્વરૂપને મેળવી શકે છે અને જેના હૈયામાં તે સ્વરૂપ વસ્યું, તે માણસ પછી કશાંનો મોહતાજ રહેતો નથી, કારણ કે:—

**કબીર નામ જો રતી એક હય, ઓર પાપ જો રતી હજાર;**
**એક રતી ઘટ સંચરે, જાર કરે સબ સાર.**

કારણ કે પરમાત્માનું નામ જો કે એક રતીભાર જેટલું નાનું જણાય, અને માણસનાં પાપો હજારો રતીભાર હોય છતાં, એ બિનવજન નામ જેનાં હૈયાંમાં નિરંતર યાદ આવ્યા કરતું હોય, તે માણસનાં સઘળાં પાપોને બાળી ભસ્મ કરી નાંખે છે.

## જંત્ર ૨૫ મું.

**દેખિયે કયા?—તો કહે આત્મરામ.**

**દેખો સબમે રામ હય, એક હિ રસ ભરપુર;**
**જૈસે ઉખતે સબ બનાં, ચિની સક્કર ગુર.**

જોવું શું?—તો કહે કે (સર્વત્ર) પરમાત્માને જો.

સર્વમાં પરમાત્માજ રહેલો છે, અને તેનો (પરમાત્માનો) જ રસ સર્વમાં ભરેલો છે એવું તું જોતાં શિખ. જેમ શાકર, ગોળ, વગેરે દરેક મિઠી વસ્તુ

શેરડીના રસથીજ બનેલી હોય છે તેમ, માણસ, જનાવર, પશુ, પક્ષી કે પહાડ, જમીન દરેક વસ્તુ, પરમાત્માનાજ રસથી ભરપુર થઇને બની છે અને સર્વમાં પરમાત્મા છે તેથીજ તે સર્વે હસ્તી ભોગવે છે કારણ કબીર કહે છે કે:—

**બાહેર ભિત્તર રામ હય, નૈનનકા અભિરામ;**
**જિત દેખું તિત રામ હય, રામ બિના નહિ ઠામ.**

બાહેર કે અંદર, જ્યાંએ જુવો ત્યાં પરમાત્માજ છે, એવું જોવામાં **આંખોની ખરી ખુશાલી સમાયલી છે. હું** (કબીર) જ્યાં પણ જોઉં છું ત્યાં મને તો પરમાત્માનાંજ દર્શણ થાય છે અને તે (પરમાત્મા) વિનાની કોઇ જગ્યા ખાલી રહેલી મને લાગતી નથી.

## જંત્ર ૨૬ સું.

### પાઇએ કયા?—તો કહે સુખ.

**સુખ પાવે ગુરૂ દયા તેં, થિર ભયા મન મોર;**
**નિરખો આપા સબનમેં, કેવળ નંદ કિશોર.**

મેળવવું શું?—તો કહે સુખ મેળવ.

અર્થ—ગુરૂની મહેરબાનીથી એ સુખ પ્રાપ્ત થાય છે અને ગુરૂનાં આપેલાં જ્ઞાનથી માણસ જ્યારે સમજતો થાય છે અને તે મુજબ જ્યારે તે આચરણ કરે ત્યારે તેનું મન સ્થિર થઇ જાય છે અને ભમતું અટકે છે. મન ભમતું અટકયા પછી માણસ જ્યારે પોતાનું ભાન **વિસરી** જાય છે અને **"હું અને મારૂં"** એવો ખ્યાલ તેનાં મનમાંથી જતો રહે છે, ત્યારે તે જુવે છે કે બધામાં તે **એકજ** રહેલો છે, અને તે શિવાય બીજું કાંઇ નથી, અને ત્યારે તેને કબીર કહે તેમ અનુભવનું સાક્ષાત દર્શણ થાય છે કે:—

**ખાલેક બિન ખાલી નહિ, સુઇ ધરનકો ઠોર;**
**આગે પિછે રામ હય, રામ બિનાં નહીં ઓર.**

પરમાત્મા વિનાની એકપણ જગ્યા કે જ્યાં સોય જેવી નાની વસ્તુ રહી શકે એટલી પણ ખાલી રહેલી નથી, પણ આગળ પાછળ (ઉપર નીચે) સર્વ ઠેકાણે પરમાત્માજ છે અને તે શિવાય બીજું કાંઇ નથી.

## જંત્ર ૨૭ સું.

### હોઇએ કયા?—તો દાસ.

**હોય રહે જબ દાસ યેહ, તબ સુખ પાવે અંત;**
**દેખ રીત પ્રલ્હાદકી, દેખીયો સબમે કંથ.**
**દાસ કહાવન કઠણ હય, મેં દાસન કો દાસ;**
**અબ તો ઐસા હો રહું, કે પાંવ તલેકી ઘાસ.**

**થવું શું જોઇયે? અને મારે શું કરવું કે જેથી સર્વોતમ સુખ મળે, તો કહે કે, તું દાસ (નોકર) બન.**

જ્યારે માણસ, નોકર સમાન થઇ રહે, ત્યારે તે (મહાન) સુખ કે જેનો છેડોજ નથી તે સુખ તેને મળે, જે રીતે પ્રલ્હાદ નોકર બની જગતનું કલ્યાણ કરી સર્વની અંદર પોતાના કંથ અને પરમાત્માને જોઇ શકયો તે રીતે જે નોકર બને તે પરમાત્માને જોઇ શકે—કબીર કહે છે કે—

પોતાને દાસ કહેવાડવું, એ કામ બહુ મુશકેલ છે; કારણ કે દાસ બનવું અને લોકહીતકારી થવું, એ માટે માણસે પોતાનું "હુંપણું" તદનજ છોડી દેવાનું છે. તેણે તો, જેમ ઘાસ આપણા પગ હેડળજ રહે છે તેવા નીચાનમાં (અતી નમ્રતાવાળો) થવું જોઇયે, અને તેમ થાય ત્યારેજ તે પરમાત્માની હજુર જઇ શકે.

## જંત્ર ૨૮ સું.

### હોની કયા?—તો કહે હોનેહાર.

**અનહોની હો નહિ, હોની હોય સો હોય;**
**રામચંદ્રજી બનકું ગયે, સુખ અછત દુઃખ હોય.**

થવાનું શું?—તો કહે કે જે બનવાકાળ હોય તેજ થાય.

અર્થ—નહિ બનવાકાળ જે હોય તે કદીપણ બનવાનું નથી, પણ જે બનવાકાળ હોય તેજ થાય છે અને બનવાનુંજ, રામચંદ્રજી મોટા રાજા હોવા છતાં, અને સર્વ પ્રકારનાં સુખો પાસે હોવા છતાં તેમના કર્મમાં બનવાકાળ

હતું કે તેમને વનવાસે જવું અને દુઃખ ઉઠાવવું તો તેઓ વનવાસ ભોગવવા ગયા–કારણ કે કબીર કહે છે કે—

**હોને પદારથ હોત હય, બિસર જાત સબ શુદ્ધ;**
**જૈસી લિખી નસીબમેં, તૈસી ઉલકત બુદ્ધ.**

જ્યારે કાંઇ બનવાકાળ હોય છે, ત્યારે માણસ પોતાની અક્કલ ખોહી બેસે છે, અને જેવી તરેહનું બનવાનું હોય તેજ પ્રકારનું કર્મ કરવાને તેને બુદ્ધિ સુઝે છે–અને અમુક પરીણામ આવે તેને અનુસરતુંજ કાર્ય તે કરે છે. તેથી કબીર કહે છે કે—

**લિખા મિટે નહી નસીબકા, ગુરૂ કર, ભજ હરિ નામ;**
**સિધે માર્ગ નિત ચલ, દયા ધરમ વિશ્રામ.**

જ્યારે આપણાં (આગળાં) કર્મ પ્રમાણે પરીણામ મુજબ નસીબમાં લખેલું સુખ કે દુઃખ જે આવવાનું હોય તે બન્યા વિના રહેતું નથી, ત્યારે તેની સામે થવામાં કશો ફાયદો નથી, માટે તું ગુરૂ કર, ને તેની પાસે પરમાત્માને કેમ ભજવો તે શિખ; અને સત્યતાને માર્ગે નિત્ય વર્તી દયાનાં અને ધર્મનાં કાર્યો કરતો રહે, અર્થાત તારા ધર્મ પ્રમાણે તારી ફરજો બજાવતો રહે.

## જંત્ર ૨૯ મું.

### માનિયે કયા?—તો કહે સત.

**માનિયે સબ કછુ સત હય, જો જાકો વહેવાર;**
**જન્મ મરણ દોઉ બનાં, થિર હોય કર બિચાર.**
**સત ગુરૂ સતકા શબ્દ હય, જીને સત દિયા બતાય;**
**જો સતકુ પકડ રહે, સો સતહિ માંહે સમાય.**

માનવું શું?—તો કહે કે સત્ય.

અર્થ—જે સત્ય અને હંમેશ ટકનારૂં હોય તે ઉપર શ્રદ્ધા અને ઇતબાર રાખ—

જેનો જે વહેવાર હોય તેમાં જે સત્ય અને ખરૂં તત્વ હોય તે આપણે

માનવું કારણ કે દરેક વસ્તુમાં જન્મ અને મરણ અને ઉત્પત્તિ અને નાશ એ બન્ને રહેલાં છે, ત્યારે તે વસ્તુમાં ખરૂં શું અને હંમેશ ટકનારૂં તત્વ શું છે તે માટે મન શાંત કરી વિચાર કર

સદ્ગુરૂ અને તારો પેગમ્બર **તે સત્યનો** અને પરમાત્માનો જાહેર થયલો શબ્દ છે, જે (પેગમ્બર) આપણને સત્ય અને પરમાત્મા દેખડાવી શકે છે અને તેથી જે કોઇ તે સત્યને પકડી રાખે અને પોતાના પેગમ્બરે દેખડાવેલા સત્યના કાયદા પ્રમાણે જીંદગી ગુજારે તે માણસ સત્યમાં અને પરમાત્મામાં સમાઇ જાય, તેજ માણસને પરમાત્માની મુલાકાત થાય.

## જંત્ર ૩૦ મું.

### બિચારીએ કયા?—તો કહે તત્વ.

**જો એ તત્વ બિચારકે, રાખે હૈયેમે સોય;**
**સો પ્રાણી સુખકો લહે, દુઃખ ન દરસે કોય.**

શું વિચારવું?—તો કહે એ તત્વનો વિચાર કર.

અર્થ—ઉપર (૨૯ જંત્રો) કહી ગયા તે બધાં શિક્ષણો ગોખી તેમાં જે ખરૂં તત્વ સમાયલું છે તે ઉપર જે વિચાર કરે, અને તે ઉપર મનન કરી તે પોતાનાં હૈયામાં રાખે, અને તે મુજબ જીંદગીમાં અમલ કરે તે માણસ સુખજ પામે, અને તે કદીપણ દુઃખ જોય નહીં. કબીરનો ચેલો ધર્મદાસ કહે છે કે:—

**ભાગ જગ્યો જબ પુરબકો, તબ શ્રી ગુરૂદેવ દયા કરી હેરી,**
**જ્ઞાન કબાટ ઊઘાડ દિયો તબ, મોહ નિશા તે મારગ તોરી.**
**થોડેમે સમજાય દિયો તબ, થીર ભઇ ચંચળ મત મેરી;**
**સુઝ પરયો સબહિ ઘટ સાહેબ, છુટ ગઇ સબ તર્ક ઘનેરી.**

જ્યારે નસીબ જાગ્યું અને મારી શુભ ઘડી આવી ત્યારે મારા ગુરૂએ મારીપર દયાની નજર કીધી, અને જ્ઞાનના ભંડારની કબાટ ઉઘાડી મારી આગળ ખુલ્લી કીધી, તેથી મારી માયાની કેફ નિકળી ગઇ.

થોડીજ વાતમાં મને સર્વ સમજાવી દીધું ત્યારે મારૂં ચળીત અને ભમતું મન શાંત પડયું, અને મને સર્વત્ર પરમાત્મા (રહેલા) છે એવું દેખાયું અને ત્યારેજ મારી સર્વ પ્રકારની (આગળી) મિથ્યા તર્કો નિકળી ગઇ, અને પરમાત્મા કેવા છે, માણસ કોણ છે, અને તેનું ખરૂં કાર્ય શું છે વગેરે વગેરે સવાલો જે મને મુઝવણ કરતા હતા, અને જે માટે હું મિથ્યા તર્કો કર્યા કરતો હતો, તે મટી ગયું, અને બધા વહેમ અને ભ્રમો નષ્ટ થયા.

## કાયાનાં કર્તવ્ય વિષે જીવને ચેતવણી.

રાગ—આસાવરી.

નગુની[1] કાયા તેરા કયા ગુન ગાવું,
મેહેલ રચ્યો, તિમે રહેન ન પાવું;
દહિ દુધસુ પિંડ[2] જે પાલે,
સો તન જાય જંગલ જાલે;
ઐસી રે સુંદર કાયા તેરી,
જલભલ[3] હોયગી ભસ્મકી ડેરી—નગુની.

બાંધત પાઘ[4] સમારત વાગા,[5]
તા સીર ચંચેઇ[6] મારત કાગા;[7]
તેલ ફુલેલ લગાવત અંગા,
સો તન જલ ગયા કાષ્ટકે[8] સંગા.—નગુની.

જો મુખ ચાવત પાનકી બીડી,
તા મુખમે તેરે સંગ કીડી;
કહત કબીરા સમજ મન મેરા,
એહિ હવાલ હોયગા તેરા.—નગુની.

---

૧—ઠગારી. ૨—શરીર. ૩—જળીભળીને. ૪—પાઘડી. ૫—પોશાક. ૬—ચાંચ મારે. ૭—કાગડો. ૮—લાંકડાં.

# જીવને ચેતવણી.

રાગ—માલકોશ.

દિન નીકે બીતે જાતે હય, રામ નામકે સુમરનકો—દિન.
સુમરન કર લે સતનામ ભજ,
ઓર જગતકે વિષય[1] કામ તજ;
સંગ ન ચલસા એક દામ,
જો દેતે હયે સો પાતે હય.—દિન.

લખ ચોરાસી ભ્રમ ભ્રમ[2] આયો,
બડો ભાગ મનસા[3] તન પાયો;
હીયાં આય કછુ કરી કમાઇ,
તબ જમસેતી[4] પડી લડાઇ;
ફિર પિછે પસતાતે હયે.—દિન.

(૨)—કોન કબીત્ર[5] પુત્ર પરિવારા,
તેં કીસકા હય, ઓર કૌન નહિ તેહારા;
ધંધાંમે હર નામ બિસરાય,
એ દેખનહિ કે નાતે[6] હય.—દિન.

જ્ઞાની ધ્યાની ઓર વિવેક વિધાના,
કરમ ધરમ જાકે મનમાના;
વાકે સંગ રહે ભગવાનાં,
એ સદા નામ રંગ રાતે હયે.—દિન.

જૈસે પાની બિચ બતાસા,
સુરખ લગે મૌજકી આશા;
કહે કબીર શ્વાસોકી આશા,
એ ગયે સવાર નહિ આતે હયે.—દિન.

---

૧—ઇંદ્રિઓની મોજમજાહો. ૨—ભમીને ભમીને. ૩—માણસનો દેહ. ૪—જમ મોત સાથે. ૫—સ્ત્રી. ૬—સગાઇ.

# બચપણ, જવાની, બુઢાપો, ચાલી જાય છે! તો ઇશ્વર-સ્મરણ કયારે કરશો?

રાગ કાફી—તાલ દીપચંદી.

કબ સુમરોગે રામ, અબ તુમ કબ સુમરોગે રામ,
ગરભ કુલીમે[1] જપ તપ કીનો, નીકલ હુવા બેઇમાન-અબ.

બાલપનો હંસ ખેલ ગુમાયા, તરૂનપનામે[2] કામ,
હાથ પાવ જબ કાંપન લગે, નીકલ ગયો અવસાન-અબ.

જુઠી કાયા, જુઠી માયા, આખર મૌત નિદાન[3],
કહત કબીરા સુનો ભાઇ સાધુ-યહી ઘોડેકી લગામ-અબ.

—o—

## પૈસાના ખેલ વિષે.

ખેલ સબ પૈસેકા, સબકુછ બાતાં હય પૈસા.

પૈસા જોરૂ પૈસા લરકા પૈસા બાબા બહેનાં,
પૈસા હાથી ઘોડે પલાના, પૈસા લગે નીશાના-ખેલ.

પૈસા દેવ પૈસા ધરમ-પૈસા સબ કુછ ભાઇ,
પૈસા રાજા રાજ કરાવે-પૈસા કરે લડાઇ-ખેલ.

પૈસા હાથપે અબુચ ચડાવે-પૈસા ઘોડે ઉરાવે,
એક દીન પૈસા બદલ ગયા તો-પાઉમેં લગર પરાવે-ખેલ.

પૈસા ગુરૂ પૈસા ચેલા, પૈસા ભકિત કરાવે,
કહત કબીરા સુન ભાઇ સાધુ-પૈસા જીવ છોરાવે-ખેલ.

---

૧-માતાના પેટમાં હતો ત્યારે. ૨-જુવાની. ૩-નક્કી છે.

## પૈસાવાળાનાં સગાં થવા સર્વે નિકળે છે.

રાગ તિલંગ—તિનતાલ.

સબ પૈસેકા ભાઇ, અપના સાથી નહિ કોઇ,
ખાને પીનેકુ પૈસા હોય તો, જોરૂ બંદગી કરે,
એક દીન ખાના નહી મિલે તો, ફીરકે જવાબ કરે.-સબ.

જબલગ અપને પલ્લવ પૈસા, તબલગ સલામ કરે,
અપના પૈસા નિકલ ગયા તો, કોઇ મીઠા ન બોલે.-સબ.

ભાઇબંધ ઓર બહેન સાલે, જુઠા સબહિ પસારા,
કોઇ કીસીકા નહિરે પ્યારે, કહત હયે દાસ કબીરા.-સબ.

## કાળ (મોત) વિષે ચેતવણી.

કાલકા[1] અજબ તડાકા બે
તું કયા જાને લડકા બે—ટેક.

નવબી મર ગયે દસબી મર ગયે–મર ગયે સહસ્ત્ર અઠાસી
તેતીસ કોટી દેવતા મર ગયે, પડે કાલકી ફાંસી-કાલકા.

પીર મરે પયગમબર મરે, મર ગયે જંદા જોગી,
જપી તપી સન્યાસી મર ગયે, મર ગયે બઇદન રોગી-કાલકા.

તીન લોકપર છતર બીરાજે, લુટા કુંજ બીહારી[2]
કહત કબીરા સોહ બી મર ગયે કૈયત કૌન બિચારી-કાલકા.

---

૧-જમરાજા. ૨-દુનિયાની દોલત.

## દેહના નાશ માટે ચેતવણી.

રાગ—પીલુ.

ઇસ તન ધનકી કોન બરાઇ, દેખત નયનમે મટી મીલાઇ—
હાડ જલે જયસી લકડેકી મોલી, બાળ જળે જૈસી ઘાસકી પોલી-ઇસ.
અપને ખાતર મહેલ બનાયા, આપહી જા કર જંગલ સોયા-ઇસ.
કેહત કબીરા સુન ભાઇ સાધુ, આપ મુવે પીછે ડુબ ગઇ દુનિયા-ઇસ.

## સંસારમાં છેવટ દુઃખજ છે
## રામ સંભારવામાંજ સુખ છે.

રાગ હમીર—તિનતાલ.

અબ તું ગાફેલ મત રહેના બે, જનમકા સાર્થક કરના બે-
બહુ જન્મકા સુકૃત કર પ્યારે, ઇસ તનકુ તું પાયા,
ઇસમે નેકી નહીં કીયા તો, સારા જનમ ગુમાયા-અબ.
જોરૂ લડકે માલ મતા, સબ કોઇ કહેતે મેરા,
એક દીન આપ મર ગયે તો, રહેગા જુઠ પસારા-અબ.
ચૌદ ચોકડી રાજા રાવન, લંકેકા ભુપતી,
સબ સોનેકા ગાંવ જીસકા, સુખમે પડ ગઇ મટ્ટી-અબ.
ઐસી દોલત જીસકી યારો, સાથ કછુ નહીં ગયા,
રામ નામસે ગાફેલ હોકર, આખેર અકેલા ગયા-અબ.
રામ નામ બિન હયે સબ જુઠા, ઐસા સમજો ભાઇ,
રામ નામ બિન દુઃખ કટે નહીં કહેત કબીરા જુલાઇ-અબ.

## બાહેરના જુઠા દેખાવોથી ઇશ્વર મળતો નથી.

રાગ—કાફી ગઝલ.

રામ નામ તું ભજ લે પીયારે, કાહેકુ મગરૂરી કરતા હય,
કચ્ચી મટીકા બંગલા તેરા, પાન પલકમે ઢળતા હય-રામ.

બહમન હોકર પુરાન બાંચે, સ્નાન તરપત કરતા હય,
સબકાલ સુચીલ રહત હય, યું કયા સાહેબ મિલતા હય?-રામ.

જોગી હોકર જટા બઢાવે, હાલ મસ્ત રહેતા હય,
દોનો હાથ શિરપર ધરકે, યું કયા સાહેબ મિલતા હય?-રામ.

માનભાવ હોકર કાલે કપડે, દાઢી મુછ મુંડતા હય,
ઉલટી લકડી હાથમે પકડી, યું કયા સાહેબ મિલતા હય?-રામ.

મુલ્લાં હોકર બાંગ પુકારે, વો કયા સાહેબ બહેરા હય,
મુંગીકે પાવમે ઘુંઘર બાજે, વોહભી અલ્લાહ સુનતા હય?-રામ.

જંગમ હોકર લીંગ બાંધે, ઘર ઘર ફેરા ફીરતા હય,
શંખ બજાકર ભિક્ષા માગે, યું કયા સાહેબ મિલતા હય?-રામ.

કહત કબીરા સુન ભાઇ સાધુ, મનકી માલા જપતા હય,
જો ભાવ ભજનસે ધ્યાન ધરત હય, ઉનકુ સાહેબ મિલતા હય?-રામ.

# માત્ર ધર્મ-શાસ્ત્રો ભણ્યાથીજ કાંઇ ઇશ્વર મળી શકતો નથી.

રાગ—ભેરવી.

પંડીત વાદવદે[1] સો જુઠા,
રામકે કહે જગત ગતી[2] પાવે, ખાંડ કહે મુખ મિઠા-પંડીત.

પાવક[3] કહે પાવ[4] જો દાહે,[5] જઘ[6] કહે તૃષા[7] બુઝાઇ,
ભોજન કહે ભુખ જો ભાજે, તો દુનિયા તરી જાય-પંડીત.

નર કે સંગ સુવા[8] હરિ બોલે, હરિ પ્રતાપ[9] નહિ જાને,
જો કબહુ ઉડ જાય જંગલકો, હરિ સુરત[10] ન આને-પંડીત.

બન દેખે બિન અરસપરસ બિન, નામ લિયે કયા હોય,
ધનકે કહે ધનીક[11] જો હોય, તો નિર્ધન[12] રહત ન કોય-પંડીત.

સાચી પ્રિત વિષય માયા સો, હરિ ભકતનકી હાંસી,
કહે કબીર થક રામ ભજે બિન, બાંધે યમપૂર જાસી-પંડીત.

---

૧-વાદવદે=ફોકટનો વાદવિવાદ યા તકરાર. ૨-ગતી=મોક્ષ મુક્તિ. ૩-પાવક=અગ્નિ. ૪-પાવ=પગ. ૫-દાહે=દાઝે, બળે. ૬-જળ=પાણી. ૭-તૃષા=તરશ, સોસ. ૮-સુવા=પોપટ. ૯-પ્રતાપ=મહિમા, મોટાઇ. ૧૦-સુરત=યાદ. ૧૧-ધનિક=ધનવંત, પૈસાદાર. ૧૨-નિર્ધન=ગરીબ, ભિખારી.

(૧)

હે પંડીતો, તમો પુસ્તકો વાંચી ફોકટની વાદવિવાદ તકરાર કરો છે તે સર્વ ખોટી છે. જેમ ખાંડ–શાકર મ્હોડેથી બોલ્યાથી મહોડું મીઠું થતું નથી. તેમ "રામ" કરી માત્ર મોહડેથી બોલ્યાથી મુકિત મળી શકતી નથી.

(૨)

અગ્ની (આતશ) બોલવાથી જો પગ દાઝતો હોય, પાણી માત્ર બોલવાથી તરસ મટતી હોય, અને "ભોજણ" શબ્દો બોલ્યાથી ભુખ ભાંગતી હોય તો આ દુનિયા (માણસ) સહેજે તરી જાય.

(૩)

એમ તો પોપટ પણ માણસોને જોઇ "હરિ હરિ" બોલે છે, પણ હરિનો મહિમાં શું તે કાંઇ પોપટ જાણતો નથી, અને જો કદી છુટો થઇ પાછો જંગલમાં જઇ વસે છે તો તે સઘળું વિસરી જાય છે.

(૪)

જ્યાં સુધી તમો સાધુ સંતોની સંગતમાં રહી, રામભકિત શું છે તે જાણો નહીં ત્યાંસુધી માત્ર નામ લીધાથી કશુંએ સાર્થક થવાનું નથી—જો 'ધન પૈસો' આમ બોલવાથીજ ધનવાન થવાતું હતે, તો દુનિયામાં કોઇ ભિખારી કે ગરીબ રહેવા પામતેજ નહીં.

# તારી વિષયવાસ્નાઓને કચડી નાંખ.

રાગ કાફી-ગજલ. (દાદરો)

બિષયોંસે[1] મનકો તૃપ્ત[2] કરના નહીં અચ્છા,
જલતી અગનીકો ઘીસે બુજાના નહીં અચ્છા-બિષયોંસે.

સુખ ભોગ યહે જગતકે, સબી હોંગે નાશ માન,
તૃષ્નાકો બઢા જીકો ફસાના નહીં અચ્છા-બિષયોંસે.

એ સ્વપ્નકા તમાશા, હય જુઠ મુઠકા,
રંગ રંગકે ખેલ દેખ, લુભાના નહીં અચ્છા-બિષયોંસે.

ધન ધામ પુત્ર અરૂ કામની[3] રૂપ જો પાયા,
હરગીઝ ગરૂર ઇનકા હય લાના નહીં અચ્છા-બિષયોંસે.

પળ અમોળ[4] જાતી હય, કહેતેં હય કબીર,
માનુષ શરીર મુફ્ત[5] ગવાના[6] નહીં અચ્છા-બિષયોંસે.

---

૧-ઇંદ્રિઓના ભોગો ભોગવવાની ઇચ્છા. ૨-પુરી કરવા. ૩-સ્ત્રી.
૪-અમૂલ્ય. ૫-ફોકટનું. ૬-ગુમાવવું.

## તારાં મનને કાબુમાં લે, તો તે પરમાત્મા સાથ ભેટ કરાવશે.

રાગ યોગી—તાલ દીપચંદી.

મનકી ખોજ[1] કરો મેરે ભાઇ, અંત ન છુટે મન કહાં સમાઇ
ઋષી વિરંચી નારદ મુનિ જ્ઞાની, મનકી ગત તો ઉનહુ ન જાની-મન.

સુત સનાકાદિક જહદેવ નામા, ભક્તિ કીની આપ અનમાના
ધ્રૃવ પ્રહલાદ બિભીષણ સેખા, ઘટ ભિતર મન ઉનહુ ન દેખા-મન.

જો કોઇ જાને મનકા ભેવા, રતી એક લીન ભયા શુક દેવા
દત્ત ભરત ગોરખ ગોપીચંદા, મનકુ મળકર ભયા હય આનંદા-મન.

ભુલે મનકુ કોઇ સમજાવે, આદે ને અન્તે હંસ કહાવે
અકળ અરૂપી સકળ શરીર, તાપર રમ રહે સત્ કબીરા-મન.

---

૧-શોધ.

# દુનિયા સારી દુઃખી, જેણે મન જીત્યું તેજ સુખી છે.

રાગ—પુર્વી તિનતાલ.

જહાં દેખે સો દુઃખીયા બાબા, સુખીયા કોઇ નહીં રે!

જોગીબી દુઃખીયા જંગમ દુઃખીયા, તપસીકુ દુઃખ દુના
આશા મનસા સબઘટ બ્યાપી, કોઇ મેટેલ નહીં સુન્યા-જહાં.

રાજાબી દુઃખીયા પ્રજાબી દુખીયા, દુઃખીયા સબ વૈરાગી
દુઃખ કારનસે શુકદેવને, ઉંહરી માયા ત્યાગી-જહાં.

સાચ કહું તો સબ જગ દુઃખીયા, જુઠા કહી ન જાય
બ્રહ્મ વિષ્ણુ શંકર દુઃખીયા, જીને સૃષ્ટી જમાઇ-જહાં.

ધુત દુઃખીયા અવધુત દુઃખીયા, દુઃખીયા ધના રંકા
કહત કબીરા ઓ નહીં દુઃખીયા, જીને મનકુ જીતા-જહાં.

## જેનાં મનમાં પરમાત્માજ રહેલા હોય તેણે બાહેરની ક્રિયાઓ કરી ન કરી એ સરખીજ છે.

રાગ—માલકોષ.

જીનકે મનમેં શ્રી રામ બસેં,
ઉન સાંધન[1] ઔર[2] કિયે ન કિયે—જીનકે.

જીને સંત ચરણ[3] રજકો[4] સ્પર્શા;[5]
ઉન તિરથ આર કિયે ન કિયે—જીનકે.

જીનકે દિલમે હય ભૂત[6] દયા;
ઉને કોટીક[7] દાંન[8] દિયે ન દિયે—જીનકે.

જીનકે મનમે સદભાવ નહિ;
ઓ દેવ[9] હુવે જીયે ન જીયે—જીનકે.

ચોપાઇ.

મેરા મન સમરે રામકુ, મનમે રામ સમાય,
મનહી જબ રામ હો રહા, તબ શિશ નમાવું કાય.

---

૧-ક્રિયા (ધર્મક્રિયા). ૨-બીજી. ૩-પગે. ૪-ધુળ. ૫-હાથ લગાડયો. ૬-જીવવાળા પ્રાણીઓ. ૭-કરોડો. ૮-ભીક્ષા. ૯-દેવતા જેવો.

## કાલે શું થશે તેની તને ખબર નથી, તો પરમાત્માને ભજી તારૂં સિદ્ધ કાર્ય કરી લે.

રાગ—ભેરવી.

### જગતમેં ખબર નહિ પલકી.

સુકૃત[1] કર લે, પ્રભુ નામ સમર લે, કો જાને કલકી.-જગ.

જબલગ હંસા[2] બસે કાયામે,[3] તબલગ દેહ મંગલકી;[4]
હંસા દેહિ છાંડ ચલા જબ, તબ માટી જંગલકી.-જગ.

તારા મંડળ રવિ[5] ચંદ્રમા, સબહિ ચલા ચલકી;
દિન ચારકે ચમત્કારમેં, બિજલી જાય ચમકી.-જગ.

માતા પીતા સુત[6] કુટુંબ કબિલે, દુનિયા મતલબકી;
કાયા માયા નાર સ્નેહિ, અંતે રહી અલગી.-જગ.

કુંડ કપટ કર માયા જોડી, કરે બાતાં છલકી,[7]
પાપકી પોટ[8] ધરે શિર ઉપર, કૈસે હોય હલકી?-જગ.

જગતકી આશા છોડ કર, અબ યાદ રખ રબકી;
ચોરાસીકો[9] ફેરો મિટે, રહે ન ભય જમકી-જગ.

---

૧-સારાં કામો. ૨-જીવ. ૩-શરીરમાં. ૪-સુખાકારીની. ૫-સૂર્ય. ૬-છોકરો. ૭-ઠગબાજી. ૮-ભાર-ગાંસડી. ૯-ચોરયાશી લાખ અવતારો.

# જગતમાં જુઠાંપણાં વિષે.

રાગ—ભેરવી.

**જગત કુલ રયનકા[1] સપનાં, સમજ મન કોઇ નહિ અપનાં;**
**કઠન મદ[2] લોભકી ધારા, વોહમે જાત સબ સંસારા.-જગત.**

**ઘડા[3] જબ નિરકા ફુટા, પતા[4] જયું ડાલસે[5] તુટા;**
**ઐસી નર હય જીંદગાની, સવેરો[6] છોડ અભિમાની.-જગત.**

**ન ભુલો દેખ તન ગોરા, જગતમેં જીવના થોરા;**
**તજો મદ લોભ ચતુરાઇ, રહો નિરશંક જગમાઇ.-જગત.**

**સજન પરિવાર સુત[7] દારા,[8] સબસે વોહ રોજ હય ન્યારા;[9]**
**નિકસ જબ પ્રાણ જાવેગા, નહિ કોઇ કામ આવેગા.-જગત.**

**સદા મત જાન એ દેહકો, લગાવો સત્ નામસેં નેહુકો;**
**કટે ભ્રમ[10] જાળકી ફાંસી, કહે કબીર અવિનાશી.-જગત.**

**સારા સાર ભજ રામ એક, રામ કરત સબ કામ;**
**અસંગ રહેત હય જગતસેં, કબીર કરે સલામ.-જગત.**

---

૧–રાત્રીનાં. ૨–મગરૂરી. ૩–કાદવનો ઘડો ૪–ઝાડનું પાંદડું. ૫–ડાંખલી. ૬–સર્વ પ્રકારની. ૭–છોકરો. ૮–બાયડી. ૯–જુદોજ. ૧૦–માયાની જાળ.

# જમ (મોત)ના હાથથી છુટવાની ચાવી.

હરિકા ભજન કરૂંગા એ
જમસે ખુબ લડુંગા એ—ટેક.

અહમતા[1] મારૂં મમતા[2] મારૂં—ખાનઝાદ કહેલાવું
મન મેરા ચોકસ કર રાખું—ચીત ચૈતનમે[3] મિલાવું—હરિકા.

રામ નામકા ઘોડા મેરા—શીલ[4] લગામ ચઢાવું
ગીજન પ્રતાપે હાથમે બરછી—સનમુખ લેકર આવું—હરિકા.

ઓર લોક કસબકે ચાકર—મયે હજુરકા કાજી
કામ ક્રોધકી ગરદન મારૂં—સાહેબ રાખું રાજી—હરિકા.

મયે શાહેબકા સાચા નોકર—મેરા નામ કબીરા
સબ સંતનકુ શિશ નમાવું—જો હરિ પરખે હિરા—હરિકા.

---

૧–હુંપણું. ૨–દુનિયામાં લાગી રહેલું મન. ૩–પરમાત્મામાં. ૪–નમનતાઇ.

# સંત પુરૂષની દોસ્તી કરી તારૂં કામ કરી લે.

સંગત સંતનકી કર લે
જનમકા સાર્થક કછુ કર લે--ટેક.

ઉત્તમ દેહી નર પાયા પ્રાણી—ઇસકા હીત કછુ કર લે
સદ્‌ગુરૂ શરણ જાકે બાબા—જનમ મરણ દુર કર લે-સંગત.

કહાંસે આવે કહાંકુ જાવે—યે કુછ માલુમ કર લે
દો દિનકી જીંદગાની યારો—હુશીયાર હોકર ચલ લે-સંગત.

કોન કિસીકે જોરૂ લડકે—કોન કીસીકે સાલે
જબલગ પલ્લોમે પૈસા ભાઇ—તબલગ મીઠા બોલે-સંગત.

કહત કબીરા સુન ભાઇ સાધુ—બાર બાર નહીં આના.
અપના હીત કછુ કર લે ભઇયા—આખર અકેલા જાના-સંગત.

# હે પરમાત્મા! બસ મને તારાં ચરણનીજ દરકાર છે!

રાગ ભૈરવી—તાલ રૂપક.

કયા માગું મેરે રામ, થોડે જીવનમે કયા માગું?
ઘર નહીં રહેના અમર નહીં કાયા—કાયા.

એક લક્ષ પુત્ર સવા લક્ષ નાતી,
સો ઘર નહીં કોઇ દીવા કે બાતી;
મેઘનાદ પુત્ર સમૂદ્ર જૈસી ખાઇ,
કુંભકરણ વિભીષણ જૈસે ભાઇ—કયા.

શંકર સરીખા પુજવા આવે,
બ્રહ્માજી નિત્ય વેદ પાઠ ગાવે;
કયા કરૂં છપરી ઓર કયા કરૂં ટાટી,
ન જાનું મેરી કહાં પડેગી માટી—કયા.

કયા કરૂં મહેલ ઓર કયા કરૂં ટાટા,
છોડ ગયે રાવન લંકાકે ઠાઠા;
કહેત કબીર સબ છોડકે જાતા,
મેં તો એક તેરે ચરણકુ ચહાતા—કયા.

# ખરૂં ધન તે ઇશ્વર છે જે કદી જતું રેહવાનું નથી.

રાગ કૌશિયા—તિનતાલ.

નિધન[1] કે ધન રામ, હમારે નિર્ધન કે ધન રામ
ચોર ન લેવે ઘટી ન જાવે, ધાડ પડે આવે કામ—નિર્ધન.

સોવત બેઠત જાગત ઉઠત, જપું હર હર નામ
દીન દીન હોતે હોત સવાયા,[2] ખુંટત નહીં એકે દામ—નિર્ધન.

ઠાકોર ચલે નગર દ્વારા, પાસ નહિ ખોટી બદામ
કેહત કબીર સુને‌ા ભાઇ સાધુ, પારસકો નહિ કામ—નિર્ધન.

---

૧–ગરીબ. ૨–સવાયું થતું જાય.

# પરમાત્મા તારી અંદરજ છે.

ભજન્ રાગ—ભેરવી.

**તેરે ઘટમેં સરજહાર,[2] તું ખોજ[3] મન કાયા નગરી.—તેરે.**
**જયું પથ્થરમેં હય દેવતા, યું ઘટમેં હય કિરતાર;**
**જો ચાહો દિદારકો, તો ચકમક હોકે જાર.—તેરે.**
**મૃગકે[4] નાભમે[5] કસ્તૂરી, ઓર ઢુંડત ઘાસ ફિરે;**
**કાળ પારધી સિરપે ખડા, પળમે પ્રાન હરે.—તેરે.**
**ગગન મંડળમે બાજા બજે, ગુરૂ ગમ સમજ પરે;**
**હસ્ત કમલ દ્વાદસકે ઉપર, ભવર ગુંજાર કરે.—તેરે.**
**હદ હદ ઉપર સબહિ ગયા, બેહદ ગયાન કોય;**
**પર બેહદકે મયદાનમેં, રમે કબીરા સોય.—તેરે.**

તારા હૈયામાંજ પરમાત્મા રહેલો છે માટે તારાં શરીરમાંજ તું તેને શોધ—

(૧) જેમ પથ્થરમાં અગ્નિ છુપાઇ રહેલો છે તેમ પરમાત્મા પણ્ તારાં હૈયામાં રહેલો છે, અને તેનાં (તારા અંતરમાં) દર્શણ કરવાં હોય તો તારાં શરીરમાંથી બધો મેલ કહાડી તેને પવિત્ર કરે તો પરમાત્મા દેખાઇ આવશે—(૨) હરણ્ની દૂટીમાંજ કસ્તુરી હોવા છતાં તે કસ્તુરીને બાહેર શોધે છે અને તેમ કરતાં તેની પાછળ શિકારી આવી તેનો પ્રાણ્ લે છે.—તેજ રીતે માણ્સ પણ્ કરે છે. પરમાત્મા પોતામાંજ સમાયલો હોવા છતાં માણ્સ તેને બાહેરજ શોધવાની કોશેસ કરી અટવાઇ મરે છે—(૩) આકાશમાં જે ઇશ્વરી નાદ વાગ્યા કરે છે તે જ્યારે તું ગુરૂ પાસે રહી તેનો ભેદ સમજશે ત્યારેજ તને સંભળાશે અને ત્યારેજ તને તારૂં પોતાનું સ્વરૂપ કે જે ઇશ્વર છે તે તારામાંજ રહેલો છે તેને તું જોશે—(૩) સર્વે માત્ર હદ ઉપર આવી અટકી રહે છે, તેની બીજે પાળ કોઇ જતા નથી, પણ્ જે કબીર જેવો થાય તેજ સામી પાળે જઇ પુગે છે અને પરમાત્મા સાથે એકત્ર થઇ જાય છે.

---

૧–હૈયું. ૨–પરમાત્મા. ૩–શોધ. ૪–હરણ્. ૫–દુટી.

આરસીમાં મ્હોડું જોઇ હરખ ના.
તારાં અંતરમાં તું જો "તું કેવો છે?"

મુખડા ક્યા દેખે દરપનમે
તેરે દયા ધરમ નહીં મનમે—

જૈસી ફુલ રહે ફુલબારી—ખાસ રહે નીજ ફુલમે
એક દીન ઐસી હો જાવેગી—ખાક ઉડેગી તનમે—મુખડા.

ચુવા ચંદન અબીર અગરની, શોભે ગોરે તનમે
ધન જોબન ડુંગરકા પાની, ઢલ જાવેગા ખીનમે—મુખડા.

કવડી કવડી માયા જોડી—સુરત રહે નીજ ધનમે
દસ દરવાજે બંધ રહે તો, રહે ગઇ મનકી મનમે—મુખડા.

પગીયા બાંધે પગ અસવારે, લેત જુલા જુલ તનમે
કહત કબીરા સુન ભાઇ સાધુ, એ ક્યા લગ રહી મનમે?—મુખડા.

# દુનિયવી માર્ગ અને ઇશ્વરી માર્ગ એ બન્ને ઉલટા છે.

રાગ—માલકોશ—તાલ દીપચંદી.

દુનિયા દિવાની કે હમ દિવાના,
જાકો હય ભાઇ અનહદ ગાના—દુનિયા.

દુનિયા કુમારગ અપનો ઠહરાવે,
હરિજન ઉલટા રાહ ચલાવે—દુનિયા.

દુનિયાકુ સાહેબી હસ્તી ને ઘોડા,
હમ હય પાવ પદમસે દોડા—દુનિયા.

દુનિયાકુ પાટ પિતાંબર સબકા ભોગી,
હમ હય સહેજ સરૂપ રમતા જોગી—દુનિયા.

દુનિયા પાવે સબરસ પ્યાલા,
હમ હય પ્રેમ મગન મતવાલા—દુનિયા.

કહત કબીર હમ નહીં નાંહી,
જીવતા કે સંગ સુવાકે માંહી—દુનિયા.

# પરમાત્માનો દિવાનો થયો તો પછી સુવાનું કેવું.

રાગ—પીલુ.

સમજ લોજ મન ખોજ દીવાને
આશક હોકર સોના ક્યારે—

આયા હો સો કર લે સોદા-પાયા હય સો ખોના ક્યારે—

જબ તું આયો પ્રેમ ગલીનમો, સીસ દેનાં ફીર ડરના ક્યારે—

લુકા સુકા જમકા ટુકા-સોના હોય સો સોલાના ક્યારે—

જબ અંખીયનમેં નીંદ ભુલ આવે, તકીયા ઓર બીછોના ક્યારે—

સતગુરૂ પાન ગલીચા લાગા, ઘાયલ હો કર રોના ક્યારે—

કહત કબીર સુન ભાઇ સાધુ-જાદુ ઉપર તોના ક્યારે—

## કમલ જેવું મહો આપ્યું છે
## તે પરમાત્માનું ભજણ ગાવા માટેજ છે.

રામ ભજનકુ દિયા, કમળ મુખ
રામ ભજનકુ દિયા—રામ.

લખ ચોરાસી ફેરે ફીરકર,
સુંદર નર તન પાયા;
ખાયા પિયા સુખસેં સોયા,
નાહક જન્મ ગમાયા—કમલ.

જો મુખ નિશ દીન રામ નામ નહીં,
વહાં તુમ કછુ નહિ કિયા;
કહત કબીરા સુન ભાઇ સાધુ,
આયા વયસાહી ગયા—કમલ.

# કબીરની જીંદગીનું ટુંક વૃતાંત.

બોદ્ધિસત્વો, તિર્થંકરો, ચોહાનો, બ્રહ્મજ્ઞાની રૂષિ—મુનિઓ, સાર્વજનિક પંથનાં મહાન સ્થાપકો, ટુંકમાં જેઓને હિન્દુ શાસ્ત્રમાં ઇશ્વરી અવતારો કહેવામાં આવે છે, એવા મહાન પુરૂષોની જન્મભુમિ તરીકે વખણાયલી આ હિન્દ સરજમીન, આ પુજનિયલોકી ભારતખંડ, પુરાતન જમાનાઓથી તરેહવાર રૂપે ધર્મજ્ઞાન ફેલાવનાર, દુનિયાની સુભાગ્યવંત માતા તરીકે ગણાતી, તેમજ તેનાં બાળગોપાળથી સદાકાળ પૂજાતી આવી છે. એવા મહાન થઇ ગયલા નરોમાંના એક નર, તે આપણો આ કબીર છે—કે જેનો જન્મ હિન્દુઓની સૌથી પવિત્ર ગણાતી જગ્યા શ્રી કાશી શેહેરમાં થયો હતો, એમ કહેવાય છે.

કબીર પંથીઓ પોતાના, એ મહાન સ્થાપક અને ગુરૂ કબીર માટે કહે છે કે—તે ઇસ્વી સન ૧૩૯૮માં જન્મયો હતો અને ૧૫૧૮માં આ ખાકી દેહ છોડી ગયો હતો અને એ મુજબ કબીરે ૧૨૦ વરસની લાંબી જીંદગી કહાડી હતી.

કબીરનું સંપૂર્ણ જન્મ ચરિત્ર બરાબર મળી શકતું નથી—પણ અત્રે લખેલી હકીકત, અલાહબાદ યુનિવર્સીટીના ફેલો રેવરંડ જી. એચ વેસ્ટકોટ, એમ. એ. ની **કબીર** અને **કબીર પંથ** નામની ચોપડીને મોટે ભાગે આભારી છે. આ ભલા ઇંગ્રેજી ગ્રહસ્થે વરશો સુધી મેહેનત કરી, જુદી જુદી જગ્યાથી તેમજ કબીર પંથના કેટલાંક મહન્તો પાસથી તે હકીકતો મેળવીને, આ અદ્દભુત શકિત ધરાવનાર રામના પ્રેમી ભકત કબીરની જીંદગી, તેમજ તેનાં પંથના આચાર-વિચારોના હેવાલનું એક સુંદર પુસ્તક સને ૧૮૯૭માં બાહેર પાડયું છે જેનું નામ "કબીર એંડ કબીર પંથ" છે. જેઓને કબીર પંથ વિષે જાણવાની ઇચ્છા હોય તેઓને એ ચોપડી વાંચવાની ભલામણ કરીશું.

## કબીરના જન્મ વિષેની દંતકથાઓ.

કબીરના જન્મ વિષે તરેહવાર હેવાલો લખાયા છે. જેમાંનાં બે અત્રે આપીશું—કહે છે કે એક વાર એક ઉંચ વર્ણની વિધવા બ્રાહ્મણ બાઇ પોતાના પિતા સાથે, રામાનંદ મહારાજનાં મંદિરમાં દર્શન કરવાને ગઇ, જેણીના ભક્તિભાવથી રાજી થઇ ગુરૂ રામનંદે તેણીને 'પુત્રભવતી' એવા આશીષ દીધા—જે સાંભળી તેણીના પિતાએ આજેજી કીધી કે "મહારાજ, એ મારી પુત્રી તો વિધવા થઇ છે ત્યારે એને પુત્રની વૃદ્ધિ કેમ થઇ શકે?" રામાનંદે જવાબ વાળ્યો "હું દલગીર છું કે તે મેં જાણ્યું ન હતું. સાધુના શબ્દોના આશીષ કદી ફળિભુત થયા વિના રહેતા નથી, તેમજ મારેથી તે શબ્દો પાછા ખેંચાઇ શકે એમ નથી, પરંતુ હું એવું ઇચ્છીશ, કે તેણીને પુત્ર આવતાં અપવિત્રતાઇમાં ઉતરવું ન પડે અને તે બાળકનો જન્મ તેણીના હાથદ્વારે થાય."—જે મુજબ કબીરનો જન્મ થયો કહેવામાં આવે છે, અને તેથીજ કબીર નામ પાડયું હોય—જેનો અર્થ નીચે મુજબ કરવામાં આવે છે.

કર અને હાથ, અને બીર એટલે વિર, અને હાથમાંથી આવેલો વિરો (છોકરો).

કબીરના જન્મ થયા પછી, પેલી બ્રાહ્મણ સ્ત્રીને ઠીક લાગ્યું નહિ, અને લોકલાજને લીધે, તેણી પેલાં બાળકને એક એકાંત જગ્યામાં લઇ ગઇ જ્યાં એક પાણીનો ફુવારો હતો તેમાં એક કમળ ફુલની હેઠણ કપડામાં લપેટીને તે બાળકને મૂકયું.

વળી બીજી દંતકથા એવી છે કે, એક વાર ભગવાન અને લક્ષ્મી વાદવિવાદ કરતાં હતાં—અને ભગવાન પોતાના ભગતો માટે ઘણી તારીફ કરતા, કે મારા ખરા ભગતો (આ ધરતિપર) છે, તેઓ કદિપણ મને વિસરતા નથી અને હંમેશાં મારામાંજ ધ્યાન રાખતા રહે છે, જે સાંભળી લક્ષ્મીદેવી બોલ્યાં કે "મહારાજ! તમે અમસ્થા તમારા ભગતોની તારીફ કર્યા કરો છો; કારણકે તેઓ ઘણાખરા દુનિયાની માયામાં લપટાયલા રહે છે. અને જો તમે આજ્ઞા આપો તો હું તમારી સન્મુખ પ્રત્યક્ષ દાખલા લાવી હાજર કરૂં." ભગવાને તે માનવાને ના પાડી, પણ જ્યારે લક્ષ્મીજી ઘણીજ હઠ લઇ બેઠાં કે "હું પૂરવાર

કરી આપવા તૈયાર છું', ત્યારે ભગવાને આજ્ઞા આપી કે, "જાવો તમારેથી બને તો દાખલો લઇ આવો." લક્ષ્મીજીએ નીચે ઉતરી, કાશીમાં આવી જ્યાં સાધુ રામાનંદ ભક્તિ કરતા હતા તે જગ્યાપર આવી, રાતોરાત ત્યાં એક સુંદર બગીચો ઉભો કીધો, જેમાં તરેહવાર જાતનાં શોભાયમાન વૃક્ષો અને સુગંધી ફુલો, પાણીના ઝરા, ફુવારા ઉભા કર્યા અને ત્યાં તરેહવાર જાતનાં બોલતાં પક્ષીઓ મુકયાં. પ્રભાતમાં રામનંદ પોતાની ઝુંપડીમાંથી બાહેર આવ્યા, ત્યારે પોતાની સામે આવો સુંદર બાગ જોઇ બહુ અચરત થયા, અને તે બાગમાં જવાનું મન થયું તેથી તે માંહે ગયા, ત્યાનાં સુંદર ઝાડો, અને પક્ષીઓ જોઇ આનંદ પામ્યા. પાછા ફરતી વેળાએ ઝાડ પરથી કેટલાંક પુષ્પો તોડી પોતાની ધોતીમાં નાંખી ચાલવા લાગ્યા, એવા વિચારથી કે તે પુષ્પોને હરિનાં નામમાં અર્પણ કરીશ. જેવાં ફુલો તોડી લીધાં કે, લક્ષ્મી જેણીએ એક માલણનો વેશ લીધો હતો તે બાહેર નિકળી આવી, અને બોલી "મહારાજ, આવી ચોરી કરો છો કે? તમે હરિના ભગત થઇને રજા વિના પારકાનો માલ (ફુલો) ચોરી જાઓ, તે શું ભગતને શોભે? લાવો મારાં ફુલ."

રામાનંદને જરાક ખોટું લાગ્યું, પણ તેમની નિષ્ટા તે ફુલ ચોરવાની હતી નહિ, તેથી જેવા ઉપલા સખુનો લક્ષ્મી બોલી રહી કે, તુરત પેલાં ફુલો પેલી માલણને આપી દીધાં જે તેણીએ પોતાની સાડીમાં છુપાવ્યા. આવો એક પ્રત્યક્ષ પુરાવો મળ્યાથી, લક્ષ્મીજી હરખાઇને ભગવાન પાસે આવ્યાં અને બોલ્યાં કે "જુવો મહારાજ, તમારા ભગતની ચોરી મેં પકડી છે, અને પૂરાવા તરીકે આ મારી પાસે છે" એમ બોલતાં તેણીએ પોતાની સાડીનો પલ્લો નીચે કીધો તો જોય શું કે, પેલાં ફુલને બદલે તેમાં એક નાનું સુંદર બાળક રહેલું હતું, જે જોઇને લક્ષ્મીદેવી ઘણાંજ લજવાઇ ગયાં અને મનમાં બોલ્યાં "અરે! આ શું મારી વલે?" ભગવાન પુછવા લાગ્વા કે "કેમ દેવી તમો તો ઘણા જોશભેર આવ્યાં હતાં અને એકાએક એવાં મુઢ જેવાં કેમ થઇ ગયાં, બોલો શું છે?"

લક્ષ્મીજીએ કરગરીને જવાબ દીધો, "મહારાજ, મને ક્ષમા કરો હવે મારી ખાત્રી થઇ છે કે આપના ભગતોનું મન આપની તરફજ છે અને તેમના તરફ આપની કૃપા હંમેશાં રહેલીજ છે." "ચાલો ત્યારે," ભગવાને કહ્યું,

"હવે તમો એ બાળકને પાછું પેલા બાગમાં મુકી આવો." જે મુજબ લક્ષ્મીજી જઇને મુકી આવી. તે બાળક કબીર હતો. એ પ્રકારની અને અનેક કથાઓ કબીરનાં જન્મ માટે મનાય છે.

આ હોઝમાંથી પેલું બાળક, એક વણકર સ્ત્રીના હાથમાં આવ્યું નિમા અને નિરૂ નામના જુલૈયા (મુસલમાન) જાતના એક પુરૂષ અને તેની સ્ત્રી, જેણી તુરતનીજ પરણી પોતાના ભરથાર સાથે ઘરે જતી તેઓ બન્ને રસ્તે જતાં, લહાર નામનાં એક તળાવ આગળ આવી લાગ્યાં, જ્યાં પેલું સુંદર બાળક તેઓની નજરે પડયું, જે કેટલીક રકઝીક થયા પછી નિરૂએ પોતાની સાથે લીધું અને ઘરે લઇ ગયો.

તે બાળકનું નામ શું રાખવું તે માટે કાજીને બોલાવવામાં આવ્યા જેને પોતાના ધારા મુજબ કોરાન ઉંઘાડી જોયું, તે તેની અજાયબી વચ્ચે અકબર, ક્રિબ્રિયા અથવા કબ્ર એવાં (ત્રણ) પરમાત્માનાંજ નામો નિકળ્યાં. આવાં પવિત્ર નામો એક જુલૈયાના છોકરાને કેમ આપી શકે તે માટે કાજીજી ઘણા વિચારમાં પડયા, અને તેમની જોવાની કાંઇક ભુલ તો નથી તેની ખાત્રી કરવા, કહે છે કે, ત્યાં બીજા ત્રણ ચાર નવા કાજીઓને બોલાવવામાં આવ્યા; દરેક કાજીએ પોતાની કુરાન ઉઘાડી, તો તેનાં તેજ નામો આવ્યાં, ત્યારે કાજીજીઓ ઘણા ચિરડાઇ ગયા, કે આ બાળક કોઇ સેતાન છે. તેથી તેમણે પેલી બાઇને ફરમાવ્યું કે આ બાળકને જીવતું રાખવું સજાવાર નથી પણ મારી નાખવું જોઇએ. કાજીનાં આ ફરમાન સાંભળી તે બાળકને ઘરનાં અંદરના ભાગમાં લઇ ગયા, અને જેવો તેને મારી નાંખવાનો વિચાર કીધો તેવોજ, કહે છે કે, તે બાળક નિચલા શબ્દો બોલ્યું:—

"નહિ જણાયલાં ગુપ્ત સ્થળેથી હું આવ્યો છું. માયાએ દુનિયાને ભુલાવામાં નાખી છે. હું કોણ છું તે કોઇપણ જાણતું નથી. હું કોઇપણ ઓરતને પેટે જન્મયો નથી, પણ એક છોકરા તરીકે ચમત્કારથી પ્રગટ થયો છું. મારૂં રહેઠાણ કાશીની એક એકાંત જગ્યામાં હતું, તે જગ્યામાંથી હું આ વણકરને હાથ આવ્યો છું. મારા વજુદ (શરીર)માં કામ, લોભ કે સ્થુળ ભુવનનાં ખાકી તત્વો નથી, પણ મારૂં વજુદ 'બુદ્ધિ' તત્વનું બનેલું છે.

આ પૃથ્વિમાં આવ્યો છું તે ઉપદેશ કરવાને માટે, અને મારૂં નામ (કબીર) તે મારી બ્રહ્મજ્ઞાની જીંદગીની એક આગાહી બતાવનારૂં છે."

આ ચમત્કારથી પેલા અજ્ઞાન કાજીઓની નેમ ઉંધી વળી, અને આખરે તે બાળક જીવતો રહ્યો, અને તેનું નામ કબીર પાડવામાં આવ્યું.

આ પ્રમાણે દંતકથાઓ કબીરને માટે ચાલે છે, પણ આટલું તો ચોક્કસ છે કે, કબીર કાંઇ આ નિરૂ નામના ઝુલૈયાનો પોતાનો છોકરો ન હતો, પરંતુ કબીરનું લાલન પાળણ નિરૂએ કર્યું હતું એ વાત સિદ્ધ છે, અને સર્વ કબીર પંથીઓ તે વાત કબુલ રાખે છે, જે વાત કબીરજીનાં એક ભજનમાં તેણે ગાઇ હોય એમ લાગે છે, જ્યાં કબીર જણાવે છે કે હું તુરતજ વણતનું કામ છોડી દઇ, હરિનાં કિર્તનો ગાવામાં મચ્યો રહીશ, બીજા એક પદમાં તે જણાવે છે કે પુર્વ જન્મમાં તે એક બ્રાહ્મણ હતો. પણ તે ભવમાં રામભજન કરવામાં તેણે આળસ કરી હતી, માટે હાલમાં તે એક ઝુલૈયા તરીકે અવતર્યો હતો સર્વ દંતકથામાં જે પહેલી કહી ગયા કે, કબીરની માતા એક બ્રાહ્મણ વિધવા હતી, તે વાત ઘણાકો માન્ય રાખે છે.

## કબીરનાં બચપણની વાતો.

કબીર બાળપણથીજ શબ્દોચ્ચાર કરતો હતો; નહાનપણમાં એક છોકરા તરીકે પણ કબીર પોતાના રમતયાલ હિન્દુ-મુસલમીન સાથીઓને ફરિયાદ કરવાનું કારણ આપતો હતો. રમતાં રમતાં તે "રામ રામ" અને "હરિ હરિ"ની બુમો પાડતો હતો, જેથી મુસલમીનો તેને કાફર કહેતા. આના જવાબમાં તે જણાવતો કે "જે કોઇ બીજાને નાહક મારે, જુઠો વેશ બતાવી જગતને ઠગે, દારૂ પીએ, અને ન ખાવાની વસ્તુ ખાય, પારકો માલ મારી જાય, વગેરે, વગેરે, નાલાયક કામો કરે તેજ ખરો કાફર કહેવાય," જે માટે તે બોલતો કે—

**ગલા કાટ બિસમિલ કરે, વોહ કાફર બેબુઝ**
**ઔરનકો કાફર કહે, અપનાં કુફર ન સુઝ.**

અર્થ-જે બીજાનું ગળું કાપે અને વળી તે કાપતાં પરમાત્માનું નામ લે, તે ખરો કાફર (અપવિત્ર) છે. તે બીજાને કાફર કહે છે, પણ તેને પોતાનું નાલાયકપણું દેખાતું નથી.

એક દહાડો તે કપાળે તિલક ખેંચી ગળાંમાં જનોઇ પહેરી "નારાયણ નારાયણ" કરી પોકારવા લાગ્યો. મુસલમીન વણકરનાં છોકરાનાં આ કાર્યથી, બ્રાહ્મણો ઉશ્કેરાઇ ગયા; તેઓએ પોતાના ધર્મની હાંસી થતી જોઇ તે માટે વાંધો ઉઠાવ્યો અને બોલ્યા કે "તેં તો આમ કરી વિષ્ણુરૂપ અખત્યાર કર્યો છે. 'નારાયણ નારાયણ' તથા 'ગોવિંદ' વગેરે તું બોલે છે, તે તો અમારો ધર્મ છે." આના જવાબમાં કબીરે નીચે પ્રમાણે કહ્યું:—

(૧)

**મેરી જીભ્યા બિષ્ણું, નેની નારાયણ, હિરદે બસે ગોવિંદા;**
**જમદ્વારે જબ પુછે સબબરે, તબ કયા કરોગે મુકંદા!**

(૨)

**હમ ઘર સુત, તુમે નિત તાંના કંઠે, જને તુમારે;**
**તુમ નિત બાંચન ગીતા ગાયત્રી, ગોવિંદ હ્રુદય હમારે.**

(૩)

**હમ ગોરૂ, તુમ ગવાલ ગુસાઇ, જનમ જનમ રખવારે;**
**કબ નહિ વારસો પાર ચરાય, તુમ કૈસે ખસમ હમારે!**

(૪)

**તુમ બ્રાહ્મણ, મેં કાશીકો જુલૈયા, બુજો મેરા જ્ઞાન;**
**તુમ નિત બોજત ભુપતિ રાજેં, હરિ સંગ મેરા ધ્યાંન.**

અર્થાત, મારી જીભજ વિષ્ણુ છે, મારી આંખો નારાયણ છે અને મારાં હૈયામાં "ગોવીંદ" વસેલો છે, પણ તમો તમારાં મરણ પછી ઇશ્વરને શું જવાબ દેશો?

• હું વણકર હોવાથી મારે ઘર સુતરના તાણાથી કપડાં સદા વણાય છે, અને તમો પવિત્ર જનોઇ પહેરો છો; તમો પણ ગીતા અને ગાયત્રી (અમસ્થા) મોઢેથી વાંચો છો જ્યારે "ગોવીંદ" તો મારાં અંતઃકરણમાં વસેલો છે.

હું તો ઘેટો છું, અને તમે બ્રાહ્મણ એટલે જન્મોજન્મના ઘેટાંનાં (માણસ જાતના) ભરવાડ અને રખેવાળ કહેવાવો છો, તો તમારી ફરજ છે કે તેઓને પાપમાંથી બચાવો, અને નહીં તો તમો અમારા સ્વામી (ગોર) કેમ થઇ શકો!

તમે બ્રાહ્મણ છો અને હું તો કાશીનો માત્ર એક જુલૈયો (વણકર) છું, તોપણ તમો મારી વાત સાંભળો કે તમો નિત્ય વેદ વાંચવા છતાં દુનિયવી રાજપાટ (માલમતા) શોધતા ફરો છો, જ્યારે મારૂં મન હરિ (પરમાત્મા) માંજ છે.

આ તાણાવાણીથી કબીર બ્રાહ્મણોને મહાત કરતો હતો.

## કબીરે ગુરૂ કેમ મેળવ્યો?

હિન્દુ અને મુસલમીન બન્ને વારંવાર, કબીરને નિગુરા અને ગુરૂ વગરનો છે કહી પજવતા હતા, એટલે આ બોહતાન દુર કરવાનો કબીરે નિશ્ચય કર્યો. આ વખતે જો કે તે પોતાના શ્રીરામના રટણમાં એકતાર બની, હંમેશાં રહેતો હતો છતાં પોતાને માથે કોઇ સમર્થ સદ્ગુરૂ નહિ હોવાથી, કોઇ સમર્થ સદ્ગુરૂ શોધી, પોતાને શીરે સ્થાપવાની તિવ્ર ઇચ્છા તેને ઉત્પન્ન થઇ હતી. કારણ કે તે જાણતો હતે કે સુરપતિ ઇંદ્રે પણ બ્રહ્માજીને ગુરૂ કર્યા હતા. જનક રાજાએ અષ્ટાવક્રને અને રામચંદ્રજીએ પણ વશિષ્ટને ગુરૂ કર્યા હતા. શ્રીકૃષ્ણ પરમાત્માને પણ ગુરૂ કરવા પડયા હતા. એમ દરેકને ગુરૂ કર્યાં વિના ચાલ્યું ન હતું. કારણ કે તે જાણતો હતો કે **ગુરૂ વિના જ્ઞાન નથી, જ્ઞાન વિના મોક્ષ નથી અને મોક્ષ વિના જન્મ મરણ જીતી શકાય તેમ નથી.**

ઘણા લોકો મનને ગુરૂ માની જીવન મુકત બનવાની, મેરૂ પર્વતને પેલે પાર પોહોંચી જવા જેવી મોટી આશા રાખે છે, પણ જે જગ્ત પ્રસિદ્ધ વાત છે તે તેઓ જાણતા નથી કે પારકી માતાજ કાન વીંધે છે. પોતે વૈદનો ધંધો કરતો હોય છતાં, પોતાનો રોગ પોતે જાણીને મટાડી શકતો નથી, પણ બીજો વૈદજ મટાડી શકે છે. માણસથી પોતાના બરડાની કરોડ જોઇ શકાતી નથી પણ પારકોજ જોઇ શકે છે.

આપણાં મનથી આપણે ગમે તેવું જ્ઞાન પ્રાપ્ત કરી જીવનમુકત બનવાની આશ રાખીએ, પણ આપણું મન કયા પ્રકારના ઉપદેશથી કેળવાશે અને કયું

જ્ઞાન આપણું અજ્ઞાન આવ્રણ દુર કરવાને સમર્થ થઇ શકશે તથા કયો રસ્તો પોતા માટે અનુકુળ થઇ પડે તેમ છે, તે પારકો પુરૂષજ જાણી શકે છે માટે દરેકને માથે પોતપોતાનો સદ્દ્ગુરૂ હોવો જોઇએ, એમ શ્રૂતિ સ્મૃતિ અને ચારે વેદો પણ સ્પષ્ટ દર્શાવે છે.

પતિ વિનાની વિધવાનો સંસાર જેમ સુનો છે, જેમ પવિત્રતા સ્ત્રીનો વ્યવહાર અને પરમાર્થમાં પોતાનો પતિ સંસાર સાગરથી તારનાર નૌકારૂપ છે, તેવીજ રીતે પુરૂષને તેનો સદ્દ્ગુરૂ છે. પતિ વિનાની સ્ત્રી જેમ ન ધણીઆતી કહેવાય છે, તેજ રીતે ગુરૂ વિનાનો પુરૂષ તે નગરો કહેવાય છે. બારાક્ષર અને બારાક્ષરી જાણ્યા વગર આપણાથી કોઇપણ પુસ્તક વાંચી શકાતું નથી. તેજ રીતે સમર્થ સદ્દ્ગુરૂને શોધ્યા વગર યથાર્થ આત્મસ્વરૂપ જ્ઞાન પ્રાપ્ત થઇ શકતુંજ નથી. સદ્દ્ગુરૂ વિના પોતાના સ્વધર્મનું યથાર્થ સ્વરૂપ સમજી શકાતું નથી.

આ સંસાર એક ભુલવણી રૂપ છે, અને તેમાં આપણે સર્વે ભુલા પડેલા છીએ. આ ભુલવણીના બનાવનાર નૃપતિ, શ્રી ઇષ્ટ પરમાત્મા છે, અને તેમણે તે ભુલવણીના સ્થળોમાં પ્રત્યેક સ્થળે સદ્દ્ગુરૂરૂપ પોતાના ભોમિયાઓને ગોઠવી દીધેલા છે, કે જે ભોમિયા વગર આપણે આડે રસ્તે જઇ લુંટાઇએ છીએ. જેમ કોઇ ભૂલા પડેલા ધનીક મનુષ્યને, તેનું ધન વીગેરે લુંટી લઇ, તેની આંખોએ પાટા બાંધી કોઇ વિકટ જંગલમાંના ઝાડ સાથે તેના હાથ પગ બાંધી દઇ લુટારાઓ ચાલ્યા જાય, અને તેથી તે ભુલો પડેલો માણસ રડારોળ કરી રહ્યો હોય, એટલામાં કોઇ દયાળુ મહાત્મા આવી તેને ઝાડ સાથેના બાંધેલા બંધથી છુટો કરી, તેની દુઃખદાયક હકીકત સર્વ સાંભળી, તેને તેના સ્વદેશે જઇ પહોંચાડી આવે, તેજ રીતે, આ સંસાર રૂપ ભુલવણીમાં આપણે જે ભુલા પડેલા છીએ, કે જ્યાં માયાના આવ્રણ રૂપી ચોરોએ આપણું જ્ઞાન રૂપી ધન લુંટી લઇ, આપણી આંખે અભિમાન રૂપી પાટાઓ બાંધી, મમત્વ રૂપી ઝાડની સાથે, આપણને તૃષ્ણા રૂપી દોરાથી જકડી બાંધી દીધેલા છે; જેમાંથી સમર્થ સદ્દ્ગુરૂ રૂપ કોઇ દયાળુ ધર્માત્મા આવી, આપણા બંધનો તોડીને, આપણા સ્વઃસ્વરૂપ રૂપી સ્વદેશે લઇ જઇ ઠેઠ પહોંચાડે છે. માટે જો આપણે માથે સદ્દ્ગુરૂ ન હોય તો પેલા ભુલા પડેલા, લુટાયલા, અને ઝાડ સાથે જકડીને બંધાયલા પુરૂષની પેઠે, રડારોલ કરી ટળવળીનેજ આપણો અંત

આવવાનો. આ પ્રમાણે વિચાર કરતાં કબીરદાસને સદ્દગુરૂ કરવાની આવશ્યકતા સમજાઇ, અને તેથી પોતાને માથે એવો કોણ સમર્થ સદ્દગુરૂ સ્થાપવો, તેનો નિશ્ચય કરવાની ચિંતામાં પડયા. આ પ્રમાણે ચિંતાગ્રસ્ત બની, કબીરદાસ પોતાના આંગણામાં તુલસી કયારા પાસે એકલા ઉઘાડે શરીરે બેસી રહ્યા હતા, તેવામા વૃષારૂતુનું વદ્દપક્ષ હોવાથી રાત્રિ પડી, ચારે તરફ વરસાદનું જોર વધી જવાથી ઘનઘોર અંધારૂં છવાઇ રહ્યું હતું. મોર તથા ચકવી સાક્ષીવત સ્થિર થઇ ગયાં. તમરાં અને દેડકાં બીવરાવવા લાગ્યાં. વિજળીના ભકારા થવા લાગ્યા; શિતળ વાયુની લ્હેરો વાવા માંડી, ચાતક પક્ષિએ પિયુ પિયુનો ઉચ્ચાર કરવો શરૂ કર્યો; મેઘ રાજાની પધરામણીની નોબત ગડગડવા લાગી કે તુરતજ થોડીવારે મહા ગંભીર પ્રકારે અવાજ કરતા મેઘરાજા પધાર્યા; અને એવા જોરથી તેમણે વૃષ્ટિ કરવા માંડી કે મોટા મોટા પાણીના ધોધ પૃથ્વીપર ધસી આવ્યા. વનલતાઓ ઝાડની સાથે વીંટળાઇ વળી. સુરપતિ ઇંદ્ર રાજાએ રંગ બે રંગી ચાપ ચડાવી દીધું. વાદળીઓ આકાશમાં સુર્યને ઢાંકી એક વસ્ત્રરૂપ બની રહી હતી. દેડકાં અને તમરાંની શબ્દ રૂપી ઘુંઘરીઓ ઘમ ઘમ ગાજી રહી હતી. મેઘના ગડગડાટ રૂપી મૃદંગનો ધ્વનિ કાને પડી રહ્યો હતો, વિજળીના ઝબકારા રૂપી પુષ્પના મોટા ગોટાઓ જાણે ઉપરાઉપરી ફેંકાઇ રહ્યા હોય તેવું જણાતું હતું, અને જાણે વાદળ રૂપી ફાનસમાં વિજળી રૂપી દીવો થયો હોય તેવું આ અંધારી ઘોર રાત્રીએ જણાતું હતું. આ પ્રમાણે નવીન જળ આપનાર વરસાદ ઝડી બંધ પડી રહ્યો હતો અને પૂર્વનો પવન વેગથી વાયા કરતો હતો. આટલું બધું છતાં જેમ મેરૂ પર્વત ડગે નહીં તે રીતે આપણા પ્રેમી ભકત કબીરદાસ આંગણાંમાં બાહેર જ્યાં ઉંઘાડા દિલે બેઠેલા હતા ત્યાંથી એક તસુ પણ ડગ્યા ન હોતા. પણ પરમાત્મામાંજ જ્યારે સદ્દગુરૂ પ્રાપ્ત કરવાનો સત્યમાર્ગ સુઝાડે ત્યારેજ ધીમેથી ઉઠી ઘરમાં જવું, એવી દ્રઢ ભાવના કર્યા કરતા હતા. એટલામાં નીચે પ્રમાણે આકાશવાણી થઇ:

## દોહો.

**બેટા ચિંતા કર નહી, કર ગુરૂ રામાનંદ,**
**ચેલો તો કરશે તને, ટળશે સહુ જગ ફંદ.**

આ શબ્દો શ્રવણ પડતાંની સાથે કબીરદાસ ઉઠી ઘરમાં ગયા કે તરતજ મધ્યરાત્રી વિતવા આવી. પ્રાતઃકાળ કયારે થાય અને કયારે રામાનંદ સ્વામીનું દર્શન પ્રાપ્ત થાય તેને માટે અધીરા બની પાછા વિચાર વમળમાં પડી ગયા, અને પોતાનાં મન સાથે શંકા કરવા લાગ્યા કે રામાનંદ સ્વામી મલેચ્છને ઉપદેશ આપી શિષ્ય બનાવતા નથી તો મને શી રીતે સ્વિકારશે? પણ સાચી વાત મારા રામજી તેમને જણાવશે હરકત નહીં મારા પ્રાણાધાર સિતાપતિનું આજે વચન થયું છે, તો તે કદી કાળે પણ અફળ થનાર નથી, માટે પ્રથમ ત્રીજા પોહોરે ગંગાએ સ્નાન કરી સ્વામિના આશ્રમ નજીક આવેલા ઘાટનાં પગથીયાં ઉપર બેસી, પ્રાતઃકાળમાં સ્વામિ કથા કરે તે શ્રવણ કરૂં અને કથાની સમાપ્તિ થવે શ્રવણ કરવા આવનાર પુરવાસીઓ વેરાઇ જશે. પછી ઉપદેશ લેવા સંબંધી સ્વામિને અરજ કરીશું; પછી તો સેતાપતિ કરે તે ખરૂં. આ પ્રમાણે પોતાના મન સાથે નિશ્ચય કરી, રાત્રી વીતી એટલે, કબીરદાસ સત્વર ઉઠીને ગંગાએ સ્નાન કરવા ચાલ્યા ગયા. ગંગા નદીપર આવી જુએ છે તો એક કીડી સરખીનો પણ સંચાર થતો જણાતો ન હતો. પતિતને પાવન કરનારી સાક્ષાત શ્રી શંકર ભગવાનની જટામાં રહેનારી, ઉજવળ ક્રાંતિવાળી નિર્મળ ગંગામાતા આ વખતે મંદ પ્રવાહથી વહ્યે જતી હતી, તેમાં કબીરદાસે સ્નાન કર્યું અને ધોએલું વસ્ત્ર પહેરી ઘાટનાં પગથીયાં ઉપર સુતે સુતે હાથમાં તુલસીનું સ્મરણ લઇ, પોતાના રામજીનું એકાગ્રહ ચિતે અંતઃકરણમાં રટણ કરવા માંડયું એમ કરતે કરતે નિત્ય નિયમ પ્રમાણે રામનંદ સ્વામિ પોતાની શૈયામાંથી ઉઠી શૌચ સ્નાનાદિક અર્થે ઘાટનાં પગથીયાં ઉતરી, ગંગામાં જળ ભરવા માટે જતા હતા, તેવામાં લાંબા થઇને ઇષ્ટ સ્મરણ કરતા પડેલા આપણા કબીરદાસને અંધારૂં હોવાથી અજાણપણે સ્વામિના જમણા પગની પાવડીની ઠોકર જમણે કાને વાગી. એકદમ 'અરે રામરે! પાવડી એવી સખત વાગી કે મારા જમણા કાનમાંનો પડદો ફુટી ગયો.' એમ કહી કાને હાથ દઇ કબીરદાસ ઉભા થઇ ગયા; અને જાણે ઘણુંજ વાગ્યું હોય તેવો ડોળ કરવા લાગ્યા. આવો ડોળ કરવાનો કબીરદાસનો શુભ હેતુ શો છે તે વાંચક વર્ગને સાધારણ બુદ્ધિથી જણાઇ આવશે. છતાં જણાવવું જોઇએ કે તે ફકત હેતુ સ્વામિનો ઉપદેશ લેવાને ખાતરજ હતો. સ્વામિને, તેને દરદથી બુમ પાડતો જોઇ ઘણી

દયા આવી, જેથી તેના જમણા કાન આગળ મુખ રાખી, હાથ ફેરવી, ફુંક મારતા મારતા કહેવા લાગ્યા 'બેટા રામ રામ કરો, સબ મિટ જાયગા.' ઘોર અંધારી રાત્રી હોવાથી રામાનંદ સ્વામિ કબીરદાસને ઓળખી શકયા ન હતા. કોઇપણ જીવને અજાણપણે વાગી જવાથી, દયાજનક થઇ જવાના જેવો તત્વવદિ પુરૂષોનો કુદરતી સ્વભાવ હોય છે, તેવાજ સ્વાભાવથી ઉભા રહી, કબીરદાસને વાગેલું મટાડી દેવામાં ગુંથાયા હતા. આ પ્રમાણે કબીરદાસના જમણા કાને સ્વામિએ છ ફુંક મારી તેને કહ્યું કે "કયોં બેટા, અબ કાનમેં કોઇભી જગે દરદ હોતા હયે?"

**કબીરદાસ**—ગુરૂ કૃપાળુ કાનકા દરદ તો કબસે મિટ ગયા હય; પરંતુ મેરા અબ ભવોભવકા દુઃખ દુર હુવા હય રામજી.

**રામાનંદ** — કૌન મ્લેચ્છ કબીરા! યહાંપર ઇતના જલ્દી કયું સોયા હુવા થા?

**કબીરદાસ**—ગુરૂદેવ, મેરે રામજીકી ઐસીહી ઇચ્છા હુઇ કે આપકા શરણ લેના જો આજ આપકી કૃપાસે પ્રાપ્ત હુવા, દુઃખ સબ દુર હુવા, યે કબીરા! અબ આપકા તન મન ઓર ધનસે ગુલામ હુવા, અબ આપકા દીયા હુવા રામમંત્ર, રાત દીન આપકી સેવામેં ઇસ શરીર કો રખકે, મનમેં જપુંગા, ન તિન કાળમે કોઇસે ડરૂંગા. મેરે જીવનજાન હૃદય કમળ બીરાજીત શ્રી રષિકેશ મેરે રામકો કભી ન બિસરૂંગા, અબ આપ ચ્હાય સો કરો; ચ્હાય ગુરૂ તારો યા મારો. ચ્હાય જો મુજકો કર ડારો રામજી, (સ્વગત) રામજી શ્રી રામ રામ રામ.

**રામાનંદ** — બેટા કબીરા! હમને તો તુજકો આજસે બેટા બનાયા; પરંતુ સારી કાશીપુરીમે જો અજ્ઞાન લોક હય, વો જહાંતક ન સમજે, વહાંતક હમારે તુમારે નિંદા પાત્ર ઉનકો બનવાયા. કયોં કે સ્વતઃ કાશીરાજા ઔર ઇસકી રૈયત, જાનતી હય કે કબીરા મ્લેચ્છ હય, ઔર ઉસકો બ્રાહ્મણ વર્ગ કભી ઉપદેશ ન દે શકતે હય, બલ્કે મ્લેચ્છકા સ્પર્શભી કિંચિત ન કર શકતે હય!! મ્લેચ્છ કબીરેકો સ્વામીજીસેં રામનામ કયોં દિયા જાય, ઐસા

કહા કરેંગે ઔર સબકો માલુમ હય કે તેરા તનું મ્લેચ્છ હુય; પરંતુ રામજીકી કૃપાસે તેરા લિલા વિગ્રહ તનુ હમ જાનતે હય, જીસ્સે ઉન અજ્ઞાનીઓસેં કેવલ નિડર રહેતે હય ઉનકો સમજાયંગે, હર દ્રષ્ટાંત દે મનાયગેં. હમને જો તુજકો આજસે બાલકા બનાયા હય, વો ચારહી જુગમૈ રામજીને ફરમાયા હુવા ઝાહીર ફરમાન હય. જીસ વાસ્તે હમ સબકો રામજીકી ઇચ્છાસે ઉત્તર દે દેંગે; પરંતુ બેટા કબીરદાસ! તુમ્હારી રામનામકી સચ્ચી કમાઇકી કસોટી અબ કાશી રાજા કરનેકે લિયે કુછ તંત્ર રચેગા. જો વ્યકિત તુમ્હારી પરિક્ષા લેનેકે વાસ્તે અગર ચાહ કર લે તો આપ બેધડક હોકે બરાબર પરિક્ષા દેના; કસોટીમેંસે કભી ડરકે ભાગના નહીં. સચ્ચે પ્યારે રામકે અંદર પૂર્ણ શ્રદ્ધા રખકે ઇષ્ટમંત્ર કે જાપ નિશદીન કરતેહી રહેના. તો તિન કાલમેં બેટા તેરા કોઇ નામ ન લે શકેગા, તેરા એક બાલભી કિસીસેં બાંકા ન હો શકેગા. જા બેટા હમારી આશિશ હય હમ બેપરવા મસ્ત રામકો ક્યા વિશ્વકી દરકાર હય. હમારે રામજી વિશ્વનાથ હમારે પર સદા કૃપાળુ રહેતે હય. હમારી કમાઇકો જાનતે હુય.”

આ પ્રમાણે કબીરદાસને રામાનંદ સ્વામિ ઉભા ઉભા સદ્બોધ આપ્યા કરતા હતા. વળી તેને અંતઃકરણ સહિત અજ્ઞાન અને જ્ઞાનનાં લક્ષણો અને તેનો ધર્મ સારી રીતે સમજાવ્યા કરતા હતા. જ્ઞાનની પ્રવૃતિ વા નિવૃતિને અર્થે જ્ઞાની આગ્રહ રાખતો નથી, કારણ કે તેને ખબર છે કે પ્રવૃતિ અને નિવૃતિ એ સઘળા મનનાજ ધર્મો છે. નિષ્કેવળ ચિન્મય સ્વરૂપ સર્વધાથી રહીત છે અને જ્ઞાનીના જ્ઞાનની **પરાઅવધીએ** “**सर्व धर्मान परितज्य मामेकं शरण व्रजेंत.**” એ વાકયથી શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને શ્રીમદ્ ભગવદ ગીતામાં કહેલાં વાકયાનુસાર સર્વ ધર્મનો ત્યાગ અને માત્ર એક શ્રી ઇષ્ટનું શરણજ તે જ્ઞાનીને રહે છે, વિગેરે ઉપદેશ કબીરને દેતાં દેતાં પ્રાતઃકાળનો પ્રથમ પ્રહર વીતી ગયો પણ સ્વામિ ઉભા રહ્યા હતા.

આ પ્રમાણે સ્વામી તથા તેમના શિષ્ય કબીરદાસ, બન્ને જણા ઘાટના પગથીયાં ઉપર સામા ઉભા છે, સ્વામી ઉપદેશના વચનો કહ્યા કરે છે, આપણા

પ્રેમી કબીરદાસ એક ચિતે શ્રવણ કર્યા કરે છે; એટલામાં સ્વામીએ પ્રાતઃકાળ થવાથી સ્નાનધ્યાન દર્શનાદી કાર્યો નિમીતે, લોકોની આવજા શરૂ થઇ ગયલી જોઇ અને સમય ઘણો વીતી જવાથી અને હજી સ્નાનધ્યાન ધુપ દીપ પુજન અર્ચન વગેરે કરવાનું બાકી રહ્યું હતું તેથી, ઉંચુ જોઇ એકદમ ચોંકયા, અને કબીરને કહેવા લાગ્યા કે "બેટા; હમ સ્નાનાદિક કાર્યો કરનેકે લીયે, ગંગાકો જાતે હૈ, તુમકો કથા શ્રવન કરનેકી ઇચ્છા હોવે તો બયઠો. અભી કથાકા પ્રારંભ કરેંગે."

**કબીરદાસ**—ભવોભવ સ્વામી, મેરેકો મેરે રામજીને બડી નિવૃતિ દી હય, બડી કૃપા કી હય, યે ગુલામ તો રાતદીન અબ આપ સદ્‌ગુરૂ સમીપ નિવાસ કરેગા. પ્રસાદ લેનેકી રામજી જબ ઇચ્છા હોગી, તબ ઇશ્વર ઉધર થોડી દેર જાકે પાયગા; પશ્ચાત સત્વર આ જાયગા—

**રામાનંદ** — બેટા જૈસી તેરી ઇચ્છા! મંદીરમેં કિવાં આશ્રમમેં કુત્તા ન ચલા જાય દેખતે રહના. હમ શૌચ સ્નાન કરકે અભી આવત હૈ.

આટલું કહી રામાનંદ સ્વામિ વિદાય થયા અને તેમના શિષ્ય આપણા પ્રેમી કબીરદાસ ગુરૂ મહારાજની આજ્ઞા મુજબ, આશ્રમમાં સરત રહે તેવી રીતે આશ્રમની છેક નજીક બાહેર દ્વારપાળની પેઠે પગથીયાં ઉપર બેસી રહ્યા. સ્વામિ સ્નાન કરીને આવ્યા તે વખતે કથા શ્રવણ કરવા આવનાર પુરવાસીઓ એકઠા થઇ ગયા હતા, અને દરરોજના વખત કરતાં આજે કથાને ઘણીવાર થયલી જોઇ માંહોમાંહે તેનું કારણ શું હશે, તે શોધવા લાગ્યા સ્વામિ રામાનંદ તો આવીને આડો પડદો નાંખી પોતાના ઠાકોર મંદિરની સેવા કરવા મંડી પડયા. ઠાકોરજીને ચડાવવાને ફુલનો હાર સાંકડો હોવાથી, ભગવાનના ગળાંમાં આવી શકતો ન હતો, અને જો પરાણે ઠાકોરજીનાં ગળાંમાં હાર પહેરાવે તો ઠાકોરજીનાં માથાપરનો મુગટ પડી જાય તેવી તેમને ધાસ્તી લાગતી હતી. રામાનંદ સ્વામિ ભગવાનનાં ગળાંમાં હાર કેવી રીતે આરોપવો તેનો વિચાર કરતાં ઠાકોરજી સમીપ ઉભા રહ્યા હતા. દરરોજ કરતાં કથાને વાર ઘણી લાગી હતી, અને ઠાકોર સેવામાં પણ, ઉપલાં કારણને લીધે વખત જવા લાગ્યો; તે જોઇ લોકો ઘણું અકળાયા. અને કહેવા લાગ્યા કે "સ્વામિજી આજ તો

હદ કરતાં વધારે સેવાને વાર લાગી, અને દર્શન ન થયાં. માટે કૃપા કરી જલ્દી પાર લાવો."

આ પ્રમાણે લોકોને અકળાયલા જોઇ પગથીયાં ઉપરથી આપણા કબીરદાસે ઘાંટા પાડી કહ્યું કે "સ્વામિજી હાર છોટા હૈ, જીસ્સે આપ સંકોચ કરતે હો, ઔર કભી પુષ્પમાલા રામજીકે ગલેમેં આરોપનેસેં તો રામજીકા મુકટ ગીર જાનેકા આપકો ભય લગતા હૈ; જીસ્સે ઠાડે રહે હો, તો યે આપકા કબીરકી અરજ હૈ કે પુષ્પમાલા ચ્હાય જીતની છોટી હો, પરંતુ ઉસકો બીચમેસેં તોડકે, કભી રામજીકે ગલે, આરોપોગે તો નિસંશય પ્હેના શકોગે." આ પ્રમાણે કબીરદાસે પડદા માંહેની વાત જાણી લઇ, તેનો સ્વામિને ખુલાસો કરી આપ્યો, જેથી સ્વામિએ તે પ્રમાણે ઠાકોરજીને હાર પ્હેરાવી દીધો; અને આરતી વીગેરે કરી પડદામાંથી બાહેર આવી બધાં પુરવાસીઓની વચ્ચે કબીરદાસને કહેવા લાગ્યા કે:

"બેટા કબીરા, નહીં નહીં તું સર્વજ્ઞ સિદ્ધ પુરૂષ હૈ ઐસા આજ હમકો નિશ્ચય હુવા. લોક ચ્હાય વો કહે પરંતુ હમને તુજકો હમારા પરમ પ્રિય બાલકા મનાયા." આ પ્રકારના સ્વામિના વચન સાંભળી પુરવાસીઓ એકદમ ચોંકી ઉઠી સ્વામિને કહેવા લાગ્યા કે, "અરે સ્વામિ, કબીર તો મલેચ્છ છે અને તેને આપે ઉપદેશ આપી શિષ્ય બનાવ્યો, એ કાંઇ ઠીક ન કર્યું. એ તો આપે ધર્મ વિરૂદ્ધ પગલું ભર્યું. લોકોમાં ખોટું કહેવાશે અને મલેચ્છને ઉપદેશ આપ્યો તેથી અને કબીરે મલેચ્છ થઇ હિન્દુ ધર્મ સ્વીકાર્યો તેથી, તમો બન્નેની હાંશી થશે, પછી આપ જ્ઞાની યોગિંદ્ર પુરૂષ છો એટલે આપને અમારે વિશેષ કહેવું ઘટતું નથી, કારણ કે આપ મોટા છો."

આ પ્રકારના વચનો કથાશ્રવણ કરવા આવેલા પુરજનો સ્વામિને કહી રહ્યા છે; એટલામાં કાશી રાજા શીલનિધીની સ્વારી નિત્ય નિયમ પ્રમાણે ગુરૂ આશ્રમે કથા શ્રવણ કરવા અર્થે પધારી, અને સૌ પોતપોતાના સ્થાને વિવેક સહિત બેસી ગયા; અને રામાનંદ સ્વામિ પણ કથા કહેવાને પોતાને આસને બીરાજ્યા. રાજા શીલનિધીને પણ રામાનંદ સ્વામિએ કબીરને શિષ્ય બનાવ્યા, એ વાતની ખબર પડી હતી; જેથી રાજાએ પણ લોકની પેઠે સ્વામિજીને વિવેક

સહિત ઠપકો દેવા માંડયો; પણ રાજા પોને સ્વામિજીનો શિષ્ય હતો, જેથી વધારે બોલી ન શકયો. આ સઘળાનું કહેવું બધું સાંભળી લઇ. પછી રામાનંદ સ્વામિ, સર્વનાં મનનું સમાધાન કરવા અર્થે પ્રત્યુત્તરમાં નીચે પ્રમાણે કહેવા લાગ્યા:

"મહાશયો, કબીર મલેચ્છ નહીં હૈ, પરંતુ એક સાંકેતિલ લીલા વિગ્રહ રામજીકી ઇચ્છાસે પ્રગટ હુવા તનુ હૈ, વો પુરૂષ હૈ, સો હિન્દુ મુસલમાન દોનોકો સમાન હૈ. તુમ અંતઃકરણસહ અજ્ઞાન આવ્રણસે મનકે ધર્મોકો સ્વયં આત્મામે નિરોપણ કરતે હો ઓ હમ અંતકરણસે રહીત હોકે જ્ઞાનકી પ્રાપ્તિ કરકે મનકે ધર્માકા ત્યાગ કરકે, સર્વત્ર અપને આત્મસ્વરૂપમેહી નિમગ્ન રહેતે હૈ"

જ્યારે કોઇ સાધુ કબીરને ઘરે આવતો, ત્યારે હિન્દુ રાહરસમ મુજબ પોતાના ઓટલાની જગ્યા પોતે લીપી કરી તે સાધુઓને બેસવા અને આરામ માટે સગવડ કરી આપતો, અને તેઓ માટે રસોઇ વગેરે કરી ખાવાનું પૂરૂં પાડતો અને એ રીતે સાધુ સંતોની આગતાસ્વાગતા કરવાને તે કદી પછાત પડતો હતો નહિ.

જ્યારથી કબીરને ચેલા તરીકે સ્વામિ રામાનંદે કબુલ રાખ્યો ત્યારથી કબીર નિત્ય પોતાના ગુરૂ પાસે જતો, અને તેમના તરફથી જ્ઞાન મેળવતો, તેમજ ત્યાં જે પંડિતો રામાનંદ સાથે વાદવિવાદ કરવા આવતા તેઓને પોતે જવાબ આપતો. પોતાનું વણકરનું કામ પણ ચાલુ રાખી તેમાંથી જે કમાઇ કરતો તેમાંથી થોડુંક પોતાની મા (થયલી) નિમાને આપતો, ને બાકી બધું એ સાધુસંતને જમાડવાને અને દાન ધર્મ કરવામાં ખરચતો કહે છે કે કબીર પોતાનાં ઘરમાંથી કોઇની પણ જાણ વિના વારંવાર અલોપ થઇ જતો.

## કબીરની (કહેવાતી) સ્ત્રી "લોઇ"ની હકીકત.

કબીરની સાથે એક લોઇ નામની સ્ત્રી હતી, તે માટે ઉપલી વેસ્ટકોટની ચોપડીમાં એવું જણાવ્યું છે કે:—

કબીર જ્યારે ત્રીશ વરસની વયનો થયો ત્યારે એકવાર ગંગા નદીને કિનારે ફરતી એક વનખડી વૈરાગી ઝુપડી આગળ આવી પુગ્યો. તે ઝુપડીમાંથી એ તરૂણ વયની જુવાન કુમારિકા બાહેર આવી, તેણીએ કબીરને પૂછયું કે

"તમે કોણ છો? અને તમારી જાત શું છે?" વગેરે, જેના જવાબમાં કબીરે માત્ર એકજ શબ્દથી જવાબ વાળ્યો કે "કબીર."

જે સાંભળી પેલી કુમારિકાએ કહ્યું કે "અત્યાર સુધીમાં અહિંયાં ઘણા સાધુસંતો આવી ગયા છે, પણ કોઇએ તમારી માફક પોતાનું નામ અને પોતાના પંથનું નામ એકજ આપ્યું નથી." કબીરે જવાબ દીધો કે "બાઇ, તું કહે છે તે ખરી વાત છે." એટલામાં ત્યાં બીજા પાંચ સાધુઓ આવી લાગ્યા, જે સઘળા માટે પેલી છોકરીએ ઝુપડાંમાંથી દુધ આણ્યું ને પાંચે સાધુઓ પાસે એકેકો દડિયો મૂકી છઠો કબીર પાસે ધર્યો. બીજાઓ પોતપોતાનો દડિયો પી ગયા, પણ કબીરે તે ન પીતાં એમજ જમીન પર રાખ્યો, તેથી પેલી છોકરીએ કહ્યું કે "તમો દુધ કેમ નથી પીતા?" કબીરે જવાબ વાળ્યો કે "નદીને પેલે કાંઠે એક સાધુ છે તે આવવાનો છે, તે માટે રહેવા દીધો છે." પેલી છોકરીએ કહ્યું, "તમો તમારૂં પી જાઓ, તેને માટે બીજું લાવી આપીશ." આ સાંભળી કબીરે નિચે પ્રમાણે કહ્યું:—

"હમ શબ્દ અહારી હયે" અર્થાત શબ્દબ્રહ્મ એટલે પરમાત્માનું નામ લઇનેજ હું જીવું છું.

એટલામાં પેલો બીજો સાધુ ત્યાં આવી લાગ્યો અને કબીરે જે દડિયો ફાજલ રાખ્યો હતો તે માંહેલું દુધ તે પી ગયો. પેલી છોકરીને સાધુઓએ પૂછ્યું કે "બહેન, તારાં માબાપ કોણ છે અને આ એકાંત જંગલમાં તું શા માટે રહેલી છે?"

તેણીએ જવાબ આપ્યો કે 'મારાં માબાપ કોઇ નથી; પણ મને એક સાધુએ ઉછેરી હતી, જે આ ઝુપડીમાં રહેતા હતા, પણ તે દેવલોક થયા છે. તે એક વનખડી વૈરાગી બાવા હતા, જે માત્ર દુધ પીને જીવતા હતા. જ્યારે પણ બીજા સાધુઓ અત્રે આવી પુગતા ત્યારે નિચે પ્રમાણે હકીકત કહેતા:—

> "હું એક દિને ગંગામાં નાહાવા ગયો, ત્યારે એક ટોપલી મને નદીમાંથી હાથ આવી, જે ઉંઘાડતાં માંહેથી એક સુંદર બાળક જણાયું. તે જીવતું હતું, જે ઉપર મને દયા ઉપજી તેથી હું તે બાળકને અત્રે લાવ્યો અને મેંઢાંનું દુધ પાઇને તેણીને ઉધારી. તે છોકરી જ્યારે મને હાથ આવી ત્યારે એક કામળીમાં વિટલાઇને રહી હતી, તેથી મેં

તેણીનું નામ લોઇ (એટલે ધાભળી) રાખ્યું" એટલું બોલી તે કુમારીકા બોલી કે "તે લોઇ તે હું."

તે પછી કબીરની ગંભીરતા જોઇ તેણી બોલી કે "સ્વામિજી, મને એવો બોધ આપો કે જેથી મારાં મનની સમાધાની અને શાંતિ થાય." ત્યારે કબીરે તેણીની પવિત્રાઇ જોઇને ખુશ થઇ કહ્યું કે "હંમેશાં સત્‌નામ જપતી રહે અને સાધુસંતની સેવા કર" તેણીએ કબીર સાથે જવા માંગ્યું. જે કબીરે હા પાડવાથી પેલી ઝુપડી સાધુઓને સોંપી તેણી કબીર જોડે ચાલી.

એક સ્ત્રીને કબીરની સાથે આવતી જોઇને તેની મા નિમાએ ધાર્યું કે કબીર આ છોકરીને પરણીને લાવ્યો હશે, પણ ઘણાક દિવસો ગયા પછી, તેણીને જણાયું કે, આ રીતે તેઓ વર્તતાં નથી, ત્યારે કબીરને ઠપકો દઇ પૂછવા લાગી કે, "તું શા માટે આ છોડીને અત્રે લાવ્યો?"

## કબીરના (કહેવાતા) છોકરા "કમાલ" તથા છોકરી "કમાલી" વિષે ચાલતી દંતકથા.

કબીરના છોકરા "કમાલ" માટે પણ એવીજ વિચિત્ર વાતો મનાય છે. એક વેળા કબીર ગંગાના કાંઠે, શેખતાહિ કરી મુસલમાન આબેદ સાથે ફરતો હતો, એ વેળા શેખતાહિએ, એક નાનાં છોકરાની લાશ તણાઇ આવતી દીઠી તે જોઇને, શેખતાહિએ કબીરને કહ્યું કે આ છોકરાને તારાં ચમત્કારીક બળથી સજીવન કર. કબીરે તે લાસને ઉપાડી અને તેના કાનમાં કાંઇક ગુપ્ત મંત્રો ભણી ગયો, જેથી પેલું છોકરૂં સજીવન થઇ રડવા લાગ્યું જે જોઇ શેખતાહિ અજબ થયો અને કબુલ કીધું કે કબીરનો ચમત્કાર ખરો છે.

તે બાળક છોકરો ખુબસુરત જણાયો. તેને પોતાને ઘરે લઇ જઇ પોતાને ત્યાં જે લોઇ કરી સ્ત્રી હતી તે બાઇને હવાલે કર્યો અને તેનું નામ "કમાલ" કરી રાખ્યું.

બચપણથી લોઇના હાથમાં રહેવાથી, "કમાલ" તેણીને પોતાની માતાજ સમજતો હતો અને લોઇના ખોળામાં તે બાળકને રમતું જોઇ લોકો એમજ ધારતાં કે તે કબીરનોજ પુત્ર છે અને લોઇ તેની માતા છે. એવું સમજી કબીર પરણેલો છે એવું અનુમાન કરતાં.

એક વેળા કબીરની નજદીકના એક પાડોશીની દુધમળ બાળકી મરણ પામી ત્યારે કબીર તેને ઘરે ગયો અને માંગી લીધું કે આ મુવેલી બાળકીની લાશને તેના ઘરે લઇ જવા દેવી. તેની માંગણી કબુલ થતાં તે લાશને પોતાને ઘર લઇ જઇ, કમાલની પેઠે તેણીને પણ સજીવન કરી, અને તે બાળકીનું નામ "કમાલી" રાખી તેણીને લોઇને હસ્તક સોંપી. બન્ને બાળકો કબીરને ત્યાં ઉછરી મોટાં થયાં ને કબીરનીજ પેઠે શાલ વણવાનાં હુન્નરમાં પ્રવિણ થયાં. તેમજ કબીર પાસથી આત્મજ્ઞાનનું શિક્ષણ લેવા લાગ્યાં, જેથી કબીરની પેઠે તેઓને જ્ઞાન આવવા લાગ્યું.

## કબીરજી તથા તેમના બેટા કમાલ વિષેની હકીકત.

કબીરજીને ત્યાં ઘરમાં એક મૂર્તિ હતી તેની હરહમેશ તેઓ નિયમીત પુંજાપાત્રી કરી તથા પ્રસાદી અર્પણ કરી પછીથીજ ભોજન લેતા હતા. હવે કબીરજીને એક વખત બાહેરગામ જવું થવાથી પોતાના બેટા કમાલને તાકીદ ફરમાવી ગયા કે મારે આવતી કાલે બાહેરગામ જવું હોવાથી અને મારી અત્રેની ગેરહાજરીમાં જે મુજબ હું દેવીજીની પૂજાપાત્રી કરૂં છું તે મુજબ તારે પણ દેવીજીની નિયમીત પૂજાપાત્રી કરી તથા પ્રસાદી અર્પણ કર્યા પછીથીજ ભોજન લેવું વિગેરે. એ મુજબ કમાલને તાકીદ ફરમાવીને કબીરજી બાહેરગામ ગયા. ત્યાર પછી જ્યારે કબીરજી બાહેરગામથી પોતાને વતન પાછા ફર્યા ત્યારે પોતાનો બેટો કમાલ દેવીજીની પુંજાપાત્રી કેવી રીતે કરે છે તેની તપાસમાં રહ્યા અને દેવીજીને પોતાના બન્ને હાથો બાહેર કહાડીને બેટા કમાલના હાથમાંની પ્રસાદી લઇને ખરેખર ખાઇ જતાં જોઇને ભારે આશ્ચર્ય પામ્યા. (સબબ કે કબીરજીના હાથમાંથી કદી પણ એમ દેવીજી પ્રસાદી લઇને ખાતાં ન હતાં.) તેમજ બેટા કમાલની દેવીજી તરફનો ભારે ભકિતભાવ અને ફીદાગીરી જોઇને કબીરજી તુરત નીચલો દુહો બોલી ઉઠયા:—

**"પથ્થરમેંસે હીરો ભયો, હીરામેસે લાલ**
**આધા ભગત કબીર ભયો, પુરો ભગત કમાલ."**

અને ત્યાર બાદ બેટા કમાલને પુછયું કે તમે દેવીજીને પ્રસાદી ખવડાવાને કેવી રીતે શકિતવાન થયા તથા તે કેમ બન્યું. ત્યારે કમાલે કહ્યું કે પેહેલે દિવસે હું આપના હુકમ મુજબ દેવીજીની પૂજાપાત્રી કરી, ભોજન લેવા આગમજ

પ્રસાદી અર્પણ કરવા ગયો. ત્યારે દેવીજી પ્રસાદી લેય નહીં—મેં ઘણી આજીજી કરીને દેવીજીને સમજાવ્યું કે મારા બાપને હાથની પ્રસાદી લેતા હતા, તો મારો શું કસુર છે કે મારે હાથની પ્રસાદી લેતાં નથી. એમ બે ત્રણ કલાક ભારે આજીજી કરીને દેવીજીને સમજાવ્યાં, પણ ફોકટ. હવે મને ભુખ પણ ઘણી લાગતી હોવાથી મારો સ્વભાવ કાબુમાં રાખી શકયો નહિ અને ભારે ક્રોધમાં આવી દેવીજીને ખાસડું લઇને મારવા ધસ્યો અને જણાવ્યું કે શા માટે મારે હાથની પ્રસાદી લેતાં નથી—કે તુરતજ દેવીજી પોતાના બન્ને હાથ બાહેર કહાડીને પ્રસાદી લઇને ખાઇ ગયાં, અને ત્યાર પછીથી દરરોજ દેવીજીએ પ્રસાદી લઇ ખાઇ જવાનું ચાલુ રાખ્યું છે.

## કબીરના જમાઇ હરદેવની હકીકત.

જ્યારે પેલી છોકરી કમાલી વીશ વરસની થઇ ત્યારે એક રોજ તે કુવા ઉપર જળ ભરતી હતી, ત્યાં એક હરદેવ નામે પંડિત આવ્યો તેણે કમાલીને કહ્યું "સુંદરી! થોડું પાણી પાઇશ!" તેણીએ પાણી ભરી આપ્યું જે પીને પેલા હરદેવે પોતાની તરસ મટાડી. તે પછી તેણે પુછયું કે "તું કોણની છોકરી છે." કમાલીએ જવાબ દીધો, "વણકરની." આ સાંભળી પેલો પંડિત ગુસ્સે થયો અને બોલ્યો: "તેં મને નીતિથી હિણ કર્યો, યાને મારી જાત વટલાવી." કમાલીએ કહ્યું કે: "એ હું કાંઇ નથી જાણતી, ગમે તો મારા સ્વામીજી આગળ ચાલો?" બન્ને કબીર આગળ આવ્યાં. પંડીતજી હજી પોતાની હકીકત કહેવી શરૂ કરે છે એટલામાં, કબીરે બધું પામી જઇ નીચે પ્રમાણે (દોહરામાં) કહેવું શરૂ કર્યું:—

**પંડિત બુઝ પિયો તુમ પાની,**
**તુમેહ છુટ કહાં લપટાની—ટેક.**

(૧)

**મચ્છ કચ્છ યા જલમે બ્યાને, રકત ઝેર જલ ભરીયા;**
**ખાર પલાસ સભી બહિં આયે, પશુ પાણીમે સરીયા.**

(૨)

**છપન કોટી યાદવ સંહારે, પરે કાલકી ઘાટી;**
**પીર પૈઠ પેગમબર ગાડે, તનકી બની જો માટી.**

(૩)

**તા માટીકા ભાંડા ઘડયા, તામે ભરિયા પાની;**
**સો પાંડે તુમ પાની પીયા, તુમે સુગ કહાંસે આની?**

(૪)

**હાડ ઝરે ઝર માંસ ગરે, ગર દુધ તહાં તે આયો;**
**સો પાંડે તુમ પીવન બેઠે, કાહે દોષ લગાયો?**

(૫)

**જુને જુલાહે તને જુલાહે, ઘાન જોલાહે લાઇ;**
**પાંચો કપડે ઉતાર ધરે, તુમ ધોબીમે સીંધ પાઇ?**

(૬)

**જો માખી વિષ્ટાકો ભખતી, ભખતી દસ્તી ઘોરા;**
**સો માખ ઉડ પાતાલ બેઠી, તાકો કરો ન બેરાં?**
**કહે કબીર સુનો હે પાંડે, છાંડો મનકે ભરમા;**
**બેહ કિતાબ દોઉ ગહિ ડારો, રહો રામકી શરના?**

(૧)

અર્થ—પાણી પીવા પહેલાં પંડિતજી આ તો કહો કે તમને છુટ કયાં કયાં રહી છે ને કયાં કયાં નથી?

આ પાણીમાં તો માછલાં દેડકાં, લોહી, ખાર, સડેલી વનસ્પતિ અને મુવેલાં પશુઓ વગેરે બધાંએ પડેલાં હોય છે.

(૨-૩)

કાળે (મોતે) કાંઇ કરોડો મનુષ્યોનો સંહાર કર્યો છે અને દરેક પગલે તમો કોઇકનાં મુવેલાં શરીરની માટી ઉપરજ ચાલો છો, છતાં એજ માટીમાંથી બનાવેલાં વાસણોમાં પાણી પીઓ છો, તેથી કેમ તમે અભડાતા નથી?

(૪)

હાડકાં અને માંસ ગળી તેમાંથી દુધ (ગાય ભેંસના શરીરમાં) તૈયાર થાય છે અને તે દુધ તો તમો પંડિતજી વગર દોષે (શા માટે) પીઓ છો?

(૫)

જમતી વેળાએ તમે તમારાં કપડાં ઉતારી દૂર કરો છો કે રખે તે અભડાઇ જાય; પરંતુ જે ધોતિમાં તમો પોતે લપટાઓ છો તે ઝુલૈયા-વણકરના (હાથની)જ વણેલી છે તેનું કેમ?

(૬)

વળી જે માખી ગંધીલી ચીજો ઉપર બેસી તેનો ભક્ષ કરીને અહિં તહિં બેસી દરેક જગ્યાને ભ્રષ્ટ કરે છે, તેજ તમારાં જમવાનાં ઠામ ઉપર પણ બેસી જમવાનું અભડાવે છે, તેને શા માટે નથી અટકાવતા?

છેવટે કબીર કહે છે કે, ઓ પંડિતજી! મનના આ ભ્રમો (વહેમો) મૂકી દયો અને રામને શરણે રહેતા જાઓ; અને ફલાણી ચિજથી (બાહેરથી) હું અભડાઇ જઇશ એવું કરવાનું છોડી દઇ પરમાત્માને મળવાની તજવીજ કરો.

આ વચનો સાંભળી પેલો પંડિતજી શાંત થઇ ગયો અને કબીર આગળ પોતાનું માથું નમાવી, વિનંતિ કરી કે મને વધુ બોધ આપો કબીરે તેને સત-નામનો ઉપદેશ આપ્યો, અને કમાલી સાથે તેના વિવાહ કરી આપ્યા. આમાંથી જે સંતાનની ઉત્પતિ થઇ તેને "કબીર વંશ" કહે છે.

## કબીરના ધર્મને લગતા વિચારો.

કબીર જન્મે મુસલમીન હતો, તેમજ તે સુફી પંથનાઓ સાથે મળેલો હતો એમ અનેક તર્કો ઉપરથી માની શકાય છે. એની મોટી ઉમેદ હિન્દુ અને મુસલમીન વચ્ચેનો અંત—ભેદ કહાડી નાખવાની હતી. આથીજ એ એક મુસલમીન છતાં, કાશી બનારસમાં નિવાસ કરી રામાનંદના પંથીઓ સાથે ભેળાયો. એના ઉપદેશથી જુના વિચારના હિન્દુ અને મુસલમીનો બહુ કચવાતા હતા. આથી આ બન્ને તરફનાઓએ બાદશાહ સિકંદર લોદી સમક્ષ એના માટે ફર્યાદ કરી હતી.

ફારસી તવારીખની એક સત્તાધારી 'દબિસ્તાન' નામે કિતાબમાં તેના લેખક "મોહસિન ફાની" જે અકબરના સમયમાં થઇ ગયો છે તેણે કબીર

સંબંધી લખતાં જણાવ્યું છે કે તે એક વણકર અને "મુવાહિદ" કહેતાં એક ઇશ્વરને માનનાર હતો. વધુ જણાવેલું છે કે આત્મજ્ઞાની ખોળમાં તે મુસલમીન તેમજ હિન્દુ મહા પુરૂષો આગળ જતો હતો, અને છેવટે તે રામાનંદનો શિષ્ય બન્યો હતો. નિચેની બાબદ પણ કિતાબમાં આપેલી છે.

## પાદશાહ સિકંદર લોદી સાથે થયલો વાદવિવાદ.

કબીરની છુટી વાણી અને ધર્મમાં ક્રિયા કાંડ તરફની બેદરકારી જોઇ દહાડે દહાડે તેના દુશ્મનો વધવા લાગ્યા. આમાંના એકે તે વેળાના બાદશાહ સિકંદર લોદીને ફર્યાદ કરી, અને કબીર ઉપર પોતાને ઇશ્વર કેહેવાડવાનો આરોપ મૂકયો, અને તેવો અપરાધ કરનારને દેહાંતની શિક્ષા કરવાની અરજ કરી. બાદશાહે તુરતજ કબીરને પકડી લાવવા માણસો મોકલ્યાં; પકડવા ગયલાં માણસો સાંજ સુધી કબીરને પોતાની સાથે લઇ જવા માટે માંડ—માંડ સમજાવી શકયાં. કબીર બાદશાહ સન્મુખ શાંત ઉભો રહ્યો. કાજીએ બુમ પાડી કહ્યું; "બાદશાહને સલામી કેમ આપતો નથી, કાફર કયાંના?" કબીરે નીચે પ્રમાણે જવાબ દીધો:—

**કબીર તેઇ પીર હૈ, જે જાને પરપીડ;**
**જે પડપીડ ન જાનહિ, વોહ કાફર બેપીર.**

બીજાઓની પીડા સમજી શકે તેજ 'પીર' કહેવાય. જેઓ તેમ સમજી નથી શકતા તેઓ કાફર ગણાવા જોઇયે.

બાદશાહે પુછ્યું કે, "એને સવારના બોલાવવામાં આવ્યો હતો, તે છતાં એણે આટલી વાર કાં લગાડી, અને હમણાં સાંજ સુધી એ આવ્યો કેમ નહિ?" કબીરે જવાબ દીધો કે "હું એક તમાશો જોવામાં મશગુલ હતો" બાદશાહે પુછ્યું "એવો તે શો તમાશો હતો કે જે જોવામાં તે બાદશાહના હુકમને પાળતાં અટકયો હતો." કબીરે જવાબ દીધો કે "એક એવો સાંકડો માર્ગ મેં જોયો કે જાણે સોયનું નાકું. તેમાં હજારો ઉંટની કટારો જતી મેં જોઇ." બાદશાહે કહ્યું "કેટલું જુઠું બોલે છે." કબીરે જવાબમાં નિચે પ્રમાણે કહ્યું:—

**કબીર જુઠ નહિ બોલીયે, જબ લગ પાર બસાય;**
**ના જાનો કયા હોયગો, તિલક ચૌથે ભાય.**
**કબીર બૂંદ સમાની સમુદ્રમે, જાનત હય સબ કોય;**
**સમુદ્ર સમાના બુંદમેં, બૂઝે બીરલા કોય.**
**ઉપરકી દોઉ ગઇ, હીયકી ગઇ હીરાય;**
**કહે કબીર ચારો ગઇ, તાસોં કહા બસાય.**

બાદશાહે કહ્યું, "અમારી કેમ ખાત્રી થાય?" કબીરે કહ્યું "શાહ! પૃથ્વી અને આકાશનો અંતર તો તું જો. ચંદ્ર સુર્ય, જેટલા આ છેટાંમાં અસંખ્ય ઉંટ અને હાથી વગેરે અનેક જંતુઓ આવજાવ કરે છે. આ બધા તમારી આંખની પુતળીથી દેખાય છે. હવે આ આંખની પુતળી સોયની અણીથી પણ બારીક છે" બાદશાહે આ સાંભળી કબીરના કહેવાને ખરૂં માન્યું, અને તેને સલામ કરી, તેને જોઇયે ત્યાં જવા કહ્યું. લોકો આથી નારાજ થયાં, અને બાદશાહે તેઓની ફર્યાદની દાદ નહિ લીધી કરી કહેવા લાગ્યાં.

## કબીર પર પડેલી જફાનો હેવાલ.

આ ચુકાદાથી કબીરના દુશ્મનો નારાજ થયા, અને તેઓએ કોઇક રીતે કબીરને હેરાન કરવાની યા બને તો જીવથી માર્યો જાય એવી યુક્તિઓ રચવા માંડી. કહે છે કે કબીરના ચમત્કારોથી લોકો તેની ઉપર ફિદા થતાં હતાં અને કબીરને ઇશ્વરી અવતાર કહેતાં, અને કોઇ વાર તો તે પરમાત્માજ છે એમ પણ કોઇક બોલતું, આવી વાતો સમજીને શેહેનશાહ ઇબ્રાહિમ લોદીના દરબારના કાજીઓ તેની ઉપર બહુ રીશે ભરાયા, અને કબીર ઇશ્વરી દાવો કરે છે, અને એવો જે કોઇ (ઇશ્વરી) દાવો કરે તેને દેહાંત દંડની શિક્ષા થવી જોઇયે, એમ રાજાને ભંભેરાવ્યું, જેથી રાજાએ કબીરને મારી નાખવાનો હુકમ કર્યો એ હુકમથી રાજી થઇને કાજીએ લોકો ઠઠ મેળવવા કહ્યું અને તેઓની સામે કબીરને મારી નાખવાની ગોઠવણ કરી.

પહેલાં કબીરને સાંકળે બાંધીને એક મછવો કે જે પથરાઓથી ભરપૂર કીધો હતો, તેમાં બેસાડી તે મછવાને એક બાજુ પર છેડ પાડી ભર દરિયામાં ડુબાવી દીધો. કહે છે કે મછવો તો ડુબી ગયો પણ કોઇક ચમત્કારે કબીર

પોતે એક છોકરાને રૂપે એક ચિત્તાના ચામડાં પર બેસી કિનારે તરતો નિકળી આવ્યો. આથી પાછો કબીરને બીજીવાર પકડાવી તેના દુશ્મનોએ તેને એક ઝુપડાંમાં પુરી તેની આસપાસ લાકડાં સિંચી તેને આગે સળગાવી મૂકયું. સઘળુ બળી ગયા પછી કબીર માંહેથી જેવો અને તેવો નિકળ્યો.

વળી ત્રીજી વારે, કબીરને પકડાવી તેને એક મસ્ત થયલા હાથીની સામે મૂકયો, પણ કહે છે કે કબીરે કાંઇક ચમત્કારથી હાથીની સામે, એક સિંહનો દેખાવ ઉભો કર્યો જે જોઇને કબીરને કાંઇપણ હરકત કરવાને બદલે તે હાથી ઉભી પૂછડીએ ત્યાંથી નાઠો.

આ રીતે અનેક વાર તેના જીવ લેવાનો યત્ન કરવા છતાં, કબીર દરેકમાંથી પોતાને સહિસલામત રાખી શકયો એ જોઇને, શેહેનશાહ લોદીની ખાત્રી થઇ કે કબીર કોઇક મહાન પુરૂષ છે, અને નાહકનો તેને મેં રંજીદા કર્યો, અને તેથી પોતે કબીર પાસે માફી માગી, પોતે દીધેલાં દુઃખ માટે કબીર તરફથી કાંઇ પણ ખમવાને રાજી છે એવું જણાવ્યું, જે ઉપરથી કબીરે નિચલો જવાબ વાળ્યો:—

**જો તોકુ કાંટા બુવે, તોકો તું બો ફુલ;**
**તોકુ ફુલપે ફુલ હય, વાંકો કાંટા સુલ.**

મારી શિખામણ એ છે કે, જે કોઇ તને કાંટો ભોંકી દુઃખ આપે, તેને તું ફુલ સુંઘાડી સુખ આપ, જેથી તારી પાસે ફુલજ રહેશે, જ્યારે તેનો કાંટો તેનેજ ભોંકાશે અને તેનું કીધેલું તે ભોગવશે.

## સંસારમાં રહીને પરમાત્માને પુગાય કે?

એક વેળાએ એક ચેલાએ કબીરને પુછ્યું: આ સંસારમાં ગૃહસ્થાશ્રમમાં રહીને પરમાર્થ થતો નથી એ ખરૂં છે કે ખોટું?" કબીરે જણાવ્યું કે "આ બાબદનો જવાબ હું તમને કાલે આપીશ ત્યાંસુધી તમારે મારે ઘરે રહેવું જોઇએ." બીજે દહાડે ભર બપોરની વખતે સુતરના તાણા માંહેનાં તાંતણા જુદા કરવાનું કામ તેણે ઘરની બાહેર ખુલ્લાં મેદાનમાં કરવાનું શરૂ કર્યું. થોડીવાર રહી તેણે પોતાની સ્ત્રીને દીવો લાવવાની આજ્ઞા કરી. તેની

સ્ત્રી પતિની આજ્ઞા પાળી તરત દીવો લાવી હાથમાં પકડી તેની નજદીક તેના કહેવા પ્રમાણે ઉભી રહી. આ દીવાના અજવાળે તેણે તાંતણા જુદા કરવાનું કામ કર્યું. ખરે બપોરે સૂર્યનું અજવાળું છતાં દિવાની જોતથી કબીરને કામ કરતા જોઇ પેલા માણસને ઘણું આશ્ચર્ય લાગ્યું, પણ તે ચુપ રહ્યો. આ પછી થોડીવાર રહી તેણે કબીરને પોતાના પ્રશ્નનો ઉત્તર આપવાને વિનતી કરી. કબીરે જણાવ્યું કે તેના સવાલનો જવાબ થોડા વખત ઉપરજ મેં તેને આપ્યો હતો, પણ તે ઉપર ધ્યાન આપેલું જણાતું નથી આમ કહી તેણે તે જણાવ્યું:

"જુઓ ભર બપોરના તડકાંનાં અજવાળાંથી દિવાનું અજવાળું કંઇ વધુ હોતું નથી તે છતાં તાંતણા જુદા કરવા મેં મારી સ્ત્રીને દિવો કરી અહીં લાવવા કહ્યું, તે મુજબ તે વગર તકરારે ગુપચુપ દિવો કરી લાવી, આથી જો આ જાતની સ્ત્રીની અનુકુળતા હોય તોજ સંસારમાં રહી પરમાર્થ થઇ શકે છે, એ સિવાય ગ્રહસ્થાશ્રમમાં તેમ બનવું મહાલ છે.

એક વખત કેટલાક બ્રાહ્મણો ગંગા નદીનાં પાણીનાં પવિત્રપણાનાં મહાત્મ્ય ગાઇ રહ્યા હતા, તેવામાં કબીરે નદીનાં પાણીથી પોતાનો કાઠનો પ્યાલો ભર્યો, અને બ્રાહ્મણોને તે પાણી પીવા માટે આપ્યું, તેઓ એક હલકી જ્ઞાતનાં મનુષ્યનાં વાસણમાં પાણી પીવા માટે કંપી ઉઠયા. આ ઉપરથી કબીરે કહ્યું:

"જો ગંગાનાં પાણીથી મારૂં કમંડળ પવિત્ર ન થાય તો પછી મારાં પાપ એ પાણીથી ધોવાશે એમ હું કેમ માનું?"

કબીર ઝુલૈયો અને 'મુવાહિદ' હતો આ વાત અબુલફજલ પણ કબુલે છે. મુસલમીનો 'મુવાહિદ' શબ્દ કદી મૂર્તિપૂજકને લગાડતા નથી. આથી તે એક ઇશ્વરને માનનાર હતો એમ સાબેત થાય છે.

કબીરને એક વાર કાજીએ પુછ્યું કે તું મુસલમાન શું કામ નથી થતો. કબીરે તેને જવાબમાં નિચે પ્રમાણે જણાવ્યું:—

**કબીર સબ ઘટ મેરા સાઇયાં, ખાલી ઘટ નહીં કોય,**
**બલીહારી ઉસ ઘટકે, જા ઘટ પરગટ હોય.**

અર્થાત્, સર્વ ઠેકાણે મારો સાંઇ કહેતાં પરમેશ્વર છે, એ વિના કાંઇ ખાલી નથી. વિશેષમાં તે *બલિહારી* છે કે જ્યાં તે પોતે પ્રગટ છે.

એક દહાડો કેટલાક સંતો કબીરને ત્યાં આવ્યા, તે માંહેલા કોઇકે પૂછ્યું: "હે કબીરજી, તમારૂં ઘર કસાઇવાડામાં છે, એમ કાં તમો રહેતા હશો?" આ ઉપરથી કબીરે નીચે પ્રમાણે જવાબ વાળ્યો:—

**કબીરકા ઘર બાજારમે, ગલ કટયોં કે પાસ;**
**કરેંગે સો પાએંગે, તુમ કયોં ભય ઉદાસ?**

મારૂં (કબીરનું) ઘર કસાઇવાડામાં છે તો ખરૂં, પણ હું કાંઇ કસાઇનું કામ કરતો નથી, માટે તમો શા માટે હે સાધુ ભાઇઓ! બળાપો કરો છો? કારણ કે જે કરશે તે ભરશે.

## કબીરનાં શિક્ષણનો ભેદ શું હતો?

કબીરે જ્ઞાતિ ભેદની દરકાર ન કરતાં સર્વત્ર ભાઇચારો વધારવાનોજ બોધ હંમેશાં આપ્યો છે. હિન્દુ ધર્મ પ્રમાણેના ચાર આશ્રમોને પણ અંગીકાર્યા નથી. એનું માનવું હતું કે ભક્તિ વનાનો ધર્મ ધર્મજ ન કહેવાય, તેમજ ધર્મ, દાન, અપવાસ અને તિર્થ તથા સન્યાસ, ભજન વિનાના વ્યર્થજ છે. પોતાની રામાયણી, શબ્દો અને શાખીઓથી તેણે હિન્દુ અને મુસલમીનોને ધર્મ બોધ આપ્યો હતો. બન્નેના ધર્મને તે સમાન ગણતો હતો, આથીજ હિન્દુ અને મુસલમીન બન્ને એના પંથને ચહાતા હતા. તે નિદરપણે ખુલ્લી રીતે કોઇની રાખ-રખવાટ રાખ્યા વિના પોતાને જે ઠીક ભાસતું તે કહેતો— જે માટે તે નિચલો દોહરો કહેતો:—

**હમ કછુ પક્ષપાત નહિ રાખી,**
**સબ જીવનકે હિતકી ભાખી.**

યાને, હું કોઇની પણ તરફદારી કે પક્ષપાત રાખતો કે કરતો નથી, પણ બધાંનું ભલું ચાહીને, જે સત્ય છે તેજ કહું છું.

## કબીરનાં મરણ વિષેનો હેવાલ.

કબીર વૃદ્ધાવસ્થામાં સ્વર્ગવાસ પામ્યો હતો. એ વેળાએ એનું શરીર નબળું પડી ગયું હતું. એના હાથોમાં રામ નામનાં કિર્તન ગાવા માટે ઢોલક પકડવાની પણ શકિત રહી ન હતી, તેથી કબીરે હવે કાશી છોડી દઇ મગહર

ગામ જવાની ઇચ્છા જાહેર કરી. આ સાંભળી લોકો કહેવા લાગ્યાં કે "આખું આયુષ્ય કાશીમાં તમે કહાડયું છે, અને હવે મગહર ગામ જવા ઇચ્છો છો. આ વાત શાસ્ત્ર વિરૂદ્ધ છે." કબીરે તેમને આ જાતના શંકાશિલ વિચારો માટે ઠપકો આપ્યો અને જણાવ્યું કે "રામની સત્તા શું એટલીજ હદવાળી છે કે જેથી તે તેના દાસને શિવનાં ધામ કાશી શિવાય બીજે કયાં મરતાં મુક્તિ આપી ન શકે?"

મગહર ગામ જવાને જ્યારે બે રોજ બાકી રહ્યા ત્યારે 'કમાલ' 'કમાલી' અને 'હરિદેવ પંડિત' કબીરને કહેવા લાગ્યાં: "હે સ્વામીજી! આપે તો મગહર ગામની તૈયારી કરી પણ અમારૂં શું થશે? અમે તો તમારા આશરે અમારો ગુજારો કરીએ છિયે" કબીરે જવાબ વાળ્યો "હે કમાલ! લાલ તારાં જે સંત થશે તે કબીર નામથી ઓળખાશે." આ કમાલી તરફ ફરી કહ્યું: "હે કમાલી! તારાં સંતાન પણ કબીર નામથી ઓળખાશે" કમાલીએ આ સાંભળી કહ્યું?— "સ્વામીજી! આ બન્નેની પિછાણ કેવી રીતે થઇ શકશે?" કબીરે કહ્યું: "કમાલના સંત કબીર પંથ અને તારો વંશ કબીર વંશના નામથી ઓળખાશે."

મગહર ગામ કાશીથી છ મંજલ ઉપર ગોરખપુર જીલ્લામાં છે. વિરસિંહ વાઘેલો પહેલાંથીજ પોતાનાં લશકર સહિત ત્યાં પહોંચી ગયો હતો. મગહર ગામનો નવાબ બિજલીખાન પઠાણ નામે હતો. તેણે જ્યારે સાંભળ્યું કે કબીરજી અહિં પોતાની જીંદગીના બાકીના દહાડા ગુજારવા આવે છે, અને વિરસિંહ વાઘેલો પણ તેમનો શિષ્ય છે તથા તે પોતે પણ તેમનો મુરીદ છે તો કબીર સાહેબ મુસલમાન હોવાથી તેણે પોતેજ તેમને દફનાવવા અને તેમની છેલ્લી ક્રિયાઓ કરવાનો ઠરાવ કર્યો, કારણ સાંભળવા પ્રમાણે રાણાજી એમના શબને બાળવા ચાહે છે, પણ આ વાત મુદ્દલ બનવા દેવી નહિ. સંવત ૧૫૭૫, માહ શુદ એકાદશી અને બુધવારે કબીરજી કાશી તજી મગહર ગામ તરફ ગયા. કાશીનાં લોક કબીરનાં જવાથી બહુ ઉદાસ થઇ ગયાં અને કહેવા લાગ્યાં કે કબીરજી વિના કાશી સુની જણાય છે. સર્વ લોક પશ્ચાતાપ કરવા લાગ્યાં કે 'અમારાં મંદ ભાગ્ય, આવા મહા પુરૂષનાં વચનો ઉપર અમે લક્ષ ન આપ્યું.' મગહર ગામ પહોંચતાં એક નાનું મઠ કોઇ સંતનું હતું તેમાં કબીર જઇને બેઠા. આ મઠ હાલમાં મગહર ગામમાં અમી નદી કહેવાય છે

તેના કિનારે હતું. તે નદી સુકી હતી. પોતે કમળનાં ફુલ અને બે ચાદર મંગાવી સુઇ ગયા અને સર્વને કહ્યું કે:

"દરવાજા બંધ કરી દેઓ" આ સાંભળી વિરસિંહે કહ્યું: "સાહેબ! આપની અંતની ગતિ કેવી થશે? મારો વિચાર છે કે હું આપનાં શરીરને અગ્નિદાહ આપું?" બિજલીખાન પઠાણે અરજ કરી: "હું કાંઇ આવી તકલીફ તમને નહિ આપવા દઇશ."

કબીરજીએ આ સાંભળી ફરમાવ્યું કે કદિ આ બાબદમાં તકરાર કરી હાથોહાથ થતા ના. મારાં વચન જે માનશે તે સુખી થશે.

સર્વે દંડવત અને બંદગી કરી સર્વે મન ઉદાસ થઇ ગયાં. કબીરજીએ ચાદર મોહડાં ઉપર ઓઢી લઇ કહ્યું: "દરવાજા બંધ કરી દેઓ." દરવાજા બંધ કરતાં એક અજબ ધ્વનિ થઇ, જેની અસર બધાંનાં અંતરમાં થઇ ગઇ. કબીરજી સત્ય લોકમાં સિધાવ્યા. દરવાજા ખોલતાં તો ફકત કમળનાં ફુલ અને બે ચાદર ત્યાં બાકી પડી રહેલી જણાઇ. એક ચાદર અને થોડાં ફુલો રાણાએ ઉપાડયાં, અને બીજી ચાદર અને ફુલો પઠાણે ઉપાડયાં. રાણાએ ચાદર ફુલોને અગ્નિ આપ્યો, અને તે ઉપર સમાધી ચણાવી. પઠાણે ચાદર અને ફુલો ઉપર કબર બનાવી એકજ મંદિરમાં આ બન્ને હાલમાં મોજુદ છે. માગસર મહિનામાં ત્યાં મેળો ભરાય છે. તે નદી સુકી હતી તેમાં તે દહાડેથી પાણી ભરાયાં, અને હાલમાં તેમાં પાણી છે. કબીરના છેલ્લા શબ્દો નિચે પ્રમાણે હતા:—

રાગ ગારી.

**દુલહની ગાવો મંગલ ચાર,**
**હમ ઘર આએ રાજા રામ ભરથાર.**

**તન રત કરહુ મન રત કરહુ, પાંચો તત્વ બરાતી;**
**રામ દેવ મોરે પાહુન આએ, મેં જોબન મદમાતી.**
**શરીર સરોવર બેદી કરહુ, બ્રહ્મા વેદ ઉચારા;**
**રામ દેવ સંગ ભાવર લેહોં, ધનિ ધનિ ભાગ હમારા.**

**સુર તેતીમોં કૌતુક આએ. મુનીજન સહસ અઠાસી;**
**કહે કબીર હમ બ્યાહ ચલે હૈ, પુરૂષ એક અવિનાશી.**

**આજ હમારા કુચ હય, જમડા મેરા ગુલામ;**
**હુવા નગારા સંતકા, વૈકુંઠ કરૂં મુકામ.**

**ભજન ભરોસે આપને, મગહર તજયો શરીર;**
**અવિનાશીકી ગોદમેં, બિલસૈં દાસ કબીર.**

**હમ ન મરિ હૈ, મરિ હૈ સંસારા,**
**હમકો મિલા જિયાવન હારા.—૧**

**અબ ન મરો મરને મન માના,**
**તેઇ મુએ જીન રામ ન જાના.—૨**

**સાકુંથ મરેં સંતજન જીવૈ,**
**ભરિ ભરિ રામ રસાયન પીવે.—૩**

**હરિ મરહે તો હમહુ મરિહે?**
**હરિ ન મરિ હૈ, હમ કાહેકો મરિ હૈ.—૪**

**કહે કબીર મન મનાહિ મિલાવા,**
**અમર ભયે સુખ સાગર પાવા.—૫**

(૧)

હું કાંઇ મુવો નથી, પણ આ સંસાર હવે મરી ગયો છે, કારણકે મને તો હંમેશનો જીવાડવાવાળો (ઇશ્વર) મળ્યો છે.

(૨)

મારૂં મન સંસારમાંથી મરી ગયું છે, અને ખાકી દુનિયામાંજ જીવતર છે એવું ગુમાન મારૂં નિકળી ગયું છે, તેથી હવે મને મરવાનું રહ્યું નથી પણ મરવાનું તે માણસને છે કે જેણે પરમાત્માને પિછાણ્યો નથી.

(૩)

અજ્ઞાની મરે છે, જ્યારે સંતજન (જેણે પરમાત્માને પિછાણ્યો) તે તો જીવતોજ રહે છે, અને ઇશ્વરી આનંદમાં રસનાં પ્યાલા ભરી પીયા કરતો હોય છે.

(૪)

જો પરમાત્મા મરતો હોય, તો હું (કબીર) પણ મુવો; પણ પરમાત્મા ન મરતો હોય, તો પછી હું કેમ મરૂં?

(૫)

હું કબીર કહું છું કે જે કોઇ પોતાનાં મનને ઇશ્વરનાં મન સાથે એકત્ર કરી નાંખે તો, તેને હંમેશનું સુખ પ્રાપ્ત થાય.

સમાપ્ત

જહાંગીર બી. કરાણીના
છોકરાઓ
ફીરોજશાહ મેહેતા રોડ મુંબઈ.

કિંમત રૂ. પાંચ.